# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

## PE-4 SCHOOL POLICIES AND ADMINISTRATION

## PE-4 શાળાની નીતિઓ અને વહીવટ

**યુનિટ -1 શાળા વ્યવસ્થાપન અને શિક્ષણ વહીવટ**

1.1 શાળા વ્યવસ્થાપનની સંકલ્પના

1.2 શાળા વ્યવસ્થાપનનું સ્વરૂપ, હેતુઓ અને કાર્યક્ષેત્ર

1.3 હાજર રિપોર્ટ, શિક્ષક ભરતી માટેની અરજી, શિક્ષક રાજીનામું, બોનાફાઇડ સર્ટિફિકેટ - (પરિચય અને નમૂનો) તથા વિવિધ પ્રકારની રજાઓ

1.4 પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થી મૂલ્યાંકનના પ્રવર્તમાન માળખાનો પરિચય

1.5 DPEO, TPEO, EI, BRC, CRC

**યુનિટ -2 વિદ્યાર્થી, શિક્ષક અને આચાર્ય**

2.1 વિદ્યાર્થી કલ્યાણ યોજનાઓ

2.2 શિક્ષક

2.2.1 પ્રવર્તમાન શિક્ષક ભરતી પ્રક્રિયા

(CTET, TET-II, TAT માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ના સંદર્ભમાં)

2.2.2 શિક્ષકોની ફરજો (અધિનિયમને આધારે)

2.2.3 શિક્ષકના કાર્ય સંતોષ પર અસર કરતા પરિબળો

2.3 આચાર્ય

2.3.1 પ્રવર્તમાન આચાર્ય ભરતી માટેની પ્રક્રિયા

(HTAT પ્રાથમિક આચાર્ય, HMAT માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક આચાર્યના સંદર્ભમાં)

SHREE H.N.SHUKLA GROUP OF B.ED COLLEGE-RAJKOT

2.3.2 આચાર્ય: ભૂમિકા, કર્યો, આયોજન, વ્યવસ્થા, દોરવણી અને અંકુશના સંદર્ભમાં

2.4 શિસ્ત અને તેના પ્રકારો (મુક્ત, દમન યુક્ત અને પ્રભાવશાળી)

**યુનિટ -3 વિવિધ બોર્ડ, શાળા અને સંસ્થા પરિચય**

3.1 સ્ટેટ બોર્ડ (સંકલ્પના, કર્યો)

3.2 CBSE બોર્ડ (સંકલ્પના, કર્યો)

3.3 ICSE બોર્ડ (સંકલ્પના, કર્યો)

3.4 વિવિધ પ્રકારની શાળા અને તેમનો સામાન્ય પરિચય

(જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ, અનુદાનિત અને પૂર્ણ સરકારી, માધ્યમિક ઉચ્ચ માધ્યમિક શાળાઓ, જવાહર નવોદય વિદ્યાલયો, કેન્દ્રીય વિદ્યાલય, મોડેલ સ્કૂલ, બહેરા મૂંગા અંધ અને માનસિક અસ્વસ્થ બાળકોની વિશિષ્ટ શાળા)

3.5 પરિચય: GCERT, IASE, CASE, DIET, NCTE, STTI, UGC, KCG

**યુનિટ -4 શિક્ષણ સંબંધી સરકારના વિવિધ ધારા અને શિક્ષણનું માળખું**

4.1 પ્રાથમિક શિક્ષણના સંદર્ભમાં રાજ્ય સરકારના પ્રવર્તમાન ધરાનો પરિચય

4.2 માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના સંદર્ભમાં રાજ્ય સરકારના પ્રવર્તમાન ધારાનો પરિચય

4.3 રાજ્ય કક્ષાનું માધ્યમિક શિક્ષણનું વહીવટી માળખું તથા ઉચ્ચ શિક્ષણ કમિશનરના કર્યો અને ફરજો

4.4 જિલ્લા કક્ષાનું શિક્ષણનું વહીવટી માળખું તથા જિલ્લા શિક્ષણાધિકારીના કર્યો અને ફરજો

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**યુનિટ -1 શાળા વ્યવસ્થાપન અને શિક્ષણ વહીવટ**

- **શાળા વ્યવસ્થાપનની સંકલ્પના**

**પરિચય** :

'રાષ્ટ્રના ભાવિનું નિર્માણ તેની શાળાઓના વર્ગખંડોમાં થઈ રહ્યું છે" કોઠારી કમિશનના પ્રસ્તુત વિધાનના સંદર્ભમાં રાષ્ટ્રના ભાવિનું નિર્માણ શાળાઓમાં કે શૈક્ષણિક સંસ્થાઓમાં થઈ રહ્યું છે. કોઈ પણ શાળા કે શૈક્ષણિક સંસ્થા એક સુવ્યવસ્થિત, નિયમબદ્ધ સંગઠન છે કે જે શિક્ષણના ચોક્કસ કે નિશ્ચિત ધ્યેયો- સાકાર કરવાનો પ્રયાસ કરે છે અને નિશ્ચિત લક્ષ્યાંકો સિદ્ધ કરવાનો પોતા- આયોજિત કાર્યક્રમો દ્વારા પ્રયાસ કરે છે. આ પ્રકારની સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ આચાર્ય, શિક્ષકો, કર્મચારીઓ, વાલીઓ, સંચાલકો અને સમાજના વિવિધ વ= પારસ્પરિક સહકાર સાધીને કાર્યક્રમોનું યોગ્ય આયોજન અને સંયોજન કરી સંસ્થાનો વિકાસ સાધવાનો પ્રયાસ કરે છે. કોઈ પણ સંસ્થાની પ્રગતિનો આધા સંસ્થાનું સંચાલન કે વહીવટ કરનાર તેના સંચાલકો, વહીવટદારો કે વ્યવસ્થાપ પર આધારિત છે. આમ તો શાળાના શૈક્ષણિક વહીવટ માટે શૈક્ષણિક સંગ- (Educational organisation) ની પ્રક્રિયા દ્વારા આયોજનનું અમલીકરણ થ છે, આયોજન કાર્યાન્વિત બને છે. શિક્ષણની પ્રવૃ એ માનવ સંસાધનના વિકાસ પ્રવૃ છે. આથી શિક્ષણમાં પણ શિક્ષણનું વ્યવસ્થાપન શિક્ષણનો પ્રબંધ (Educational Management) જરૂરી બને છે. અહ આપણે શૈક્ષ- વ્યવસ્થાપન વિષે વિગતે ચર્ચા કરીશું.

- **અર્થ** :

વ્યવસ્થાપનનો શબ્દકોશ પ્રમાણે અર્થ થાય છે.- ‘વ્યવસ્થા કરવી,, 'સંચાલન વ્યવસ્થા જાળવવી' એવો સામાન્ય અર્થ થાય છે. આ શબ્દ ઉદ્યોગ અને ઉત્પાદન સાથે સંકળાયેલો છે. પ્રાપ્ત હોય તે ભૌતિક સાધનો, માનવબળ, માનવીય કૌશલ્ય તેમજ નાણાકીય સ્ત્રોતનો ઉપયોગ કરીને મહ મ લાભ કે પરિણામની નીપજ મેળવી શકાય તેવી વ્યવસ્થા ગોઠવાય તેને વ્યવસ્થાપન કહેવામાં આવે છે. ટૂંકમાં, ઓછા ખર્ચ, શ્રેષ્ઠ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

ગુણવ ાવાળી ચીજોનું ઉત્પાદન કરી મહ મ વળતર મેળવવાની વ્યવસ્થા એ વ્યવસ્થાપન છે. આવું વ્યવસ્થાપન ઔદ્યોગિક ગૃહો કે ઉત્પાદક કેન્દ્રમાં નિષ્ણાત મેનેજરોને સોંપાય છે. વ્યવસ્થાપનનો બહુપરિમાણીય ખ્યાલ હોવાથી ટૂંકી- સચોટ વ્યાખ્યા આપવી સરળ નથી. આમ છતાંય ભિન્ન ભિન્ન વિદ્વાનોએ આપેલી વ્યાખ્યાઓ સમજીએ.

(1) “વ્યવસ્થાપન એ અન્ય પાસે કામ કરાવવાની કળા છે." - મેરી ચાર્ક કેલેગેટ

(2) "વ્યવસ્થાપન મનુષ્યોનો વિકાસ છે, વસ્તુઓનું નિદર્શન નથી." - લોરેન્સ એપ્લ

(3) “વ્યવસ્થાપન એ નિર્ણય લેવાની અને નેતૃત્વ પ્રદાન કરવાની કળા છે." - પ્રો. કલધ

(4) “વ્યવસ્થાપન એ કોઈ પણ સંગઠનનાં લક્ષ્યોના નિર્ધારણ અને તેની સિદ્ધિ માટે આયોજન, સંગઠન અભિપ્રેરણા અને નિયંત્રણની પ્રક્રિયા છે.” - મેક્સન એને એલબર્ટ

(5) વ્યવસ્થાપન સ્થાપવું એટલે પૂર્વાનુમાન કરવું અને Management is defined as a social process which is designed to ensure the co-operation, participation, intervention and involvement of others in the effective achievement of given or determined objective. - Anand W. P. Guruge

(6) "વ્યવસ્થાપન એટલે ભવિષ્ય માટે આયોજન કરવું, સંકલન કરવું, નિયંત્રણ અને નિદર્શન કરવું."

- હેન્રી ફેયોલ

To manage is to forecast and plan, to organise, to command, to co-ordinate and to control.

(7) વ્યવસ્થાપન એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા એક સહકારી સંગઠિત જૂથ ચોક્કસ લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માર્ગદર્શન આપે છે. - J. L. Massie

(8) વ્યવસ્થાપન એક બહુઉદેશીય તંત્ર છે, જે વ્યવસાય કે સંસ્થાનો પ્રબંધ કરે છે. તે માનવ કાર્યકરોનો, ભૌતિક સાધનો અને માનવીય સ્ત્રોતનો વહીવટ કરે છે. કાર્ય કરનાર કર્મચારીઓ અને કાર્યનો પ્રબંધ કરે છે.

- P. Drucker

(9) વ્યવસ્થાપનમાં જે-તે સંસ્થા યા સાહસનું નીતિ નિર્માણ અને અમલીકરણ થાય છે.

Management consists of the formulation and operation of the policy of enterprise. - Fulto committee

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

(10) વ્યવસ્થાપન અથવા પ્રબંધનો સંબંધ નિશ્ચિત કાર્યોને પૂરી ક્ષમતાથી પાર પાડવા સાથે છે. તેનું કેન્દ્રબિંદુ આયોજન અંગેના નિર્ણયો લેવામાં અને સંસ્થામાં ચાલતા કાર્યના અમલીકરણને નિર્દેશન આપવામાં આવેલું છે.

Management is concerned with seeing that the jobs done, and done efficiently. Its task all centre on decision for planning and guiding the operation that are going on in an enterprise. - E. F. Brech

પ્રબંધ અથવા વ્યવસ્થાપન એક એવી સામાજિક પ્રક્રિયા છે કે જે પ્રક્રિયા દ્વારા નિર્ધારિત હેતુઓની સિદ્ધિ માટે અન્ય વ્યક્તિઓના સહકાર, યોગદાન અને સંલગ્નતા અપેક્ષિત છે.

- એક કળા અને વિજ્ઞાન બંને છે.
- એ ઉદેશ્યપૂર્ણ છે. એ કોઈ વિશિષ્ટ ઉદ્દેશ્યની સિદ્ધિ સાથે સંબંધ રાખે છે.
- એક પ્રક્રિયા છે જે નિરંતર અને સતત ચાલુ રહે છે.
- એ આયોજન, સંગઠન, સંકલન, નિદર્શન અને નિયંત્રણની પ્રક્રિયા છે.
- પ્રબંધમાં સમાન હેતુની સિદ્ધિ માટે સામૂહિક સહકાર કાર્યવાહી જરૂરી છે.
- ઈચ્છિનિય પરિણામ લાવવા માટે વિચારોને કાર્યાન્વિત કરવાની પ્રક્રિયા છે.

**શાળા વ્યવસ્થાપનનાં લક્ષણો** :

- વ્યવસ્થાપન સતત ચાલતી પ્રક્રિયા છે.
- વ્યવસ્થાપન એક સામાજિક પ્રક્રિયા છે, તે માનવતત્ત્વ સાથે જોડાયેલી છે.
- તે કળા અને વિજ્ઞાન છે.
- તે ઉદેશપૂર્ણ વિશિષ્ટ સિદ્ધિઓ સાથે સંબંધ ધરાવે છે.
- પ્રબંધ સમૂહના પ્રયત્નો સાથે સંબંધિત છે.
- વ્યવસ્થાપન એ ક્રિયા – કાર્ય કે પ્રવૃ િ છે, વ્યક્તિ કે વ્યક્તિઓનું જૂથ નથી.

**શાળા વ્યવસ્થાપનનું મહત્વ** :

વ્યવસ્થાપન કોઈ પણ સંગઠન કે સંસ્થાની કરોડરજ્જુ છે. કોઈ પણ સંસ્થાની સફળતાનો પાયો છે. તેના અસ્તિત્વનું પ્રાણતત્વ છે. તે સમગ્ર સંસ્થા સંચાલનનું હાર્દ, કરોડરજ્જુ છે.

- વ્યવસ્થાપન સંસ્થાના ઉદેશો સિદ્ધ કરવાની આધારશિલા છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- સંસ્થાની પ્રગતિનું પ્રારંભબિંદુ છે.
- વિદ્યાર્થીઓના વિકાસ માટે.
- વ્યવસ્થાપન દ્વારા માનવસંસાધન અને ભૌતિક સંપ િનો ઉચિત અને અસરકારક તેમ જ મહ મ ઉપયોગ કરી શકાય છે.
- ઉત્પાદન અને ગુણવ ા વધારવા માટે ઉપયોગી છે.
- સંસ્થામાં યોગ્ય વ્યવસ્થાપન દ્વારા અસરકારક આયોજનની દિશા નિશ્ચિત કરી શકાય છે.
- વિવિધ સમસ્યાઓના નિરાકરણ માટે વ્યવસ્થાપન જરૂરી છે.
- પ્રબંધ દ્વારા સંસ્થા, સંગઠનને ગતિશીલ રાખી શકાય છે.
- ભાવિ નાગરિકોના ઘડતર માટે ફાયદાકારક છે.
- તેના વ્યવસ્થાપકોની વ્યવસ્થા શક્તિ, અને કાર્યકરોની કાર્યશક્તિમાં વૃદ્ધિ કરે છે.
- નિશ્ચિત લક્ષ્યાંકો હાંસલ કરવાની અભિપ્રેરણા પૂરી પાડે છે.

**શાળા વ્યવસ્થાપનનું સ્વરૂપ** :

પ્રબંધ કે વ્યવસ્થાપનનો પાયો અમેરિકામાં નંખાયો 1910 થી 1920ના ગાળામાં પ્રબંધનો વિચાર, વિકાસ અને પ્રસાર થયો, શરૂઆતમાં પ્રબંધ શબ્દ ઔદ્યોગિકક્ષેત્રે જ પ્રચલિત થયો, પણ 20મી સદીના આરે પહોચ્યા પછી ત્યારે 'માનવસંશાધનનો પ્રબંધ' શિક્ષણના ક્ષેત્રમાં પ્રચલિત બન્યો છે. જ્યારે પ્રબંધના વિચારની શરૂઆત થઈ ત્યારે કાર્યક્ષમતા માટેની ચિંતા, સંવેદનશીલતા એ તેનો ધ્યેયમંત્ર હતો.

શિક્ષણ પ્રસાસન અને સંગઠનનું સંચાલન કરવું. તેની વ્યવસ્થા કરવી એટલે જ શિક્ષણ પ્રબંધ, શિક્ષણ પ્રબંધની વ્યાખ્યા આપવો મુશ્કેલ છે જેમ કે,

પ્રબંધનું વિષયવસ્તુ માનવ છે. જેના વર્તન માટે અનુમાન કરવું મુશ્કેલ છે.

પ્રબંધ એક વિકસતો વિષય છે.

પ્રબંધ એક જટિલ, અમૂર્ત વિચારધારા છે.

પ્રબંધ એક ગતિશીલ વિચાર છે, એમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તનો થતા રહે છે.

Management શબ્દકોશ મુજબ વ્યવસ્થા કરવી તે, વ્યવસ્થા, સંચાલન વ્યવસ્થાપન, પ્રબંધ સંચાલન એટલે તમારી આસપાસના પ્રાપ્ત અને ઉપસ્થિત પરિબળો, સાધનો વગેરે પાસેથી લેવાનું કાર્ય. જેમ સંચા-મશીનને

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

ચાલુ કરી અને ઉત્પાદન થાય તેમ તમારે તમારી આજુબાજુની માનવીય સંપિ ને પણ ચલાવવાની છે. જેમ સંચો ચલાવનારને તે શા માટે કામ કરે છે. તેની ખબર ન હતી. તેવી જ રીતે કચેરી કે કાર્યાલયમાં કાર્ય કરનાર કર્મચારીને પણ શા માટે પોતે કામ કરે. છે તેનો ખ્યાલ ન હતો અર્થાત વર્ષોથી પ્રચલિત શબ્દ સંચાલન એવા ખ્યાલથી વપરાતો હતો અને રૂઢ થયો હતો જેમાં દરેક કક્ષાએ માત્ર સંચાલન હતું. વિચાર, વિચારશીલતા, વિચારવિનિમય. આદાનપ્રદાન તથા સમગ્રતાને કોઈ સ્થાન ન હતું.

આવા એકધારા, વિચાર વગરના, માનવીય વ્યવહારથી અલગ લાગણીઓથી પર અને જડ સંચાલનના માઠા પરિણામો વિવિધ ક્ષેત્રોમાં કામ કરતી વિચારશીલ વ્યક્તિઓના ધ્યાનમાં આવ્યો અને પરિણામે ફેરફાર સાથેનો જે ખ્યાલ આવ્યો તે વ્યવસ્થાન-પ્રબંધ.

આમ જોઈએ તો પ્રબંધ શબ્દનું ઉદ્ગમ સ્થાન ઉદ્યોગો અને ઉત્પાદન સાથે સંકળાયેલી સંસ્થાઓ અને વ્યક્તિઓ છે. પ્રાપ્ત થયેલા ભૌતિક સાધન સંપિ, માનવીય બળ અને બુદ્ધિ તથા નાણાકીય જોગવાઈઓનો વધુમાં વધુ લાભ મેળવી શકાય તે રીતે વ્યવસ્થા ગોઠવો ત્યારે જ ઓછામાં ઓછા ખર્ચે અને મહેનતે વસ્તુઓ ઉત્પન્ન કરી શકાય. આ વસ્તુઓ પાછી આકર્ષક અને ગુણવ ાની હરિફાઈમાં ઊભી રહે તેવી હોવી જોઈએ. ઔદ્યોગિક ક્ષેત્રમાં આ કાર્ય 'વ્યવસ્થાપક પ્રબંધક'ને સોંપવામાં આવે છે.

**શાળા વ્યવસ્થાપનના હેતુઓ** :

આયોજનની સંકલ્પનાથી માહિતગાર થાય.

આયોજનનું મહત્ત્વ સમજે.

આયોજનમાં સૌને સામેલ કરવાની અગત્ય સમજે.

શાળાની આવશ્યકતાઓ ઓળખે.

આયોજન માટે વિવિધ યોજનાઓ અને કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરે.

ઉપલબ્ધ સંસાધનોનો યોગ્ય ઉપયોગ કરી શાળાની ગુણવ ામાં ઉ રો ર વધારો કરે.

વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષક અને સમાજ સાથેના સંબંધો વિકસાવવા.

સમાજ અને રાષ્ટ્રની માંગને અનુરૂપ શિક્ષણ આપવાની વ્યવસ્થા ગોઠવવી.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓનો મહ  મ વિકાસ કરવો.

**શાળા વ્યવસ્થાપનનાં કાર્યક્ષેત્રો** :

શૈક્ષણિક વ્યવસ્થાપન એ સંસ્થાકીય પ્રક્રિયાનું હાર્દ છે. શૈક્ષણિક ભાવસ્થાપનનું ક્ષેત્ર ઘણું વ્યાપક અને બહુલક્ષી ગણાય છે. સામાન્યત: શૈક્ષણિક ભવસ્થામાં પ્રવેશ, પાઠયક્રમ, શિક્ષણ, પરીક્ષણ અને સહઅભ્યાસિક પ્રવૃ િનો સમાવેશ થાય છે. આ સિવાય કાર્યકર વ્યવસ્થાપન, નાણાકીય વ્યવસ્થાપન તેમજ શાળાકીય વ્યવસ્થાપન, સંપર્ક સંવાદ વિદ્યાર્થી સેવાઓનો પણ સમાવેશ થતો હોય છે. દરેકે દરેક વિશે વિગતે સમજીએ

1. **શૈક્ષણિક વ્યવસ્થાપન** : શૈક્ષણિક વ્યવસ્થાપનમાં શાળામાં પ્રવેશથી માંડીને, સમયપત્રક, તાસ ફાળવણી, વિષયોની પસંદગી, શિક્ષકોની પસંદગી, દૈનિક હાજરી, પ્રાર્થનાસભા આયોજન, વર્ગખંડ ક્ષમતામાં ગુણવ  ા, પરીક્ષાઓનું આયોજન, સંચાલન, પરિણામ વિશ્લેષણ, રમતગમત, શિસ્ત, પાઠ્યક્રમ શૈક્ષણિક પ્રવૃ િઓ વગેરે બાબતોનો સમાવેશ કરી શકાય.

2. **કાર્યકર વ્યવસ્થાપન** : સ્ટાફ એ સંસ્થાનો આધારસ્તંભ છે. સંસ્થામાં કાર્યકર વ્યવસ્થાપન એ મહત્ત્વની બાબત ગણાય. કાર્યકરોની પસંદગી, પૂર્વતાલીમ સ્ટાફવિકાસ, કર્મચારીઓના રેકોર્ડ્સની સાચવણી, ગુણવ  ા સુધારણા, કર્મચારીસંઘ વ્યવસ્થાપન, સ્ટાફ મિટિંગનું સંચાલન-કર્મચારી કલ્યાણ તેમજ કાર્યવહેંચણી અને કાર્યમૂલ્યાંકન એ કાર્યકર વ્યવસ્થાપનની મહત્ત્વની બાબતો ગણાય.

3. **નાણાકીય વ્યવસ્થાપન** : નાણાકીય બાબતો કોઈ પણ સંસ્થા માટે પાયાની બાબત ગણાય. નાણાકીય આયોજનનાં મહત્ત્વનાં પાસાંમાં બજેટ બનાવવું, સંસાધન સજ્જતા, સંસાધન વિકાસ અને તેનો મહ  મ વિકાસ, સંસાધન ઉપયોજન, હિસાબ અને ઑડિટ ઇત્યાદિનો સમાવેશ થાય છે.

4.**માળખાકીય વ્યવસ્થાપન** : દરેક સંસ્થાને એના કાર્યસ્વરૂપને અનુરૂપ માળખું જરૂરી છે. માળખું બને છે. અનેક સ્રોતોની સહાયથી આધારરૂપ માળખું વિકર એ બધી શૈક્ષણિક સંસ્થાઓની બધી પ્રવૃ િઓને "આધારળ આપતું કેન્દ્ર છે. માળખાકીય વ્યવસ્થાપનમાં મકાન નિર્માણ, જાળવણી, ઉપયોજન પુસ્તકાલય, પ્રયોગશાળા, દશ્યશ્રાવ્ય સાધનો, હોસ્ટેલ સ્વચ્છતા, આરોગ્ય સુવિધાઓ, ખેલકૂદની સવલતો, વ્યાવસાયિક શિક્ષણની સુવિધા ઇત્યાદિ ઘટકો અને પ્રવૃ િઓનો સમાવેશ થાય છે

5. **સંપર્ક અને પરસ્પર સંવાદ** : કોઈ પણ સંસ્થા અવકાશમાં જીવી ન શકે. સંસ્થા અલિપ્ત કે અલગ અસ્તિત્વ ટકાવી શકતી નથી માટે એને અવારનવાર રોજ નવા અને જૂના સંપર્કો અને સંવાદ સ્થાપવા પડે છે. આવા સંપર્કોમાં વિદ્યાર્થીઓ અને તેના વાલીઓ સાથેનો સંપર્ક મહત્ત્વનો ગણાય. સંસ્થાના કર્મચારીઓ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

સાથે પણ જીવંતતા અનિવાર્ય છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, સામાજિક અને સ્થાનિક સંસ્થાઓ સાથે સતત સંપર્કો રાખવાથી વિશેષ લાભો મળતા હોય છે. સંસ્કારી અધિકારી, તંત્રો અને સ્વૈચ્છિક સંસ્થાઓ ઉપરાંત શિક્ષણની સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓ સાથે સંપર્કો સ્થાપવા એ વ્યવસ્થાપનનો મહત્ત્વનો અંશ ગણાય.

6. **વિદ્યાર્થી સેવાઓ** : વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવ ા કે પરીક્ષામાં મેળવેલ ઉચ્ચ સિદ્ધિ જ મહત્ત્વની નથી. શાળામાંથી વિદ્યાર્થીજીવનની ગુણવ ા પ્રગટે એ પણ મહત્ત્વનું છે. તેથી વિદ્યાર્થી-સેવાઓ જેટલા પ્રમાણમાં કાર્યશીલ હશે તેટલી જીવનની ગુણવ ા સુધરશે. વિદ્યાર્થીઓ માટે યોગ્ય માહિતીતંત્ર, સર્જન અને વ્યવસ્થાપન, માર્ગદર્શન અને કાઉન્સેલિંગ સગવડો, સ્કોલરશિપ ઇત્યાદિની સવલતો પણ વ્યવસ્થાપનની મહત્ત્વની કામગીરી છે.

7. **પદ્ધતિ અને પ્રણાલી** : કોઈ પણ શૈક્ષણિક સંસ્થાનું સ્વરૂપ વૈધાનિક હોય છે. સંસ્થા ચોક્કસ નિયમો અને પ્રણાલિકા અનુસાર કાર્ય કરે છે. સંસ્થાઓ રાજય અને કેન્દ્રના વ્યવસ્થાતંત્ર અનુસાર કામ કરવા પ્રતિબદ્ધતા દાખવે છે. સંસ્થાકીય વ્યવસ્થાપનના નિયમો, વિનિમયો, કાનૂનોનું પાલન કરવાનું ફરજિયાત હોઈ તેના આધારે વહીવટીય પ્રણાલીઓ ઊભી કરાય છે, આવી પ્રણાલીઓમાં ખરીદી, પ્રમોશન, કાર્ય સિદ્ધિ મુલવણી, ડેડસ્ટોકમાંથી નકામી ચીજો નાબૂદ કરવી, ફરિયાદ નિવારણ, સ્ટોક નિયંત્રણ, સંસાધન વ્યવસ્થાપન જેવી બાબતોનું આયોજન જરૂરી બને છે.

8. **સંસ્થા વિકાસ** : વ્યવસ્થાપનનું સૌથી મહત્ત્વનું અને પરમ ધ્યેય તો સંસ્થા વિકાસ જ ગણાય. વ્યવસ્થાપનનું અંતિમ લક્ષ્ય તો આ જ રહ્યું છે. સંસ્થાને યથાવત્ સ્થિતિમાં રાખવાને બદલે સંસ્થાની વિકાસ પ્રક્રિયા વિકસાવવી એ વ્યવસ્થાપનનું હાર્દ છે. સંસ્થા વિકાસ માટે સંસ્થા-મૂલ્યાંકન, સંગઠનાત્મક નિદાન, આયોજન અને વિકાસ મહત્ત્વનાં સોપાનો છે.

- v **હાજર રિપોર્ટ, શિક્ષક ભરતી માટેની અરજી, શિક્ષક રાજીનામું, બોનાફાઇડ સર્ટિફિકેટ - (પરિચય અને નમૂનો) તથા વિવિધ પ્રકારની રજાઓ**

- v **વિવિધ પ્રકારની રજાઓ**

રજા: રજા એટલે સક્ષમ અધિકારીની વિવેકબુદ્ધિ અનુસાર મંજૂર કરવામાં આવતી કર્મચારીની ફરજ પરની ગેરહાજરી (નિયમ-10(1))

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

- **રજાના પ્રકાર અને નિયમો**

(1) પ્રાપ્ત રજા (નિયમ 46,49,50,150)

(2) અર્ધપગારી રજા (નિયમ-27)

(3) રૂપાંતરિત રજા (નિયમ-58)

(4) બિનજમા રજા (નિયમ-59)

(5) અસાધારણ રજા (નિયમ-60)

(6) હૉસ્પિટલ રજા (નિયમ-69)

(7) ખાસ અશક્તતાની રજા (નિયમ-74)

(8) પ્રસૂતિની રજા (નિયમ-70)

(180 અધિનિયમને આધારે)

(9) પિતૃત્વની રજા (નિયમ-70)

(10) ટી.બી. અને કેન્સર માટે રજા (નિયમ-76)

ઉપરાંત બીજા પ્રકારની મળવાપાત્ર રજાઓ આ પ્રમાણે છે :

(1) પ્રાસંગિક રજા

(2) મરજિયાત રજા

(3) વળતર રજા

**ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત** :

- ü રજાની માંગણી નિયત નમૂનામાં કરવી - નમૂનો 1 (નિયમ-24)
- ü રજા નકારવાનો હક્ક સ ાધિકારીને છે. રજા હક્ક તરીકે માંગી શકાય નહ . (નિયમ-10(2))

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- કર્મચારીની લેખિત વિનંતી સિવાય રજાનો પ્રકાર ફેરવવાની સ ા નથી. (નિયમ-10 (3))
- થોડા દિવસમાં ફરીથી રજા લેવાના આશયથી રજાના અંતે ઔપચારિક રીતે ફરજ પર હાજર થવાની છૂટ આપવી જોઈએ નહી. (નિયમ-17)
- 120 દિવસથી વધુ ન હોય તેટલા સમય માટે રજા પર ગયેલા કર્મચારીની ફરજો એ જ મથકના અથવા જિલ્લામાંથી ઉપલબ્ધ કર્મચારી ફરજ બજાવે તેવી વ્યવસ્થા કરવી. (નિયમ-13)
- પ્રાસંગિક રજાને રજા તરીકે માન્યતા ન હોય તેને અન્ય પ્રકારની રજા સાથે જોડી શકાય નહ પરંતુ નિયમ -15 હેઠળ અન્ય રજાના પ્રકારોનું સંયોજન એક-બીજા સાથે કરી શકાય છે.
- રજા દરમ્યાન અથવા એક કચેરીમાંથી અન્ય કચેરીમાં બદલી થતાં હાજર થવાનો સમય ભોગવતા હોય તે સમયગાળામાં સંબંધિત. કર્મચારીની રજા મંજૂર કરવાની અને રજાના પગાર ચુકવણી કરવાની જવાબદારી કર્મચારીની જે કચેરીમાંથી બદલી થઈ હોય તે કચેરીની રહેશે. (નિયમ-29)
- નોકરીમાંથી બરતરફ કરવાની, છૂટ કરવાની કે ફરજિયાતપણે નિવૃ  કરવાની શિક્ષા કરવાનો સક્ષમ અધિકારીએ નિર્ણય કર્યો હોય ત્યારે કર્મચારીની રજા મંજૂર કરવામાં આવશે નહી. (નિયમ- 30)
- અધિકૃત તબીબી ચિકિત્સક અથવા આર.એમ.પી. દ્વારા આપવામાં આવેલ નિયત નમૂના - 3 માં તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાની માંદગીના કારણે રજા મંજૂર કરી શકાશે. (નિયમ-35)
- રજા મંજૂર કરવાની સ ા ધરાવતા અધિકારી પોતાના વિવેકાધિકારથી સરકારી તબીબી અધિકારી કે જે સિવિલ સર્જનની કક્ષા કરતાં નીચેની કક્ષાના ન હોય તેમને વિનંતી કરી બીજા તબીબી અભિપ્રાય માટે કર્મચારીની શારીરિક તપાસ કરાવવાનો પ્રબંધ કરી શકશે (37-2)
- જેની તબીબી પ્રમાણપત્રના આધારે રજા મંજૂર કરવામાં આવેલ હોય તેવા કર્મચારી તંદુરસ્તી પ્રાપ્ત કર્યાનું નમૂના - 4નું પ્રમાણપત્ર રજૂ કર્યા સિવાય ફરજ પર હાજર થઈ શકશે નહ . (37-4)
- પ્રાથમિક શિક્ષકોને પ્રાપ્ત રજા લહેણી થતી નથી, પરંતુ વેકેશન દરમ્યાન કોઈપણ કામગીરી લેખિત હુકમ સ્વરૂપે કરવામાં આવે અને તે કામગીરી પ્રમાણિત થયેલી નિયમાનુસાર હક્ક રજા ખાતામાં જમા થાય છે.

§ **પ્રાપ્ત રજા** :

$$\frac{\text{વેકેશન ભોગવવાની છુટ આપવામાં ન આવી હોય તે દિવસોની સંખ્યા}}{\text{કુલ વેકેશનના દિવસોની સંખ્યા}} \times \frac{\text{ખરેખર નીકરીની ફરજનો સમય}}{365} \times \frac{30}{1}$$

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- જો કર્મચારી 15 દિવસથી વધુ સમય માટેનો વેકેશનનો સમય ભોગવવામાંથી અટકાવવામાં આવેલ હોય તો તેણે વેકેશનનો કોઈ ભાગ ભોગવ્યો નથી, તેમ ગણાશે. (50-2) (નોંધ-ખ)
- પ્રાપ્ત રજા શિક્ષક નોકરી દરમ્યાન ગમે ત્યારે ભોગવી શકે છે જયારે વિદ્યાસહાયકને વળતર રજા મળે છે જે, જે-તે કેલેન્ડર વર્ષમાં ભોગવવી પડે છે, અન્યથા જતી રહે છે.
- વેકેશન અને પ્રાપ્ત રજા બંને મળીને 120 દિવસથી વધુ એકસાથે જોડી શકાય નહ .
- નાણા વિભાગના 10/10/2000ના ઠરાવ અન્વયે પ્રાપ્ત રજા / અર્ધપગારી રજા / રૂપાંતરિત રજા બધા મળીને કુલ 240 દિવસ સુધી વિભાગ / ખાતા / કચેરીના વડા મંજૂર કરી શકે.
- પ્રત્યેક અર્ધા વર્ષની નોકરી માટે કર્મચારી 10 દિવસની અર્ધ પગારી રજા મળવા પાત્ર છે. 1 જાન્યુઆરી / 1 જુલાઈના રોજ અર્ધ પગારી રજાના હિસાબમાં તે આગળથી જમા કરવામાં આવે છે. (57-15)
- કર્મચારીની રૂપાંતરિત રજા મંજૂર કરવામાં આવે ત્યારે તે રજા કરતાં બમણી અર્ધપગારી રજા તેના હિસાબમાં ઉધારવી જોઈએ.
- રજા મંજૂર કરનાર અધિકારી માન્ય અભ્યાસક્રમ માટે અથવા હિતમાં સમગ્ર નોકરીના સમયગાળા દરમ્યાન મહ  મ 90 દિવસની રૂપાંતરિત રજા તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યા વિના મંજૂર કરી શકશે. (58-5)
- નમૂના નં. - 5 મુજબ કર્મચારી કુટુંબની વ્યાખ્યામાં આવતા વ્યક્તિની માંદગી સંબંધે રૂપાંતરિત રજા મંજૂર કરી શકાશે. (58-5)
- સંપૂર્ણ નોકરી દરમિયાન 350 દિવસની મર્યાદામાં બિન જમા રજા મળવાપાત્ર રહેશે. જેમાંથી એકી સમયે 90 દિવસથી વધુ નહ  અને તબીબી પ્રમાણપત્રના આધાર સિવાયની 180 દિવસ બિન જમા રજા મંજૂર કરી શકાશે. (કપાત પગારે રજા)
- કર્મચારીને તેની સમગ્ર નોકરી દરમિયાન 36 માસથી વધે નહ  એટલી અસાધારણ રજા ખાસ સંજોગોમાં નિયત શરતોને આધીન મંજૂર કરી શકાશે.
- રૂપાંતરિત રજા - સાત દિવસથી ઓછી મંજૂર કરી શકાતી નથી. (જાહેર રજાઓ સહિત)

§ **પ્રસૂતિની રજા** :

- બેથી વધુ જીવિત બાળકો ન હોય (69-1)
- પ્રસૂતિની રજા કર્મચારીના ખાતામાં ઉધારવામાં આવતી નથી.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

- 1 વર્ષની ઓછી નોકરી માટે બિનપગારી, 1 વર્ષથી વધુ પરંતુ 2 વર્ષ કરતાં ઓછી નોકરી હોય તો અર્ધપગારી અને 2 વર્ષ કરતાં વધુ હોય તો પુરા પગારી રજા મળવાપાત્ર છે. (પ્રા. શિ. 9/4/2004ના ઠરાવ અન્વયે) (રજાના નિયમ - 69-3)
- પ્રસૂતિની રજા સાથે રૂપાંતરિત સહિત બીજા કોઈપણ પ્રકારની લેણી રજા સાથે જોડવાની મહિલા કર્મચારીને પરવાનગી આપવામાં આવે છે. અધિનિયમ સાઠ દિવસની રજા તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યા સિવાય મંજૂર કરી શકાશે. (69-7)
- વિદ્યાસહાયક ભાઈઓને પિતૃત્વ રજા મળે નહ . પૂરા પગારની 1 વર્ષની નોકરી બાદ 15 દિવસની પિતૃત્વ રજા મળે (પત્નીને જે દિવસે ડિલવરી આવી હોય તે દિવસથી 15 દિવસની રજા ગણાય.)
- ઠરાવ ક્રમાંક પીઆઈઈ / 1199 / ઈએમ / 1073 ક તા. 02/12/2014 ના મુજબ બેથી વધુ જીવિત બાળકો ન હોય ત્યાં સુધી 180 દિવસની રજા મળવાપાત્ર છે.
- પિતૃત્વ કે પ્રસૂતિની રજા નકારી શકાય નહી.
- કસુવાવડ કે ગર્ભપાતના કિસ્સામાં 29 ના. વિ. ના. 26/12/97ના ઠરાવ અન્વયે,
- સમગ્ર નોકરી દરમ્યાન 45 દિવસ.
- બે કે તેથી વધુ બાળકો જીવિત હોય તો ન મળે.
- વધારેમાં વધારે 7 કામકાજના દિવસો, અરજીના સમર્થનમાં તબીબી પ્રમાણપત્ર જરૂરી.
- 5 વર્ષમાં એકવાર રજા મંજૂર કરી શકાશે.

§ **પ્રાસંગિક રજા** :

- રજાનો માન્ય પ્રકાર નથી.
- રવિવાર કે રજાના દિવસો સાથે જોડી શકાય છે.
- સામાન્ય રીતે 8 દિવસ એકી સાથે
- વેકેશનની આગળ કે પાછળ જોડી શકાય નહિ.
- અડધા દિવસની મૂકી શકાય છે.
- સામૂહિક પરચૂરણ રજાના એલાન અન્વયે પરચૂરણ રજા મંજૂર ન કરવી.

§ **વળતર રજા** :

- માન્ય જાહેર રજાના દિવસો સરકારી કામ અંગે ઉપસ્થિત રહેવું પડે ત્યારે વળતર રજા આપવામાં આવે છે.
- વળતર રજા અન્ય કે પ્રાસંગિક રજાની આગળ-પાછળ જોડી શકાય છે.
- એકી સાથે ફક્ત એક જ વળતર રજા મંજૂર કરવામાં આવે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- જે કર્મચારી મુખ્ય મથકની બહાર પ્રવાસ પર ગયા હોય તેને વળતર રજા કે રજા મળી શકે નહ .

§ **ખાસ રજા** :

- જે-તે કેલેન્ડર કુટુંબ કલ્યાણ કાર્યક્રમ હેઠળ પુરુષ કર્મચારીને કામકાજના 6 દિવસથી વધે નહ તે રીતે ખાસ પ્રાસંગિક રજા મંજૂર કરવામાં આવે છે.
- 1 વખત ઓપરેશન નિષ્ફળ જાય તો બીજી વખત માટે પણ રજા મળી શકે છે.
- સ્ત્રી કર્મચારીને 14 દિવસની રજા મંજૂર કરવામાં આવે છે.
- પુરુષ કર્મચારીને પત્ની આવા ઓપરેશન વખતે 7 દિવસની રજા આપવામાં આવે છે.
- આંકડી મૂકાવવા માટે 1 દિવસની પ્રાસંગિક રજા મળી શકે છે.

§ **એસોસિએશનના હોદ્દેદારોને ખાસ રજા** :

- 1 કેલેન્ડર વર્ષમાં 10 રજા મળે છે.
- પ્રાસંગિક રજા મંજૂર કરવાની સ ા ધરાવતા અધિકારી આ ખાસ પ્રકારની રજા મંજૂર કરી શકશે.
- ઑફિસના કામકાજના કલાકો બાદ હાથ ધરી શકાય તેવી પ્રવૃ માટે આ ખાસ પ્રાસંગિક રજાઓ મળવાપાત્ર નથી.
- રજા પૂરી થયા પછી ગેરહાજર રહેનાર કર્મચારી આવી ગે.હા.ની મુદત માટે હક્કદાર નથી. (44-1)
- રજા પૂરી થયેથી ફરજ પર જાણીબૂઝીને ગે.હા. રહેનારા કર્મચારીની ગે.હા. શિક્ષાત્મક પગલાંને પાત્ર ગણાશે. (44-2)

§ **શિક્ષકો દ્વારા ભોગવવાની (ભોગવાતી) રજા** :

**કેજ્યુઅલ રજા** :

- કેજ્યુઅલ રજા માટેના વ્યક્તિગત શિક્ષક દીઠ નિયત પત્રક નિભાવવાં.
- સામાન્ય સંજોગોમાં કેજ્યુઅલ રજા અગાઉથી મંજૂર કરાવવાની રહેશે. આકસ્મિક સંજોગોમાં રજા મંજૂર કરાવ્યા વિના રજા ભોગવવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો જે દિવસે રજા ભોગવવામાં આવે તે જ દિવસે શાળા શરૂ થાય તે પહેલાં કેજ્યુઅલ રજાનો રિપોર્ટ મુખ્ય શિક્ષકને મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે. અન્યથા રજાના રિપોર્ટ વિનાની ગેરહાજરી કપાતપગારી રજા ગણાશે.
- રજા માંગણીનું કારણ અને આ પહેલાં ભોગવેલી રજાની સંખ્યા રિપોર્ટમાં સ્પષ્ટ જણાવવાનાં રહેશે.
- રિપોર્ટમાં દર્શાવેલ તારીખના આંકડા ઘૂંટેલા કે છેકછાકવાળા હશે તો રિપોર્ટ માન્ય ગણાશે નહિ.
- અનિવાર્ય આકસ્મિક સંજોગોમાં જ કેજ્યુઅલ રજા ભોગવી શકાશે.
- સતત સાત દિવસ કરતાં વધુ દિવસોની કેજ્યુઅલ રજા ભોગવી શકાશે નહિ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

- અસાધરણ સંજોગોમાં સાત કરતાં વધુ રજા લંબાવવી પડે તો વધારાની ત્રણ સહિત કુલ દસ દિવસની રજા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મંજૂર કરી શકશે.
- સતત સાત દિવસ કરતાં વધુ નહિ તેવી મદદનીશ શિક્ષકોની રજા મુખ્ય શિક્ષક મંજૂર કરી શકશે.
- સતત સાત દિવસ કરતાં વધુ નહિ તેવી મુખ્ય શિક્ષકોની રજા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મંજૂર કરી શકશે.
- સ્ટાફના 1/2 કરતાં વધુ શિક્ષકોની કેજયુઅલ રજા એકસાથે મુખ્ય શિક્ષક મંજૂર કરી શકશે નહ .
- રજા પર રહેનાર કે રજા વિના ગેરહાજર રહેનાર મદદનીશ શિક્ષકોના વર્ગની જવાબદારી અન્ય હાજર શિક્ષકોને સોંપવાની રહેશે. શાળાનો કોઈપણ વર્ગ કોઈપણ શિક્ષકની જવાબદારી વિના રેઢો રાખી શકાશે નહિ.
- રજા માંગણી વિના ગેરહાજર રહેનાર શિક્ષકની ગેરહાજરીની જાણ તરત જ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને કરી દેવાની રહેશે.
- રજા માંગણી વિના ગેરહાજર રહેનાર શિક્ષકની ગેરહાજરીનો પગાર ચૂકવી શકાશે નહિ, અને નિયમાધીન અન્ય ખાતાકીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.
- અનિવાર્ય સંજોગો સિવાય શાળાના મુખ્ય શિક્ષક શાળા દરમિયાન શાળા છોડી બહાર જઈ શકશે નહિ.
- અનિવાર્ય સંજોગોમાં શાળાના હિતમાં શાળા છોડવી પડે તે શાળા છોડયાનું સ્પષ્ટ કારણ દર્શાવતો રિપોર્ટ પ્રથમ મદદનીશ શિક્ષકને આપવો પડશે અને શાળાનો કામચલાઉ હવાલો પણ તેમને સોંપવો પડશે. મુવમેન્ટ રજીસ્ટરમાં નોંધ અવશ્ય કરવી.

§ **અન્ય પ્રકારની રજા :**

- મુખ્ય શિક્ષકની કેજ્યુઅલ રજા સહિતની કોઈપણ રજા અને મદદનીશ શિક્ષકોની કેજ્યુઅલ રજા સિવાયની કોઈપણ પ્રકારની રજા મંજૂર કરવાના અધિકાર તાલુકા પંચાયતના રહેશે. અનિવાર્ય આકસ્મિક સંજોગો સિવાયના સામાન્ય સંજોગોમાં આવી રજા અગાઉથી મંજૂર કરાવવાની રહેશે.
- માંદગીના કારણ હેઠળ માંગવામાં આવતી રજાના રિપોર્ટ સાથે જ માંદગીના ખાત્રી માટેનું ડોક્ટરી સર્ટિફિકેટ અચૂક મોકલવાનું રહેશે. તેમ નહિ થતાં રજા મંજૂર કરનાર અધિકારી જે પ્રકારની રજા મંજૂર કરે તે ગ્રાહ્ય રાખવી પડશે અને પાછળથી કોઈપણ રજૂઆત સાંભળી શકાશે નહિ.
- માંદગીની રજા ઉપરથી ફરજ પર હાજર થતી વખતે જે રિપોર્ટ મોકલવામાં આવે તેની સાથે જ ફિટનેસનું ડોક્ટરી સર્ટિફિકેટ અચૂક મોકલવાનું રહેશે. ડૉક્ટરના ફિટનેસ સર્ટિફિકેટ સિવાયની હાજરી અનઅધિકૃત ગણાશે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- રજાના માંગણીના મદદનીશ શિક્ષકોના રીપોર્ટ ઉપર મંજૂર કરવા માટે કે નામંજૂર કરવા માટે સ્પષ્ટ અભિપ્રાય મુખ્ય શિક્ષકે લખવાનો રહેશે.
- રજા માંગણીનાં કારણો અને તે માટે રજૂ કરેલા આધારો ખોટા હોવાનું મુખ્ય શિક્ષકના ધ્યાનમાં આવે તો તરત જ કચેરીના ધ્યાન પર લાવવાનું રહેશે.
- રજા માંગણીની અરજી નિયત નમૂનામાં જ હોવી જોઈએ.
- વેકેશન ડિપાર્ટમેન્ટને હક્ક રજા નથી. તેમ છતાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કે ઉપરી અધિકારીના હુકમથી વેકેશન દરમિયાન જેટલા દિવસની કામગીરી કરી હશે તેટલા દિવસની રજા બી.સી.એસ.આર.ની જોગવાઈ મુજબ મળવાપાત્ર રહેશે. આ રજા સર્વિસ બુકમાં જમા કરાવવાની રહેશે, અને મંજૂર કરાવી ગમે ત્યારે ભોગવી શકાશે.

v **પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થી મૂલ્યાંકનના પ્રવર્તમાન માળખાનો પરિચય**

**પ્રાથમિક કક્ષાનું મૂલ્યાંકન માળખું** :

1. **શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન** (School Based Comprehensive Evaluation SCE)

ü RTE - 2009 ની જોગવાઈ મુજબ હવે વિદ્યાર્થીના સતત અને સર્વાંગી વિકાસને માપી શકાય તે પ્રકારનું મૂલ્યાંકન માળખું ઘડવા સૂચવવામાં આવેલ છે ત્યારે રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરી શકાય તે માટે યોગ્ય મૂલ્યાંકન માળખું આપવાની જવાબદારી જી.સી.ઈ.આર.ટી.ના શિરે છે.

ü આ માળખાનું યોગ્ય અમલીકરણ કરી રાજ્યના પ્રાથમિક શિક્ષણની ગુણવ  ાને વધુ ઉચ્ચ બનાવવાની જવાબદારી શિરે રહેલી છે અને આ સમગ્ર પ્રક્રિયાનું માળખું અને મોનિટર ગ વ્યવસ્થા સી.આર.સી., બી.આર.સી., કેળવણી નિરીક્ષક, ડાયેટ લેક્ચરર, જિલ્લા શિક્ષક સંઘ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને ડાયેટ પ્રાચાર્યશ્રીના માર્ગદર્શન અને સંકલનથી થાય તો જ ઉ  મ પરિણામ મેળવી શકાય તેમ છે.

ü સર્વગ્રાહી વિકાસાત્મક મૂલ્યાંકનની વાત કરતાં પહેલાં શિક્ષણનાં ધ્યેયો પર વિચાર કરવો અતિ જરૂરી છે. કેળવણી એ માનવીય સશક્તિકરણ (Human Empowerment) અને આંતરિક પ્રદીપ્તિકરણ (Human Enlightenment)ની પ્રક્રિયા છે, જેના દ્વારા માનવજીવન બહેતર (Better) તેમજ ઉન્નત (Higher) બનાવી શકાય છે.

ü આ ઉપરાંત સર્વમાન્ય એક હેતુ સર્વગ્રાહી વિકાસ પણ છે. સર્વગ્રાહી વિકાસ એટલે શારીરિક અને સ્વાસ્થ્ય વિકાસ, માનસિક વિકાસ, નૈતિક વિકાસ અને સાંવેગિક વિકાસ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- હાલની મૂલ્યાંકન પ્રક્રિયામાં માત્ર પરીક્ષાલક્ષી તૈયારી તરફ વધારે ઝોક જોવા મળે છે. જેમાં બાળક, શિક્ષક, માતા-પિતા અને સમગ્ર સમાજ સામેલ થાય છે.
- પરીક્ષામાં જે બાળક સારા ગુણ, ટકા કે ગ્રેડ મેળવે તે હોશિયાર ગણાય. બાળકમાં રહેલાં વિશિષ્ટ કૌશલ્યો કે આવડતો જેવી કે વ્યાવહારિકતા, સારી કામગીરી, સારો ખેલાડી વગેરે જેવી બાબતો ઉપર કોઈ જ પ્રકારનું ધ્યાન આપવામાં આવતું નથી.
- છેવટે બાળક પાસે સારામાં સારી પદવી (ડિગ્રી) હશે, પરંતુ તેનામાં વ્યાવહારિક જ્ઞાન નહ હોય, પરિણામે શિક્ષક થકી આદર્શ નાગરિક બનવાના બદલે યંત્રમાનવનું નિર્માણ થશે.
- સમયાંતરે નિમાતા શિક્ષણ પંચોમાં પણ મૂલ્યાંકન સંબંધિત વાતો થતી રહેલી છે. ઈ.સ. 1986ની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સ્પષ્ટ દર્શાવેલ છે કે મૂલ્યાંકન એ સતત ને સર્વગ્રાહી પ્રક્રિયા છે.
- મૂલ્યાંકન એ વિદ્યાર્થીની સફળતા કે નિષ્ફળતા માટેનું પ્રમાણપત્ર નથી, પરંતુ તેની આવડત - કૌશલ્યને સતત મૂલ્યાંકન કરવામાં આવે.
- વર્ગખંડનાં બધાં બાળકો એકસરખાં નથી હોતાં. વિચારવાની બાબતમાં, સમજવાની શક્તિમાં અને તર્ક કરવાની તેઓની ક્ષમતામાં ભિન્નતા જોવા મળે છે. આ બાબતોના આધારે જ તેનો વિકાસ થાય છે.
- આ ઉપરાંત અગત્યની વાત એ છે કે, વિકાસ ટુકડાઓમાં વિભાજિત નથી હોતો, પરંતુ સમગ્ર અને સતત થાય છે.
- મૂલ્યાંકનનો અર્થ બાળકની પરીક્ષા લઈ પાસ-નાપાસનું સર્ટિફિકેટ આપવાને બદલે તેના સતત અને સમગ્ર વિકાસને લક્ષ્યમાં લેવો જોઈએ.
- અત્યાર સુધી થતાં મૂલ્યાંકનમાં માત્ર ઔપચારિક લેખિત પરીક્ષાને જ પ્રાધાન્યતા આપવામાં આવતી હતી. જ્યારે સર્વગ્રાહી વિકાસાત્મક મૂલ્યાંકનમાં લેખિત પરીક્ષાનો ભારાંક ઓછો કરવામાં આવેલ છે.
- અહ મૂલ્યાંકનના સાધન તરીકે કસોટીઓ (મૌખિક, લેખિત અને ક્રિયાત્મક), અવલોકન, ચેકલિસ્ટ, નોંધપોથી, ક્રમ માપદંડ, સ્થાનિક સંદર્ભ સાહિત્ય વગેરેનો વિનિયોગ શિક્ષકે યથોચિત સમયે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા તેમજ શાળા દરમિયાન કરવાનો રહેશે.

- **મૂલ્યાંકન માળખું** (1 થી 10)

વર્તમાન સમયમાં ગુણ પદ્ધતિને સ્થાને ગ્રેડ પદ્ધતિ વડે પ્રાથમિક શિક્ષણમાં પરિણામપત્રકો અને પ્રગતિપત્રકો તૈયાર કરવાની પ્રણાલી અમલમાં મુકવામાં આવી છે. ગ્રેડ આધારિત મૂલ્યાંકન વધુ મનોવૈજ્ઞાનિક અને

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

બાળકોના વિકાસની બાબતમાં વધુ સલાહ ભરેલું છે. આ બાબતને સમજવા માટે તેની સંકલ્પના સમજવી જરૂરી છે જે નીચે પ્રમાણે છે.

**ગ્રેડિંગ પદ્ધતિ** :

ગ્રેડિંગ એ બાળકોએ જુદાં જુદાં ધોરણોના વિવિધ વિષયોમાં મેળવેલ સિદ્ધિને સાંકેતિક સ્વરૂપે દર્શાવવાની પદ્ધતિ છે. આનો અર્થ એ થયો કે બાળકની સિદ્ધિને દર્શાવવાને બદલે ગ્રેડ દ્વારા દર્શાવવાની પદ્ધતિ એટલે ગ્રેડિંગ પદ્ધતિ. સામાન્ય રીતે આ ગ્રેડ A, B, C જેવા સંકેતોમાં દર્શાવવામાં આવે છે. અહ બાળકે કયા ધોરણના, કયા વિષયમાં, કેટલા ટકા મેળવ્યા છે, તેમ કહેવાને બદલે, કયો ગ્રેડ પ્રાપ્ત કર્યો છે, તેને ધ્યાનમાં લેવામાં આવે છે.

ગુણ આધારિત મૂલ્યાંકનમાં બાળકે પ્રાપ્ત કરેલ સિદ્ધિની ટકાવારી શૂન્યથી લઈને સો ટકા સુધીની વ્યાપકતા ધરાવે છે. ગ્રેડ એ ત્રિબિંદુ, પંચબિંદુ, સપ્તબિંદુ કે નવ બિંદુ સુધી સીમિત સ્વરૂપે દર્શાવાય છે. દા.ત. જો ત્રિબિંદુમાં ગ્રેડ આપવા હોય તો 'A', 'B', 'C' એમ આપી શકાય અને પંચબિંદુમાં ગ્રેડ આપવા હોય યે 'A', 'A', 'B', 'B', 'C' એમ આપી શકાય. આ જ રીતે અન્ય કોઈ સંકેતો પણ આપી શકાય.

ગ્રેડ આપવાની પદ્ધતિને આધારે તેના બે પ્રકાર પાડવામાં આવ્યા છે : (1) પ્રત્યક્ષ ગ્રેડિંગ અને (2) પરોક્ષ ગ્રેડિંગ. આ બંને પદ્ધતિની સમજૂતી નીચે મુજબ છે :

(1) **પ્રત્યક્ષ ગ્રેડિંગ** : આ પ્રકારના ગ્રેડિંગમાં શિક્ષક દ્વારા બાળકની સિદ્ધિનું સતત સર્વગ્રાહી અવલોકન કરી રીતે સીધો જ ગ્રેડ આપવામાં આવે છે. અભ્યાસિક વિષયોમાં વિધાન સ્વરૂપે અને સહ-અભ્યાસિક પ્રવૃ સ્વરૂપે વિધાનો આપેલાં હોય છે. આ વિધોનાના સંદર્ભમાં વિદ્યાર્થીની સિદ્ધિને ધ્યાનમાં લઈ તેને ગ્રેડ આપવાનો હોય છે. આમાં કોઈ કક્ષાએ ગુણ આપવામાં આવતા જ નથી. ગુજરાતમાં દસેક વર્ષથી ધોરણ 1 અને 2માં આ પ્રકારની પ્રત્યક્ષ ગ્રેડિંગ પદ્ધતિ અમલમાં છે.

(2) **પરોક્ષ ગ્રેડિંગ** : આ પ્રકારના ગ્રેડિંગમાં વિદ્યાર્થીની સિદ્ધિનું ગુણમાંથી ગ્રેડમાં રૂપાંતર કરવામાં આવે છે. આ પ્રકારના ગ્રેડિંગમાં કુલ ગુણને ત્રિબિંદુ, પંચબિંદુ વગેરે આધારિત ક્રમશઃ ત્રણ, પાંચ વગેરે વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે. અહ વિદ્યાર્થીઓએ મેળવેલા ગુણનો સમાવેશ જે વિભાગમાં દર્શાવેલ ગુણની શ્રેણીમાં થતો હોય તે વિભાગ માટે નક્કી કરેલો ગ્રેડ આપવામાં આવે છે. અહી વિદ્યાર્થીને સીધો જ ગ્રેડ અપાતો નથી. ધોરણ 3 થી 8માં આ પ્રકારની પરોક્ષ ગ્રેડિંગ પદ્ધતિ અમલમાં છે.

- **ગ્રેડિંગ પદ્ધતિના ફાયદા** :

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

ગ્રેડિંગ પદ્ધતિ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપકારક બની રહે છે. ગ્રેડિંગથી થતા ફાયદાઓ નીચે મુજબ છે :

(1) ગ્રેડિંગ પદ્ધતિ વિદ્યાર્થીના માનસિક તણાવ અને સંઘર્ષની તીવ્રતાને ન્યૂનતમ કરે છે.

(2) ગ્રેડિંગ પદ્ધતિથી સ્પર્ધાનું તત્ત્વ નહિવત્ થઈ જાય છે અને બાળકોનો શિક્ષણ પ્રત્યેનો લગાવ જળવાઈ રહે છે.

(3) ગ્રેડિંગ પદ્ધતિથી બાળકોને લઘુતાગ્રંથિ કે ગુરુતાગ્રંથિનો ભોગ બનતાં અટકાવી શકાય છે, અને અન્ય બાળકો સાથે તેમનું અનુકૂલન મજબૂત બને છે.

(4) ગ્રેડિંગ પદ્ધતિથી સમોવડિયા જૂથ દ્વારા શિક્ષણ (પિઅર લર્નિંગ) નું આયોજન સરળ બને છે, જેનાથી શિક્ષણ વધુ અસરકારક અને દૃઢ બને છે, તેમજ સમૂહભાવના વિકસે છે.

(5) ગ્રેડિંગ પદ્ધતિથી શિક્ષક માટે નિદાન અને ઉપચારની પ્રક્રિયા વધુ સરળ બની જાય છે. કયા વિષયમાં નિમ્ન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ વધુ છે તે તરત જ જાણી શકાય છે, અને તેના માટે શું કરી શકાય તેની વિચારણાને અવકાશ મળી રહે છે.

(6)ગ્રેડિંગ પદ્ધતિના કારણે શિક્ષકોને પરિણામપત્રક તૈયાર કરતી વખતે કુલ ગુણના આધારે ટકાવારી કાઢવામાં લાગતો સમય બચી જશે, કારણ કે વિષયવાર ગુણ અને એકંદરે કુલ ગુણ પ્રાપ્ત થતાં ગ્રેડના કોષ્ટકના આધારે પરિણામપત્રકમાં સીધો જ ગ્રેડ મૂકી શકાય છે.

- **પ્રાથમિક શિક્ષણ: કેટલાક વહીવટી અધિકારીઓની ફરજો**
- **જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની ફરજો:**
- જિલ્લા પ્રાથમિક શિક્ષણપિકારી એ જિલ્લા કક્ષાએ પ્રાથમિક શિક્ષણના વહીવટ અને સંચાલનના વડા છે. તેઓ જિલ્લા પ્રાથમિક शिक्षक्षाषिअरी (DPEO) (District Primary Education Officer) તરીકે ઓળખાય છે. જિલ્લા કક્ષાએ ગોઠવાયેલ શિક્ષણતંત્રના તેઓ વડા છે. તેમની મુખ્ય ફરજો નીચે મુજબ છે.
- સમગ્ર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણના વિકાસ અને સાર્વત્રિકરણ માટે તેઓ સીધા જવાબદાર છે. જિલ્લાની પ્રાથમિક શિક્ષણની વિગતો સરકાર જ્યારે મા ગે ત્યારે કે જરૂર ઉદ્ભવે ત્યારે પૂરી પાડે છે.
- ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ વિભાગની જાહેરાતના અનુસંધાને નવી શાળાઓની મંજૂરી માટે આવેલી અરજીઓની ચકાસણી તથા સ્થળ તપાસ કરી પ્રાથમિક શિક્ષણ વિભાગને નવી શાળા માટેની ભલામણ કરે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

- જિલ્લામાં આવેલી તમામ સરકારી, ગ્રાન્ટેડ, આશ્રમ શાળા કે બિનસરકારી શાળાઓ ઉપર ખાતાકીય નિયમો અનુસાર નિયંત્રણ રાખે છે. આ સંદર્ભમાં શાળાઓને અવારનવાર જરૂરી પરિપત્રો પાઠવે છે.
- તેઓ જિલ્લાની તમામ શાળાઓનું અધિક્ષણ (Inspection) કરે છે તેમના વહીવટ તથા સંચાલનમાં મદદરૂપ થવાનું કાર્ય કરે છે.
- જિલ્લામાં શિક્ષકોની ભરતી સંબંધિત કામગીરીમાં મદદરૂપ થાય છે.
- જિલ્લામાં શિક્ષકોની મહેકમ મુજબ વધ-ઘટ હોય તો તે પ્રમાણેનું સેટઅપ ગોઠવે છે.
- શિક્ષકોની બદલી તથા બઢતીની કામગીરીમાં મદદરૂપ થાય છે.
- રાજય સરકાર દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો જેવા કે પ્રવેશોત્સવ, કન્યા-કેળવણી, આર.ટી.ઈ. (રાઈટ ટુ એજ્યુકેશન ઍક્ટ), વસતિ શિક્ષણના કાર્યક્રમો, આધારકાર્ડની કામગીરી, વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના, વિદ્યાદીપ યોજના, શિષ્યવૃ િ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, જવાહર-નવોદય વિદ્યાલયની પરીક્ષાઓ, G.C.E.R.T., D.I.E.T. વર્ગખંડોનું બાંધકામ, શાળા-સ્વચ્છતા સંકુલોનું બાંધકામ, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ, વિદ્યાસહાયકોની ભરતી, સ્થાયીકરણનો દર, સર્વશિક્ષા અભિયાન તથા નિરંતર શિક્ષણ વગેરે જેવા કાર્યક્રમોની અમલવારી માટે તેઓ સીધા જવાબદાર છે.
- શિક્ષકોની વિવિધ રજાઓની મંજૂરી આપે છે.
- પ્રાથમિક શિક્ષકોના પગાર કરવા, ઈજાફા મંજૂર કરવા, પ્રાથણિક શિક્ષકોની નિમણૂકની સમિતિમાં ભાગ લેવો, શિક્ષકોની બદલીમાં તેઓ નિર્ણાયક ભૂમિકા ભજવે છે.
- તેઓ નિયમોનુસાર જિલ્લામાં આવેલી પ્રાથમિક શાળાઓનું નિરીક્ષણ કરે છે.
- તેઓ શિક્ષકો માટેના સેવાકાલીન તાલીમી કાર્યક્રમો ગોઠવે છે, અને તે રીતે શૈક્ષણિક કાર્યો પણ કરે છે.
- નવનિયુક્ત શિક્ષકો તથા મુખ્ય શિક્ષકો (HTAT) ના તાલીમી કાર્યક્રમોનું આયોજન કરે છે, તેમાં મદદરૂપ થાય છે.
- 6 થી 14 વર્ષના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ મળે તે માટેના આયોજનમાં મદદરૂપ થાય છે.
- અપવ્યય તથા સ્થગિતતા ઘટાડવા માટેના કાર્યક્રમોમાં મદદરૂપ થાય છે.
- પેન્શન મેળવવાના અધિકારી શિક્ષકો નિવૃ થાય એ પહેલાં તેમનાં પેન્શન પેપર પેન્શન અધિકારીની કચેરીએ મોકલવાં.
- પ્રાથમિક શાળાઓમાંથી જરૂરી માહિતી મેળવવી અને તે પ્રાથમિક શિક્ષણ વિભાગ, ગાંધીનગરને મોકલવી.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- આશ્રમ શાળાઓ - પ્રાથમિક શાળાઓ ઉપર દેખરેખ રાખવી.
- પ્રાથમિક શાળાના આચાર્ય, શિક્ષકોની ફરિયાદો સાંભળવી, નિકાલ કરવો.
- પ્રાથમિક શાળાઓમાં મફત પાઠ્યપુસ્તકો, મફત ગણવેશ, શિષ્યવૃત્તિઓની વહેંચણી પર ધ્યાન રાખવું.
- તે પોતાના કાર્યક્ષેત્ર હેઠળની શાળાઓની કાર્યક્ષમતા વધે તથા તેના શૈક્ષણિક ધોરણો સુધરે એ દિશામાં માર્ગદર્શનલક્ષી કાર્ય પણ કરે છે.

ટૂંકમાં, જિલ્લા કક્ષાએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની જવાબદારી ખૂબ જ મહત્ત્વની છે. જિલ્લા કક્ષાએ શિક્ષણના સુચારુ વહીવટ અને સંચાલન માટે સીધા જવાબદાર અધિકારી છે.

- **તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી** (T.P.E.O.)**ની ફરજો**

- સમગ્ર રાજ્યમાં શિક્ષણનું માળખું સાંકળની કડીઓ માફક ગોઠવાયેલું હોય છે. જિલ્લા કક્ષાએ જેમ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શિક્ષણના મહત્ત્વના સંવાહક છે તેવી જ રીતે તાલુકા કક્ષાએ સમગ્ર તાલુકાની શિક્ષણની જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નિભાવે છે. તાલુકા કક્ષાએ શિક્ષણના વહીવટી, સંચાલન સાર્વત્રિકીકરણ માટે સીધા જ જવાબદાર અધિકારી છે. તાલુકા કક્ષાએ પ્રાથમિક શિક્ષણના વહીવટી વિભાગમાં તેઓ એક મહત્ત્વના પદાધિકારી ગણાય છે. તેમની મુખ્ય ફરજો નીચે મુજબ ગણાવી શકાય.
- તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓની દેખરેખ તેઓ રાખે છે. સમગ્ર તાલુકામાં શિક્ષણના સાર્વત્રિકરણ, સંચાલન અને વહીવટ તેમના હાથ નીચે ચાલતો હોય છે.
- તાલુકાના પ્રાથમિક શિક્ષણની કોઈપણ વિગત કે માહિતી જિલ્લા કે રાજ્ય કક્ષાએ પૂરી પાડવાની હોય ત્યારે તેઓ સીધા તેને માટે જવાબદાર ગણાય છે.
- તાલુકાની તમામ સરકારી, બિનસરકારી, આશ્રમ શાળાઓની કામગીરી પર દેખરેખ રાખે છે, તથા સમયાંતરે તેમને યોગ્ય માર્ગદર્શન આપે છે.
- તાલુકાની તમામ માહિતી જિલ્લા કક્ષાએ પૂરી પાડે છે.
- તાલુકાની પ્રાથણિક શાળાઓના શિક્ષકોના પગાર ઈજાફાના વહીવટમાં મદદરૂપ થાય છે.
- તાલુકા કક્ષાએ સરકારના વિવિધ કાર્યક્રમોના અમલ/બજવણી માટે તેઓ સીધા જવાબદાર છે.
- તાલુકાની તમામ શાળાઓ ઉપર ખાતાકીય નિયમોનુસાર નિયંત્રણ રાખે છે, તેમ જ આ સંદર્ભે શાળાઓને અવારનવાર પરિપત્ર પાઠવે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

- શાળા પ્રવેશોત્સવ તથા કન્યાકેળવણીના વિકાસ તેમ જ વિદ્યાર્થીઓના 100% નામાંકન માટે તેઓ સીધા જવાબદાર છે.
- તાલુકાની પ્રાથમિક શાળાઓના વહીવટનું કેળવણી નિરીક્ષકો દ્વારા ધ્યાન અપાય તે જોવાનું કામ પણ કરે છે.
- સરકારની વિવિધ યોજનાઓનો તાલુકાની તમામ પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને લાભ મળે તે માટેનું આયોજન કરે છે, શાળાઓને જરૂરી માર્ગદર્શન આપે છે.
- તાલુકામાં નવીન શિક્ષકોની ભરતી તથા શિક્ષકોની મહેકમ મુજબ વધ-ઘટની કામગીરીમાં મદદરૂપ થાય છે.
- ગુણોત્સવ જેવા કાર્યક્રમ દ્વારા તાલુકાની તમામ શાળાનાં બાળકો વાંચન, ગણન, લેખનમાં 100% સિદ્ધિ આંક હાંસલ કરે તે જોવાનું તથા તેની કામગીરીમાં મદદરૂપ થાય છે.
- તાલુકાની પ્રાથમિક શાળાનાં આચાર્યો અને શિક્ષકોની ફરિયાદો સાંભળવી, તેમને કારણદર્શક નોટિસ આપવી તેમ જ ફરિયાદનું નિવારણ લાવવાનું કામ પણ તેઓ કરે છે.
- તાલુકાની પ્રાથમિક શાળાનાં મકાનોના દુરસ્તી માટે નવા ઓરડા કે નવા મકાન માટેની દરખાસ્તો તાલુકા શિક્ષણ સમિતિને કરે છે.
- શિક્ષકોની વિવિધ રજાઓની મંજૂરી આપે છે.
- શિક્ષકોની સેવાપોથીઓ (સર્વિસ બુક)ને અપડેટ કરાવે છે.
- તાલુકા કક્ષાએ CRC (કલ્સટર રિસોર્સ કો-ઑર્ડિનેટર) અને BRC (બ્લોક રિસોર્સ કો-ઑર્ડિનેટર)ના સંપર્કમાં રહી શિક્ષણના સાર્વત્રિકીકરણની જવાબદારીઓ નિભાવે છે.
- શિક્ષકો માટેની સેવાકાલીન તાલીમ કાર્યક્રમના આયોજનમાં મદદરૂપ થાય છે.
- તાલુકાની પ્રાથમિક શાળાઓના વહીવટમાં મદદરૂપ થાય છે.
- તાલુકા કક્ષાએ અપવ્યય તથા સ્થગિતતા કાર્યક્રમોમાં મદદરૂપ થાય છે.
- તાલુકા કક્ષાએ નિવૃ   તથા શિક્ષકોના પેન્શનની કામગીરી તેમ જ શિક્ષાને મળતા ઈજાફા મંજૂર કરવાનું કામ કરે છે.
- શિષ્યવૃ િ, ગણવેશ, મફત પાઠ્યપુસ્તકો વગેરેની વહેંચણીમાં મદદરૂપ થાય છે.

ટૂંકમાં, જિલ્લા કક્ષાએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની જેમ જ તાલુકા કક્ષાએ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી (T.P.E.O.) મહત્ત્વની ફરજો નિભાવે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

- **કેળવણી નિરીક્ષકની ફરજો**

- નિરીક્ષણ શાળાની સુધારણા, વિકાસ અને પ્રગતિનો એક વ્યાપક કાર્યક્રમ છે. શાળાના સંચાલનનું એ એક પાયાનું અંગ છે. નિરીક્ષણના આ પાસાંને ધ્યાનમાં રાખીએ તો કેળવણી નિરીક્ષક શાળા વિકાસના કાર્યક્રમો માટે એક પ્રોત્સાહક બળ તરીકે કામ કરે છે. તે શાળાનું સંખ્યાત્મક તથા ગુણાત્મક ધોરણ ઊંચું લાવવા તેમ જ શાળાની ભૌતિક અને શૈક્ષણિક જરૂરિયાતો પૂર્ણ કરવા સંસ્થાકીય આયોજન કરે છે.
- તે શાળા વિકાસની વિવિધ યોજનાઓમાં પરોવાયેલ માનવસંપિને આવશ્યક્તાનુસાર સહાયભૂત થાય છે.
- કેળવણી નિરીક્ષક તેમના અધિકારી અંગેની તમામ પ્રાથમિક શાળાઓમાં અધીક્ષણ (Inspection) કરે છે. બાળકોની સંખ્યા, બાળકોની હાજરી, શિક્ષકોની હાજરી, રજા રિપોર્ટ, મસ્ટર રોલ વગેરે પત્રકોની ચકાસણી કરે છે.
- તેઓ વર્ગખંડની મુલાકાતનું આયોજન કરે છે તથા શિક્ષકોના શૈક્ષણિક કાર્યનું નિરીક્ષણ છે. શિક્ષકોને યોગ્ય માર્ગદર્શન પણ આપે છે.
- કેળવણી નિરીક્ષક શૈક્ષણિક અધીક્ષણ (Inspection) દરમિયાન જનરલ રજિસ્ટર, ડેડસ્ટોક રજિસ્ટર, પુસ્તકાલય રજિસ્ટર, શિક્ષકોની દૈનિક નોંધપોથી, વાલી સર્ટિની ફાઈલ, કન્ટીજન્સી હિસાબની ફાઈલ વગેરે જેવાં પત્રકોની ચકાસણી કરે છે.
- શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી અને ગુણોત્સવ જેવા કાર્યક્રમોમાં શાળાને ઉપયોગી માર્ગદર્શન આપે છે તેમજ તાલુકા તથા જિલ્લા કક્ષાની કામગીરીમાં મદદરૂપ થાય છે.
- તે શૈક્ષણિક પ્રકલ્પો (Projects) ઉપાડવા અંગે શિક્ષકોને માર્ગદર્શન અને સલાહ પૂરા પાડે છે.
- તે વર્ગખંડ શિક્ષણની સમસ્યાના ઉકેલમાં શિક્ષકોની સાથે ચર્ચા કરે છે, તેમ જ તેમને વિવિધ પરિસંવાદોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરે છે.
- તે શાળા પુસ્તકાલય અને વાચનાલય સેવાઓ ઉપરાંત પ્રયોગશાળા સેવાઓનું પણ નિરીક્ષણ કરે છે.
- કેળવણી નિરીક્ષક શિક્ષણની ગુણવ ા સુધારવા માટે જરૂરી સૂચનો કરે છે, માર્ગદર્શન આપે છે.
- કેળવણી નિરીક્ષક તાલુકાની પ્રાથણિક શાળાના શિક્ષકોના ખાનગી અહેવાલો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલે છે.
- તાલુકા કક્ષાએ શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા કાર્યક્રમોમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાળાને મદદરૂપ થાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- શાળાના શિક્ષકો તેમ જ મુખ્ય શિક્ષક સામે કોઈ ખાતાકીય તપાસ ચાલતી ન હોય તે બાબતનું પ્રમાણપત્ર આપવાનું કામ પણ કરે છે.
- તાલુકા કક્ષાએ પ્રાથમિક શિક્ષણના વહીવટ અને સંચાલનમાં મદદરૂપ થાય છે.
- તાલુકામાં આવેલી બિનસરકારી કે ખાનગી પ્રાથમિક શાળાઓમાં પણ જવાબદારી નિભાવે છે.
- શાળાના અધીક્ષણ થયા પછી શાળા મૂલ્યાંકનનો અહેવાલ જિલ્લા શિક્ષણ સમિતિને મોકલવવાનું કામ કરે છે.
- તેઓ પોતાના શાળા મૂલ્યાંકન અહેવાલમાં શાળા સમયસર ઉઘડે છે કે નહ , શિક્ષકો સમયસર આવે છે કે નહ , વિદ્યાર્થીઓની સરાસરી હાજરી, શાળા પ્રાંગણ અને મેદાનની સફાઈ, શાળામાં પીવાના પાણીની વ્યવસ્થા, સેટઅપ વધઘટ અંગે શાળાવાર માહિતી, સમયપત્રક પ્રમાણે કામ, શાળાની પ્રવૃ િઓ, વાર્ષિક શૈક્ષણિક આયોજન, વિદ્યાર્થીઓએ જાહેર પરીક્ષાઓમાં ભાગ લીધેલ છે કે નહ , શાળાના પ્રવાસ-પર્યટન, ધોરણ સુધારવા થયેલા પ્રયત્નો, લેખનકાર્યની તપાસણી (પ્રયોગપોથી, નક્શાપોથી, સ્વાધ્યાયપોથી વગેરે) મ.ભો. યોજના અમલીકરણ અંગે, વહીવટ અંગેની નોંધ વગેરેનું નિરીક્ષણ કરી રિપોર્ટ તૈયાર કરે છે.
- કેળવણી નિરીક્ષક સમગ્ર શાળા મૂલ્યાંકન અંગેની નોંધ વિઝીટ બુકમાં કરે છે.

ટૂંકમાં, તાલુકા કક્ષાએ શિક્ષણની ગુણવ ા સુધારણા તથા પ્રાથમિક શિક્ષણના કેળવણી નિરીક્ષકની ફરજો ખૂબ જ મહત્ત્વની ગણાય છે.

- **બી.આર.સી. કો.-ઓર્ડિનેટર (B.R.C. - Block Resource Co-Ordinator) નાં કર્તવ્યો અને ફરજો** :

બી.આર.સી.ની નક્કી કરેલી ફરજો આ મુજબ છે.

- બ્લોક તેમજ ક્લસ્ટર કક્ષાએ શિક્ષકોની તાલીમનું આયોજન, સંકલન અને સંચાલન કરવું.
- ધોરણ 1 થી 7ના શિક્ષકોને તાલીમ આપવી.
- તાલીમી શિક્ષકોને 20 દિવસની તાલીમ આપવાનું આયોજન કરવું.
- ધોરણ અને વિષયવાર અભ્યાસક્રમને અનુરૂપ તાલીમ આપવાની વ્યવસ્થા કરવી.
- તમામ શિક્ષકો અને આચાર્યશ્રીઓ તાલીમ સમયે અવશ્ય હાજર રહે તેની તકેદારી રાખવી
- સી.આર.સી. કો.-ઓર્ડિનેટર્સની માસિક મીટિંગ બોલાવી માસ દરમ્યાન થયેલ કાર્યવાહીની સમીક્ષા અને આગામી માસનું આયોજન કરવું.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

- ક્લસ્ટર કક્ષાએ શિક્ષકોની તાલીમ દરમ્યાન તેમની શૈક્ષણિક સમસ્યાઓ અને સૂચનો મેળવવાં અને તજ્ઞો દ્વારા તેમની સમસ્યાઓના સમાધાન મેળવવા.
- સંકલનની મીટિંગ યોજવી અને જિલ્લા તેમજ રાજ્ય કક્ષાએથી આવેલ નવીન માહિતીથી સંબંધિતોને પરિચિત કરવા.
- વિષય અને એકમને અનુરૂપ ધોરણવાર નવા ટી.એલ.એમ. બનાવવા માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવું.
- ટી.એલ.એમ. ગ્રાન્ટમાંથી એકમને અનુરૂપ કેવા પ્રકારનું મટિરિયલ ખરીદી શકાય અને તેનો હિસાબ કઈ રીતે રાખી શકાય, તે અંગે માર્ગદર્શન અને જાણકારી આપવી.
- ટી.એલ.એમ. ઉપર ધોરણ, એકમ, શિક્ષકનું નામ, અને શૈક્ષણિક વર્ષ તારીખ સહિત લખવા માટે સૂચના આપવી અને તેની ચકાસણી કરવી.
- ભૌતિક સુવિધા માટે મળતી શાળા ગ્રાન્ટનો ઉપયોગ કરવા માટે વી.ઈ.સી.ના ઠરાવ દ્વારા શાળાની જરૂરિયાતને અનુલક્ષીને જરૂરી સાધનો ખરીદવા માટે માર્ગદર્શન આપવું અને આવાં સાધનો શાળાના ડેડસ્ટોક ઉપર જમા લેવાય તે જોવું.
- ટી.એલ.એમ. ગ્રાન્ટનો રોજમેળ, વાઉચર વગેરે પત્રકો શાળાના આચાર્યશ્રીને નિભાવવા માટે જરૂરી માર્ગદર્શન આપવું.
- બી.આર.સી.એ અઠવાડિયામાં સુનિશ્ચિત થયેલ શાળાની મુલાકાત અવશ્ય લેવી. જેમાં વહિવટી અધિકારી તરીકે નહિ પણ શૈક્ષણિક માર્ગદર્શક તરીકેની પ્રોત્સાહક ભૂમિકા અદા કરવી અને નમૂનારૂપ સાહિત્ય પૂરું પાડવું.
- મુલાકાત સમયે શાળા ગ્રાન્ટના અને ટી.એલ.એમ. ગ્રાન્ટના યોગ્ય થાય તે માટે ચોક્કસ માર્ગદર્શન આપવું.
- ટી.એલ.એમ.નો ઉપયોગ શૈક્ષણિક વર્ગ વ્યવહારમાં અચૂકપણે થાય તે માટે યોગ્ય માર્ગદર્શન આપવું.
- શાળામાં આવેલ અન્ય સંદર્ભ સાહિત્યનો શૈક્ષણિક કાર્યમાં નિયમિત રીતે ઉપયોગ કરવા માટે માર્ગદર્શન આપવું.
- શિક્ષકોની શૈક્ષણિક સમસ્યાઓ અને સૂચનો મેળવી તેના યોગ્ય ઉપાય અને સમાધાન સૂચવવા/વ્યવસ્થા ઊભી કરવી.
- વિઝિટબુકમાં શૈક્ષણિક બાબતોના યોગ્ય ઉપયોગ માટે અને થયેલ કામગીરીની સારી બાબતો દર્શાવી તેમને પ્રોત્સાહિત કરવા.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- સી.આર.સી.ની બેઠકમાં ક્લસ્ટર લેવલે તાલીમનું માસવાર આયોજન અને તેની સમીક્ષા કરવી,
- જિલ્લા પ્રોજેક્ટ કો.-ઓર્ડિનેટર તરફથી આવેલ તમામ પ્રકારની ગ્રાન્ટનું જરૂરિયાત મુજબ સમયસર વિતરણ કરવું.
- સી.આર.સી.ની બેઠકમાં નિદર્શન પાઠ આપવો અને તજ્જ્ઞો દ્વારા કઠિન મુદ્દાઓની છણાવટ કરવી.

**v સી.આર.સી.**(CRC – CLUSTER RESOURCE CO-ORDINATOR)**ની ફરજો**:

સી.આર.સી.ની નક્કી કરેલી ફરજો આ મુજબ છે.

- ક્લસ્ટર લેવલે ધોરણ 1 થી 7ના શિક્ષકોની સેવાકાલીન તાલીમ યોજવી, જેમાં શિક્ષણને લગતી ઘનિષ્ટ ચર્ચા, ડેમોન્સ્ટ્રેશન લેસન, કઠિન મુદ્દાઓની તજ્જ્ઞો દ્વારા છણાવટ, શિક્ષકો નૂતન પ્રવાહોથી સજ્જ થાય તેવી માહિતી આપવી.
- સી.આર.સી.ને રિસોર્સ સેન્ટર બનાવવું (પુસ્તકો, ચર્ચાપત્રો, સામાયિકો, શૈક્ષણિક સાહિત્યથી સજ્જ કરવું).
- વી.ઈ.સી., એમ.ટી.એ., પી.ટી.એ.ના સભ્યોની મુલાકાત લેવી તથા બેઠકો યોજવી અને શાળા વ્યવસ્થાપન ક્ષેત્રે તેમની અસરકારક ભાગીદારી ઊભી કરવી.
- બી.આર.સી. કો-ઓર્ડિનેટરને સમર્થન (ફીડબેક) પૂરું પાડવું.
- બી.આર.સી. પર માસિક બેઠકમાં ક્લસ્ટરની જરૂરી માહિતી સાથે હાજર રહેવું.
- ટી.એલ.એમ.ના નિર્માણ અંગે શિક્ષકોને અભ્યાસક્રમ / એકમને અનુરૂપ માર્ગદર્શન આપવું. ટી.એલ.એમ.નું ઉપયોગ વશિક્ષણમાં અવશ્ય થાય તે માટે આચાર્યશ્રી સાથે રહી શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડવું.
- વિદ્યાર્થીઓની હાજરી અને અનિયમિત વિદ્યાર્થીઓના વાલીઓ સાથે સંપર્ક / સંકલનમાં રહી બાળકો શાળામાં નિયમિત થાય તેવા પ્રયત્નો કરવા.
- શાળામાં વી.ઈ.સી. / એમ.ટી.એ. / પી.ટી.એ.ની મીટિંગમાં હાજરી આપવી અને જરૂરી ઠરાવ કરવા માટે માર્ગદર્શન આપવું.
- શાળાના બાંધકામ સંદર્ભમાં જરૂરી માહિતી ભેગી કરવી / મેળવવી.
- વી.આર.સી.ને જરૂરી માહિતી (ડેટા) એકત્રિત કરી સમયસર મોકલી આપવા.
- એ.એલ.એસ. વર્ગોની મુલાકાત લેવી અને માર્ગદર્શન આપવું.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- લોકસહકાર અને લોકભાગીદારીનો અર્થ ચરિતાર્થ કરવો.
- શાળાઓમાં લર્નિંગ કોર્નર વિકસાવવા.
- ક્લસ્ટર લેવલે શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ, વિજ્ઞાનમેળા, મેટ્રિક મેળાનું આયોજન કરવું, અને તેના સંચાલનમાં મદદરૂપ થવું.
- વહીવટી પત્રકો નિભાવવાં, જેમાં શિક્ષકોનું હાજરીપત્રક, કાર્યવાહી અહેવાલપત્રક, રોજમેળ અને ખર્ચપત્રક, વાઉચર ફાઈલ, મુલાકાતપોથી, શૈક્ષણિક પ્રવૃ િઓ અને શૈક્ષણિક સાધનોની યાદીઓનું પત્રક, ડેડ સ્ટોક રજિસ્ટર, સંકલિત માહિતીપત્રક, ઇન્વર્ડ-આઉટવર્ડ રજિસ્ટર, સ્થાનિક ટપાલ રજિસ્ટર, ઇસ્યુ રજિસ્ટર, વાર્ષિક નિરીક્ષણ અહેવાલ પત્રક, મૂલ્યાંકનપત્રક, સી.આર.સી. ડાયરી વગેરેનો સમાવેશ થાય છે.
- સી.આર.સી.ના કાર્યક્ષેત્રમાં આવેલી શાળાઓમાં કો-ઓર્ડિનેટરે થયેલ ફિલ્ડવર્ક (કાર્યક્ષેત્ર)નું અવલોકન નિરીક્ષણ અને નિયમન (મોનિટર ગ) કરી શકશે.
- ડાયસ ફોર્મ ભરવા માટે સી.આર.સી. તાબાની જાહેર અને ખાનગી શાળાની રૂબરૂ મુલાકાત લેવી.
- શાળાનાં રજિસ્ટરોની ચકાસણી કર્યા બાદ ડાયસ ફોર્મ સ્વયં ભરવાના રહેશે.
- ડાયસ ફોર્મ ભરાઈ ગયા બાદ સંબંધિત કરતા બી.આર.સી. કો-ઑર્ડિનેટરને મોકલી આપવામાં આવશે.

**યુનિટ -2 વિદ્યાર્થી, શિક્ષક અને આચાર્ય**

- **વિદ્યાર્થી કલ્યાણ યોજનાઓ :**

**પ્રાસ્તાવિક** :

કોઈપણ કલ્યાણ રાજ્ય વિદ્યાર્થીઓના શિક્ષણ માટે વધારે સવલતો અને સહાય આપે એ ઇચ્છનીય અને આવકાર્ય છે. ભારત જેવા વિકાસમાન રાષ્ટ્રમાં જ્યાં 40 ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવે છે ત્યાં મોંઘું શિક્ષણ પરવડે તેમ નથી. ભારતમાં શિક્ષણ સામાન્ય માનવના સંતાનને ધ્યાનમાં લેતાં ઓછામાં ઓછું ખર્ચાળ હોવું જોઈએ. આ ઉપરાંત, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિઓનાં સંતાનો, આર્થિક-સામાજિક રીતે પછાત લોકોનાં સંતાનો માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વિવિધ સવલતો પૂરી પાડે છે. આ ઉપરાંત કન્યાઓ અને વિકલાંગ બાળકો માટે પણ વિશેષ સહાય અપાય છે. આમ, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વિવિધ વિદ્યાર્થી કલ્યાણ યોજનાઓ ચલાવે છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે આવી વિવિધ કલ્યાણ યોજનાઓ વિશે જોઈશું.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- v **વિદ્યાર્થી કલ્યાણલક્ષી વિવિધ યોજનાઓ**

**કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય** (KGBV) :

કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય યોજના ભારતમાં ઓગસ્ટ-2004 થી ઉચ્ચ પ્રાથમિક શાળામાં કન્યાશિક્ષણ માટે અમલી બનેલ છે.

પરંતુ 1 એપ્રિલ, 2007 થી સર્વશિક્ષા અભિયાન અંતર્ગત આ યોજના કાર્યરત છે.

જે વિસ્તારમાં કન્યા સાક્ષરતા દર રાષ્ટ્રીય કન્યા સાક્ષરતા દર કરતાં ઓછો છે, તેવા વિસ્તારમાં 11 થી 16 વર્ષની નિયમિત શાળાએ ન ગયેલી અને અધવચ્ચેથી શાળા છોડી ગયેલી કન્યાઓને ગુણવ ત્વાળું શિક્ષણ પૂરું પાડવા માટે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવામાં આવેલ છે.

KGBV એ ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે સર્વશિક્ષા અભિયાન દ્વારા સંચાલિત નિવાસી શાળા છે.

આ શાળામાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચ અને ગરીબી રેખા હેઠળ જીવતી કન્યાઓના શિક્ષણ માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

અહ રહેવા, જમવા અને ભણવાની તમામ પ્રકારની સુવિધાઓ મફત આપવામાં આવે છે તથા દર માસે કન્યાઓના ખાતામાં સ્ટાઈપેન્ડ જમા કરવામાં આવે છે.

વર્ષ -2012-13ની સ્થિતિએ ત્રણ પ્રકારની KGBV (મોડેલ) શાળાઓ ચાલે છે.

| (મોડેલ-1) | (મોડેલ-2) | (મોડેલ-3) |
|---|---|---|
| 100 કન્યાઓની નિવાસી શાળા (અભ્યાસ સાથે) | 50 કન્યાઓની નિવાસી શાળા (અભ્યાસ સાથે) | 50 કન્યાઓનો માત્ર નિવાસ |

**કે.જી.બી.વી.ના હેતુઓ** :

- કદી શાળાએ ન ગયેલી (Never Enrolled) અને અધવચ્ચેથી શાળા છોડી ગયેલ (Dropped Out) 10 થી 16 વર્ષની કન્યાઓને શિક્ષણ આપવું.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

- એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., માઈનોરિટી અને બીપીએલ જૂથની કન્યાઓ માટે શિક્ષણ આપવું.
- જે કન્યા અનાથ હોય અથવા માતા કે પિતા બે માંથી એક જ હયાત હોય, કચરો વીણતી, ગંદકી સાફ કરતી, જેના વાલી મજૂરી અર્થે અન્ય સ્થળે સ્થળાંતર કરતા હોય, તેવી કન્યાઓને શિક્ષણ પૂરું પાડવું.
- સીમ વિસ્તાર, નેસ વિસ્તાર, વાડી વિસ્તાર, જંગલ વિસ્તાર, ઝૂંપડપટ્ટી, દરિયાકાંઠાના વિસ્તાર કે જ્યાં ધોરણ-5 પછી આગળ અભ્યાસ માટે શાળા ન હોય તેવા છેવાડાના દુર્ગમ વિસ્તારની કન્યાઓને શિક્ષણ આપવું.
- શિક્ષણ દ્વારા સમાજમાં પરિવર્તનનું વાતાવરણ ઊભું કરવું અને શિક્ષણ પ્રત્યે વિશ્વાસ ઊભો કરવો.

National Programme for Education of Girls at Elementary Level (NPEGEL)

પ્રારંભિક સ્તરે કન્યાઓના શિક્ષણ માટેની યોજનામાં સુધારાના ભાગરૂપે સરકારે એક નવા કાર્યક્રમને બહાલી આપી છે, જે "National Programme for Education of Girls at Elementary Level" અર્થાત્ "પ્રારંભિક શિક્ષણ સ્તરે કન્યાઓ માટે રાષ્ટ્રીય કાર્યક્રમ" તરીકે ઓળખાય છે.

NPEGEL એ SSA નો એક ભાગ છે અને તેના નેજા હેઠળ તેની એક આગવી ઓળખ છે. SSA ની યોજનામાં આગવા અને સુસ્પષ્ટ કન્યા કેળવણીના ઘટક તરીકે ધો. 1થી 8ની તક અને સુવિધાઓથી વંચિત જૂથોની કન્યાઓના શિક્ષણ માટે NPEGEL અમલમાં છે.

NPEGEL **ના હેતુઓ**:

- કન્યાઓના શિક્ષણના પડકારને પહોંચી વળે તેવા સક્ષમ અને ગતિશીલ માળખાની રચના કરવી.
- સ્ત્રીઓ તથા કન્યાઓમાં આત્મવિશ્વાસ અને આત્મસન્માનનું સિંચન થાય તે માટે સમગ્ર શિક્ષણતંત્રે સકારાત્મક અને નાવીન્યતાપૂર્ણ ભૂમિકા ભજવવી.

- કન્યાઓના શિક્ષણ માટે સમુદાયોનો સહયોગ ઊભો કરવો અને શાળા, સમુદાય તેમજ ઘરમાં પરિણામલક્ષી વાતાવરણ ઊભું કરવું.
- પ્રારંભિક સ્તરે કન્યાઓને ઉચ્ચ ગુણવ ાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે સઘન પ્રયાસો કરવા.

**ઇન્સપાયર એવોર્ડ યોજના** :

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

Ministry of Science and Technology, Department of Science and Technology, New Delhi द्वारा Innovation in Science Pursuit for Inspired Research (INSPIRE) प्रोग्राम अंतर्गत Scheme for early Attraction Talent for Science (SEATS) નામની યોજના અમલમાં મૂકવામાં આવી છે.

તે મુજબ 10 થી 15 વર્ષની વયજૂથ ધરાવતા બાળકો માટે રૂ. 5000/- નો એવોર્ડ આપવાની યોજના વર્ષ 2009-10થી ભારત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યમાં માનનીય અગ્રસચિવશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આ યોજનાનું અમલીકરણ થઈ રહ્યું છે.

**યોજનાના હેતુઓ** :

- પ્રતિભાશાળી વિદ્યાર્થીને ઓળખી તેને વિજ્ઞાન અને ટેકનોલોજીના કોય કાર્યમાં વધુ રસ લેતો કરવો, તેની સર્જનાત્મકતા ઉજાગર કરવી.
- શાળાને આર્થિક પ્રોત્સાહન પૂરું પાડવું.
- ગણિત-વિજ્ઞાન વિષય પ્રત્યે બાળકો તથા શિક્ષકોની અભિરુચિને વધારવી.

**વિષયવસ્તુ** :

**ઇન્સ્પાયર એવોર્ડ પ્રપોઝલ** :

ભારત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ આ યોજના અંતર્ગત દર વર્ષે GCERT ના વિજ્ઞાન એકમના રીડરશ્રીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ પાસેથી નિયત ફોર્મેટમાં Excel Sheet માં માહિતી એકઠી કરવામાં આવે છે.

જિલ્લા કક્ષાએ તમામ સ્કૂલો પાસેથી માહિતીનું કમ્પાઇલેશન જિલ્લાની DEO શ્રીની કચેરી તથા DPEO શ્રીની કચેરી પાસેથી મેળવી DIET દ્વારા GCERT ની વિજ્ઞાન એકમ શાખામાં તે પહોંચાડવામાં આવે છે. ત્યાંથી માહિતી ન્યૂ દિલ્હીની DST ને પહોંચાડવામાં આવે છે. આ DST ન્યૂ દિલ્હી દ્વારા આ લિસ્ટમાંથી નામોની પસંદગી કરી એવોર્ડની ફાળવણી કરવામાં આવે છે.

**ઇન્સ્પાયર એવોર્ડ યોજના સંદર્ભે જરૂરી માહિતી** :

આ એવોર્ડ અંતર્ગત મળેલી રકમ એ વિદ્યાર્થી દ્વારા શાળાને આપવામાં આવે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

આ એવોર્ડના નાણાંનો ઉપયોગ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન સંદર્ભે કૃ િ બનાવવા તથા પ્રદર્શન સ્થળે કૃ િ લઈ જવા-લાવવાના ખર્ચ પેટે કરવાનો હોય છે, જેનું પ્રમાણ 50-50 ટકા રાખી શકાય.

ચેકની સમયમર્યાદા પૂર્ણ થઈ ગયેલ હોય તો તેને રીવેલીડેશન માટે પરત મોકલવાનો રહેતો નથી, પરંતુ એસ.બી.આઈ. (SBI) ની મેઇન બ્રાન્ચ, નવી દિલ્હીના મેનેજરશ્રીનો સંપર્ક કરી નાણાં મેળવી શકાય છે.

DST ન્યૂ દિલ્હીની વેબસાઈટ પર એવોર્ડ સંદર્ભે વિગતે માહિતી મેળવી શકાય છે.

શાળા કક્ષાએ આ એવોર્ડ માટેની નામની પસંદગી વખતે કાળજી રાખી પસંદગી કરવી.

એવોર્ડના નાણાં બેંકમાંથી મેળવવા શાળાના આચાર્યશ્રી, વિદ્યાર્થી તથા વાલીને સાથે રાખવા તથા જરૂરી આધાર પુરાવા સાથે લઈ જવા.

- **બાલા પ્રોજેક્ટ** (Bala-Building as Learning Aids):

**બાલા કાર્યક્રમ** :

- બાલા (શાળા મકાન શીખવા તરીકે) શિક્ષણની ગુણવ ા સુધારણા તરફ એક નવીન ખ્યાલ છે, જે બાળ મૈત્રીપૂર્ણ આનંદ આધારિત શૈક્ષણિક પ્રવૃ િઓને શાળાના મકાનના બંધારણ મારફતે શીખવવાનો પ્રયાસ છે.
- બાળકના સર્વાંગી વિકાસ માટે શાળા ભવન ઉ મ પ્રેરક બળ છે. શાળાના ભવનની આંતરિક જગ્યાઓ અને સાથે સાથે બાહ્ય જગ્યાઓ વિકસિત કરી શૈક્ષણિક પ્રક્રિયામાં તેનો અસરકારક ઉપયોગ કરી શકાય.
- સર્વાંગી શાળા વિકાસ યોજના ભવિષ્યની શાળા કેવી હોવી જોઈએ તે પ્રતિબિંબિત કરે છે.
- તે શાળાની શૈક્ષણિક તેમજ માળખાકીય સુવિધા વિકસાવવાનું સુનિયોજિત આયોજન છે. તેનો એક ભાગ એટલે 'Building as Learning Aid'.
- આ શાળાની સમગ્ર જગ્યા અંદર તથા બહાર બાળક તથા શિક્ષક માટે શિક્ષણ પ્રવૃ િઓ માટેની સતત રચના ધરાવતી હોય છે.

**બાલા પ્રોજેક્ટ શું છે** ?

બાલા એટલે "એવી શાળા બનાવવી કે જ્યાં તમામ બાળકોને આવવું ગમે, ભણવું ગમે અને રમવું ગમે... નો એક સુંદર વિચાર છે."

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

શાળાઓના બાંધકામ દ્વારા બાળકોને પ્રવૃિ આધારિત શિક્ષણ આપવાના સ્ત્રોત મળે છે.

બાલા એ સાર્વત્રિક ત્રિપરિમાણદર્શક અવકાશને સ્થાન આપે છે કે જે ઈકો ફ્રેન્ડલી મુક્ત શૈક્ષણિક વાતાવરણનો સ્ત્રોત બાળકો માટે બને છે.

પ્રાથમિક શિક્ષણ માટે આ એક નવી તરાહ છે, જે શિક્ષણની ગુણવ ા વધારે છે.

**બાલા પ્રોજેક્ટના હેતુઓ**

- નામાંકન
- સ્થાયીકરણ
- ગુણવ ા

**શીખવાની પ્રક્રિયાના મુખ્ય સ્તંભો** :

- કંઈક જાણવા માટે શીખવું
- કંઈક કરવા માટે શીખવું
- સાથે જીવવા માટે શીખવું
- પોતાના અસ્તિત્વ માટે શીખવું
- બાળકો કેવી રીતે ભણે છે, તે સમજવા માટે શીખવું

**બાલા શાળા બનાવવા માટે કઈ જગ્યાનો ઉપયોગ કરી શકાય ?**

- વર્ગખંડ
- દાદરાનાં પગથિયાં
- શાળાનું પરિસર
- શાળાનો ઓટલો, પાળી વગેરે.

**શાળાની કઈ આંતરિક જગ્યાઓનો ઉપયોગ કરાય ?**

**ભોંયતળિયું** : ભોંયતળિયાનો ઉપયોગ સાપસીડીની રમત, ચેસ, ચોપાટ જેવી રમતો દોરવા કરી શકાય તેમ જ તેને ગણિત વિષયવસ્તુના મુદ્દા સાથે સાંકળી શકાય.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**દીવાલ** : દીવાલ પર ઋતુચક્ર, ઘડિયાળ, ટેનગ્રામ, સુડોકુ, નકશા, દિશા, ખૂણા જેવા મુદ્દાઓનાં ચિત્રો બનાવી શકાય.

**દરવાજો** : વર્ગખંડના દરવાજાનો કોણમાપક તરીકે ઉપયોગ કરી શકાય.

બાલા પ્રોજેક્ટ હેઠળ પ્રાથમિક શાળાઓમાં આંતરિક જગ્યાઓનો સુંદર રીતે ઉપયોગ કરી શિક્ષણનું સ્તર વધુ ઉચ્ચ અને કોઠાસૂઝવાળું બનાવીને બાળકો માટેનું મુક્ત અને આનંદદાયક વાતાવરણ આપવું.

- **વિકલાંગ બાળકોનું સંકલિત શિક્ષણ** (IED-Intergrated Education for Disabled Children) :

ભારતના બંધારણમાં નક્કી થયા મુજબ 6 થી 14 વર્ષની ઉંમરનાં તમામ બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવાનું છે.

સર્વ શિક્ષા અભિયાનમાં વિકલાંગ બાળકોનું સંકલિત શિક્ષણ એક અત્યંત મહત્ત્વનું ઘટક છે, જેમાં 6 થી 18 વર્ષની ઉંમરનાં તમામ બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવાની જોગવાઈ છે.

વિકલાંગ વ્યક્તિઓ સમાન તક, અધિકારોનું રક્ષણ અને સહભાગિતા અધિનિયમ, 1995ના પ્રકરણ-5 ની કલમ 26 ની જોગવાઈ અનુસાર કોઈપણ પ્રકારની વિકલાંગતા ધરાવતું બાળક 18 વર્ષનું થાય ત્યાં સુધી યોગ્ય પર્યાવરણમાં નિઃશુલ્ક શિક્ષણ આપવાની જવાબદારી જે-તે રાજ્ય સરકારોની અથવા સ ્મંડળોની રહેશે. તદ્ઉપરાંત સામાન્ય શાળામાં વિકલાંગ બાળકોનું સંકલન થાય તેવા પ્રયાસને વેગ આપવાની સ્પષ્ટ જોગવાઈ છે.

**યોજનાના હેતુઓ** :

શિક્ષક વિકલાંગ બાળકોની સમસ્યાઓ ઓળખે અને તેનો ઉકેલ મેળવે.

વિકલાંગ બાળકોનો સ્વીકાર કરી આત્મવિશ્વાસ અને ધીરજથી કામ કરવાનું વલણ કેળવે.

સંકલિત શિક્ષણ સમાજમાં વ્યાપક બને તથા વિકલાંગ બાળકોનું અસ્તિત્વ સ્વીકૃત બને એવા પ્રયાસો કરતા થાય.

- **શિક્ષક** :

**પ્રસ્તાવના** :

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

શાળામાં જેમ આચાર્ય એ કેન્દ્રસ્થાને હોય છે તેમ શાળાનું બીજું મહત્ત્વનું અંગ શાળાના શિક્ષકો હોય છે. આચાર્યની શૈક્ષણિક ફિલસૂફીને વાસ્તવિક ધોરણે અમલમાં મૂકવાનું કામ શાળાના શિક્ષકો કરે છે. આથી શિક્ષકોની શિક્ષણ પ્રત્યેની દૃ ષ્ટ, વિચારો, ક્ષમતા અને અભિગમની અસર શાળાના વિદ્યાર્થીઓ ઉપર પડે છે. આમ શિક્ષકો એ શાળાનું શૈક્ષણિક પર્યાવરણ ઊભું કરવામાં નિર્ણાયક પરિબળ બની રહે છે. શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા તેમની ફરજો પ્રત્યે તેમને સભાન બનાવે છે. જો શિક્ષક દૃ ષ્ટવાન હોય તો સમગ્ર શિક્ષણતંત્રમાં પ્રાણવાન ભૂમિકા ભજવી શકે છે. તે શાળાના આચાર્ય, બિનશૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે સંબંધો વિકસાવી શાળા અને સમાજનો અતૂટ સંબંધ સ્થાપિત કરી શકે છે. આમ શિક્ષક જો શાળાનું એક મહત્ત્વનું અંગ હોય તો અહ આપણે શાળા સંચાલન અને વ્યવસ્થાપનમાં શિક્ષકની ભૂમિકા વિષે ચર્ચા કરીશું:

શિક્ષકનું સ્થાન :

શિક્ષક એ રાષ્ટ્રનો નિર્માતા અને ભાગ્યવિધાતા છે. તે રાષ્ટ્રના ભાવિનો અને ઇતિહાસનો સર્જક છે.

એટલે જ એમ કહેવાય છે કે, "The teacher is the maker of History, " શિક્ષણક્ષેત્રે શિક્ષકનું સ્થાન અનન્ય છે. મહાન રાજવી એલેકઝાન્ડરે sè - "I owe my birth to my father but life to my teacher." શિક્ષક એ બાળકનો ભાગ્યવિધાતા છે, તે શિક્ષણ દ્વારા જીવન જીવવાની કલા શીખવે છે. આથી જ એમ કહેવાયું છે કે, રાષ્ટ્રની કેળવણીનું સ્તર શિક્ષકના સ્તર કરતાં अपारेथ जयुं सोध शडे नरि. "No system of education can raise higher than its teachers." બાલકેન્દ્રી શિક્ષણની સફળતાનો આધાર શિક્ષક-કેન્દ્રી કે અધ્યાપક કેન્દ્રી શાળાઓ પર રહેલો છે. "The way of child centred education can be only through teacher-centred school." शिक्षना મહત્ત્વના અંગ તરીકે શિક્ષક કાર્ય કરે છે. શિક્ષકનો વ્યવહાર ખૂબ પવિત્ર અને ઊંચી ગુણવ ત્તાવાળો છે. સાચા અર્થમાં તે રાષ્ટ્રવિધાતા છે કારણ કે ભારતના ભાવિ નાગરિકો ઘડનાર તે સામાજિક ઈજનેર (Social Engineer) છે.

પ્રાચીન કાળમાં કેળવણી એ વિદ્યા ઉપાસનાનું મહત્ત્વનું સાધન હતી.જ્ઞાન પ્રાપ્તિ એ જીવનનું પરમ અને ચરમ લક્ષ્ય હતું. જ્ઞાનને પવિત્ર ગણવામાં આવતું. જ્ઞાનને માનવ-જીવનની સંજીવની, પ્રેરણા અને મુક્તિદાતા માનવામાં આવતું. શિક્ષણ એ વિદ્યાર્થીને તમસ માંથી જયોતિ તરફ લઈ જનારું, પવિત્ર પરિબળ હતું. શિક્ષણ એ અમૃતત્ત્વની ખોજ માનવામાં આવતું. આવી મુક્તિની ઝંખના માટે, અમરત્વની પ્રાપ્તિ માટે, જીવનમાં પરમ તત્ત્વની પ્રાપ્તિ માટે કેળવણી એક મહત્ત્વની સાધના-ઉપાસના બની રહેતી.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

આ સાધના – ઉપાસનામાં ગુરુનું અત્યંત મહત્ત્વ હતું. તે ગુરુ: વ્ર ા, गुरुः विष्णु, गुरु देवो महेश्वरः । गुरु से ब्रह्मा, विष्णु ने महेश સ્વરૂપ ધારણ કરતા તે સર્જક, પાલક અને વિસર્જક બની શકતો. વિદ્યાર્થીઓની દુવૃ િઓ અને વિકૃતિઓ હણવાનું કાર્ય કરનાર મહેશ્વર હતો. વિદ્યાર્થીઓમાં સંસ્કાર સિંચન કરી, તેનું સંસ્કાર શિલ્પ ઘડનાર બ્ર ા હતો અને વિદ્યાર્થીઓના સંસ્કારોનું સંવર્ધન કરનાર વિષ્ણુ સ્વરૂપે હતો. જ્ઞાન, કર્મ અને ભક્તિના ત્રિવેણી સંગમનું સંગમતીર્થ હતો. તેનું સ્થાન સમાજમાં સર્વોચ્ચ હતું. અજ્ઞાનના અડા બીડ આર યમાં અટવાતી શિષ્યને તે જ્ઞાનની અંજનશલાકા વડે જ્યોતિ પ્રદાન કરતો. તે તેનો આધ્યાત્મિક પિતા હતો.વિદ્યાર્થીને તે સંસ્કારાત દ્વિજ બનાવતો.. જ્ઞાન અને સંસ્કાર વડે ગુરુના ચરણસ્પર્શથી શિષ્ય દ્વિતીય જન્યા પુનર્જન્મ પામતો. ઉચ્ચ વિચારો અને સાદું સંયમિત જીવન એ એનો જીવનમંત્ર હતો. આવા ગુરૂઓ પાસે શિષ્યો વિનમ્રતાથી વિદ્યાભ્યાસ કરતા. તે જ્ઞાનના અને શીલના ઉચ્ચતમ શિખર પર બિરાજીને વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા. પ્રાચીન સમયમાં ગુરુ એ શિષ્યની પ્રેરણાની આદ્યગંગોત્રી હતો. તે તેની વાણીનો વિસામો અને પ્રશ્નાર્થનું પૂર્ણવિરામ હતો. વિદ્યાર્થીની આગવી ઓળખ નહોતી, વિદ્યાર્થી ગુરુના નામથી ઓળખાતો. દ્રોણનો શિષ્ય, વિશ્વામિત્રનો શિષ્ય વગેરે. વિદ્યાર્થી એ ગુરુના અસ્તિત્વનું અવિભાજ્ય અંગ અને તેના અસ્તિત્વનો લધુતમ સાધારણ અવયવ હતો તેના અસ્તિત્વનું એ વિસ્તરણ (Extensive existence) બની રહેતો. વિદ્યાની પ્રાપ્તિ અને સાધનાને શિષ્ય ગુરુકૃપા હી કેવલમ માનવામાં આવતું.

આથી જ સમગ્ર શિક્ષણની પ્રક્રિયામાં આજે પણ ગુરુનું કે શિક્ષકનું સ્થાન મહત્ત્વનું બની રહ્યું છે. કબીરે તો ગુરુને ગોવિંદથી પણ ઉચ્ચ સ્થાને સ્થાપ્યા છે.

गुरुगोविंद दोनों खड़े, काको लागु पाय ।

बलिहारी गुरु आपकी, गोविंद दियो बताय ॥

ગુરુ દ્વારા જ ગોવિંદને પ્રાપ્ત કરી શકાય છે.

ગુરુ એ શિષ્યનો માર્ગદર્શક, પથદર્શક અને જીવન સંરક્ષક છે. શિક્ષકના સ્થાન વિશે ડો.રાધાકૃષ્ણને જણાવ્યું છે કે શિક્ષક બૌદ્ધિક પરંપરા અને તકનિકી કૌશલ્યોને એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચાડવાની મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. એ સભ્યતાનો દીપક જલતો રાખવામાં સહાયક બને છે. આવી મહત્ત્વની ભૂમિકાનું વહન એ જ શિક્ષક કરી શકે જે જ્ઞાનના પ્રકાશથી પ્રકાશિત હોય, જલતો રહેતો દીપક જ બીજા દીપકોને પ્રજવલિત કરી શકે છે. રવીન્દ્રનાથ ટાગોરે શિક્ષકના સ્થાન વિશે ચર્ચા કરતાં નોંધ્યું છે

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

"A teacher can never truly teach, unless he is learning. A lamp can never light another lamp unless it is burning." - Ravindranath Tagore

જાણીતા શિક્ષણ તદવિદ શ્રી હુમાયુન કબીરે શિક્ષકની શિક્ષણમાં ભૂમિકા અંગે નિર્દેશ કરતાં જણાવ્યું છે, –

“શિક્ષણના નવ-નિર્માણનાં કાર્યમાં સૌથી મહત્ત્વનું સ્થાન શિક્ષકનું છે. એટલે શિક્ષકની યોગ્યતા વધારવા માટે જે કાર્યક્રમો કરીએ તે બધા જ શિક્ષણ - નવનિર્માણના કાર્યક્રમો બની જાય છે. આમ, શિક્ષણના મહત્ત્વના અંગ તરીકે શિક્ષકનું સ્થાન અગત્યનું છે. શિક્ષક એ સંસ્કૃતિનો જયોતિર્ધર અને સામાજિક પરિવર્તનનો પરિવ્રાજક છે."

શિક્ષકના સ્થાન વિશે માધ્યમિક શિક્ષણપંચે અવલોકન કર્યું છે.

"We are however convinced that the most important factor in the contemplated educational reconstruction is the teacher- his professional qualities, his academic qualifications, his professional training and the place that he occupies in the school as well as in the community. The reputation of the school depends upon him."

શિક્ષકના શિક્ષણની પ્રક્રિયામાં અગત્યના સ્થાન વિશે નિર્દેશ કરતાં કોઠારી કમિશને અવલોકન કર્યું છે કે

શિક્ષણનાં બધાં પરિબળોમાં જે શિક્ષણની ગુણવ ા પર વ્યાપક અસરો જન્માવે છે અને રાષ્ટ્રીય વિકાસમાં જે મહત્ત્વનો ભાગ ભજવે છે તેમાં શિક્ષકની ગુણવ ા, કાર્યક્ષમતા અને શિક્ષકનું ચારિત્ર્ય અતિ મહત્ત્વનું પરિબળ છે.

"Of all the different factors which influence the quality of education, and its contribution to national development, the qualities, competence and character of teachers are undoubtedly the most significant." - Kothari Commission

પ્રો. હુમાયુન કબીર કહે છે તેમ.......

સારા ગુણવ ાયુક્ત શિક્ષકો વિના કોઈ પણ શિક્ષણનું તંત્ર નિષ્ફળતાને વરે છે, જો સારા શિક્ષક હોય તો તંત્રની ખામીઓ આપોઆપ મહદ અંશે દૂર કરી શકાય છે.

"Without good teachers even the least system is bound to fail... with good teachers even the defects of the system can be largely overcome." - Humayun Kabir

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

આમ, શિક્ષણની સફળતા અને નિષ્ફળતામાં શિક્ષક જ મહત્ત્વનો ભાગ ભજવે છે. રાષ્ટ્રના વિકાસની આધારશિલા શિક્ષકો છે. શિક્ષક વિના રાષ્ટ્રીય વિકાસ ક્યારેય શક્ય નથી.

ડો. ઈ. એ. પાયર્સનું વિધાન આને સચોટ રીતે સમર્થન આપે છે. તેઓ

જો આપણા રાષ્ટ્રના શિક્ષકો નિમ્ન કોટિના હશે તો રાષ્ટ્ર સ્વયં નિમ્ન કોટિનું બનશે, પરંતુ જો રાષ્ટ્ર અગ્રકક્ષાનું શીર્ષસ્થ બને તેવું જો આપણે ઇચ્છતા હોઈએ તો તેના શિક્ષકો ઉચ્ચ કક્ષાના મૂર્ખન્ય હોવા જોઈએ.

"If a nation's teachers are C3, the nation itself cannot but be C3, and let there be no doubt about this if we wish to be an Al nation, our teachers will have to be Al." - Dr. E.A. Pires

આમ, રાષ્ટ્રના ભાવિ વિકાસની ગુણવ ા શિક્ષકોની ગુણવ ા પર આધારિત છે.

શિક્ષક એ સમાજની કરોડરજ્જુ છે. પાંચમી પંચવર્ષીય યોજનામાં શિક્ષકની ભૂમિકાને નિર્દેશ કરતાં આયોજકોએ નોંધ્યું છે કે

સમગ્ર શિક્ષણતંત્રનો શિક્ષક એ આધારસ્તંભ છે. રાષ્ટ્રના પરિવર્તનના સમયે સંક્રાન્તિકાળમાં શિક્ષક મહત્ત્વની ભૂમિકા નિભાવી રાષ્ટ્રનિર્માતાનું કાર્ય કરે છે.

"At all times, the teacher is the pivot in the system of education this especially the case in a period of basie change and reorientation." - Fifth five year plan

જે શિક્ષકો પોતાની વ્યાવસાયિક ભૂમિકા અતિ નિષ્ઠાથી અને પ્રામાણિકપણે નિભાવે છે તેમને સ્નેહાંજલિ આપતાં એક મહાન ચિંતકે કહ્યું છે,

"I sing the praise of unknown teacher. Great generals win campaigns, but it is the unknown soldier who wins the war. Famous educators plants new systems, but it is the unknown teacher who guides and directs the young. He lives in obscurity and contends with hardships. For him no trumpet bars, no chariots wait, no golden decorating are decreed. He keeps watch along the borders of darkness and makes the attack on the stranhos of ignorance and folly. Patient in his daily duties. he strives to conquer the evil power which are the enemies of the youth. He awakens the sleeping spirits. He quickens the indolent, encourages the eager and steadies the unstable. He lights many candles which in later years, will shine back to cheer him. This is his reward knowledges may be gained from books, but the love for knowledge is transmitted only by his personal contact. No one has ever deserved better of the republic than the unknown teacher. No one is more worthy to be controlled in a democratic aristocrat, king himself and servent of mankind. - Henry Van Dyke

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

તે કહે છે, હું અનામી શિક્ષકોનું ગુણસંકીર્તન કરું છું. શ્રેષ્ઠ સેનાપતિઓ યુદ્ધો છેડે છે, પરંતુ કોઈ અનામી સૈનિક યુદ્ધમાં વિજેતા બને છે. વિખ્યાત શિક્ષણવિદો શિક્ષણની નવી રીતો ઘડે છે. પરંતુ અનામી શિક્ષકો જ યુવાનોને નિર્દેશન અને માર્ગદર્શન આપે છે. તે સંઘર્ષોમાં જીવે છે અને મુશ્કેલીઓમાં સંતોષ પામે છે. તેના માટે વિજયના દુંદભિનાદો થતા નથી, તે વિજેતાની જેમ અશ્વારૂઢિ બનતો નથી, સ્વર્ણમંડિત શોભાયાત્રાઓ નીકળતી નથી. તે અજ્ઞાનની સરહદો પર નજર રાખે છે અને અજ્ઞાન તેમજ મૂર્ખતા પર હલ્લો કરે છે. તેના દૈનિક કાર્યોમાં ધીર જવાન બનીને તે વિકૃતિઓ જે યુવાનોના દુશ્મનો છે તેને જીતવા સતત પ્રયત્ન કરે છે. તે મૂર્છિત આત્માઓને જાગૃત કરે છે. તે ઉત્સાહીને જગાડે છ, જિજ્ઞાસુઓને પ્રેરણા આપે છે અને અધીરાભર્યા માનવોને સ્થિરતા બક્ષે છે. તે ઘણી જ્યોત પ્રગટાવે છે જે તેની ઉ  રાવસ્થામાં તેને આનંદાનુભૂતિનો અનુભવ કરાવે છે. આ જ એનું શ્રેષ્ઠ પારિતોષિક છે, બદલો છે. જ્ઞાન તો ગ્રંથમાંથી પણ મેળવી શકાય, પરંતુ વિદ્યાનુરાગ તો તેના વ્યક્તિગત સંપર્કથી કેળવી શકાય. અનામી શિક્ષકો કરતાં લોકશાહીને અન્ય કોઈ પણ વધુ પાત્ર નથી. લોકશાહી મૂડીવાદમાં તેના કરતાં કોઈ વધુ અનુશાસન પ્રિય નથી. તે સ્વયંનો શાસક અને માનવજાતનો ભવ્ય સેવક છે.

v **શિક્ષકનું ઉત્તરદાયિત્વ અથવા શિક્ષકોની ભૂમિકા** (Role of the Teacher) :

એક કુશળ શિક્ષક તરીકે શિક્ષકે પોતાની નિમ્ન આલેખિત ફરજો નિભાવવાની હોય છે.

**આયોજન** : શિક્ષણકાર્યને અસરકારક બનાવવા માટે શિક્ષકે અગાઉથી પોતાના શિક્ષણકાર્યનું આયોજન કરવું પડે છે. પોતાના શિક્ષણને રસપ્રદ અને અસરકારક બનાવવા માટે તેણે વાર્ષિક, અર્ધવાર્ષિક, માસિક અને દૈનિક આયોજન કરવાનું હોય છે. દરરોજ વર્ગમાં શિક્ષણકાર્ય કરવા જતાં પહેલાં તેણે પોતાના વિષયાંગના શિક્ષણ માટે યોગ્ય પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ વિચારીને, યોગ્ય શૈક્ષણિક ઉપકરણોના ઉપયોગનું આયોજન કરીને તેણે વર્ગખંડમાં જવું જોઈએ. આ માટે શિક્ષક પાસે દૈનિક આયોજન નોંધપોથી હોય તે અનિવાર્ય છે. આ ઉપરાંત તેણે પોતાના સમયપત્રકનું સમયનું યોગ્ય વિભાજન કરીને, સમયનું આયોજન કરીને પોતાને ક્રમે આવેલ જે-તે વિષયના અભ્યાસક્રમને ન્યાય આપવાનો હોય છે. સહઅભ્યાસ પ્રવૃ ઓનું આયોજન પણ તેને માટે જરૂરી બને છે.

**શિક્ષણ** : શિક્ષણકાર્ય એ તો શિક્ષકનો સ્વધર્મ છે. તેનું મહત્ત્વનું કાર્ય બાળકોને શિક્ષણ આપવાનું હોય છે. તે જેટલા પ્રમાણમાં તેના શિક્ષણને રસપ્રદ, આકર્ષક અને જીવંત બનાવી શકે તેટલા પ્રમાણમાં તેને વિદ્યાર્થીઓ અને વાલીઓ કે સમાજ તરફથી સન્માન અને આદર પ્રાપ્ત થાય છે. તેથી પ્રત્યેક શિક્ષકે પોતાના વિષયમાં પૂર્ણ પ્રભુત્વ મેળવેલું હોવું જોઈએ અને શિક્ષણકાર્યને રસપ્રદ અને જીવંત તેમજ અસરકારક બનાવવા

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

વિવિધ પ્રયુક્તિઓ અને પ્રવિધિઓનો વર્ગખંડમાં વિનિયોગ કરવો જોઈએ. આ માટે વિવિધ પ્રકારનાં દૃશ્ય-શ્રાવ્ય ઉપકરણોનો વર્ગમાં ઉપયોગ કરવો જોઈએ.

**સંગઠન** (Organisation) : શિક્ષકે શાળાની વિવિધ અભ્યાસકીય અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓને યોગ્ય રીતે સુસંકલિત અને સુસંગઠિત કરવી જોઈએ. આ પ્રવૃત્તિઓનું યોગ્ય સંગઠન ન થાય કે યોગ્ય રીતે તેમનું સુસંકલન કરવામાં ન આવે તો પ્રવૃત્તિઓ નિષ્ફળ જાય છે. આથી આ ઉપરાંત તેણે અભ્યાસક્રમ, વિદ્યાર્થીઓનું વર્ગીકરણ, સમયપત્રકની રચના, સ્વાધ્યાય કસોટીઓ, રમતગમતો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરેનું સુસંગઠન કરવું જોઈએ. શાળાની આરોગ્યવિષયક સુવિધાઓ પર પણ શિક્ષકે પૂરું ધ્યાન આપવું જોઈએ.

**નિરીક્ષણ** (Supervision) : શિક્ષકે ચાણાની લગભગ બધી જ. પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવાનું હોય છે. વિદ્યાર્થીઓની શાળામાંની નિયમિત હાજરી, વિદ્યાર્થીઓની નિયમિતતા, શિસ્તપાલન વગેરેનું કાળજીપૂર્વક નિરીક્ષણ કરવું જોઈએ. આ ઉપરાંત વિદ્યાર્થીઓના લેખનકાર્યની તપાસણી કરવી, તેમાં સુધારા કરવાનું કાર્ય પણ તેને કરવાનું હોય છે. વિદ્યાર્થીઓ શાળાની પ્રવૃત્તિઓમાં પુરતા પ્રમાણમાં ભાગ છે. છે કે કેમ, તેનું પણ તેને નિરીક્ષણ કરવું જોઈએ. શાળાના નીતિ-નિયમો અને પરંપરાઓનું વિદ્યાર્થીઓ દ્વારા યોગ્ય રીતે પાલન થાય તેનું પૂણ તેણે નિરીક્ષણ કરવું જોઈએ.

**માર્ગદર્શન** (Guidance) : શિક્ષકની અગત્યની ફરજોમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન પૂરું પાડવાની છે. શિક્ષકના સંપર્કમાં વિદ્યાર્થીઓ અવાર-નવાર આવે છે. શિક્ષક સાથે વિદ્યાર્થીઓની ઘનિષ્ઠતા હોય છે. આથી શિક્ષકે વિદ્યાર્થીઓમાં રસ, રુચિ અને વલણો જાણીને તેમને યોગ્ય રીતે તેમની કક્ષાનુસાર શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ. તેજસ્વી અને પ્રતિભાવાન બાળકોને અને માનસિક કે બૌદ્ધિક રીતે પછાત બાળકોને સહાનુભૂતિપૂર્વક યોગ્ય માર્ગદર્શન શિક્ષકે પૂરું પાડવું જોઈએ.

**મૂલ્યાંકન** (Evaluation) : શિક્ષકે વિદ્યાર્થીઓની સિદ્ધિઓનું મૂલ્યાંકન કરવાનું હોય છે. આ માટે શિક્ષકે વિદ્યાર્થીઓની સામયિક પરીક્ષાઓ માટે જે તે વિષયનાં પ્રશ્નપત્રો તૈયાર કરવાં, ઉ  રવહીઓ તપાસીને ગુણકિત કરવું....વગેરે જવાબદારી પણ અદા કરવાની હોય છે. શિક્ષકે તટસ અને નિષ્પક્ષ રીતે મૌખિક કે લેખિત કસોટીઓ લઈને વિદ્યાર્થીઓની સિદ્ધિઓનું મૂલ્યાંકન કરવું જોઈએ. આ ઉપરાંત વિદ્યાર્થીના વ્યક્તિત્વના અન્ય પાસાઓનું પણ મૂલ્યાંકન કરવાનું હોય છે. તેણે વિદ્યાર્થીઓનું સતત સર્વગ્રાહી મૂલ્યાંકન કરવું જોઈએ. વિદ્યાર્થીઓનાં ગુણપત્રકો અને પરિણામપત્રકો બનાવવાં, સંગૃહિત પ્રગતિપત્રકો તૈયાર કરવાં- આ બધું કામ શિક્ષકે પોતાની ફરજના ભાગ રૂપે કરવાનું હોય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

**શિસ્ત જાળવણી** (Maintaining discipline) : વર્ગખંડમાંથી અને શાળામાંથી ગેરશિસ્ત દૂર કરવામાં શિક્ષક નિર્ણાયક ભૂમિકા ભજવી શકે. વિદ્યાર્થીઓને વર્ગખંડમાં પ્રવૃ િલક્ષી શૈક્ષણિક અનુભવો પૂરા પાડીને શિક્ષણકાર્ય કરવું જોઈએ. શિક્ષકનું વ્યક્તિત્વ ઓજસ્વી અને તેજસ્વી હોય તો શાળામાં શિસ્તના પ્રશ્નો ઓછા ઉદભવે છે. શિક્ષકો એ તો બાળકોની પ્રેરણાની આદ્યગંગોત્રી છે. તેથી તેમનાં વાણી અને વર્તન વિદ્યાર્થીઓ માટે અનુકરણીય હોવાં જોઈએ. બાળકો પ્રત્યે મમતા અને આત્મિયતા હોય, તેમના પ્રત્યેનું વર્તન ન્યાયી, પૂર્વગ્રહરહિત અને બંધુભાવથી પ્રેરાયેલું હોય, બાળકોને વારંવાર ઉતારી પાડવામાં આવતા ન હોય, પોતાની ભૂલની સ્વીકૃતિ કરવાનું ખુલ્લાપણું હોય, બાળકોને માટે શિક્ષા કે દંડનો આશ્રય લેવામાં આવતો ન હોય તો શિસ્ત જળવાઈ રહે છે. શિક્ષક સંયમપૂર્વક વાણી અને વર્તન દાખવીને વિદ્યાર્થીને પોતીકા કરી લે છે. શિક્ષકોમાં સ્વયંશિસ્ત હોવી જોઈએ. તેઓ પોતાના જીવન અને વ્યવહારમાં શિસ્તના આગ્રહી હોવા જોઈએ. શિક્ષક એ શિસ્તનો પરમ ઉપાસક અને સાધક હોવો જોઈએ. તેનામાં સર્જનાત્મકતા, નૈતિકતા, મિતભાષિતા અને વૈજ્ઞાનિક દૃ ષ્ટકોણ, તાર્કિક ચિંતન હશે તો શાળામાં શિસ્તના પ્રશ્નો ભાગ્યે જ ઊભા થશે. આ માટે વાલી શિક્ષક સંઘને તેમાં તે જોતરી શકે.

**પત્રકો તૈયાર કરવાં** (Recording) : શિક્ષકે શાળામાં કેટલાંક પત્રકો તૈયાર કરવાનાં હોય છે. તે પત્રકોમાં કાળજીપૂર્વક ખાનાપૂર્તિ કરી, પત્રકોની યોગ્ય માવજત કરવી પડે છે. હાજરીપત્રકો, પરિણામ પત્રકો, સંગૃહિત પ્રગતિ પત્રકો, સહઅભ્યાસ પ્રવૃ િઓનો અહેવાલ, માસિક પ્રગતિપત્રકો વગેરે યથાસમયે ક્ષતિરહિત તૈયાર કરવાં પડે છે. શાળાના કાર્યાલયને અને આચાર્યને વિદ્યાર્થીઓ અંગે જે-તે પત્રકો ભરવામાં શિક્ષકે મદદ કરવાની રહેશે.

**માનવ સંબંધો વિકસાવવા અને જાળવવા** : (Maintaining Human Relationship) : શિક્ષકે વિદ્યાર્થીઓ સાથે મમતાપૂર્ણ આત્મીય સંબધો વિકસાવવા જોઈએ. આ ઉપરાંત વિદ્યાર્થીઓ અંગે વાલીઓને યોગ્ય માર્ગદર્શન આપી શકાય તે માટે પણ વાલીઓ સાથે ઉષ્માપૂર્ણ સક્રિય સંબંધો વિકસાવવા જોઈએ. વાલીઓ ઉપરાંત સમાજના વિવિધ વર્ગો, સંચાલક મંડળ સાથે તેના સંબંધ નિષ્ઠાપૂર્ણ હોવા જોઈએ.

**પ્રવર્તમાન શિક્ષક ભરતી પ્રક્રિયા**

ધોરણ 1 થી 5 ના પ્રાથમિક શિક્ષકો માટેની ગુણાંકન પદ્ધતિ.

1. 50% શૈક્ષણિક લાયકાતના આધારે ભારાંકનની ગણતરી.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | મહ મ ગુણ |
|---|---|---|
| 1. | ધોરણ -12 (H.Sc.) | 20% |
| 2. | P.T.C. | 25% |
| 3. | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી (B.A./B.Com./B.Sc.) | 05% |
| | કુલ | 50% |

2. 50% TET-I **આધારે ભારાંકનની ગણતરી.**

જે ઉમેદવારે બોર્ડ દ્વારા લેવાયેલ TET-I ની 150 ગુણની પરીક્ષામાં જેટલા ગુણ પ્રાપ્ત કર્યા હોય તેના 50% ગુણને ગણતરીમાં લેવામાં આવે છે.

એક ઉદાહરણ દ્વારા સમજીએ,

(1) 50% શૈક્ષણિક લાયકાતના આધારે ભારાંકનની ગણતરી.

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | મહ મ ગુણ | ઉદમેવારે મેળવેલી ટકાવારી | ઉમેદવારે મેળવેલી ટકાવારીના આધારે મળવાપાત્ર ગુણ = કોલમ x 100 |
|---|---|---|---|---|
| 1. | ધોરણ -12 (H.Sc.) | 20% | 70% | 14% |
| 2. | P.T.C. | 25% | 72% | 18% |
| 3. | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી (B.A./B.Com./B.Sc.) | 5% | 65% | 3.25% |
| | કુલ | | | 35.25% |

(2) 50% TET-I **આધારે ભારાંકનની ગણતરી.**

જે ઉમેદવારે બોર્ડ દ્વારા લેવાયેલ TET-Iની 150 ગુણની પરીક્ષામાં 120 ગુણ પ્રાપ્ત કર્યા હોય તો તેની પસંદગીની ગણતરીમાં તે ગુણ મેળવશે. 120 50 150 40%

ઉપરોક્ત ગુણાંકનને આધારે ઉમેદવારે મેળવેલ કુલ ગુણ....

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

= 35.25% (50% શૈક્ષણિક લાયકાતના આધારે)

+ 40.00% (50% TETના આધારે )

75.25

**ધોરણ 6 થી 8 ના પ્રાથમિક શિક્ષકો માટેની ુણાંકન પદ્ધતિ.**

1. 50% શૈક્ષણિક લાયકાતના આધારે ભારાંકનનો ગણતરી.

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | મહ  મ ગુણ |
|---|---|---|
| 1. | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી<br>(B.A./B.Com./B.Sc.) | 20% |
| 2. | સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી<br>(M.A./M.Com./M.Sc.) | 05% |
| 3. | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક ડિગ્રી<br>(B.Ed../B.P.Ed.) | 25% |
| | ુલ | 50% |

2. 50% TET-II **આધારે ભારાંકનની ગણતરી.**

જે ઉમેદવારે બોર્ડ દ્વારા લેવાયેલ TET-II ની 150 ગુણની પરીક્ષામાં જેટલા ગુણ પ્રાપ્ત કર્યા હોય તેના 50% ગુણને ગણતરીમાં લેવામાં આવે છે. એક ઉદાહરણ દ્વારા સમજીએ,

(1) 50% **શૈક્ષણિક લાયકાતના આધારે ભારાંકનની ગણતરી.**

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | મહ  મ ગુણ | ઉદમેવારે મેળવેલી ટકાવારી | ઉમેદવારે મેળવેલી ટકાવારીના આધારે મળવાપાત્ર ગુણ = કોલમ x 100 |
|---|---|---|---|---|
| 1. | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી<br>(B.A./B.Com./B.Sc.) | 20% | 68% | 13.6% |
| 2. | સંબંધિત વિષયમાં અનુસ્નાતક | 05% | 60% | 3% |

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

| | | | | |
|---|---|---|---|---|
| | પદવી (M.A./M.Com./M.Sc.) | | | |
| 3. | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક ડિગ્રી<br>(B.Ed../B.P.Ed.) | 25% | 83% | 20.75% |
| | ુલ | | | 37.35% |

(2) 50% TET-II આધારે ભારાંકનની ગણતરી.

જે ઉમેદવારે બોર્ડ દ્વારા લેવાયેલ TET-IIની 150 ગુણની પરીક્ષામાં 125 ગુણ પ્રાપ્ત કર્યા હોય તો તેની પસંદગીની ગણતરીમાં તે

125 50

______ = 41.66% ગુણ મેળવશે.

150

ઉપરોક્ત ગુણાંકનને આધારે ઉમેદવારે મેળવેલ કુલ ગુણ....

= 37.35% (50% શૈક્ષણિક લાયકાતના આધારે)

+ 41.66% (50% TETના આધારે)

79.01

- **માધ્યમિક શિક્ષકો માટેની ુણાંકન પદ્ધતિ**

| ક્રમ | લાયકાત | મહત્તમ ુણ |
|---|---|---|
| 1. | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી | 10 |
| 2. | સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી<br>(ધરાવતા હોય તો) | 10 |
| 3. | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક ડિગ્રી એટલે કે<br>B.Ed./B.P.Ed. વગેરે | 05 |
| 4. | વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક ડિગ્રી એટલે કે | 05 |

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

| | | |
|---|---|---|
| | M.Ed./M.P.Ed. વગેરે (ધરાવતા હોય તો) | |
| | ુલ | 30 |

(1) 70% ભારાંકનની ગણતરી જે ઉમેદવારે બોર્ડ દ્વારા લેવાયેલ TATની 250 ગુણની પરીક્ષામાં 175 ગુણ પ્રાપ્ત કર્યા હોય તો તેની પસંદગીની ગણતરીમાં તે 150 × 70 / 250 = 42 ગુણ મેળવશે.

(2) 30% ભારાંકનની ગણતરી (આ ગણતરી એક ઉદાહરણની મદદથી સમજીએ)

| ક્રમાંક | લાયકાત | મહ મ ગુણ | ઉમેદવારે મેળવેલી ટકાવારી | ઉમેદવારે મેળવેલી ટકાવારીના આધારે મળવાપાત્ર ગુણ (કોલમ 3 x કોલમ 4 / 100) |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |
| 1. | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી | 10 | 50 | 5.0 |
| 2. | સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી(ધરાવતો હોય તો) | 10 | 70 | 7.0 |
| 3. | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક ડિગ્રી એટલે કે B.Ed/B.PEd. વગેરે | 05 | 70 | 3.5 |
| 4. | વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક ડિગ્રી એટલે કે M.Ed./M.P.Ed. વગેરે (ધરાવતા હોય તો) | 05 | 70 | 3.5 |
| | કુલ | 30 | | 19.0 |

ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો માટેની ગુણાંકન પદ્ધતિ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

| ક્રમ | લાયકાત | મહ મ ગુણ |
|---|---|---|
| 1. | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી | 10 |
| 2. | સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી | 10 |
| 3. | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક ડિગ્રી એટલે કે B.Ed/B.PEd. વગેરે | 05 |
| 4. | વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક ડિગ્રી એટલે કે M.Ed./M.P.Ed. વગેરે (ધરાવતા હોય તો) | 05 |
| | કુલ | ૩૦ |

(1) 70% ભારાંકનની ગણતરી

જે ઉમેદવારે બોર્ડ દ્વારા લેવાયેલ TATની 250 ગુણની પરીક્ષામાં 175 ગુણ પ્રાપ્ત કર્યા હોય તો તેની પસંદગીની ગણતરીમાં તે 175 x 70/250 = 49 ગુણ મેળવશે.

(2) 30% ભારાંકનની ગણતરી (આ ગણતરી એક ઉદાહરણની મદદથી સમજીએ)

| ક્રમાંક | લાયકાત | મહ મ ગુણ | ઉમેદવારે મેળવેલી ટકાવારી | ઉમેદવારે મેળવેલી ટકાવારીના આધારે મળવાપાત્ર ગુણ (કોલમ ૩x કોલમ 4/100) |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |
| 1. | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી | 10 | 50 | 5.0 |
| 2. | સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી | 10 | 45 | 4.5 |
| 3. | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક ડિગ્રી એટલે કે B.Ed/B.PEd. વગેરે | 05 | 80 | 4.0 |

SHREE H.N.SHUKLA GROUP OF B.ED.COLLEGE-RAJKOT

| | | | | |
|---|---|---|---|---|
| 4. | વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક ડિગ્રી એટલે કે M.Ed./M.P.Ed. વગેરે (ધરાવતા હોય તો) | 05 | 70 | 3.5 |
| | કુલ | 30 | | 17.0 |

- **શિક્ષકની ફરજો** :

શિક્ષકે સમગ્ર શિક્ષણતંત્રમાં પ્રાણવાન ભૂમિકા ભજવવાની હોય છે. શિક્ષક સિવાયના શિક્ષણતંત્રની કલ્પના કરવી મુશ્કેલ છે. શિક્ષકની વિવિધ ભૂમિકા અંગે ટૉમસ રિસ્કે જોય એલ્મર મોર્ગન નામના ચિંતકે કરેલાં વિધાનો સમજવાં રસપ્રદ થઈ પડશે.

- The teacher is a prophet, he lays the foundation of tomorrow.
- The teacher is an artist. He works with the precious clay of unfolding personality.
- The teacher is a friend. His heart responds to the faith devotion of his students.
- The teacher is a citizen. He is selected and licensed for the improvement of society.
- The teacher is a culture bearer, He leads the way towards worthier tastes, saner attitudes, more gracious manners, higher intelligence.

શિક્ષક એ આવતીકાલનો પયગંબર છે. તે વિદ્યાર્થીઓના સંસ્કારદેહ અને પ્રતિમાનો શિલ્પી અને કલાકાર છે. તે વિદ્યાર્થીઓનો રહેમદિલ રાહબર અને મમતાપૂર્ણ માર્ગદર્શક છે. તે એક આદર્શ નાગરિક છે. જે સમાજમાં સુધારણા અને વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહે છે તે સંસ્કૃતિનો જ્યોતિર્ધર છે. આમ, શિક્ષકને સમાજમાં પોતાની જાતને સમર્પિત કરીને સમંદિરમાં અભ્યાસક્રમરૂપી છે. ભાયા છે. તે એક એવો શિલ્પી છે કે જે વર્ગખંડના કલામંદિરમાં અભ્યાસક્રમરૂપી ટાંકલા જી. ઘેલોના આદર્શન ધ્યેયો અનુસાર વિદ્યાર્થીઓરૂપી પથ્થરમાંથી તેમની સાહા પ્રતિમાનું અનુપમ શિલ્પ કંડારે છે.

- **શિક્ષકની ફરજો (અધિનિયમને આધારે)**

મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-1947 અંતર્ગત શાળાના શિક્ષોની કેટલીક ફરજો નિશ્ચિત કરવામાં આવી છે. અધિનિયમની કલમ-70 શિક્ષકોની ફરજોનો નિર્દેશ કરે છે, જે નીચે મુજબ છે.

કલમ-70 : **પ્રાથમિક શાળાના શિક્ષકોની ફરજો** :

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

1. **પ્રાથમિક શાળાના શિક્ષકોની ફરજો** : વહીવટી અધિકારીએ કહેલી સૂચનાઓને આધીન રહીને, શાળાના શિક્ષક-

(ક) તેના ચાર્જમાંના વિદ્યાર્થીઓના શારીરિક શિક્ષણ સહિત કાર્યલય અને અસરકારક શિક્ષણ માટે પ્રથમતઃ જવાબદાર ગણાશે,

(ખ) તેણે નિયમિત શાળામાં જવું, શાળાના નક્કી કરેલા કલાકો દરમિયાન શાળામાં હાજર રહેવું અને તેનું સમગ્ર ધ્યાન શીખવામાં અથવા વર્ગના કામકાજમાં રાખવું અને પૂરા થતા મહિનાનું રજિસ્ટર પૂરું કરવામાં અને ત્યાર પછી આવતા મહિનાનાં રજિસ્ટરો લખવામાં અને મુખ્ય શિક્ષકે ફરમાવ્યા મુજબનાં એવાં બીજા માંતિક રજિસ્ટરો અથવા રિપોટો તૈયાર કરવામાં મહિનાના છેલ્લા દિને વધુમાં વધુ ત્રણ કલાક આપવા સિવાય આ કલાકો દરમિયાન કોઈ ખાનગી કે ઑફિસને લગતું કામ કરવું નહિં.

(ગ) તેની શાળામાં વિદ્યાર્થીઓની હાજરીમાં સુધારો કરવા માટે નીચે મુજબના બને તેટલા તમામ પ્રયાસો કરવા-

(1) ખાસ કરીને ફરજિયાત શિક્ષણ લેવાની ઉંમરે પહોંચતાં હોય તેવાં બાળકોનાં પિતા અથવા માતાને તેમનાં બાળકીનાં નામ શાળામાં દાખલ કરાવવાનું તથા શાળામાં નિયમિત હાજર રહેવાનું સમજાવવું,

(2) શાળામાં જતાં ન હોય તેવાં બાળકોના પિતા અથવા માટે સાથે વ્યક્તિગત સંપર્ક સાધવો, તેમની ગેરહાજરી અથવા અનિયમિત હાજરી વિશે પૂછપરછ કરવી તથા તેમનાં બાળકોને નિયમિત રીતે શાળામાં મોકલવા સમજાવવું.

(ઘ) મુખ્ય શિક્ષક તથા મદદનીશ શિક્ષણ નિરીક્ષકને બાળકોની વસતી ગણતરીને લગતા તથા વસતી ગણતરીને આંકડા એકઠા કરવાને લગતા કામમાં મદદ કરવી તથા મુખ્ય શિક્ષક ફરમાવે, તો હાજર રહેવા બાબતની નોટિસો બજાવવી.

(ચ) મુખ્ય શિક્ષકે ફરમાવ્યું હોય તેવાં જરૂરી રજિસ્ટરો અને બીજા રેકર્ડ ચોક્સાઈપૂર્વક તથા સફાઈપૂર્વક રાખવાને જવાબદાર રહેશે.

(જ) મુખ્ય શિક્ષકે ફરમાવ્યા મુજબ રમતગમત સહિત શાળાની સામાન્ય વ્યવસ્થામાં, શાળાની ઈમારતો અને જગા સાફ રાખવામાં, વાર્ષિક અથવા મુદતી પરીક્ષા લેવામાં, અભ્યાસેતર પ્રવૃત્તિઓની ગોઠવણ કરવામાં અને

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

તેના ચાર્જમાં હોય તે વિદ્યાર્થીઓને પુસ્તકો, સ્લેટો, શિક્ષણ વિષયક જરૂરિયાતો, દૂધ, ભોજન તથા કપડાં વહેંચવામાં મદદ કરવી.

(ઝ) તેના વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા અને સુઘડતાની ટેવો પાડવા માટે તથા શિસ્તબદ્ધ વર્તણૂક પ્રત્યે માન કેળવવા માટે જવાબદાર રહેશે અને તે હેતુ માટે યોજવામાં આવેલી પ્રવૃત્તિઓમાં ભાગ લેશે.

(ટ) મુખ્ય શિક્ષકના આદેશો હેઠળ સંઘ જીવનનો વિકાસ કરવામાં, ગામમાં ઉત્સવ, રમતગમત અને કસરત યોજવામાં અને સામાન્ય રીતે ગામની અંદરની સ્થિતિ સુધારવામાં ગ્રામજનોને મદદ કરવી.

(ઠ) તેના વિદ્યાર્થીઓમાં કોમી એક્તા અને સદ્ભાવની વૃદ્ધિ કરવા તથા કોઈ વિદ્યાર્થીને તેની જ્ઞાતિ અથવા કોમને કારણે કોઈ રીતે અસમર્થ ઠરાવાય નહિ, તેનું ધ્યાન રાખવું.

(ડ) કોઈ રાજકીય અથવા કોમી સંસ્થામાં સક્રિય ભાગ લેવો નહિ અથવા જિલ્લા સ્કૂલબોર્ડ અથવા અધિકૃત નગરપાલિકના વિસ્તારમાં કોઈ ચૂંટણી માટેના કોઈ ઉમેદવારની તરફેણમાં મતો મેળવવા માટેનો પ્રચાર કરવો નહિ.

(ઢ) શિક્ષકોના જે કોઈ એસોશિયેશન અથવા યુનિયનના ઉદ્દેશો અથવા પ્રવૃત્તિઓ, ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતાના હિતને અથવા જાહેર વ્યવસ્થાને અથવા નીતિમત્તાને બાધકર્તા હોય તેમાં જોડાવું નહિ અથવા તેના સભ્ય તરીકે ચાલુ રહેવું નહિ.

(ત) વહીવટી અધિકારી અથવા મુખ્ય શિક્ષક ફરમાવે તેવી પ્રાથમિક શિક્ષણને લગતી બીજી ફરજો બજાવવી અથવા વહીવટી અધિકારી અથવા મુખ્ય શિક્ષકે કરેલી પ્રાથમિક શિક્ષણને લગતી બીજી સૂચનાઓ પ્રમાણે વર્તવું.

2. **તાલુકા શિક્ષકોની ફરજો** : યથાપ્રસંગ, પ્રાથમિક શાળાના શિક્ષક અથવા મુખ્ય શિક્ષક તરીકેની તેની ફરજો ઉપરાંત, તાલુકા શિક્ષક, વહીવટી અધિકારીએ તેને વખતોવખત આપી હોય તેવી સૂચનાઓને આધીન રહીને.....

(ક) તાલુકામાંની તમામ શાળાનાં પગાર બિલો ઉઘરાવવાને તથા વહીવટી અધિકારી આ અંગે નિર્દિષ્ટ કરે તેવી તારીખ પહેલાં વહીવટી અધિકારીને મોકલવા માટે જવાબદાર રહેશે.

(ખ) તાલુકામાંની તમામ શાળાઓના પગાર અને બીજાં બિલોને લગતા ચેકો અથવા કેશ ઓર્ડરો વટાવવા માટે તથા પગાર અને બીજાં બિલો આપવા માટે તે જવાબદાર રહેશે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

(ગ) તેણે વહીવટી અધિકારી આ અર્થે નિર્દિષ્ટ કરે તેવી તારીખ પહેલાં દર મહિને, અગાઉના મહિનામાં તાલુકામાંના મુખ્ય શિક્ષકોને પાસેથી મેળવેલી ફી, દંડ અને બીજાં નાણાં સરકારી તિજોરીમાં મોકલવા સંબંધ ધરાવતા મુખ્ય શિક્ષકને રસીદો મોકલવી, વહીવટી અધિકારીને તિજોરીની રસીદ મોકલવી તથા તેના રેકર્ડ માટે રસીદની બીજી નકલ તે રાખશે.

(ઘ) સ્કૂલબોર્ડની ઑફિસેથી મેળેલા હુકમો પરિપત્રો, પુસ્તકો, લેખનસામગ્રી, ફર્નિચર, સાધનસામગ્રી વગેરેની તેને અપાયેલી સૂચનાઓ અનુસાર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં વહેંચણી કરવા માટે તે જવાબદાર રહેશે.

(ચ) જિલ્લા સ્કૂલ બૉર્ડની તરફેણમાં આ નિયમોના પરિશિષ્ટ 'છ' માં ઠરાવેલા નમૂનામાં રૂા. 1,500/-ની જામીનગીરી અથવા રૂા. 750/-ની રકમના એક એવા બે જુદા જુદા જામીનો તે આપશે.

(ચ-ચ) તાલુકા વર્ગ 4 ના નોકરો કોઈ સમયે તેમણે આપેલી જામીનગીરીની રકમ કરતાં વધારે નાણાં સોંપવામાં આવતાં નથી. એની ખાતરી રાખવા તે જવાબદાર રહેશે.

(છ) વહીવટી અધિકારીએ તેને ફરમાવી હોય તેવી બીજી ફરજો તેણે બજાવવી અથવા તેને આપી હોય તેવી સૂચનાઓ અનુસાર તેણે વર્તવું.

નોંધ : તાલુકા શિક્ષક તેની ફરજો કાર્યક્ષમતાથી અદા કરી શકે એ માટે તેને, યથાપ્રસંગ, મુખ્ય શિક્ષક અથવા પ્રાથમિક શાળા શિક્ષકની હળવી ફરજો સોંપવામાં આવશે.

3. **હોસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ તરીકે નિમાયેલા શિક્ષકોની ફરજો** : જિલ્લા સ્કૂલ બૉર્ડ દ્વારા ચલાવવામાં આવતી પ્રાથમિક શાળા સાથે સંકળાયેલ હોસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ તરીકે નિમાયેલા શિક્ષક પ્રાથમિક શાળાના શિક્ષક તરીકેની તેની ફરજો ઉપરાંત

(ક) હોસ્ટેલ વ્યવસ્થા માટે અને તેના હિસાબો રાખવા માટે જવાબદાર રહેશે, અને

(ખ) તેણે જિલ્લા સ્કૂલ બોર્ડની તરફેણમાં રૂા. 400/-ની જામીનગીરી પૂરી પાડવી જોઈએ.

- **શિક્ષકના કાર્યસંતોષ પર અસર કરતા પરિબળો**

શિક્ષણની ગુણવ ા સુધારવા માટે વિવિધ ઉપાયો કરવામાં આવે છે. પરીક્ષા સુધારણા, શિક્ષકોની યોગ્ય ભરતી, અભ્યાસક્રમ સુધારણા જેવાં યોગ્ય પ્રકારનાં પગલાં લેવામાં આવે છે. આમ છતાં, શિક્ષણ પરીક્ષાની પરિસ્થિતિમાં ખાસ સુધારો જોવામાં આવતો નથી. આનું મહત્ત્વનું કારણ સંસ્થામાં કે શાળામાં શિક્ષકોના

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

કાર્યસંતોષ (Job satisfaction) અંગે ખાસ વિચાર કરવામાં આવતો નથી. એથી શિક્ષકોના કાર્ય પર વિપરીત અસરો જન્મે છે. શિક્ષણક્ષેત્રે શિક્ષણની ગુણવ ા સુધારવામાં શિક્ષકનો કાર્યસંતોષ મહત્વનો ભાગ ભજવે છે. એક શિક્ષણવિદ્ના મંતવ્ય અનુસાર,

"It should be obviously noted that teachers who are well adjusted will be able to carry out a better job than those who are emotionally disturbed to a considerable degree suitably of work that is very important for job satisfaction." - Marsh and Fricson

આનો અર્થ એ થયો કે, જે શિક્ષકો સાંવેગિક રીતે ખલેલ પામતા નથી અને શાળામાં જેમનું આત્મસન્માન જળવાઈ રહે છે, તે શિક્ષકો વ્યાવસાયિક રીતે કાર્ય સંતોષ અનુભવે છે.

"શિક્ષકના વ્યાવસાયિક સંતોષનાં અવરોધક પરિબળો અથવા તેને અસરકર્તા પરિબળો નીચે મુજબ છે.

1. અપર્યાપ્ત ઓછું વેતન: શિક્ષકોને તેમની યોગ્યતાના પ્રમાણમાં પર્યાપ્ત વેતન પ્રાપ્ત થવું જોઈએ. કોઈ પણ રીતે તેમનું આર્થિક શોષણ થવું જોઈએ નહિ. કેટલીક સંસ્થાઓમાં ઊંચું ડોનેશન લેવાય છે, પૂરતું વેતન અપાતું નથી, આર્થિક અને સામાજિક શોષણ થાય છે. આવા સંજોગોથી શિક્ષક તંગ આવી જાય છે. તેને વ્યવસાયમાં રસ પડતો નથી, કેટલીકવાર માનસિક યાતનાઓનો ભોગ બને છે, તેથી તેને કાર્યસંતોષ પ્રાપ્ત થતો નથી.

2. નોકરીની બિનસલામતી: આ એક અગત્યનું પરિબળ છે કે જે શિક્ષકના કાર્યસંતોષમાં અવરોધક બને છે. શિક્ષકને સંચાલકો તરફથી ગમે ત્યારે છૂટા થવાનો ભય હોય, તેની સલામતી જળવાતી ન હોય, તે સંજોગોમાં શિક્ષક પોતાના શિક્ષણકાર્ય તરફ પૂરતું ધ્યાન આપી શકતો નથી. તે દિલ દઈને કાર્ય કરતો નથી. બિનસલામત શિક્ષક અજંપો અને માનસિક અસ્વસ્થતા અનુભવે છે. તે જોમ અને ઉત્સાહથી પોતાની ફરજો નિભાવી શકતો નથી.

3. કાર્યની કદરનો અભાવ: કેટલીકવાર શાળાઓમાં શિક્ષકોના કાર્યની જોઈએ તેટલી કદર થતી નથી. તેણે સંશોધન કર્યું હોય, પોતાનાં વિષય કે વિષયોનાં ઊંચાં પરિણામો પ્રાપ્ત કર્યાં હોય, વિદ્યાર્થીઓની જુદી જુદી પ્રવૃ િઓમાં અસરકારક નેતૃત્વ પૂરું પાડયું હોય તો પણ તેને કોઈ ઈજાફો કે ક્યારેક આચાર્ય કે સંચાલકો તરફથી પ્રશંસાનાં બે ફૂલોથી નવાજવામાં આવતો નથી. આ સંજોગોમાં શિક્ષક હતાશ થઈ જાય છે અને ક્યારેક નિ ષ્ક્રય બને છે. તેને પ્રશંસાના અભાવે કાર્ય સંતોષ મળતો નથી.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

4. ઉચિત કાર્યસોંપણીનો અભાવ: કેટલીકવાર શાળામાં ગમે તે શિક્ષકને ગમે તે કાર્ય સોંપી દેવામાં આવે છે. આચાર્યે શિક્ષકની લાયકાત, રસ, રુચિ અને શોખને ધ્યાનમાં લઈને યોગ્ય કાર્ય સોંપવું જોઈએ. શિક્ષકને જે વિષયમાં વધુ રસ હોય તે વિષયનું શિક્ષણકાર્ય સોંપવું જોઈએ.જે શિક્ષકને જે સહ-અભ્યાસ પ્રવૃત્તિમાં રસ હોય તેને તે પ્રકારની પ્રવૃત્તિઓ સોંપવી જોઈએ. ઘણીવાર રમત-ગમતના શિક્ષકને ગુજરાતી કે હિન્દીનું શિક્ષણકાર્ય સોંપવામાં આવે છે. આવો શિક્ષક કાર્યસંતોષ અનુભવી શકતો નથી. ભાષાના શિક્ષકોને વક્તૃત્વ, ચર્ચાસભા કે વ્યાખ્યાનો જેવી પ્રવૃત્તિઓ સોંપાય તો તે કાર્યસંતોષ અનુભવી શકે.

5. ઉચિત અને યોગ્ય નેતૃત્વનો અભાવ: શાળાના આચાર્યે યોગ્ય નેતૃત્વ પૂરું પાડી શિક્ષકોને શિક્ષણ અને પ્રવૃત્તિઓમાં માર્ગદર્શન અને પ્રેરણા પૂરાં પાડવાં જોઈએ. આચાર્યની નેતૃત્વની ઊણપ શિક્ષકને પોતાના વ્યાવસાયિક કાર્યમાં કાર્યસંતોષ મેળવવા પ્રેરતી નથી.

6. આચાર્યની જોહુકમી: કેટલીકવાર શાળાના આચાર્ય શિક્ષકો પર પોતાની જોહુકમીનો ઉપયોગ કરે છે. નાની નાની વાતોમાં ઠપકો આપવો, શિક્ષકોને ઉતારી પાડવા, તેમનું અપમાન કરવું, અસભ્ય વર્તન કરવું, વિદ્યાર્થીઓની હાજરીમાં તેમની સાથે અસભ્યતા દાખવવી વગેરે બાબતો શિક્ષકના કાર્યસંતોષને અવરોધે છે.

7. સહકાર્યકરો અને આચાર્ય દ્વારા થતી અવગણના: કેટલીકવાર શ્રેયાન્ શિક્ષકો કે આચાર્ય નવાગન્તુક કે જુનિયર શિક્ષકોની ભારે અવગણના કરે છે. તેમનાં વિધાયક સૂચનો ધ્યાનમાં લેતાં નથી. તેમને ઉતારી પાડવા, તેમની અને તેમના કાર્યની વારંવાર ઉપેક્ષા કરવી વગેરે બાબતો શિક્ષકોમાં નિરાશાનાં વમળો પેદા કરે છે, તેથી તેને કાર્યસંતોષ મળતો નથી.

8. હોદ્દાના વિકાસ અને બઢતીની તકોથી વંચિતતા: કેટલીકવાર શિક્ષકને પોતાની યોગ્યતા અનુસાર જે હોદો મળવો જોઈએ અથવા તેને આર્થિક કે શૈક્ષણિક બઢતી મળવી જોઈએ. તે ન આપવામાં આવે અને તેને ઈરાદાપૂર્વક વંચિત રાખવામાં આવે તો તેનામાં અસંતોષનો અગ્નિ પેદા થાય છે અને તે યંત્રવત્ કાર્ય કરે છે. તેના કાર્યસંતોષને આ બાબત ખૂબ અવરોધે છે.

9. સામાજિક મોભાને હાનિ: શિક્ષકને સમાજમાં જે આદર અને સન્માન પ્રાપ્ત થવાં જોઈએ તે કેટલીકવાર પ્રાપ્ત થતાં નથી. સમાજના અગ્રવર્ગો, સંચાલકો, વાલીઓ અને કેટલીકવાર વિદ્યાર્થીઓ તેમને તુચ્છ નજરે નિહાળે છે. સામાજિક પ્રસંગોએ તેમનું યોગ્ય ગૌરવ જાળવવામાં આવતું નથી. આથી તેના કાર્યસંતોષને હાનિ પહોંચે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

10. શાળાનું બંધિયાર હવામાન: શાળા પ્રગતિશીલ ન હોય, ચીલાચવ ઢબે ચાલતી હોય, જ્યાં આચાર્ય બધા જ નિર્ણયો લેતા હોય, તેમન જોહુકમીથી બધાં કાર્યો થતાં હોય, જ્યાં પ્રયોગશીલતા અને નવીનીકાક કોઈ અવકાશ ન હોય ત્યાં શાળાનું હવામાન બંધિયાર બની જાય આ પરિસ્થિતિમાં પ્રયોગશીલ શિક્ષક ગૂંગળામણ અનુભવે છે. તેને પૂરતો વ્યાવસાયિક કાર્યસંતોષ મળતો નથી.

11. વિદ્યાર્થીઓની ગેરશિસ્ત: જે શાળામાં વિદ્યાર્થીઓ સ્વચ્છંદતાપૂર્વક હતા હોય, શિસ્તનાં નિયમનો ન હોય અને વિદ્યાર્થીઓ વારંવાર તોફાનો કર હડતાલો પાડી, ગેરશિસ્ત આચરી શિક્ષકો સાથે ગેરવર્તન કરતા હોય તો શિસ્તના અભાવે શિક્ષકો કાર્યસંતોષ અનુભવી શકતા નથી.

12. અંગત પારિવારિક, આર્થિક, સામાજિક પ્રશ્નો: કેટલીકવાર શિક્ષા આર્થિક પરિસ્થિતિને લીધે કે પારિવારિક, સામાજિક પ્રશ્નોને લીધે પોતાન વ્યવસાયને ન્યાય આપી શકતા નથી. તેના પારિવારિક, આર્થિક સામાજિક પ્રશ્નોની તેના કાર્યસંતોષ પર વિપરીત અસરો થાય છે.

13. શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય: શિક્ષક જો સતત માંદો રહેતો હોય, તેનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય નબળું હોય તો પણ તેના વ્યાવસાયિક કાર્ય પર અસરો પડતી હોય છે. તે પૂરતો કાર્યસંતોષ અનુભવી શક્યો નથી.

આ રીતે શિક્ષકના કાર્યસંતોષ પર ઉપરનાં પરિબળોની અસરો જન્મે છે.

**શિક્ષકના કાર્યસંતોષની ૃદ્ધિ માટેના ઉપાયો** :

આમ તો ઉપરનાં અવરોધક પરિબળોને ધ્યાનમાં લેવામાં આવે તો આપોઆપ શિક્ષકોનું મનોધૈર્ય ઊંચું આવવાનો સંભવ છે.

1. પર્યાપ્ત વેતન: શિક્ષકોને તેમની યોગ્યતાના પ્રમાણમાં પર્યાપ્ત વૈતન પ્રાક થવું જોઈએ. કોઈ પણ રીતે તેમનું આર્થિક શોષણ કરાવું જોઈએ નહિ. કેટલીક સંસ્થાઓમાં હાલમાં વ્યાપક બની રહેલી શિક્ષકો પાસેથી નોકરીના બદલામાં લેવાનું ડોનેશન, અપાતો ઓછો પગાર, અન્ય પ્રકારે તેમનું હ આર્થિક શોષણ શિક્ષકોના કાર્યસંતોષ પર વિપરીત અસરો જન્માવે છે.

2. નોકરીની સલામતી: શિક્ષકને નોકરીની પૂરી સલામતી હોવી જોઈએ. કોઈ ખાસ અનિવાર્ય કારણ સિવાય તેની નોકરીની સલામતી ભયમાં મૂકાય તેવા પ્રયાસો આચાર્યે કે સંચાલક મંડળે કરવા જોઈએ નહિ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

બિનસલામત શિક્ષક અજંપો અને માનસિક અસ્વસ્થતા અનુભવે છે. તે જોમ અને ઉત્સાહથી પોતાની ફરજો નિભાવી શકતો નથી.

3. કાર્યની કદર: શિક્ષકના કાર્યની યોગ્ય કદર કરવી જોઈએ. તેણે જે સારું કાર્ય કર્યું હોય તેની પ્રશંસા કરવી જોઈએ અને તેના કાર્યને પુરસ્કારવું જોઈએ. આમ થાય તો શિક્ષકનો કાર્ય કરવાનો ઉત્સાહ દ્વિગુણિત થાય છે.

4. યોગ્ય નેતૃત્વ: શાળાના વડા તરીકે તરીકે આચાર્ય જો શિક્ષકને યોગ્ય માર્ગદર્શન અને પ્રેરણા આપે તો શિક્ષકનું મનોબળ વધે છે. અવારનવાર શિક્ષકને યોગ્ય માર્ગદર્શન અને પ્રેરણા સંસ્થાના વડાએ પૂરાં પાડવાં જોઈએ. શિક્ષક સાથે મધુધર સંબંધો કેળવી તેની સાથે ઉષ્માપૂર્ણ વ્યવહાર રાખવો જોઈએ. આમ કરવાથી શિક્ષકનું મનોધૈર્ય ઊંચું જાય છે.

5. યોગ્ય તકોનું નિર્માણ: શિક્ષકને માટે તેને આગળ વધવાની યોગ્ય તકોનું નિર્માણ કરવું જોઈએ. તેની યોગ્યતા અને આવડત દર્શાવવાની શિક્ષકને તકો પૂરી પાડવી જોઈએ.

6. સહકાર્યકરોનું સહકારયુક્ત વલણ: શિક્ષકની સહકાર્યકર્તાઓ કે સાથી કર્મચારીઓ તરફથી ઉપેક્ષા થવી જોઈએ નહિ. અન્ય શિક્ષકો કે શિક્ષણેતર કર્મચારીઓએ શિક્ષકને તેના કાર્યમાં મદદ કરવી જોઈએ, તેના તરફ સહાનુભૂતિપૂર્વકનું વલણ રાખી તેના અંગત અને વ્યાવસાયિક પ્રશ્નો સમજવા જોઈએ અને તેના પ્રશ્નો ઉકેલવામાં યોગ્ય મદદ કરવી જોઈએ. જો આમ થાય તો જ શિક્ષકનું મનોધૈર્ય ઊંચું આવે છે.

7. યોગ્યતા અનુસાર કાર્ય સોંપણી: શિક્ષકને જે વિષયમાં રસ હોય અને જે વિષય પર તેનું પ્રભુત્વ હોય તેનો વિષય શીખવવા આપવો જોઈએ. તેને માટે જે પ્રવૃ િઓ અનુકૂળ હોય અને જે પ્રવૃ િમાં તેને વિશિષ્ટ રસ હોય તેવી પ્રવૃ િઓ તેને સોંપવામાં આવે તો તેનો ઉત્સાહ વધે છે, અને તેનું મનોધૈર્ય ઊંચું આવે છે.

8. શાળાની ઉજ્જવળ પ્રણાલિકાઓ અને પ્રસન્ન વાતાવરણ: શાળાની ઉજ્જવળ પ્રણાલિકાઓ અને શાળાનું પ્રસન્ન નિરામય વાતાવરણ શિક્ષકના મનોધર્યને ઊંચું લાવવામાં કારણભૂત બને છે. શાળામાં પરસ્પર સહકાર હોય, સંવાદિતા અને સ્નેહનું સંગીત હોય, તંદુરસ્ત પ્રણાલિકાઓ હોય ત્યાં મનોધૈર્ય જળવાઈ રહે છે.

9. અંગત સમસ્યાઓમાં સહાયભૂત વલણો: શાળાના કર્મચારીઓ અને આચાર્યે શિક્ષકના શારીરિક, માનસિક, પારિવારિક, સામાજિક કે આર્થિક સમસ્યાઓ સમજીને તેને તેની સમસ્યાઓ ઉકેલવામાં સહાયભૂત થવું જોઈએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

10. શારીરિક અને માનસિક સ્વસ્થતા: શિક્ષકની શારીરિક સ્વસ્થતા અને માનસિક સંતુલન પર તેના મનોધૈર્યનો આધાર છે. આ જેટલા પ્રમાણમાં સચવાય તેટલા પ્રમાણમાં તેનું મનોધૈર્ય મજબૂત બને છે.

11. સામાજિક મોભો: શિક્ષકના મનોધૈર્યને ઊંચું લાવવામાં સામાજિક મોભી પણ અગત્યનું પરિબળ છે. શિક્ષકની સમાજમાં જેટલી પ્રતિષ્ઠા જળવાય, તેને સન્માનપૂર્વક અને આદરપૂર્વક સમાજ આવકારે તો તેનું મનોધૈર્ય ઊંચું આવે છે.

ઉપરનાં પરિબળો શિક્ષકના મનોધૈર્યનું જતન કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.

- **આચાર્ય:**

**પ્રાસ્તાવિક:**

કોઈપણ સંસ્થાના વિકાસમાં તેના કર્મચારીઓનો મહત્ત્વનો ફાળો હોય છે. શૈક્ષણિક સંસ્થા કે શાળાના વિકાસમાં આચાર્ય- શિક્ષકોનો ફાળો મહત્ત્વનો હોય છે. શાળાનું મહત્ત્વનું પાવર સ્ટેશન આચાર્ય છે. આચાર્ય શાળાની સમગ્ર પ્રવૃ િઓનું કેન્દ્ર છે. આચાર્ય એટલે શાળાનો સૂત્રધાર. આચાર્ય પોતાની શૈક્ષણિક ફિલસૂફીનો અમલ શિક્ષકો મારફત કરે છે. શિક્ષક એ આવતીકાલનો પયગંબર છે. શિક્ષક જેટલો વિકાસશીલ અને દૃઢ મનોબળ કે મનોધૈર્યવાળો હોય તેટલો શાળાનો અને વિદ્યાર્થીઓનો મહ મ સર્વાંગીણ વિકાસ શક્ય બને છે. શૈક્ષણિક નેતાગીરીને શિક્ષકો - આચાર્યના ઉચ્ચ ગુણો, શક્તિઓ, કુશળતાઓ, સજ્જતા અને યોગ્યતા સાથે સંબંધ છે. જ્યાં નેતાગીરીનું સ્તર અને ગુણવ ા ઊંચાં હોય ત્યાં તેની હાથ નીચે કામ કરનારાઓમાં આ ગુણો હોય જ. તો અહ આપણે આચાર્યનું શાળા સમાજમાં મહત્ત્વ, ગુણો, કાર્યો અને ભૂમિકા વિષે જોઈશું :

**શાળામાં આચાર્યનું સ્થાન :**

શાળાના સંચાલનમાં આચાર્યનું સ્થાન બહુ જ મહત્ત્વનું છે. આચાર્ય એ શાળાનો પ્રાણ છે. શાળાની નિષ્ઠા અને પ્રતિષ્ઠાનો આચાર્ય એ આધારસ્તંભ છે. શાળાની કીર્તિ અને પ્રગતિ, ઉન્નતિ અને અધોગતિ સર્વ આચાર્ય પર નિર્ભર છે. આચાર્ય શાળાનો સૂત્રધાર છે. શાળા સમાજના ચક્રની મુખ્ય ધરી છે. શાળાનું સ્થળ મકાન, કર્મચારીગણ, અભ્યાસક્રમ શિક્ષણપદ્ધતિઓ, સહઅભ્યાસ પ્રવૃ િઓ, શાળામાં વિકસતા માનવસંબંધો વગેરે પર આચાર્યની એક આગવી અને જીવંત મુદ્રા અંકિત થયેલી હોય છે. તે શાળાનું વ્યક્તિત્વ વિકસાવે છે અને શાળા તેના વ્યક્તિત્વને ઉપસાવે છે. શાળાના અસ્તિત્વની તે આધારશિલા છે. શાળા કે સંસ્થા તેને અસ્તિત્વ અર્પે છે, અને તે શાળાની અસ્મિતા વધારે છે. તેથી જ એમ કહેવાયું છે, The school is as great as the principal is.' शापनी प्रतिष्ठानो તે માપદંડ છે. શાળાની પ્રગતિના શિખરની તે ધજા છે. એમ કહેવાયું છે કે,

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

"The school becomes great not because of the magnificent buildings, but because of the magnificent principals." ઇંગ્લેન્ડની હેરો અને ઈટન જેવી લબ્ધપ્રતિષ્ઠત શાળાઓએ તેમના ભવ્ય આચાર્યોની પ્રતિભાને લીધે પ્રતિષ્ઠાનાં ઉચ્ચતમ શિખરો સર કર્યા હતાં. શાળાના આચાર્યના સ્થાન વિશે પી.સી. રેન કહે છે,

"What the main spring is to the watch, the fly wheel to the machine, or the engine to the steamship, the Headmaster is to the school." - P. C. Wren

ઘડિયાળમાં જે સ્થાન કમાનનું છે, યંત્રમાં જે સ્થાન ફલાય વ્હીલનું છે, તેવું સ્થાન શાળામાં આચાર્યનું છે. આચાર્ય એ શાળાની ગતિ છે, તે શાળાને ગતિવંત રાખે છે.

આચાર્યના સ્થાન વિશે રાયબર્ન નામના એક ચિંતક કહે છે, "Head Master holds a key position in the school just like a captain holds in the ship." Ryburn

આચાર્ય એ શાળારૂપી નાવનો એક કુશળ કપ્તાન છે. તે શાળાની નાવને કુશળતાપૂર્વક હંકારીને યોગ્ય મંજિલે પહોંચાડવાનું કાર્ય કરે છે. શાળાની પ્રતિભા વિકસાવવામાં તે મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.

આચાર્ય માટે ભૂમિકા સમજાવતાં એક સંનિષ્ઠ કેળવણીકાર કહે છે,

"He is an organiser, a leader, governor, business director, co-ordinator, superintendent, teacher's guide, philosopher and friend."

તે સંગઠક, નેતા, સંચાલક, ડાયરેકટર, સંયોજક, નિરીક્ષક, શિક્ષકો માટે મિત્ર, તત્ત્વજ્ઞ અને માર્ગદર્શક છે.

આમ, આચાર્ય એ શાળારૂપી સામ્રાજ્યનો સમ્રાટ છે, બાદશાહ છે, સાર્વભૌમ છે.

"Headmaster is the monarch of the school, students constitute his army, the staff forms the body of officer in the army, the school building corresponds to state and the school management is state administration. The end of state administration is justice or doing good, so is the end of the school management."

આચાર્ય એ શાળાનો સમ્રાટ છે. વિદ્યાર્થીઓ તેનું સૈન્ય છે, શાળાના કાર્યકરો તેના અધિકારીઓ છે, શાળાનું મકાન તેનું સાર્વભૌમ રાજ્ય છે અને શાળા વ્યવસ્થાપક મંડળ એ પ્રધાનમંડળની જેમ વહીવટ કરે છે. શાળારૂપી સામ્રાજ્યનું મૂળ લક્ષ્યાંક ન્યાય અને કલ્યાણનું છે. જેમ રાજયકર્તાનું મૂળ લક્ષ્ય શાસન દ્વારા પ્રજાનું કલ્યાણ કરવાનું હોય છે, તેમ આચાર્ય એ વિદ્યાર્થીઓ અને સમાજનું કલ્યાણ કરે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )
( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

કોઈ પણ શાળામાં સામાન્ય રીતે બે જૂથ કાર્યાન્વિત હોય છે. એક છે શિક્ષકોનું જૂથ અને બીજું છે વિદ્યાર્થીઓનું. બંને જૂથને અસરકારક નેતાની જરૂર પડે છે. આચાર્યે શિક્ષકોનું અને વિદ્યાર્થીઓનું અસરકારક નેતૃત્વ સંભાળી શાળાનાં વિવિધ અંગોનું સંયોજન કરવું પડે છે. આવો સુમેળ સાધવાથી તે સફળ સંચાલન કરી શકે છે. આ પ્રકારનું સંયોજન એટલે વિદ્યાર્થીઓની સંખ્યા, વિષય અને તેને માટે શીખવવાની વિવિધ પદ્ધતિઓ, સમયની વહેંચણી, શિક્ષકોનો કાર્યભાર વગેરેનું સંયોજન કરવું પડે છે. કુશળ અને દૃષ્ટવંત આચાર્ય પોતાની કાર્યદક્ષતા, સૂઝ અને આવડત દ્વારા સંયોજન સાધે છે. આમ, આચાર્ય એ કુશળ સંયોજક છે. પોલ વર્ગીસ શાળામાં આચાર્યને સંયોજક તરીકે ગણાવતાં કહે છે,

"The Headmaster is a co-ordinator of the different activities of the school, with a view to maintaining the balance and ensuring a harmonious development of the school." - Paul Verghese

આમ, સમગ્ર શાળાના ઘડતરમાં આચાર્ય અગત્યનો ભાગ ભજવે છે. આચાર્યને માટે કહેવાયું છે કે, “He is the despatching centre of all educational endeavour."

**સમગ્ર શિક્ષણ જગતનો પયગંબર છે આચાર્ય......**

- શાળાની બધી પ્રવૃત્તિઓનું આયોજન અને સંકલન સાધે છે.
- વિવિધ જૂથો વચ્ચે સંયોજન અને સંકલન સાધે છે.
- શાળાની વિવિધ સમસ્યાઓનું સમાધાન શોધે છે.
- શાળાની સમગ્ર છાપ ઉપસાવવાનો પ્રયાસ કરે છે.
- શાળાની પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરે છે.
- શાળાની પ્રવૃત્તિઓથી સમાજ અને અધિકારીઓને વાકેફ રાખે છે.
- શાળા પત્રકો તૈયાર કરાવી તેની માવજત કરે છે.
- શૈક્ષણિક સંશોધન કરે છે, અને ઉત્તેજન આપે છે.

શાળાની શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું અધીક્ષણ કરે છે.

આમ, આચાર્ય એ શાળાનો પ્રાણ છે. સંચાલન એ શાળાનું શરીર છે અને શિક્ષકો તેના હાથપગ છે. શાળા એ આચાર્યનું પ્રતિબિંબ પાડે છે. કોઈ પણ સંસ્થાના હવામાનનો આધાર સંસ્થા સાથે આચાર્યની સંલગ્નતા અને તાદાત્મ્ય પર રહેલો છે. તેથી એમ કહેવાયું છે કે....

"Headmaster sets the tone of the school and moulds the traditions of the school."

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

શાળાની પરંપરાઓ અને પ્રણાલિકાઓના ઘડતરમાં આચાર્યનો ફાળો અનન્ય છે, તે શાળાના વાતાવરણનો ઘડવૈયો છે. આચાર્યના સ્થાન વિષે 1953ના માધ્યમિક શિક્ષક પંચે નોંધ્યું છે કે.

"On him the proper looking of the school ultimately depends. The reputation of the school and the position that it holds in the society depend in a large measure on the influence that he exercises over his colleagues, his pupils, and the general public."

આમ, આચાર્ય એ શાળામાં અને સમાજમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. શાળાની એ જીવાદોરી છે. કુશળ આચાર્ય એ શાળાને જીવંત અને નવપલ્લવિત બનાવે છે. શાળાનું વ્યક્તિત્વ એ આચાર્યના વ્યક્તિત્વનું પ્રતિબિંબ પાડે છે. આપણે ત્યાં એમ કહેવાય છે કે, 'યથા રાજા તથા પ્રજા' તે જ રીતે જેવો આચાર્ય તેવી શાળા એમ કહી શકાય. તે શ્રેષ્ઠ શિક્ષક, કુશળ વહીવટકાર, સંનિષ્ઠ સંયોજક, અભ્યાસી એકલવ્ય, અનન્ય આયોજક, રહેમદિલ રાહબર અને મમતાપૂર્ણ માર્ગદર્શક છે. આચાર્ય એ વિદ્યાર્થીઓનો વિધાતા અને શાળાનો સર્જક છે. શાળાના નામથી આચાર્યની નહિ, આચાર્યના નામથી શાળાની ગરિમા વધે તેમાં આચાર્યનું ગૌરવ છે.

- **આચર્યની પાત્રતા** (Eligibility of the Headmaster):

આચાર્ય તરીકે નિયુક્ત થવા માટે કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક કે અનુસ્નાતકની પદવી મેળવેલી હોવી જોઈએ.

આચાર્ય તરીકેની નિયુક્તિ પામવા માટે તાલીમ પામેલા સ્નાતક (બી.એ.બી.એડ્. કે સમકક્ષ ડિગ્રી) માટે તાલીમ પામ્યા પછી ઓછામાં ઓછો પાંચ વર્ષનો શિક્ષણનો અનુભવ હોવો જરૂરી છે. આચાર્યની નિમણૂક માટેની સરકારશ્રીએ વખતોવખત નક્કી કરેલી લઘુતમ લાયકાત પ્રાપ્ત કરવી અનિવાર્ય છે. એક સમક્ષ આચાર્ય બનવા માટે આચાર્ય પાસે નિમ્નનિર્દેશક પાત્રતા હોવી જરૂરી છે.

1. **પ્રશિક્ષણ**: માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નિયુક્તિ પામવા માટે માધ્યમિક શિક્ષક પ્રશિક્ષણ(Secondary Teacher's Training) મેળવવું જરૂરી છે. આ પ્રશિક્ષણ દ્વારા તે શિક્ષણ પ્રયુક્તિઓ અને પ્રવિધિઓ મનોવિજ્ઞાન, શાળા વ્યવસ્થાપન અને પ્રબંધ વગેરેનું સૈદ્ધાંતિક તેમ જ વર્ગખંડ શિક્ષણ માટેનું પ્રત્યક્ષ શિક્ષણ દ્વારા વ્યાવહારિક જ્ઞાન મેળવે છે. એક શિક્ષક થવા માટેનાં પાયાનાં કૌશલ્યોને પ્રશિક્ષણ દરમિયાન પ્રાપ્ત કરે છે.

2. **વિવિધ વિષયોનું જ્ઞાન**: એક કુશળ આચાર્ય પાસે માધ્યમિક શાળામાં શીખવાતા વિવિધ નિયમોનું જ્ઞાન હોવું જોઈએ. જો બધા જ વિષયોનું સામાન્ય જ્ઞાન આચાર્ય ધરાવતા ન હોય તો તે શિક્ષકોને આ વિષયો

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

અંગેનું યોગ્ય માર્ગદર્શન આપી શકે નહિ. આ ઉપરાંત તેમણે શિક્ષકોના શિક્ષણકાર્યનું નિરીક્ષણ કરવાનું હોય છે. જુદા જુદા વિષયોનું નિરીક્ષણકાર્ય કરીને શિક્ષકોને યોગ્ય માર્ગદર્શન આપવા માટે પણ પોતાના વિશિષ્ટ વિષયો ઉપરાંત શાળામાં શીખવાતા બધા વિષયોનું જ્ઞાન હોવું અનિવાર્ય છે.

3. **શૈક્ષણિક દર્શન**: આચાર્યને પોતાનું આગવું અને વિશિષ્ટ શિક્ષણ દર્શન હોવું જોઈએ. શિક્ષણનાં વ્યાપક ધ્યેયો અને હેતુઓની સ્પષ્ટ સમજ આચાર્યમાં વિકસેલી હોવી જોઈએ. વ્યક્તિગત જીવનના બદલાતા અને સમાજના બદલાતા પ્રવાહો અને પરિવર્તનોથી તે સુપરિચિત હોય તો જ તે પોતાનું વિશિષ્ટ શૈક્ષણિક દર્શન વિકસાવી શકે. શિક્ષણ જગતના અદ્યતન પ્રવાહો અને થતાં સંશોધનોથી તે સુજ્ઞાત હોવો જોઈએ. વ્યક્તિ અને સમાજની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ, વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં આવતાં પરિવર્તનો, શિક્ષણક્ષેત્રે પ્રસરતા નવવિચારો અને નવપરિવર્તનોથી તેની અંતર્દૃ ષ્ટ વિકાસ પામે છે અને તેનો આગવો શૈક્ષણિક દૃ ષ્ટકોણ ઘડાય છે. આથી પી.સી.રેન જેવા અનુભવી ચિંતક કહે છે કે, આચાર્ય વિદ્વાન અને અધ્યયનશીલ હોય છે. પોતાના સાથી શિક્ષકો કરતાં વધુ સારો અને ઉ  મ શિક્ષક હોવો જોઈએ.

"It must not only be known by his staff and scholars that he is the headmaster by appointment, but felt that he is their headmaster by superior ability, quality and character." - P. C. Wren

4. **અધ્યાપન કૌશલ્યો** : આચાર્ય થવા માટે પાંચેક વર્ષનો શિક્ષણનો અનુભવ જરૂરી છે, તે સાચું, પરંતુ આચાર્ય બન્યા પછી કેટલાક આચાર્યો શાળાના વહીવટી જંગલમાં ખોવાઈ જાય છે. શાળાના વહીવટની પાછળ પોતાનો મોટાભાગનો સમય ખર્ચતા આચાર્યો કેટલીકવાર શિક્ષણકાર્યની કુશળતા ગુમાવી દે છે. તેઓ વર્ગખંડમાં ક્યારેક અસરકારક શિક્ષણ આપી શકતા નથી. અધ્યાપનની નૂતન પદ્ધતિઓથી માહિતગાર થતા નથી. આથી તેમની વ્યાવસાયિક સજ્જતા પર વિપરીત અસરો પડે છે. શિક્ષણક્ષેત્રના નૂતન પ્રવાહોથી પણ માહિતગાર થતા નથી. આથી આચાર્ય ધીરેધીરે કુશળ શિક્ષક મટીને કુશળ વહીવટદાર બની જાય છે. તેઓ વર્ગખંડમાં બાળકો સાથે સંવાદ સાધી શકતા નથી. બાળકો તેમનાથી ડરે છે. આથી શિક્ષણકાર્યમાં તેઓ સહજતા અને સ્વાભાવિકતા ગુમાવી દે છે. કુશળ આચાર્યે શ્રેષ્ઠ શિક્ષક પહેલાં બનવું જોઈએ, ત્યારબાદ આચાર્ય બનવું જોઈએ. શ્રેષ્ઠ શિક્ષક ન હોય તેને શ્રેષ્ઠ આચાર્ય બનવાનો અધિકાર નથી. આથી પોતાના વિદ્યાર્થીઓને અસરકારક શિક્ષણ આપી શકે તે માટે શિક્ષકોને અધ્યાપનકળાનું માર્ગદર્શન આપી શકે તે માટે આચાર્યે અસરકારક અધ્યાપન કૌશલ્યો હસ્તગત કરેલાં હોવાં જોઈએ.

5.**અસરકારક અભિવ્યક્તિ** : પ્રત્યેક સારા આચાર્ય પાસે અસરકારક અભિવ્યક્તિ હોવી જોઈએ. શાળામાં અપાતા શિક્ષણકાર્ય દરમિયાન, શાળાની વિવિધ શૈક્ષણિક અને સહાઅભ્યાસિક પ્રવૃ િઓ દરમિયાન, આ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

ઉપરાંત શાળાની સિદ્ધિઓના અસરકારક પ્રચાર અને પ્રસાર માટે તેનામાં ઉચ્ચ પ્રકારની ભાષાકીય સજ્જતા અપેક્ષિત છે. તે શબ્દનો શિલ્પી હોવો જોઈએ. યોગ્ય પ્રસંગે, યોગ્ય શ્રોતાઓ સમક્ષ, યોગ્ય વિચારો રજૂ કરવાની કળા તેનામાં હોવી જોઈએ. આચાર્યે કેટલાક પ્રસંગે ઉદબોધન કરવાનું હોય છે તે વખતે જો તેની અસરકારક અભિવ્યક્તિ ન હોય કે પ્રસંગોચિત ઉદ્બોધન ન કરી શકે તો ગમે તેવો કાર્યક્રમ તેની સાર્થકતા ગુમાવી બેસે ,છે. આથી આચાર્ય કુશળ વક્તા હોવો જોઈએ.

6.**માનવસંબંધોનો મર્મજ્ઞ** : આચાર્ય એ માનવસંબંધોનો મર્મજ્ઞ હોવો જોઈએ. તેનામાં માનવસંબંધો કેળવવાની અને સંબંધોની માવજત કરવાની આવડત હોવી જોઈએ. તે માનવસંબંધોનો શિલ્પી હોવો જોઈએ. તેના સંપર્કમાં આવનાર વિદ્યાર્થી, વાલી, શિક્ષક કે કર્મચારી દરેકને આત્મીયતાની અનુભૂતિ થવી જોઈએ. વિદ્યાર્થીઓનો રહેમદિલ રાહબર, શિક્ષકોનો સંનિષ્ઠ સાથીદાર, વાલીઓનો વિવેકપૂર્ણ માર્ગદર્શક હોવો જોઈએ. તે બધાંને માન આપીને સન્માન મેળવતો હોય. પ્રબળ વિદ્યાર્થી તરફ પ્રશંસા, નિર્બળ તરફ સહાનુભૂતિની નજરે જોતાં આવડવું જોઈએ. શિક્ષકો અને વિદ્યાર્થીઓ કે કર્મચારીઓનો તે સરમુખત્યાર નથી. પરંતુ **शिक्षक्षक्षेत्रनो सडपान्धी** છે. 'सहनाववतु सहनौ भुनक्तु' थे तेनो જીવનમંત્ર હોય. શિક્ષકો અને વિદ્યાર્થીઓના સારા કાર્યની પ્રશંસા અને કદર કરતાં આવડવું જોઈએ. શાળા પરિવારનો એ વડો છે, તેથી તે તેમનાં સુખ - દુઃખનો સાથીદાર બની રહેવો જોઈએ. સરકારી કર્મચારીઓ, શાળાના સંચાલકો, સાથેના સંબંધો પણ નિષ્ઠાપૂર્ણ હોવા જોઈએ. તે પોતાના પ્રસન્નમુદ્રિત વ્યક્તિત્વથી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સૌ સાથી કર્મચારીઓમાં પણ પ્રસન્નતાનાં પુષ્પો વેરી શકે તેવો હોવો જોઈએ.

7.**શારીરિક અને માનસિક સ્વાથ્ય** : આચાર્યને પોતાની ફરજો નિભાવવા માટે ખૂબ જ શારીરિક અને માનસિક પરિશ્રમ કરવો પડે છે, તે સતત ઘરમાં કે બહાર શિક્ષણકાર્ય અને તેનું ચિંતન કરતા હોય છે. આથી કેટલીકવાર તેને ખૂબ જ શારીરિક અને માનિસક શ્રમ કરવો પડે છે.. આ પરિસ્થિતિમાં આચાર્યનું શરીર સુદઢ અને સ્વસ્થ હોય તે જરૂરી છે. તે તંદુરસ્ત હોવો જોઈએ. માનસિક સ્વાસ્થ્યનો આધાર શારીરિક સ્વાસ પર રહેલો છે. આથી તેણે પોષણક્ષમ આહાર લેવો જોઈએ. તે નિર્વ્યસની અને મિતાહારી હોય તે અત્યંત જરૂરી છે. આ ઉપરાંત માનસિક છીતે પણ તે સુદઢ મનોબળવાળો તેમજ પ્રબળ ઇચ્છાશક્તિ ધરાવતો હોવો જોઈએ. જીવન પ્રત્યેનો વિધાયક અભિગમ ધરાવતો હોય તે ખૂબ જ જરૂરી છે. ગમે તેવા પડકારોને માનસિક રીતે ઝીલી શકે, તેનો સામનો કરીને સંઘર્ષમય પરિસ્થિતિમાં બહાર આવી શકે તેવી સુદૃઢ મનૌશક્તિ તેણે કેળવેલી હોવી જોઈએ. ગમે તેવાં નિરાશાનાં વાદળો ઘેરાયેલાં હોય, છતાં પણ તે સતત પોતાની મંજિલે પહોંચી શકે તેવું મનોબળ અને માનસિક સ્વાસ્થ્ય ધરાવતો હોવો જોઈએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

૪.**પ્રભાવશાળી વ્યક્તિત્વ** : આચાર્ય એ પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતો હોવો જોઈએ. તે બહુપરિમાણીય વ્યક્તિત્વનો સ્વામી હોવો જોઈએ. તેના ચુંબકીય વ્યક્તિત્વનો પ્રભાવ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ પર પડવો જોઈએ. સુગઠિત શરીર, પ્રસન્ન મુદ્રા, યોગ્ય વેશ પરિધાન, મધુર અને મિષ્ટવાણી, આત્મિયતાપૂર્ણ વ્યવહાર વડે તેનું વ્યક્તિત્વ નીખરી ઊઠે છે.આંખોમાંથી વરસતી વાત્સલ્યની અમીધારા, ઓષ્ઠદ્વય પરથી પ્રવાહિત થતી સ્મિતસરિતા, મુખમાંથી સ્ખલિત થતાં સુગંધિત શબ્દ પુષ્પો, મિતભાષિતા વડે તેના વ્યક્તિત્વની ગરિમા વધી જાય છે. તે ઉદ્યમી હોય, સતત અભ્યાસશીલ હોય, સખત પરિશ્રમી હોય તો તેનું વ્યક્તિલ સુગ્રથિત બને છે. તેના મન, વચન અને કાર્યમાં એકતા હોય. તે વિદ્યાવ્યાસંગી, કર્મયોગી અને ઍકલક્ષી હોવો જોઈએ. તેનો દૃ ષ્ટકોશ વૈજ્ઞાનિક હોવો જોઈએ. તે આદર્શોનો આરાધક એકલવ્ય હોય એટલે જ એમ કહેવાયું છે કે, આચરતિ ઇતિ આચાર્યઃ જે શ્રેષ્ઠ આચરણ કરે છે. તે આચાર્ય છે. યદ્ યદ્ આચરિત શ્રેષ્ઠ, તદ્દતદેવે તરી જનઃ તેવું અનુકરણીય આચરણ વિદ્યાર્થીઓ, શિક્ષક અને સમાજ માટે પ્રેરણાદાયી બને છે. તેને પોતાના કાર્યનો આત્મસંતોષ હોય. તે વિશ્રાન્ત રીતે પોતાની ધ્યેય સિદ્ધિ માટે પ્રયત્નશીલ હોવો જોઈએ. આથી જ રાયબર્ને નોંધ્યું છે,

"It is essential, therefore, that he should not be only a man of high character but also that he must be a man of faith, faith in vocation, faith in his pupils, faith in human nature and faith in his staff." Ryburn

તે માત્ર ઉચ્ચ ચારિત્ર્યવાળો જ નહિ, પરંતુ તેને પોતાનામાં, પોતાના વિદ્યાર્થીઓમાં, પોતાના વ્યવસાયમાં અને પોતાના સાથી કાર્યકરોમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોવાં જોઈએ. આ ઉપરાંત આચાર્યમાં કેટલાક ગુણો અપેક્ષિત છે, તે નીચે દર્શાવ્યા છે :

**આચાર્યના વિશિષ્ટ ુણો** :

પોતાની ફરજ પ્રત્યેની ઊંડી નિષ્ઠા
સહાનુભૂતિ
ત્વરિત નિર્ણયશક્તિ
આંતરસૂઝ
પોતાના વ્યવસાય પ્રત્યેની અભિરુચિ
કાર્યસાધક પ્રશાસનક્ષમતા
પહેલવૃ , મૌલિકતા, પ્રગતિશીલતા
સર્જનાત્મકતા
આત્મસંયમ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

સંગઠનશક્તિ
સુદૃઢ મનોધૈર્ય
અસરકારક અભિવ્યક્તિ
ઉચ્ચ ચારિત્ર્યશીલતા
શિસ્તપાલનનો આગ્રહ
વ્યાવહારિક શાણપણ, ગાંભીર્ય, પરિપકવતા અને પુક્રૃતા
વિશાળ, વિકાસોન્મુખ, વૈજ્ઞાનિક અને પ્રગતિશીલ દ ષ્ટકોણ
સિદ્ધિપ્રેરિત
આશાવાદી, વિધાયક વિચારધારા ધરાવનાર
સખત પરિશ્રમી
સંવેદનશીલ
પ્રશ્નો અને સમસ્યાઓના ઉકેલ માટેની તત્પરતા
માનવસંબંધોના મર્મજ્ઞ
મૂલ્યરક્ષક
નિ:સ્વાર્થ, પક્ષપાતવિહીન, નિરાડંબરી
સેવકલક્ષી, સમ્યક્ દૃ ષ્ટવાન, આધ્યાત્મિક જીવનદૃ ષ્ટ ધરાવનાર
કુશળ આયોજક
નિષ્ઠાવાન નેતા
અન્ય પાસે કામ લેવાની શક્તિ અને સૂઝ ધરાવનાર.
આમ, આચાર્ય વ્યક્તિ તરીકે સમજુ વ્યક્તિત્વના ગુણો ધરાવતો હોય તો જ તે સમાજને અને રાષ્ટ્રને પ્રગતિને પંથે પ્રયાણ કરવા પ્રેરી શકે.

- **પ્રવર્તમાન આચાર્ય ભરતી માટેની પ્રક્રિયા**:

કોઈપણ શિક્ષણ સંસ્થામાં આચાર્યનું સ્થાન ચાવીરૂપ છે. As is the Head Master so is the school' જેવા આચાર્ય એવી શાળા એ સૂત્ર પણુ જાણીતું છે. આચાર્યશ્રી શૈક્ષણિક નેતા છે. તેમના દૃ ષ્ટકોણ ઉપર જ શાળાનો સમગ્ર કાર્યક્રમ ચાલે છે. પ્રાથમિક શાળાઓમાં થોડાં વર્ષો પહેલાં અનુભવના આધારે આચાર્ય નક્કી થતા હતા. જે શિક્ષક સૌથી વધુ અનુભવી / સિનિયર હોય એ મુખ્ય શિક્ષકની ફરજ બજાવતો હતો. માધ્યમિક શાળામાં આચાર્ય ઇન્ટરવ્યુના આપરે પસંદ થતા હતા. પ્રાથમિક શાળામાં ધો.8 ઉમેરાતાં હવે

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

પ્રાથમિક શિક્ષણ ધી.! થી 8નું (આઠ વર્ષનું) થયું છે. માધ્યમિક શિક્ષણ ધો.9 અને 10 અને જો શાળા ઉચ્ચ ર માધ્યમિક શાળા હોય તો ધો.9 થી 12 હોય છે. પ્રાથમિક અને માધ્યમિક- ઉચ્ચ ર માધ્યમિક કક્ષાએ હવે આચાર્યની નિમણૂકની પદ્ધતિ બદલાઈ ગઈ છે. હવે જ્યાં ઉચ્ચ ર પ્રાથમિક એટલે કે ધો.6, 7 અને 8 હોય એવી શાળામાં સ્નાતકની પદવી સાથે મુખ્ય શિક્ષક અભિયોગ્યતા (HTAT) અને માધ્યમિક ઉચ્ચ ર માધ્યમિક કક્ષાએ સ્નાતક, બી.એડ્. (લઘુતમ લાયકાત) અને HTAT પરીક્ષા પાસ કરનારની પસંદગી થાય છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે પ્રાથમિક અને માધ્યમિક ઉચ્ચ ર માધ્યમિક કક્ષાએ આચાર્યની ભરતીની પ્રક્રિયા તથા માધ્યમિક અને ઉચ્ચ ર માધ્યમિક શાળાના શિક્ષકો વિશે અભ્યાસ કરીશું.

**પ્રાથમિક શાળામાં આચાર્યની ભરતી** :

ગુજરાત રાજ્યમાં ધો.8નો પ્રાથમિક કક્ષાએ સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રાથમિક શિક્ષણને ધો.1 થી 5 નું નિમ્ન (Lower) પ્રાથમિક શિક્ષણ અને ધો.6 થી 8ને ઉચ્ચ (Higher) પ્રાથમિક શિક્ષણ ગણવામાં આવે છે. ધો.6 થી 8માં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી અને સંસ્કૃત જેવા વિષયોનું શિક્ષણ અપાય છે. ગણિત અને વિજ્ઞાન જેવા વિષયો થોડા અઘરા બન્યા છે. આ પરિસ્થિતિમાં પ્રાથમિક કક્ષાએ સ્નાતક અને બી.એડ્. થયેલા આચાર્ય હોય એ જરૂરી બન્યું. ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતાએ પ્રાથમિક કક્ષાએ આચાર્યની સીધી ભરતી કરવાનું નક્કી કર્યું છે. અનુભવ પ્રમાણે આચાર્યની નિમણૂંકની પ્રથા હવે માત્ર ધો.1 થી 5 ધરાવતી શાળા પૂરતી જ મર્યાદિત રહી છે. પ્રાથમિક શાળાના આચાર્ય થવા પી.ટી.સી. + બી.એડ્. અથવા સ્નાતક અને બી.એડ્. ઉપરાંત મુખ્ય શિક્ષક અભિયોગ્યતા (HTAT) પરીક્ષા પાસ તેમ જ પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ જરૂરી બને છે. આચાર્યના ઉમેદવારના ગુણની ગણતરીની મુખ્ય શિક્ષક અભિયોગ્યતાના ગુણને સારું મહત્ત્વ અપાયું છે. મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાય છે. આ કસોટી વિભાગ-1 અને વિભાગ-2માં વહેંચાયેલી છે. બન્ને વિભાગના 75-75 ગુણ મળી કુલ 150 ગુણની કસોટી લેવાય છે.

**વિભાગ**-1માં સામાન્ય જ્ઞાન, વહીવટી સંચાલન, શાળાકીય નેતૃત્વ અને શિક્ષણનું પદ્ધતિશાસ્ત્ર તેમ જ શૈક્ષણિક મનોવિજ્ઞાનના પ્રશ્નો હોય છે. સામાન્ય જ્ઞાનમાં વર્તમાન પ્રવાહો, ભૂગોળ, ઇતિહાસ, કળાઓ, સાહિત્ય, સંગીત, ટેક્નોલૉજી, પર્યાવરણ, ખેલકૂદ અને રમતો, રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ, તર્કશક્તિ, માહિતી વિશ્લેષણ વગેરે ઉપર આધારિત 75 પ્રશ્નો હોય છે. તેના ગુણ પણ 75 હોય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

**વિભાગ-2માં** પો.1 થી 8ના વિષયોના વિષયવસ્તુના માધ્યમિક કાવ્યો કઠિનતા ધરાવતા પ્રશ્નો પૂછાય છે. આ વિભાગમાં 75 પ્રશ્નો અને 75 ગુણ હોય છે. સ્નાતક, બી.એડ્. અને H TATની લાયકાત ધરાવતા ઉમેદવારી અને સ્નાતક થયેલા પ્રાથમિક શાળાના અનુભવી શિક્ષકો પણ આચાર્ય પદ માટે ઉમેદવારો કરી શકે છે.

પ્રાથમિક શાળાના આચાર્યની ભરતીમાં ગુણાંકન યોજના આ મુખ્ય હોય છે.

**શૈક્ષણિક લાયકાત** :

(ક) સ્નાતક

(ખ) તાલીમી લાયકાત : પી.ટી.સી. (બે વર્ષ) / બી.એડ્. (એક વર્ષ) (અથવા) ચારવર્ષીય બેચલર ઇન એલીમેન્ટરી એજ્યુકેશન (B. El. Ed.)

(અથવા) ચારવર્ષીય બી.એ / બી.એસસી. (એજયુકેશન)

(અથવા) એકવર્ષીય બી.એડ્. (સ્પેશિયલ એજ્યુકેશન)

ઉપરાંત ઓછામાં ઓછો પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ અલગ-અલગ અથવા સળંગ હોવો જોઈએ.

પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (હેડ ટીચર) માટેની અભિયોગ્યતા કસોટી (HTAT) - 60 ટકા ગુણ સાથે (અનુજાતિ, અનુસૂચિત જનજાતિ માટે 55% ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈએ. (ક) અને (ખ)ની લાયકાત મેળવનાર ઉમેદવાર (1) પી.ટી.સી. લાયકાત ધરાવ । ઉમેદવાર ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલી પી.ટી.સી. પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ. ઉમેદવારે પી.ટી.સી. કે બી.એડ્.ની પરીક્ષા નેશનલ કાઉન્સિલ ઑફ ટીચર એજયુકેશન (NCTE) દ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઈએ. સ્નાતક-અનુસ્નાતક કક્ષાની ડીગ્રી યુ.જી.સી. દ્વારા માન્ય સંસ્થામાંથી મેળવેલી હોવી જોઈએ.

**ુણાંકન યોજના** : પ્રાથમિક મુખ્ય શિક્ષકની નિમણૂક માટેની ગુણાંકન યોજના આ મુજબ છે.

| ક્રમ | લાયકાત | ગુણાંકન |
|---|---|---|
| 1. | સ્નાતક (બી.એ., બી.એસસી., બી.કોમ.) | 20 ટકા |
| 2. | પી.ટી.સી. અથવા બી.એડ્. | 25 ટકા |
| 3. | અનુસ્નાતક (એમ.એ.) એમ.એસસી / | 05 ટકા |
| | એમ.કોમ / એમ.ફિલ, એમ.એડ્.) | |

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

| | | |
|---|---|---|
| 4. | HTAT ના ગુણ | 50 ટકા |
| | કુલ | 100 ટકા |

ઉપર મુજબના મેરીટ ગુણ નક્કી કર્યા પછી ઉચ્ચ મેરિટ ધરાવતા ઉમેદવારોમાંથી મુખ્ય શિક્ષક માટે ઇન્ટરવ્યુ લઈ પસંદગી કરાય છે. હવે ધો.1 થી 8 પ્રાથમિકમાં સમાવ્યા પછી પ્રાથમિક શાળામાં આચાર્યની નિમણૂક આ રીતે થાય છે. એસ.સી., એસ.ટી., એસ.ઈ.બી.સી. અને શારીરિક વિકલાંગ માટે અનામત બેઠકો હોય છે. હાલમાં 200 ઉપરાંત વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી અને જ્યાં ધોરણ 1 થી 8 ચાલતા હોય તેવી શાળાઓમાં HTAT આચાર્ય નિમાય છે.

**માધ્યમિક શાળામાં આચાર્યની ભરતી** :

ગુજરાત માધ્યમિક શિક્ષણ બૉર્ડના પરિપત્ર ક્રમાંક મશબ ગ.ટે.6 નિમણૂક 16619 / 700 ને તા.9-10-2003 અને તા.15-11-2003 ના અગાઉની સૂચના રદ થાય છે. આ પરિપત્રની સૂચનાઓનું શાળાએ ચુસ્તપણે પાલન કરવાનું રહે છે. શાળાના કર્મચારીઓની નિમણૂક પ્રક્રિયા અંગે શાળાએ નીચે દર્શાવેલ બાબતો ધ્યાનમાં રાખવાની છે.

**જાહેરાત અંગેની સૂચના** : જે જગ્યા માટે કર્મચારીઓની (શૈક્ષણિક / બિનશૈક્ષણિક) ભરતી કરવાની હોય તે જગ્યા માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 ના વિનિયમ ક્રમાંક : 20 મુજબની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરે બાબતો જાહેર ખબરમાં દર્શાવવાની રહેશે. શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે જાહેરાત આપવાની પદ્ધતિ નીચે મુજબ રહેશે.

- બોક્ષ નંબરથી જાહેરાત આપવી નહ .
- જાહેરાત એન.ઓ.સી.ને અનુરૂપ હોવી જોઈશે.
- ખાલી જગ્યાની સંખ્યા અને પ્રકારની સંપૂર્ણ વિગત જણાવવી..
- જાહેરાતમાં અરજીઓ દસ દિવસની મર્યાદામાં રજીસ્ટર્ડ એ.ડી.થી. મંગાવવાની રહેશે. અરજી સાથે જરૂરી લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ બિડવા સૂચના આપવી.
- જે જગ્યા માટે પસંદગી કરવાની થાય તે જગ્યા જે સંવર્ગ માટે અનામત હોય તેની સ્પષ્ટતા જાહેરાતમાં કરવી.
- જાહેરાતમાં સંસ્થાનું નામ, પૂરું સરનામું સ્પષ્ટ જણાવવાનું રહેશે.
- આચાર્યશ્રી જગ્યા માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ = 20(1) જોગવાઈ મુજબની જાહેરાત આપવાની રહેશે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

- વિનિયમમાં જે લઘુ  મ લાયકાતો દર્શાવી છે તે મુજબની જાહેરાત આપવી. આ જોગવાઈ કરતાં વધુ લાયકાતવાળા ઉમેદવારો પાસેથી જ અરજીઓ મંગાવી હશે તો તે પસંદગી મુજબ ઠરાવેલ નિમણૂક ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ કલમ – 35 (7) પ્રમાણે અસરકારક રહેશે નહ .
- જાહેરાત બહોળી પ્રસિદ્ધિ ધરાવતા દૈનિક વર્તમાનપત્રોમાં જ. આપવાની રહેશે.
- અનામત જગ્યાના ઉમેદવાર અરજીની એક નકલ જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને મોકલી શકશે, તેવી સૂચના જાહેરાતમાં આપવી. જાહેરાતમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું સરનામું જણાવવાનું રહેશે.
- જાહેરાત પ્રસિદ્ધ થયેથી ઉમેદવારે સ્વહસ્તાક્ષરમાં દસ દિવસમાં રજિસ્ટર્ડ એ.ડી.થી અરજી કરવાની રહેશે.
- અરજીઓ શાળાના સરનામે મંગાવવાની રહેશે.

v **શાળાના આચાર્યની નિમણૂક માટેની  ુણાંકન પદ્ધતિ :**

| ક્રમ | લાયકાત | મહ  મ ગુણ |
|---|---|---|
| 1. | સ્નાતક ડિગ્રી એટલે કે B.A./B.Sc. વગેરે | 05 |
| 2. | અનુસ્નાતક ડિગ્રી એટલે કે M.A./M.Sc. વગેરે | 07 |
| 3. | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક ડિગ્રી એટલે કે B.Ed./B.P.Ed. વગેરે | 05 |
| 4. | વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક ડિગ્રી એટલે કે M.Ed./M.P.Ed. વગેરે | 08 |
| 5. | દસ વર્ષ કરતાં વધારે અનુભવ, પ્રતિ વર્ષ 0.5 ગુણ | 05 |
| | કુલ | 30 |

(1) 70% **ભારાંકનની ગણતરી** : જે ઉમેદવારે બોર્ડ દ્વારા લેવાયેલ TATની 250 ગુણની પરીક્ષામાં 150 ગુણ પ્રાપ્ત કર્યા હોય તો તેની પસંદગીની ગણતરીમાં તે 150 × 70 / 250 = 42 ગુણ મેળવશે.

(2) 30% **ભારાંકનની ગણતરી (આ ગણતરી એક ઉદાહરણની મદદથી સમજીએ)**

| ક્રમાંક | લાયકાત | મહત્તમ  ુણ | ઉમેદવારે મેળવેલી ટકાવારી | ઉમેદવારે મેળવેલી ટકાવારીના આધારે |
|---|---|---|---|---|

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

| | | | | મળવાપાત્ર ગુણ (કોલમ 3x કોલમ 4/100) |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |
| 1. | સ્નાતક ડિગ્રી એટલે કે B.A./B.Sc. વગેરે | 05 | 55 | 2.75 |
| 2. | અનુસ્નાતક ડિગ્રી એટલે કે M.A./M.Sc. વગેરે | 07 | 50 | 3.50 |
| 3. | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક ડીગ્રી એટલે કે B.Ed./B.Ed. વગેરે | 05 | 80 | 4.0 |
| 4. | વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક ડિગ્રી એટલે કે M.Ed./M.P.Ed. વગેરે | 08 | 60 | 4.8 |
| 5. | દસ વર્ષ કરતાં વધારે અનુભવ, અનુભવ, પ્રતિ વર્ષ 0.5 ગુણ | 05 | 16 વર્ષ (6 x 0.5) | 3.0 |
| | કુલ | 30 | | 18.05 |

- **આચાર્યની મુખ્ય ભૂમિકાઓ અને કાર્યો**
- **આચાર્યની મુખ્ય ભૂમિકાઓ** :

આચાર્યની શાળામાં મહત્ત્વની ભૂમિકાઓ છે. તેમાં ઘણી બધી વિદ્યાકીય અને વ્યવસ્થાકીય ભૂમિકાઓનો સમાવેશ થાય છે. વિખ્યાત કેળવણી ચિંતક મીટ્ઝબર્ગે વ્યવસ્થાપકમાં નીચેના જેવાં કૌશલ્યો હોવાં જોઈએ :

તેમણે જણાવ્યું છે - (1) સંપર્ક કૌશલ્ય, (2) નેતૃત્વ કૌશલ્ય, (3) સંઘર્ષ નિવારણ માટેનું કૌશલ્ય, (4) માહિતી પ્રક્રિયા કૌશલ્યો, (5) નિર્ણય કૌશલ્ય, (6) સંસાધનોના ઉપયોગનું કૌશલ્ય, (7) નવ વિચારના અમલીકરણ માટેનું કૌશલ્ય, (8) આત્મશોધનનું કૌશલ્ય – આમ, આચાર્ય સ્વયં આત્મનિરીક્ષણ કરીને વિચારપૂર્વક નિર્ણયો લઈને શાળામાં નવ વિચાર પરિવર્તન પણ સાધી શકે છે. ઉપરોલ કૌશલ્યોના સંદર્ભમાં આચાર્યની વિવિધ ભૂમિકાઓ સ્પષ્ટ થાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

1. **સંયોજક તરીકેની ભૂમિકા** : આચાર્યે શાળામાં ચાલતી વિવિધ પ્રવૃ િઓ અને કાર્યક્રમોના સંયોજક તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે. શાળામાં અભ્યાસક્રમ ઉપરાંત સહઅભ્યાસ પ્રવૃ િઓ અને અન્ય શૈક્ષવિક કે સમાજોપયોગી કાર્યક્રમો સાથે સુસંકલન સાધવાનું હોય છે. આ ઉપરાંત આચાર્યે શિક્ષકોને, વિદ્યાર્થીઓને અને બિનશૈક્ષણિક કર્મચારીઓને યોગ્ય કાર્યભાર સોંપી તે પ્રત્યેક વર્ગની પ્રવૃ િઓનું પણ શિક્ષણના હિતમાં પોગ સંયોજન કરવાનું હોય છે. શાળાની શૈક્ષણિક પ્રવૃ િઓ અને સહઅભ્યાલ પ્રવૃ િઓનું યોગ્ય રીતે સુસંકલન કરી તેમનું સંતુલન સાધવાનું હોય છે. આ ઉપરાંત શાળાના વડા તરીકે તેમણે વ્યવસ્થાપક મંડળ કે સંચાલાક મંડળ સાથે યોગ્ય સંકલન સાધી શાળાને વિકાસને માર્ગે અગ્રેસર કરવાની હોય છે. સરકારના શિક્ષણખાતાના આદેશો સાથે શાળાની પ્રવૃ િઓ અને કાર્યક્રમોનું સંકલન સાધીને સંયોજન કરવાનું હોય છે. આમ, આચાર્યે એક કુશળ સંયોજકની ભૂમિકા અદા કરવાની હોય છે.

2.**શૈક્ષણિક નેતૃત્વ** : આચાર્યે સંસ્થાને અને સમાજને શૈક્ષણિક કે વિદ્યાકીય નેતૃત્વ પૂરું પાડવાનું છે. તે વિદ્યાકીય અને શૈક્ષણિક પરંપરાઓ અને પ્રણાલિકાઓથી તેમજ શિક્ષણક્ષેત્રે થતા પ્રયોગો અને નવસંશોધનોથી પરિચિત હોવો જોઈએ. જો આમ થાય તો જ તે શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડી શકે. શાળાની વિદ્યાકીય સિદ્ધિઓમાં તેણે શિક્ષકોની કાર્યકુશળતાઓ અને ક્ષમતાઓનો સમજદારીપૂર્વક વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ. આ માટે આચાર્યમાં શિક્ષણ અંગેનું ચોક્કસ દર્શન અને ધ્યેયસિદ્ધિ પરત્વેની નિષ્ઠા હોય તે અત્યંત જરૂરી છે. શાળાને કઈ દિશામાં લઈ જવી છે, શાળાનું ગંતવ્યસ્થાન ક્યાં છે તે અંગેનું સ્પષ્ટ દિશા-દર્શન આચાર્ય પાસે અપેક્ષિત છે. આ માટે આચાર્ય એ કુશળ આયોજક હોય તે જરૂરી છે. તેનામાં માનવ સંસાધનના ઉપયોગનું વ્યવહારુ કૌશલ્ય પણ હોવું જોઈએ. આ ઉપરાંત તેની પાસે શાળાના સર્વાંગીણ વિકાસની બ્લ્યૂપ્રિન્ટ હોય તે અત્યંત આવશ્યક છે. શાળાનો સર્વાંગીણ વિકાસ કરવાની દિશામાં પ્રસ્થાપન કરવું એ આચાર્ય સામેનો મોટો પડકાર બની જાય છે. આ માટે તેની પાસે ઉચ્ચ પ્રકારની સૂઝબૂઝ અને અંર્તદૃ ષ્ટ હોય તે અત્યંત જરૂરી છે. સતત અભ્યાસરત રહીને, નવી દિશાઓના સંકેતોને ઝીલીને તે દિશા પ્રતિ પ્રયાણ કરવા ઔચિત્યપૂર્ણ માનવબળનો ઉપયોગ કરવા માટે આચાર્ય એ કુશળ વિદ્યાકીય નેતા હોય તે અત્યંત આવશ્યક છે. તે જો વિદ્યોપાસક, શૈક્ષણિકલક્ષી, આદર્શ આચારસંહિતાનું પાલન કરનાર હશે તો જ તે પોતાના સહપાન્થી શિક્ષકો અને સાથી કર્મચારીઓ પાસેથી તેવી જ અપેક્ષા રાખી શકશે. આચાર વિનાનો વિચાર વંધ્ય છે. આથી વિચારોની પરિપુ ષ્ટ માટે આચારનું આધારબળ અત્યંત જરૂરી છે. કુશળ નેતા તરીકે આચાર્યની આયોજન ક્ષમતા, શિક્ષકોની ધ્યેયજાગૃતિ અને સૌની સાથેની સમભાવપૂર્ણ પ્રત્યાયન ક્ષમતા પણ કુશળ નેતૃત્વની આધારશિલા બની જાય છે. આ માટે આચાર્યે સ ાનું વિકેન્દ્રીકરણ કરી યોગ્ય શિક્ષકોને યોગ્ય કાર્યભાર સોંપવો જોઈએ. કુશળ આચાર્ય જૂથવ્યવહાર અને પ્રત્યાયન પ્રક્રિયાના કસબી હોવા જોઈએ. જૂથ ગતિશીલતા અને જૂથપ્રક્રિયાઓ તથા

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

વ્યવહારોનું મહત્ત્વ આજે વધતું જાય છે. આચાર્યે જૂથ ગતિશીલતા અને જૂથપ્રક્રિયાઓ તથા તેમનો અભ્યાસ કરી જૂથના સૌ સભ્યો સહકારની ભાવનાથી કામ કરે તે જોવું જોઈએ. નિર્ણયની પ્રક્રિયામાં શિક્ષકો, બની શકે તો વિદ્યાર્થીઓ, વાલીઓ અને સંચાલક મંડળનો યોગ્ય સંપર્ક સ્થાપિત કરીને સહકાર સાધવો જોઈએ. દરેક વિદ્યાકીય નેતા તરીકે શાળાના અધ્યાપક સાથેના સંબંધો શેઠ અને નોકર જેવા ન હોવા જોઈએ.

વર્તમાનયુગ એ પ્રત્યાયનનો યુગ છે. યોગ્ય પ્રત્યાયન દ્વારા આચાર્ય, શિક્ષકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને પ્રતિપોષણ આપે છે. આવશ્યકતાનુસાર તેમનાં સૂચનો કે મંતવ્યો અનુસાર પોતાનાં નિર્ણયોમાં પરિવર્તન લાવે છે. માહિતીનું આદાન-પ્રદાન એ શાળાના વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે. શાળાની પ્રતિભાના પ્રસ્થાપન અને સંવર્ધનમાં આચાર્યની પ્રત્યાયન ક્ષમતા અગત્યનો ભાગ ભજવે છે.

આચાર્યે લોકશાહીમાં શ્રદ્ધા રાખવી જોઈએ. એણે સૌ સાથી શિક્ષકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને એક નેતા તરીકે આદર-સન્માન આપવાં જોઈએ. તેમના વિચારો અને મંતવ્યો યોગ્ય જણાય તો આવકારવાં જોઈએ. આથી એક નેતા તરીકે આચાર્ય પાસે સમભાવ, સહિષ્ણુતા, સહકારિતા અને સ્નેહ જેવા ગુણોની સ્વાભાવિક અપેક્ષા રાખવામાં આવે છે. આમ, નેતા તરીકે આચાર્ય સત્ત્વશીલ અને સત્ત્વગુણ-પ્રધાન હોવો જોઈએ.

વિદ્યાકીય અને શૈક્ષણિક નેતા તરીકે તેનામાં વિદ્યાકીય અને શૈક્ષણિક પ્રવૃ િઓનું આયોજન અને સંયોજન કરવાની આવડત હોય તે અપેક્ષિત છે. આ માટે આચાર્યમાં વિદ્યાકીય સજ્જતાની પૂર્ણ અપેક્ષા રાખવામાં આવે તે અસ્થાને નથી. તેણે પોતાની વ્યાવસાયિક સજ્જતામાં ઉ  રો  ર વૃદ્ધિ કરીને શિક્ષકોને અને વિદ્યાર્થીઓને પ્રેરક દૃષ્ટાંત પૂરું પાડવું જોઈએ. પોતાની અને શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા વધારવાના વિવિધ સ્થળોએ જુદી જુદી સંસ્થા દ્વારા યોજાતા સેવાકાલીન કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવો જોઈએ. આ ઉપરાંત વાચન, વિચારગો ષ્ઠ અને ચર્ચાઓ દ્વારા નવા પરિવર્તનના વિચારોથી સંપન્ન થઈ આ પરિવર્તનોનેસંસ્થામાં ઝીલવાં જોઈએ અને નૂતન પ્રયોગોને આવકારી તેમનું યોગ્ય અમલીકરણ કરવું જોઈએ.

આમ, શાળાની વિદ્યાકીય પ્રતિભાને ઉજાળવામાં આચાર્ય અતિ અગત્યનું પ્રેરણાબિંદુ અને પ્રસ્થાનબિંદુ બની શકે તેમ છે. એક નેતા તરીકે આચાર્યે સંચાલક મંડળ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓને વિશ્વાસમાં લઈ તેમના સહકારથી યોગ્ય નિર્ણયો લેવા પડે છે. કેટલીકવાર વિવિધ વિકલ્પોમાંથી શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરી શિક્ષણ અને વિદ્યાર્થીઓના હિતમાં કરવા લાયક લાગતા નિર્ણયો પણ આચાર્યે લેવા પડે છે. આ માટે એક નેતા તરીકે આચાર્યના દૃઢ મનોબળ, સબળ સંકલ્પ શક્તિ અને ન્યાયિક નિર્ણયશક્તિ હોવાં જોઈએ. આવા

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

નિર્ણયો કેટલીકવાર શિક્ષકો, વિદ્યાર્થીઓ, સંચાલક મંડળ અને વાલીઓ સાથે સંઘર્ષની, વિવાદની અને વિરોધની ભૂમિકા સર્જે છે. ક્યારેક ઉતાવળે લેવાયેલ અપરિપકવ નિર્ણયો પણ આચાર્ય માટે મૂંઝવણભરી સ્થિતિ પેદા કરે છે. આ પરિસ્થિતિમાં દૃઢ સંકલ્પ શક્તિ વડે આચાર્યે યોગ્યાયોગ્યતાનો વિચાર કરી નિર્ણયો લેવા જોઈએ, તો જ તેનું નેતૃત્વ સાર્થક બને. આચાર્યની પાસે એક નેતા તરીકે પહેલવૃ િની પણ અપેક્ષા રાખવામાં આવે છે. આચાર્યે 'નિશાનચૂક માફ થાય, ન થાયે નીચું નિશાન'ને ધ્યેયમંત્ર બનાવી નવાં પ્રસ્થાનો આદરવાં જોઈએ. આચાર્યે નવા વિચારોનું પરાગનયન કરવાનું છે. તે એક કુશળ પ્રસ્થાનકાર છે અને શાળા એ પ્રસ્થાન રેખા છે. તેણે નૂતન વિચારોના અમલમાં મહત્ત્વની પહેલ કરવી જોઈએ. આ માટેની સાહસવૃ િ આચાર્યમાં અનિવાર્ય છે. એકવાર પહેલ કર્યા પછી 'ડગલું ભર્યું કે ના હટવું' ના મંત્રને ઘૂંટીને તે પ્રયોગમાંથી પીછેહઠ ન થાય તેનું આચાર્યે ધ્યાન રાખવું જોઈએ.

સામાન્ય રીતે નેતા શબ્દના મૂળમાંની ધાતુ છે. જે પોતાના અનુયાયીઓને દોરે છે, મંઝિલ તરફ લઈ જાય છે તે સાચો નેતા છે. આથી, આચાર્યે એક કર્મવીર અને પ્રયોગવીર બનીને નિષ્ફળતાનો સામનો કરવો પડે તો પણ સદા પ્રયત્ન અને પુરુષાર્થ વડે સફળતાનાં શિખરો સર કરવાનાં છે. આરંભવૃ િ એ આચાર્યનું આભૂષણ છે. આરંભવૃ િ માટે આચાર્યમાં સર્જનાત્મકતા અને મૌલિકતા પણ હોવાં જોઈએ. આમ, આચાર્યનું નેતૃત્વ એની કાર્યક્ષમતા અને કાર્યશૈલીની બુનિયાદમાંથી પાંગરે છે. નેતૃત્વ આચાર્યની સફળતાની આધારશિલા છે. બુદ્ધિપ્રતિભા, કૌશલ્યો, ન્યાયપ્રિયતા, મૌલિકતા, નિર્ણયશક્તિ, આરંભશક્તિ, આત્મવિશ્વાસ, શ્રેષ્ઠતા તરફની ઝંખના, નિષ્ઠા, આયોજન શક્તિ, લોકશાહી અને માનવીય અભિગમ, શાલિનતા, ઉચ્ચ પ્રકારનું ચારિત્ર્ય વગેરે ગુણો આચાર્યનાં વ્યક્તિત્વને ઓપ આપે છે. આ ગુણો વડે આચાર્યનું વ્યક્તિત્વ ઓજસ્વી અને તેજસ્વી બને છે.

આચાર્યનું નેતૃત્વ પ્રતિબિંબિત થાય એવા ત્રણ મહત્ત્વનાં કાર્યક્ષેત્રો નીચે પ્રમાણે છે.

(અ) પ્રેરવાની, દોરવાની, દિશાસૂચન કરવાની શક્તિ અને આવડત.

(બ) માનવીય વ્યવહાર, માનવશક્તિની ઓળખ અને પરખ.

(ક) સહકાર્યકરોને સંગઠિત રાખવાના અને સારા વ્યવસ્થાપન વહીવટ માટેનાં કૌશલ્યો.

આ કાર્યક્ષેત્રોમાં સફળતા મળે તો આચાર્યનું નેતૃત્વ ઝળહળી ઉઠે છે.

3. **પરિવર્તનના પયગંબર** : સમયના ચક્રની ગતિશીલતા સાથે પરિવર્તન અનિવાર્ય છે. પડકારોમાંથી પરિવર્તન જન્મે છે. પરિવર્તન એ પ્રગતિનો પ્રાણવાયુ છે. સમગ્ર વિશ્વ પરિવર્તનશીલ છે. પરિવર્તનનો

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

પ્રણેતા નવવિચાર છે. વિચારના બીજમાંથી આચારનું વટવૃક્ષ પાંગરે છે. વિચારોના પરાગનયનમાંથી પરિવર્તનની લહેરો જન્મ પામે છે. જીવન શિક્ષણ એ જીવન જીવવાની પ્રક્રિયાઓનો એક અંતર્ગત ભાગ છે. કોઈ પણ સંસ્થામાં નવ વિચારોથી ચૈતન્યનો આર્વિભાવ થાય છે. નવવિચારથી સંસ્થા ચેતનવંતી અને જીવંત રહે છે.નવવિચાર એટલે પુરાણી કે જર્જરિત પ્રણાલિકાઓના વિચારથી જુદો પડતો વિચાર, નવવિચાર એટલે વૈચારિક ક્રાન્તિ, નવવિચાર એટલે પરંપરાગત વિચારમાંથી મુક્તિ. નવવિચાર એટલે સ્થગિતતામાંથી છુટકારો અને નૂતન અભિગમનો પ્રારંભ. નવવિચાર એટલે વિચારનું નવપલ્લવન.

જ્યારે કોઈ પણ વ્યક્તિ જૂના વિચારો કે આચારોને જડપણે વળગી રહે છે ત્યારે તેમા સ્થગિતતા આવે છે. ગતિ એટલે જ જીવન અને સ્થગિતતા એટલે મૃત્યુ. નવવિચારની લહેરખીનો સ્પર્શ થતાં સંસ્થામાં ચૈતન્યનો આવિષ્કાર થાય છે. સંસ્થામાં નૂતન પ્રાણસંચાર થાય છે. સંસ્થા નવપલ્લવિત બને છે, પરિવર્તન એ જીવનનો અને જગતનો સનાતન ક્રમ છે.

શિક્ષણક્ષેત્રે દિન-પ્રતિદિન નવા વિચારોનો જન્મ થાય છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીનાં આવિષ્કરણો, વિવિધ પ્રકારનાં સાંસ્કૃતિક આદાન- પ્રદાન, ઝડપથી પલટાતાં જતાં સામાજિક અને સાંસ્કૃતિક હવામાન, પલટાતી જતી વ્યક્તિ અને સમાજની જીવનશૈલી- આ બધાં પરિબળોને લીધે શિક્ષણક્ષેત્રે નવા વિચારોનો જન્મ થાય છે. આ વિચારબીજને સેવવાનું, પોષવાનું અને સંવર્ધન કરીને સંક્રમિત કરવાનું કાર્ય સંસ્થાઓએ કરવાનું હોય છે. આવા વિચારો દ્વારા પરિવર્તન આવે છે. આથી સંસ્થાના આચાર્યનો દૃષ્ટકોણ પરિવર્તનલક્ષી હોવો જોઈએ. જે આચાર્ય નૂતન વિચારોને જન્મ આપીને સેવી નથી શકતો, પરિવર્તનને પોંખી નથી શકતો તે આચાર્ય આવતીકાલનો અવધૂત બની શકતો નથી, પરિવર્તનનો પયગંબર બની શકતો નથી. આચાર્યમાં નૂતન પડકારોને ઝીલવાની ક્ષમતા હોવી જોઈએ. તે પરિવર્તનનો પયગંબર છે, પરિવર્તનનો પરિવ્રાજક છે. તેનો ध्येयमंत्र "आ नो भद्राः कतवो यन्तु विश्वतः " દરેક દિશાઓમાંથી અને શુભ વિચારો પ્રાપ્ત થાઓ નો હોવો જોઈએ. આચાર્યે સતત નવીન પ્રવાહોથી વાકેફ રહી વ્યાવસાયિક સજ્જતાનું સંવર્ધન કરતા રહેવું જોઈએ. શિક્ષકોના વ્યાવસાયિક ઉન્નયન માટે, વિદ્યાર્થીઓના સર્વદેશીય વિકાસ માટે શાળાને ઉચ્ચતર ભૂમિકાએ લઈ જવા માટે આચાર્યે પરિવર્તનના અગ્રદૂત તરીકેની ભૂમિકા અદા કરવી જોઈએ.

સમયના પરિવર્તન સાથે શાળાની, વિદ્યાર્થીઓની, સમાજની અને રાષ્ટ્રની જરૂરિયાતો, આકાંક્ષાઓ, અપેક્ષાઓ બદલાતાં રહે છે. આ બધાંને શાળાના ધ્યેયોમાં, વર્ગશિક્ષણમાં, વિષય શિક્ષણમાં તેમજ શૈક્ષણિક આયોજનમાં પરિવર્તન લાવવું પડે છે. વર્ગ હવામાન, સિદ્ધિપ્રેરણા, વર્ગવ્યવહાર, શિક્ષણ પ્રતિમાન વગેરે નવ વિચારોની અજમાયશ કરીને તેમને સંસ્થાગત કરવા પડશે. વિષય શિક્ષણને લગતા પ્રયોગો, સંશોધનો, જ્ઞાનસૂત્રો,

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

પ્રોજેક્ટ્સ વગેરેની તકો પૂરી પાડવી પડશે. આચાર્ય માત્ર વહીવટકર્તા નથી. તે પરિવર્તનનો અહાલેક જગાડનાર અગ્રદૂત છે. તેનું વાચન વિશાળ અને વિશ્વવ્યાપી હોવું જોઈએ.

નેતા એટલે નૂતન સ્વપ્નોનો સર્જક, ભાવિનો અણસાર આપી જે નવસર્જન કરે તે નેતા પ્રચલિત પરિસ્થિતિમાં પરિવર્તન આણે છે. આથી લિપ્પામ નામના ચિંતક પરિવર્તનના દૂત તરીકે શાળાના આચાર્યને સર્જનાત્મક નેતા ગણાવે છે.

આચાર્ય પરિવર્તનના અગ્રદૂત તરીકે જૂની અને જર્જરિત પરંપરાઓનો ત્યાગ કરીને, નૂતન પ્રણાલિકાઓની કેડીઓ કંડારીને શાળાને નવપલ્લવિત કરે છે, નવું શૈક્ષણિક હવામાન સર્જે છે. નવ પ્રસ્થાનકાર તરીકે નવા ઊભા થતા પડકારોને ઝીલવાનું સામર્થ્ય કેળવે છે અને તે માટે સાહસિકતા અને ઉત્સાહ વડે શરૂઆત કરે છે. પરંપરાઓના પિંજરમાંથી શાળાને બહાર કાઢીને રૂઢિઓનાં બંધનો તોડી, નવી પ્રણાલીઓનું સર્જન કરે છે. શિક્ષણક્ષેત્રે જન્મ લેતા નવા વિચારોને આત્મગત કરવા તે માનસિક વાતાયનો ખુલ્લાં રાખે છે. તે ભૂતકાળની સિદ્ધિઓનાં ગુણગાન ગાતો નથી, ભૂતકાળની પરંપરાઓના ભગ્ન ખંડેરોમાં અટવાતો નથી. તે વર્તમાનની ક્ષણે ક્ષણને પીછાણીને ભાવિનો સ્વપ્નદૃષ્ટા અને ક્રાંતદૃષ્ટા બને છે. તે શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં નૂતન હવાથી પ્રાણસંચાર કરે છે, ઉત્સાહ જગાડે છે, શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતાના સંવર્ધનનાં બીડાયેલાં દ્વાર ખોલે છે અને આવતીકાલના પડકારો ઝીલવા માટે શિક્ષકોને સજ્જ બનાવે છે.

આમ, સંસ્થાનું નવપલ્લવન આચાર્યના નેતૃત્વ પર નિર્ભર છે. આચાર્યે આવતીકાલ માટે સદા જાગૃત રહેવું જોઈએ. તેનામાં ચિંતનશીલતા અને સાથે સાથે સર્જનાત્મકતા હોવાં જોઈએ. વૈજ્ઞાનિક અને તર્કબદ્ધ વિચારસરણી તેને સંસ્થાના માંગલ્ય તરફ દોરી જાય છે. નવા વિચારો અને પરિવર્તનમાં તેને શ્રદ્ધા અને વિશ્વાસ હોવાં જોઈએ. એનામાં સ્વપ્રતીતિ અને આત્મનિર્ભરતા પૂરતા પ્રમાણમાં હોય તો જ તે નવ-પરિવર્તનો સ્વીકારી તેમને આત્મસાત્ કરી શકે. અંતમાં, આચાર્ય આશાવાદી અને વિધાયક વલણવાળા, દૃઢ સંકલ્પયુક્ત, પ્રોત્સાહક પ્રતિપોષણ આપનાર અને નવપલ્લવનની અદમ્ય ઝંખના સેવનારા હોય તો જ તે શાળાને નવપલ્લવિત કરવામાં સફળતા મેળવી શકે.

4. **માનવીય સંબંધોના મર્મજ્ઞ તરીકેની ભૂમિકા** : કુશળ આચાર્ય એ માનવસંબંધોનો મર્મજ્ઞ હોવો જોઈએ. કોઈકે એમ કહ્યું છે, "Education is the chemistry of love." શિક્ષણ ને સંબંધોનું રસાયણશાસ્ત્ર છે. પ્રેમ એટલે પારસ્પરિક સંબંધો વિકસાવવાની કલા. આચાર્યને આ કલા હસ્તગત હોવી જોઈએ. તે પૂર્વગ્રહ રહિત, નિષ્પક્ષ, નિર્દંભ અને નિખાલસ વ્યક્તિત્વ ધરાવતો હોવો જોઈએ. માનવ સંબંધોના વિકાસને પરિણામે સંસ્થાના કાર્યકરો વચ્ચે પરસ્પર ઉષ્મા, લાગણી તેમજ આત્મિયતા સર્જાય છે. તેઓ સંસ્થા અને આચાર્ય સાથે

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

તાદાત્મય અનુભવે છે. આચાર્ય એ તેમની પ્રેરણાનો સ્ત્રોત બને છે, તેમના આદર્શોનો માપદંડ બને છે. માનવીય સંબંધોના વિકાસને લીધે કર્મચારીગણ અને શિક્ષકો પ્રોત્સાહિત બને છે અને શાળા સાથે અનન્ય લગાવથી કાર્ય કરે છે. માનવસંબંધના વિકાસને લીધે શાળા પરિવારના સભ્યોમાં આત્મવિશ્વાસ, સમૂહભાવના અને મનોધૈર્યનું વાતાવરણ સર્જાય છે. તેમના વર્તનની કક્ષા ઊંચી રહે છે. શાળાના ઉચ્ચકક્ષાનાં મૂલ્યોના સર્જનમાં તે અગત્યનો ભાગ ભજવે છે. આથી શાળાનું ઉષ્ણતામાન હૂંફાળું રહે છે. સંપ અને સહકાર તેમના જીવનમંત્રો બને છે.

શાળાના સંસ્કારધામને પ્રેમોદ્યાન બનાવવાનું અને તેમાં સંબંધોનાં પુષ્પો ઉગાડીને સંસ્કારધામને સુરભિત કરવાનું કાર્ય આચાર્ય કરે છે.

**આચાર્યના કાર્યો અને જવાબદારીઓ** :

આચાર્ય એ માત્ર શાળાનો જ નહિ પણ રાષ્ટ્રનો પણ ઘડવૈયો છે. શાળામાં રાષ્ટ્રના ભાવિ નાગરિકોનું ઘડતર થાય છે. આથી, શાળામાં ઉજ્જવળ પરંપરાઓ ઊભી કરી, સફળ શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા તે રાષ્ટ્રના સમુજ્જવલ ભાવિનું શિલ્પ કંડારે છે. આદર્શ આચાર્ય આજ અને આવતીકાલના સમાજની અપેક્ષાઓ અને આકાંક્ષાઓને આકારિત કરવા માટે પ્રયત્નશીલ હોય છે. વ્યક્તિ અને વ્યક્તિના માધ્યમ દ્વારા સમાજનું ઘડતર કરવા માટે તેણે નીચે પ્રમાણેની ફરજો અને જવાબદારીઓ નિભાવવાની હોય છે. આચાર્યનાં મહત્ત્વનાં કાર્યો નીચે મુજબ છે. (1) આયોજન, (2) સંગઠન, (3) શિક્ષણ, (4) નિરીક્ષણ,

(5) માર્ગદર્શન, (6) માનવ સંબંધોની માવજત. આ કાર્યો આપણે એક પછી એક જોઈશું.

1. **આયોજન** : પ્રત્યેક સંસ્થાના વહીવટ અથવા પ્રશાસન માટે આયોજન અગત્યની અનિવાર્યતા છે. એક કુશળ આચાર્યે શાળાના શૈક્ષણિક કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું ઝીણવટપૂર્વક આયોજન કરવું પડે છે. આ પ્રકારનું આયોજન શાળાના સત્રારંભ પહેલા, શાળાના સત્રારંભ થાય પછી અને શાળાના સત્રસમાપ્તિ બાદ કરવું પડે છે. તેણે શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં અભ્યાસક્રમનું, અભ્યાસક્રમો પૂરક સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું, પરીક્ષણ અને મૂલ્યાંકનનું વગેરેનું આયોજન કરવું પડે છે. શિક્ષકોનો કાર્યભાર, સમયપત્રક, પરીક્ષા વગેરેનું આયોજન કરવું જોઈએ. સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરતી વખતે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓનો તેમજ શાળાના સંચાલકોને પણ વિશ્વાસમાં લઈને આયોજન કરવું જોઈએ. આયોજન એક પ્રકારની શિસ્ત અને વ્યવસ્થા જન્માવે છે. આયોજન સિવાય કેટલાક કાર્યક્રમો વ્યર્થ બને છે, અને નિષ્ફળ જાય છે. શાળાના કાર્યક્રમોની અને પ્રવૃત્તિઓની સફળતા આચાર્યના કુશળતાપૂર્વકના આયોજન પર આધાર રાખે છે. આયોજન જેટલું દૃષ્ટપૂર્ણ તેટલું જ કાર્યક્રમોનું અમલીકરણ સફળ થાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

2. **સંગઠન** : આચાર્યની મહત્ત્વની ફરજ શાળાને સંગઠિત કરીને શિક્ષણની ગુણવ ા સુધારવાનો છે. આ માટે તેનામાં યોગ્ય સંગઠનશક્તિ હોવી જોઈએ. સંગઠન એક પ્રકારની વ્યવસ્થા છે. જેના દ્વારા માનવબળ, સમય અને નાણાંનો દુર્વ્યય થતો અટકે છે અને વહીવટ કરકસરયુક્ત બને છે. તેણે સંગઠનમાં નીચેની બાબતોનો યોગ્ય સમાવેશ કરવો પડે છે.

(i) **ભૌતિક આવશ્યકતાઓ** : કોઈ પણ સંસ્થાના આચાર્યે સંસ્થાની ભૌતિક સુવિધાઓ યોગ્ય રીતે પૂરી પાડવામાં ન આવે તો શાળાનો સર્વાંગીણ વિકાસ થઈ શકતો નથી. આ માટે શાળાનું મકાન, પૂરતા વર્ગખંડો, પ્રયોગશાળા, પુસ્તકાલય, આરોગ્યવિષયક સુવિધાઓ વગેરે પૂરતા પ્રમાણમાં હોવા જોઈએ. આચાર્યે ખાસ ધ્યાન આપીને શાળાની આ પ્રકારની ભૌતિક સગવડો પૂરી પાડવા માટે પ્રયાસ કરવો જોઈએ. આ ઉપરાંત શિક્ષણની અસરકારકતા વધે તે માટે કેટલાંક દૃશ્ય-શ્રાવ્ય સાધનો કે પ્રયોગશાળાનાં ઉપકરણોની પણ સુવિધાઓ ઊભી કરવાની જવાબદારી આચાર્યની છે. આ માટે સંચાલક મંડળ કે વ્યવસ્થાપક મંડળ પાસેથી યોગ્ય સંમતિ મેળવીને તેને માટે યોગ્ય આર્થિક સુવિધાઓ પ્રાપ્ત કરીને તે શાળાની ભૌતિક આવશ્યક્તાઓને સંતોષવાનો પ્રયાસ કરે છે. આ માટે આચાર્યે કેટલુંક પૂર્વ આયોજન કરવું જોઈએ. તો જ આ કાર્ય તે સફળતા અને સરળતાપૂર્વક પાર પાડી શકે.

(ii) **શાળા સંચાલનના નિયમોનું પાલન** : શાળાના સુચારુ સંચાલન માટે કેટલાક નિયમો ઘડવામાં આવે છે. શિક્ષણખાતા તરફથી ઘડાયેલા આ નિયમોનું યથાર્થ પાલન કરવાની જવાબદારી પ્રત્યેક શાળાના આચાર્યની રહે છે. તે નિયમોનું ચુસ્ત પાલન થાય તે જોવાનું રહે છે. ખાસ કરીને વિદ્યાર્થી પ્રવેશ અને બઢતી, કર્મચારીઓ અને શિક્ષકોની ભરતી, આર્થિક અનુદાન, પાઠયપુસ્તકો, અભ્યાસક્રમ, પરીક્ષણ અંગેના વખતોવખત ઘડવામાં આવેલા નિયમોનું આચાર્ય તરીકે પાલન કરવાનું હોય છે. આ નિયમોને ધ્યાનમાં રાખીને શાળાનું સંચાલન આચાર્યે કરવાનું રહે છે.

(iii) **સમયપત્રક** : સમયપત્રક એ શાળાનું ઘટિકાયંત્ર છે. શાળાનો પ્રહરી છે. શાળાનું કાર્ય વ્યવસ્થિત અને નિયમિતપણે ચાલે તે માટે શાળાનું સમયપત્રક અનિવાર્ય છે. શિક્ષકોને ક્યારે, કઈ શ્રેણીમાં, કયા વિષયનું અધ્યાપન કાર્ય કરવાનું છે તે સમયપત્રક દ્વારા નિર્ધારિત થાય છે. આચાર્ય શિક્ષકોને વિષયોની વહેંચણી કરીને તદ્દનુસાર સમયપત્રક બનાવે છે. સમયપત્રક શાળાનું અવિભાજય અંગ છે. તે સમયને અને કર્મચારીઓને નિયંત્રણ અને નિયમનમાં રાખે છે. શાળામાં વિવિધ પ્રકારનાં સમયપત્રકો હોય છે. વર્ગવાર સમયપત્રક, શિક્ષકોનું સમયપત્રક, મુક્ત તાસનું સમયપત્રક, વિવિધ વિષયોનું સમયપત્રક. આમ, વિવિધ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

પ્રકારનાં સમયપત્રકો બનાવીને આચાર્ય શાળાની વ્યવસ્થા જાળવે છે. ચુસ્ત સમયપાલન અને વ્યવસ્થિત શિક્ષણકાર્ય માટે સમયપત્રક અનિવાર્ય છે. સમયપત્રકની રચના કરતી વખતે આચાર્યે સાથી શિક્ષકમિત્રોને વિશ્વાસમાં લેવા જોઈએ અને તેમનાં રસ, રુચિ અનુસારના વિષયોનું શિક્ષણકાર્ય જેતે શિક્ષકને સોંપી સમયપત્રક બનાતત જોઈએ.

(iv) **સહઅભ્યાસ પ્ર ૃત્તિઓ** : શાળામાં બાળકોના સર્વાંગીણ વિકામ માટે પ્રવૃિઓનું આયોજન આચાર્યે કરવાનું હોય છે. સહઅભ્યાસ પ્રવૃિઓ એ અભ્યાસેતર પ્રવૃિઓ નથી, પરંતુ અભ્યાસપૂરક પ્રવૃિઓ છે.

આ પ્રવૃિઓમાં મુખ્યત્વે રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃિઓ, રમતગમત પ્રવૃિઓ વગેરેનું આયોજન કરવામાં આવે છે. શાળાના વિદ્યાર્થીઓને પોતાની ગમતી પ્રવૃિઓમાં જોડવામાં આવે છે. આથી, તેમનામાં સંઘભાવના, નેતૃત્વશક્તિ, ખેલદિલી સહનશીલતા જેવાં લક્ષણોનો વિકાસ થાય છે. આ પ્રવૃિઓનું સમયબદ્ધ આયોજન કરી, તેનું સફળ રીતે અમલીકરણ થાય તે આચાર્યની જવાબદારી છે. આ પ્રવૃિઓમાં પ્રવૃિ માટેનો સમય, તેનું નેતૃત્વ, તે અંગેના નિર્ણયો, વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો સહકાર ખર્ચ આ બધા અંગે આચાર્યે વિચારપૂર્વક નિર્ણયો લઈને તેને સુગ્રથિત કરવી પડે છે.

(v) **શિક્ષણની ુણવત્તા** : આચાર્યની મહત્ત્વની ફરજ શિક્ષણની ગુણવ ા યોગ્ય રીતે જળવાઈ રહે તેવો પ્રયત્ન કરવાની છે. આચાર્ય તરીકે વિદ્યાર્થીઓના શિક્ષણની ગુણવ ા સુધારવા તેણે સતત પ્રયાસો કરવા જોઈએ. શિક્ષકોને શિક્ષણની ગુણવ ા ઊંચી લાવવા માટે સતત પ્રેરણા અને માર્ગદર્શન આચાર્યે પૂરાં પાડવાં જોઈએ. વર્ગશિક્ષણનું પ્રત્યેક વિષયનું શિક્ષણનું સ્તર ઊંચું આવે તે માટે શિક્ષણનાં નૂતન અને અધતન અભિગમો, પ્રયુક્તિઓ અને પ્રવિધિઓથી શિક્ષકોને પરિચિત રાખવાનું કાર્ય આચાર્યનું છે. આ માટે શાળામાં આચાર્યે સ્વયં અને કુશળ શિક્ષકોએ યોગ્ય નિદર્શનો પૂરાં પાડવાં જોઈએ. આ ઉપરાંત વિદ્યાર્થીઓના અધ્યયનની ગુણવ ા સુધરે તે માટે નિદાનાત્મક અને ઉપચારાત્મક શિક્ષણ આપવાની જવાબદારી આચાર્યે અદા કરવી જોઈએ.

(vi) **શિસ્ત પાલન** : આચાર્ય તરીકેની મહત્ત્વની જવાબદારી શાળામાં શિસ્તનાં ધોરણો યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની છે. શાળામાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ વગેરે શિસ્તના નિયમોનું ચુસ્ત પાલન કરે અને અનુશાસનની શ્રેષ્ઠ પ્રણાલિકાઓ જળવાઈ રહે તે જોવાની આચાર્યની પવિત્ર ફરજ અને જવાબદારી છે. જે શાળામાં શિસ્ત જળવાતી નથી તે શાળાના વિદ્યાર્થીઓ સ્વચ્છંદી બની જાય છે. શિક્ષણનાં ઉચ્ચ ધોરણો જળવાતાં નથી અને શાળાની સમગ્ર છાપ બગડે છે. ક્યારેક શિસ્તના નિયમોનું કડક પાલન કરવાની જવાબદારી આચાર્યની થઈ જાય છે. આ સંજોગોમાં સસ્તી લોકપ્રિયતાની પરવા કર્યા વિના

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

આચાર્યે નિર્ભીકપણે શિસ્તનું યથાર્થ પાલન કરાવવું જોઈએ. શિસ્તનું પાલન કરાવવામાં આચાર્યનું વ્યક્તિત્વ, સંસ્થાની પ્રણાલિકાઓ શિક્ષકો અને શિક્ષકેતર કર્મચારીઓનો સહકાર, આચાર્ય અને શિક્ષકની વર્તણૂંક વગેરે મહત્ત્વનો ભાગ ભજવે છે.

3.**શિક્ષણ સંબંધી ફરજો** : આચાર્ય એક શ્રેષ્ઠ શિક્ષક હોવા જોઈએ. તેમણે એક કે બે વિષયમાં સંપૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત કરેલું હોવું જોઈએ. પોતાના વિષયના શિક્ષણકાર્યમાં તે ઓતપ્રોત રહેવા જોઈએ. તે વિદ્યાર્થીઓને વિવિધ પદ્ધતિઓથી રસપ્રદ શિક્ષણ આપી શકે તેવી ક્ષમતા ધરાવતા હોવા જોઈએ. અન્ય શિક્ષકોની તુલનામાં તેઓમાં શિક્ષક તરીકેનું શ્રેષ્ઠત્વ હોવું જોઈએ. તે ગુણળાં ગુઃ હોવા જોઈએ. આ માટે આચાર્યે સતત અધ્યયનશીલ રહી પોતાના વિષય પરનું પ્રભુત્વ અને અન્ય વિષયોની યોગ્ય જાણકારી મેળવી લેવી જોઈએ.

4.**નિરીક્ષણ સંબંધી ફરજો** : શાળાના શિક્ષણનું, શાળાની સર્વ પ્રવૃ િઓનું, શિક્ષકોના શિક્ષણકાર્યનું નિરીક્ષણ કરવાની જવાબદારી આચાર્યની છે રાયબર્નના મંતવ્ય અનુસાર, “There is no branch of the life of the school that should escape the head master's survey, for all contribute, something is the making or unmaking of the pupil." - Ryburn

સામાન્ય રીતે આચાર્યે નીચેની બાબતોનું નિરીક્ષણ કરવાનું હોય છે :

(1) શિક્ષકોનું શિક્ષણકાર્ય, શાળાનો વિકાસ, મૂલ્યાંકન કાર્યક્રમ

(2) સહઅભ્યાસ પ્રવૃ િઓ

(3) શાળા પત્રકો – કાર્યાલય પત્રકો અને હિસાબી નિરીક્ષણ

(4) શાળાની સામાન્ય બાબતો

(5) વિદ્યાર્થીઓની શાળાકીય અને શાળા બહારના વર્તનનું નિરીક્ષણ.

આચાર્ય અધ્યયન, અધ્યાપન, સહઅભ્યાસ પ્રવૃ િઓ, છાત્રાલય વગેરેનું નિરીક્ષણ કરી, તે પ્રવૃ િઓને યોગ્ય પ્રેરણા અને માર્ગદર્શન પૂરાં પાડે છે. આ પ્રકારનું નિરીક્ષણ એ માત્ર ખામી કે ભૂલ બતાવવા માટે કરવામાં આવતું નથી, પરંતુ શાળાના શિક્ષણની ગુણવ ા સુધારવા માટે તેમજ શાળાના સર્વાંગીણ વિકાસ માટે કરવામાં આવે છે.

(i) **શિક્ષકોનું શિક્ષણકાર્ય** : શાળાના શિક્ષણની ગુણવ ા સુધારવા માટે આચાર્યે અવારનવાર વર્ગખંડમાં જઈ શિક્ષકોના પ્રત્યક્ષ શિક્ષણકાર્યનું નિરીક્ષણ કરવાનો હેતુ શિક્ષકની નિર્બળતાઓ કે ક્ષતિઓ બતાવવાનો હોઈ શકે નહિ. પરંતુ, દૃ ષ્ટવંત આચાર્ય ખૂબ જ સૂઝ-બૂઝ અને કુશળતાથી શિક્ષકનું શિક્ષણકાર્ય વધુને વધુ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

ક્ષમતાપૂર્ણ અને અસરકારક બને તે રીતે તેને સહાનુભૂતિપૂર્વક સલાહ-સૂચનો અને માર્ગદર્શન પૂરાં પાડે છે. શિક્ષકને પૂર્ણપણે વિશ્વાસમાં લઈ તેની ક્ષતિઓ પ્રત્યે અંગૂલિનિર્દેશ કરી, તેની ભૂલો સુધારવામાં મદદરૂપ થાય છે. વર્ગખંડના શિક્ષણને અસરકારક, રસપ્રદ અને વિદ્યાર્થી યોગ્ય બનાવવા માટે તે વિવિધ પ્રયુક્તિઓ અને પદ્ધતિઓનું નિદર્શન કરી શિક્ષકોને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડે છે. આમ કરવાથી શિક્ષકનો અહમ્ સંતોષાય છે અને આચાર્ય દ્વારા કરાયેલાં સૂચનોનો તે સહર્ષ સ્વીકાર પણ કરે છે.

(ii) **અભ્યાસક્રમમાં સુધારણા અને વિકાસ** : કુશળ આચાર્ય સ્થાનિક, સામાજિક અને રાષ્ટ્રીય આવશ્યકતાઓના પરિપ્રેક્ષ્યમાં શાળાના વિવિધ સ્તરના અભ્યાસક્રમોનું ઝીણવટપૂર્વક આયોજન અને સતત નિરીક્ષણ કરતો રહે છે. સમાજની કે રાષ્ટ્રની પરિવર્તન પામતી જરૂરિયાતોનાં સંદર્ભમાં તે અભ્યાસક્રમોનું નિરીક્ષણ કરે છે, અભ્યાસક્રમના ક્ષેત્રે નૂતન પ્રયોગો આદરે છે. શિક્ષકો એ શિક્ષણવિદો સાથે વિચારવિમર્શ કરી અભ્યાસક્રમનું સતત મૂલ્યાંકન કરતા રહે છે અને આવશ્યકતા જણાય ત્યારે અભ્યાસક્રમમાં નવા સુધારા સૂચવે છે. આચાર્યનો અભિગમ હકારાત્મક યા વિધેયાત્મક હોવો જોઈએ અને પોતાનાં કાર્યક્ષેત્રમાં આવતા વિવિધ તબક્કાઓના અભ્યાસક્રમનું સતત નિરીક્ષણ, મૂલ્યાંકન, અજમાયશ કરી તે અંગે તેણે કેટલાંક પગલાં લેવાં જોઈએ. જો કે, રાષ્ટ્રીય શિક્ષણનીતિના અમલીકરણ પછી રાષ્ટ્રીય સ્તરે અને રાજય સ્તરે અભ્યાસક્રમમાં પરિવર્તનો થતાં જ રહ્યાં છે અને રાજ્ય સરકારો સમાન અભ્યાસક્રમો દાખલ કરે છે, છતાં, કુશળ આચાર્ય નૂતન પ્રયોગો કરી અભ્યાસક્રમ પરિવર્તન અને સુધારણા માટે યોગ્ય સૂચનો કરવાં જોઈએ.

(iii) **સહઅભ્યાસ પ્ર ૃત્તિઓનું નિરીક્ષણ**: શાળામાં યોજાતી સાંસ્કૃતિક, સામાજિક, સાહિત્યિક અને રમતગમત બાદ તેનું યોગ્ય અમલીકરણ થાય તે માટે આચાર્યે સહઅભ્યાસ પ્રવૃ િઓનું સતત નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. આ પ્રવૃ િઓના આયોજન કે અમલીકરણમાં કોઈ મુશ્કેલી ઊભી થાય તો તેના ઉકેલ માટે જાગૃતિપૂર્વક પ્રયાસો કરી શિક્ષકો અને વિદ્યાર્થીઓને સહાયરૂપ થવું જોઈએ. પ્રવૃ િમાં શિક્ષકો કેટલા રસથી ભાગ લે છે, વિદ્યાર્થીઓ યોગ્ય રીતે ભાગ લે છે કે નહિ, તેનું નિરીક્ષણ શાળાના આચાર્યે કરવું પડે છે. સહઅભ્યાસ પ્રવૃ િઓ માત્ર વેઠ ન બની જાય તે કર્મકાંડમાં સરી પડે નહિ અને તેના પ્રત્યે વિદ્યાર્થીઓ ઉદાસીનતા ન સેવે તે માટે શાળાના આચાર્યે વર્ષભર આ પ્રવૃ િઓનું સતત નિરીક્ષણ કરવું પડે છે. આમ થાય તો જ સહઅભ્યાસ પ્રવૃ િઓ ફળદાયી અને વિદ્યાર્થીઓ માટે વિકાસપ્રેરક નીવડી શકે.

(iv) **શાળાપત્રકોનું નિરીક્ષણ** : આચાર્યની વિવિધ ફરજોમાં શાળા કે કાર્યાલયના વિવિધ પત્રકોની નિરીક્ષણ કરવાની પણ એક પવિત્ર ફરજ છે. શાળાનું કાર્યાલય એ શાળાનું હાર્દ છે. જ્યાંથી શાળાની સમગ્ર પ્રવૃતિઓનું સુપેરે સંચાલન શક્ય બને છે. તે શાળા સંગઠનના પ્રાણરૂપ એવું અભિન્ન અંગ છે. તેને માટે એમ કહેવાયું છે કે, તે શાળાનું મગજ છે. શાળાની માહિતીનો સર્વજ્ઞાન સંગ્રહ છે, માહિતીસ્ત્રોત છે. એક કેળવણીકારના કથન

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

મુજબ, "The headmaster's office is the heart around which and through which the life of the school operates."

શાળા કાર્યાલયનાં નીચેનાં પત્રકોનું આચાર્યે યોગ્ય રીતે અને સમયાંતરે નિરીક્ષણ કરવું જોઈએ.

(1) વિદ્યાર્થીઓનાં હાજરીપત્રકો, (2) શિક્ષકોનું હાજરીપત્રક, (3) શિક્ષકેતર કર્મચારીઓનું હાજરીપત્રક, (4) શાળામાં આવતા પરિપત્રો, (5) માહિતી મોકલવા માટેનાં પત્રકો, (6) શાળાની ટપાલોનાં આવક-જાવકનાં પત્રકો, (7) વિવિધ પરીક્ષાઓનાં પરિણામ પત્રકો, ગુણાંકન પત્રકો વગેરે, (8) નિરીક્ષકોની નિરીક્ષણ પોથીઓ, (9) વિવિધ સમયપત્રકો, (10) સહઅભ્યાસ પ્રવૃ િઓની નોંધ કે હેવાલ પત્રકો, (11) શાળાના અધીક્ષણની ફાઈલો, (12) સરકારશ્રી કે અન્ય સંસ્થાઓ તરફથી આવેલા પત્રો અને તેના પ્રતિ ઉ  રો, (13) કન્ટીજન્સી રજિસ્ટરો વગેરે.

આમ, વિવિધ પ્રકારના શાળાપત્રકોનું આચાર્યે સૂક્ષ્મ નિરીક્ષણ કરવું જોઈએ કે જેથી શાળાનો વહીવટ યોગ્ય રીતે ચાલી શકે. આ પ્રકારના નિરીક્ષણના અભાવે કેટલીકવાર શિક્ષકો અને શિક્ષણેતર કર્મચારીઓ પોતાની કાર્યસાધનામાં શિથિલ બને છે, પ્રમાદી બને છે અને તેથી શાળાનું વ્યવસ્થાતંત્ર જોખમાય છે.

(v) આર્થિક આવક-જાવકનાં પત્રકોનું નિરીક્ષણ : શાળાનું આર્થિક પાસું એ મહત્ત્વનું પાસું છે. શાળાની સર્વાંગીણ પ્રગતિની આધારશિલા એ શાળાની આર્થિક સધ્ધરતા પર આધાર રાખે છે. કુશળ આચાર્યે શાળાના આવક-જાવકના હિસાબો ચોકસાઈથી, ચીવટપૂર્વક તપાસવા જોઈએ અને તેમનું સતત નિરીક્ષણ કરતાં રહેવું જોઈએ. શાળાનો આર્થિક વહીવટ શુદ્ધ, સ્વચ્છ અને પ્રામાણિક હોય તે જોવાની સમગ્ર જવાબદારી શાળાના આચાર્યની છે. શાળા વ્યવસ્થાતંત્રના સ્વચ્છ આયના પર આર્થિક ભ્રષ્ટાચારનો કોઈ ડાઘ ન પડે તે જોવા કુશળ આચાર્યે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. રોજે રોજના આવક-જાવકના હિસાબ બરાબર રાખવામાં આવે છે કે નહિ તેની માહિતી આચાર્યને હોવી જોઈએ. આ માટે આચાર્યે શિક્ષકેતર કર્મચારીઓના કાર્યાલયની અવાર-નવાર અને ક્યારેક અચાનક મુલાકાત લઈ શાળાપત્રકોનું અને હિસાબોનું ઝીણવટપૂર્વક અને ચોકસાઈથી નિરીક્ષણ કરવું જોઈએ. આર્થિક બાબતો અંગે શાળાના કર્મચારીઓએ અને આચાર્યે પૂરતી સાવધાની અને જાગૃતિનું પાલન કરવું આવશ્યક છે. હિસાબનીશ કે શાળાના સંબંધિત હિસાબી વહીવટદાર પાસે નિયમાનુસાર રોકડ રકમ હોવી જોઈએ.

આ ઉપરાંત આચાર્યે કેશબુક, રોજમેળ, હિસાબી પત્રકો, વાર્ષિક આવકજાવકના ચોપડાઓનું નિરીક્ષણ કરી હસ્તાક્ષર કરવા જોઈએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

(vi) **શાળાની ભૌતિક સુવિધાઓનું નિરીક્ષણ** : વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય અને તેમની અનુકૂળતાઓ જળવાય તેવી ભૌતિક સુવિધાઓનું નિરીક્ષણ પણ આચાર્યે કરવાનું હોય છે. આ ભૌતિક સુવિધાઓમાં નીચેની બાબતોનો સમાવેશ કરી શકાય.(1) શાળાનું મકાન, (2) વર્ગખંડો, (3) આરોગ્યવિષયક સુવિધાઓ જેવી કે શૌચાલયો, મુતરડીઓ વગેરે, (4) પુસ્તકાલય, પ્રયોગશાળા અને અન્ય ખંડો, (5) છાત્રાલય વગેરે

**(અ) શાળાનું મકાન** : આચાર્યે શાળાના મકાનનું નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. શાળાના ભવનની સ્વચ્છતા જળવાય, તેને સમયાંતરે રંગરોગાન થાય, તેની મરમ્મત થાય તેની કાળજી આચાર્યે રાખવાની હોય છે. શાળાના મકાનની સાથે શાળાના મેદાનની પણ સ્વચ્છતા યોગ્ય રીતે જળવાઈ રહે તેની સમગ્ર જવાબદારી આચાર્યની બની રહે છે.

(બ) **વર્ગખંડો** : શાળાના વર્ગખંડોની આચાર્યે દિવસમાં એક વખત મુલાકાત લઈ તેનું નિરીક્ષણ કરવું જોઈએ. વર્ગખંડની સ્વચ્છતા, વર્ગખંડમાં રહેલ ફર્નિચર એટલે કે પાટલીઓ, ટેબલ, ખુરશી, બારી-બારણાં વગેરેનું નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. વર્ગખંડમાં પૂરતી પાટલીઓ ન હોય કે પૂરતા પ્રમાણમાં ફર્નિચર ન હોય તો તે ગોઠવાવી દેવું જોઈએ.

(ક) **આરોગ્ય-વિષયક સુવિધાઓ** : શાળામાં બાળકો અને શાળાના કર્મચારીઓ માટે પૂરતા પ્રમાણમાં આરોગ્ય-વિષયક સગવડો ઉપલબ્ધ કરાવવાની જવાબદારી આચાર્યની છે. આચાર્યે બાળકો અને સ્ટાફના સભ્યો માટે પૂરતા પ્રમાણમાં શૌચાલયો, મૂતરડીઓ કે બાથરૂમો ઉપલબ્ધ થાય તે જોવા ઉપરાંત આ શૌચાલયો, મૂતરડીઓ અને બાથરૂમોની દૈનિક સફાઈ થાય છે કે નહ , પૂરતા પ્રમાણમાં સ્વચ્છતા જળવાય છે કે નહિં તે પણ જોવું જોઈએ. આચાર્યે દિવસમાં એકાદવાર આ બધાં સ્થળોની ઊડતી મુલાકાત લઈને તેનું નિરીક્ષણ કરવું જોઈએ. આ ઉપરાંત, શાળાના વિદ્યાર્થીઓ માટેની પાણીની પૂરતા પ્રમાણમાં વ્યવસ્થા છે કે નહિ તે જોવું જોઈએ. એટલું જ નહિ પણ પાણીની ટાંકીની સફાઈ અને સ્વચ્છતા જળવાય છે કે નહિ તેનું સમયાન્તરે નિરીક્ષણ કરવું જોઈએ. પાણી શુદ્ધ અને સ્વચ્છ મળે, તેમાં કોઈ પણ પ્રકારનું પ્રદૂષણ ન ભળે, તેની આચાર્યે સતત કાળજી રાખવી જોઈએ. આ ઉપરાંત શાળાના મેદાનની સ્વચ્છતાનું સતત નિરીક્ષણ કરતા રહેવું જોઈએ.

(ડ) **પુસ્તકાલય, પ્રયોગશાળા અને અન્ય ખંડો** : પુસ્તકાલય એ જ્ઞાનમંદિર છે. તેથી તે અત્યંત પવિત્ર અને સ્વચ્છ હોવું જોઈએ. પુસ્તકાલયમાં પુસ્તકોની ગોઠવણી, સામયિકોની વ્યવસ્થા, યોગ્ય ફર્નિચર વગેરેની ગોઠવણીનું આચાર્યે સતત નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. પુસ્તકાલયમાં વાચકોની શાન્તિમાં સહેજ પણ ખલેલ ન પડે તે રીતે નિઃશબ્દ શાન્તિ જળવાય તેનું પણ આચાર્યે સતત નિરીક્ષણ કરતા રહેવું જોઈએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

આ ઉપરાંત પ્રયોગશાળાની સ્વચ્છતા, સાધનોની વ્યવસ્થિત ગોઠવણી, પ્રયોગશાળાનાં કબાટોની નિયમિત સફાઈ વગેરેનું પણ આચાર્યે સતત નિરીક્ષણ કરતા રહેવું જોઈએ.

પ્રયોગશાળા ઉપરાંત શાળામાં આવેલા અન્ય વિષયના ખંડો જેવા કે રમતગમત ખંડ, વ્યાખ્યાન ખંડ કે પ્રાર્થનાખંડ, ચિત્રકલા ખંડ જેવા ખંડોની સ્વચ્છતા અને સુસજ્જતાની ચકાસણી કરવા માટે તેનું યોગ્ય નિરીક્ષણ આચાર્યે કરવું જોઈએ.

(ઈ) **છાત્રાલય** : છાત્રાલય એ વિદ્યાર્થીઓની નિવાસી શાળા છે. શાળામાં મળતા જ્ઞાનાનુભવો જેટલું જ અથવા તેના કરતાં પણ વિશેષ જ્ઞાનાનુભવો બાળકોને છાત્રાવાસમાંથી પ્રાપ્ત થાય છે. છાત્રાલય એ બાળકને વાસ્તવિક જીવનના અનુભવો પૂરા પાડી તેમને ભાવિ નાગરિકો તરીકે તૈયાર કરે છે. આ અનુભવો જેટલા સઘન અને શિષ્ટ હોય તેટલા પ્રમાણમાં બાળકનું જીવનઘડતર સંગીન બને છે.

છાત્રાલયોની જવાબદારી સામાન્ય રીતે છાત્રાલયના ગૃહપતિ વહન કરતા હોય છે. આમ છતાં કેટલીકવાર છાત્રાલયમાં વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નો ઊભા થાય છે. છાત્રાલયના ભૌતિક મકાનની સ્વચ્છતા, છાત્રાલયની સુવિધાઓ વગેરેનું આચાર્યે અવારનવાર મુલાકાત લઈ નિરીક્ષણ કરવું જોઈએ. વિદ્યાર્થીઓને કેટલીક સમસ્યાઓનું સમાધાન શોધી આપવું જોઈએ. છાત્રાલયનું વાતાવરણ પ્રસન્ન અને નિરામય બને તે માટે આચાર્યે પ્રયાસ કરવા જોઈએ.

(vii) **વિદ્યાર્થીઓના વર્તનનું નિરીક્ષણ** : આચાર્યે વિદ્યાર્થીઓનું સતત નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. કુશળ આચાર્ય શાળામાં ભણતા કે અભ્યાસ કરતા વિદ્યાર્થીનો જનક છે. તેણે પોતાની શાળામાં ભણતા વિદ્યાર્થીઓના શાળાની અંદરના અને શાળાની બહારના વર્તન માટે પૂરતી તકેદારી અને સાવધાની રાખવી જોઈએ. વિદ્યાર્થીઓનાં આંતરવર્તનો અને વ્યવહારોનો વિદ્યાર્થીઓના શિક્ષક સાથેના વર્તનવ્યવહારો વગેરેનું સૂક્ષ્મ નિરીક્ષણ કુશળ આચાર્યે કરતા રહેવું જોઈએ. શાળાના પ્રસન્ન અને નિરામય વાતાવરણ માટે વિદ્યાર્થીના વર્તનવ્યવહારો અગત્યનો ભાગ ભજવે છે. વિદ્યાર્થીઓ વિદ્યાર્થીઓ સાથેના વ્યવહારોમાં, વિદ્યાર્થીઓ શિક્ષક કે કર્મચારીઓ સાથેના વ્યવહારોમાં શિષ્ટતા અને શાલીનતાની લક્ષ્મણરેખા ન ઓળંગે તેની આચાર્યે સતત કાળજી રાખવી જોઈએ. વર્ગખંડમાં કે વર્ગખંડની બહાર, શાળાના મેદાનમાં કે પુસ્તકાલયમાં વિદ્યાર્થીઓના વર્તનની ચકોર દૃષ્ટએ આચાર્યે નોંધ લેવી જોઈએ અને વિદ્યાર્થીઓને યોગ્ય પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

(viii) **સામાન્ય બાબતો** : કુશળ આચાર્યે શાળાના સર્વાંગીણ વિકાસ માટે અને શિક્ષણની ગુણવ ાની સુધારણા માટે શાળાની સર્વસામાન્ય બાબતોનું નિરીક્ષણ પણ કરતા રહેવું જોઈએ. શાળાના કર્મચારીઓનું ચોક્સાઈપણું, કર્મચારીઓની નિયમિતતા, શાળાના કર્મચારીઓનાં વર્તન વ્યવહારોનું સૂક્ષ્મ દૃ ષ્ટથી નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. શાળાની પરંપરા અને પ્રણાલિકાઓનું યોગ્ય પાલન શાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ દ્વારા થાય છે કે નહિ તેનું પણ નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. આ ઉપરાંત આચાર્યે શાળાનો દર વર્ષે સત્રારંભ કરતાં પહેલાં નીચેના જેવી બાબતો પર ધ્યાન રાખી તે કાર્યો પૂરાં કરવાં જોઈએ.

(1) શાળાનું વાર્ષિક કેલેન્ડર બનાવવું.
(2) શાળાની રજાઓની યાદી તૈયાર કરવી.
(3) સમયપત્રક બનાવવું અને શિક્ષકોને કાર્યભારની વહેંચણી કરવી.
(4) શૈક્ષણિક પુસ્તકોની ખરીદી કરવી, સામયિકોની યાદી બનાવવી અને તે મંગાવવાં.
(5) વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો, નવા પ્રવેશો આપવા.
(6) વર્ગોની ગોઠવણી કરવી, વર્ગોના ઓરડા ગોઠવવા.
(7) સહઅભ્યાસ પ્રવૃ િઓનું આયોજન કરવું વગેરે.
(8) વિદ્યાર્થીઓનાં સંગૃહિત પત્રકો તૈયાર કરાવવાં.

(ix) **પરીક્ષણ અને મૂલ્યાંકન** : આપણી રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1986) અનુસાર વિદ્યાર્થીઓના સતત સર્વગ્રાહી મૂલ્યાંકન પર ભાર મૂકવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓનું પરીક્ષણ દ્વારા મૂલ્યાંકન થાય એ શાળાનો એક અગત્યનો અને અનિવાર્ય કાર્યક્રમ છે. મૂલ્યાંકનનો વાસ્તવિક ઉદેશ વિદ્યાર્થીઓના અધ્યયન અને અપેક્ષિત વર્તન પરિવર્તન અંગે જવાબદારી મેળવવાનો, તેમની યોગ્યતાઓ, ક્ષતિઓ, ખામીઓ અને કચાશ જાણવાનો અને તેમની ક્ષમતા સુધારવાનો છે. વર્તમાન પરીક્ષા પદ્ધતિ આ હેતુઓને સિદ્ધ કરી શકી નથી. મૂલ્યાંકન એ સતત ચાલતી પ્રક્રિયા છે. આચાર્યની જવાબદારી વિદ્યાર્થીઓના પરીક્ષણ અને મૂલ્યાંકન માટે આયોજન કરવાની અને તેનું યોગ્ય અમલીકરણ કરવાની છે. તે વિદ્યાર્થીઓની વિવિધ પ્રકારની કસોટીઓની રૂપરેખા તૈયાર કરે. સમયાવધિ નક્કી કરી, અને તેનો યોગ્ય અમલ કરે. વિદ્યાર્થીઓના યોગ્ય પરીક્ષણ અને મૂલ્યાંકન માટે સાથી શિક્ષકોને વિશ્વાસમાં લઈ ચોક્કસ રૂપરેખા ઘડી તેમને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ. પરીક્ષાનો કાર્યક્રમ ઘડી કાઢવો, સમયબદ્ધ કાર્યક્રમ મુજબ પરીક્ષા લેવાય, ઉ રવહીઓ યોગ્ય સમયમાં તપાસાય અને પરિણામો સમયબદ્ધ રીતે બહાર પડે તે જોવાની જવાબદારી આચાર્યની છે. માત્ર એટલું જ નહિ, ઉ રવહીઓની તપાસણી યોગ્ય રીતે થઈ છે કે નહિ, ગુણાંકન યોજના મુજબ થયું છે કે નહિ તેનું પણ આચાર્યે નિરીક્ષણ કરવું જોઈએ. પરીક્ષાના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓની ગતિ-પ્રગતિનું યોગ્ય મૂલ્યાંકન કરી, તેમના માટે નિદાનાત્મક અને ઉપચારાત્મક પગલાં લેવાની જવાબદારી પણ આચાર્યે વહન કરવાની હોય

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

છે. આ પરીક્ષણ મૂલ્યાંકન કાર્યના સંચાલનમાં આચાર્યનાં રસરુચિ, પ્રેરણા તથા સક્રિય સહયોગ અનિવાર્ય છે. વિદ્યાર્થીઓના મૂલ્યાંકનમાં શિક્ષકો અને આચાર્યની કાર્યકુશળતાનું પણ મૂલ્યાંકન થાય છે. બૌદ્ધિક વિષયો ઉપરાંત આચાર્યે હિન્દી, સંગીત, ચિત્રકામ, વિજ્ઞાન, સંસ્કૃત વગેરેની જે બાહ્ય પરીક્ષાઓ લેવાય છે તેમનું પણ અસરકારક સંચાલન કરવું પડે છે. પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ કે શિક્ષકો અને વાલીઓ ગેરરીતિ કે ભ્રષ્ટાચાર આદરે નહિ તે જોવાની જવાબદારી પણ આચાર્યની રહે છે. અલબ , આ બધા માટે તેણે શિક્ષકોને અને સાથી કર્મચારીઓને વિશ્વાસમાં લેવા જોઈએ.

(x)**માર્ગદર્શન** : આચાર્યની એક મહત્ત્વની જવાબદારી વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓને યોગ્ય સમયે યોગ્ય પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડવાની છે. તેણે તેજસ્વી તેમ જ નિર્બળ વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ માટે માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ. વિદ્યાર્થીઓને સહઅભ્યાસ પ્રવૃ ઓમાં ભાગ લેવા માટે પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ. વાલીઓને પોતાનાં બાળકોને તે યોગ્ય રીતે સમજે અને સહાયક નીવડે તે માટે વિદ્યાર્થીઓની શક્તિ-મર્યાદાઓ સમજીને તેમને માર્ગદર્શન પૂરું પાડવાનું છે.

આ ઉપરાંત સંચાલક મંડળને શાળાની પ્રગતિ અને વિકાસ માટે શૈક્ષણિક માર્ગદર્શન પૂરું પાડવાની અને તેમને યોગ્ય સલાહ-સૂચનો કરવાની જવાબદારી પણ આચાર્યની છે.

આપણે જોયું કે, આચાર્યના શિરે ફરજો અને જવાબદારીઓનો મોટો ભાર વહન કરવાનો હોય છે. તેમણે વહીવટ, શિક્ષણ, નિરીક્ષણ, પરીક્ષણ અને મૂલ્યાંકન, આયોજન અને માર્ગદર્શન તેમજ માનવસંબંધોની જાળવણીમાં ઉ રદાયિત્વ નિભાવવાનું હોય છે. આચાર્ય એ શાળા સંચાલનની પ્રાણવાન ધરી છે. એવું કહેવાય છે કે, લશ્કર ખરાબ હોતું નથી, તેના સેનાપતિ નિર્બળ હોય છે. જેનો સેનાપતિ અંધ તેનું લશ્કર આંધળું એમ કહેવાય છે. આચાર્ય જો દૃ ષ્ટવાન હોય તો શાળા એક ઉદ્યાનમાં ફેરવાઈ જાય છે. શાળાની પ્રગતિ કે અધોગતિનો આધાર આચાર્ય છે.

- **શિસ્ત અને તેના પ્રકારો (મુક્ત, દમન યુક્ત અને પ્રભાવશાળી)**

**પ્રસ્તાવના** :

શિસ્ત એ કોઈપણ સંસ્થાના વહીવટ અને નિયંત્રણમાં આગવું સ્થાન ધરાવે છે. શિક્ષણસંસ્થા એ સમાજનું પ્રતિબિંબ છે. સામાન્ય રીતે જેવો સમાજ હોય છે તેવી સંસ્થાઓ અસ્તિત્વમાં આવે છે. શાળા-મહાશાળાઓમાં આજે શિસ્તનો પ્રશ્ન ચગડોળે ચઢ્યો છે. વિદ્યાર્થીઓ મહદ્અંશે ગેરશિસ્તનો ભોગ બન્યા છે, એવું મંતવ્ય પ્રસ્થાપિત થતું જાય છે. શિસ્તના અભાવે શાળામાં શિક્ષણનાં ધોરણો કથળે છે, અને અરાજકતા વ્યાપી જાય

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

છે. આથી શિસ્ત એ શિક્ષણનું ચાલક, પ્રેરક અને નિયંત્રક પરિબળ છે. તેનો ઈન્કાર થઈ શકે તેમ નથી. સમાજમાં જયારે વિવિધ ક્ષેત્રે શિસ્તનાં ધોરણો કથળતાં જાય છે ત્યારે સ્વભાવિક રીતે જ શિસ્તના પાઠો ભણાવવાની જવાબદારી શાળાઓને શિરે આવી જાય. ઊગતી પેઢીને શિસ્તબદ્ધ બનાવવાનું કાર્ય શાળાઓએ ઉપાડી લેવું જોઈએ. એમ કહેવાય છે કે, શિસ્ત અને શાળાના શૈક્ષણિક દર્શન વચ્ચે ગાઢ સબંધ રહેલો છે. શાળામાં નિયમનનું પણ એટલું જ મહત્ત્વ છે. નિયમન વિના કોઈપણ સંસ્થા પ્રગતિનાં સોપાનો સર કરી શકતી નથી. શિસ્ત અને નિયમન શાળાને એકરૂપ રાખી શાળાના વિકાસને ધ્યેય પ્રાપ્તિ તરફ લઈ જાય છે. તો અહ આપણે શાળા શિસ્ત અને નિયમન વિશે ચર્ચા કરીશું.

1. **શિસ્તની પરિભાષા** :

અંગ્રેજીમાં discipline શબ્દ લેટિન શબ્દ 'Disciplene' પરથી આવ્યો. છે. Disciplas એટલે શીખવું. જે પ્રક્રિયા શીખવામાં સહાયભૂત થાય છે તે શિસ્ત છે. સંસ્કૃતમાં શિષ્ય પણ શિસ્તનો દ્યોતક છે. અર્જુન કૃષ્ણને કહે છે, શિષ્યસ્તદ શાઃ – હું તારો શિષ્ય છું, એમ કહે છે. કેટલાક લોકો શિસ્તને આજ્ઞાંકિતપણું માને છે, કેટલાક એકધારી રીતે કાર્ય કરવાને શિસ્ત માને છે, કેટલાકના મંતવ્ય પ્રમાણે પોતે જેને સારું માને છે તે શિસ્ત છે અને જે ખરાબ થાય તેને ગેરશિસ્ત માને છે. શિસ્ત એટલે જ નિયંત્રણ, તે વ્યક્તિનું નિયામક પરિબળ છે. સર પી.સી.ને શિસ્તની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે.

"Discipline consists in the submission of one's impulses and powers to a regulation which imposes from upon class and brings efficiency and economy where there would otherwise be ineffectiveness and waste. Though part of our nature may resist this control, its acceptance must on the whole be willing acceptance, the spontaneous moment of nature in which there is an inborn impulse towards greater perfection." - P. C. Nunn તેમના મંતવ્ય મુજબ, શિસ્ત એ લાગણીઓનું અને વૃિઓનું એવું નિયંત્રક બળ છે કે જે વ્યક્તિમાં કાર્યક્ષમતા અને કરકસર પેદા કરે છે. તેના અભાવમાં બિન કાર્યક્ષમતા અને દુર્વ્યય થાય છે. જો કે આપણો મૂળભૂત સ્વભાવ કોઈ પણ પ્રકારનાં નિયંત્રણોનો વિરોધ કરે છે. છતાં તેનો સ્વૈચ્છિક સ્વીકાર થવો જોઈએ. આથી માનવ સ્વયંભૂ શિસ્તથી ટેવાઈ જાય છે અને પૂર્ણતાને પંથે પ્રગતિ કરે છે.

વિલ ફ્રેંચ નામના કેળવણીકારે શિસ્તની વ્યાખ્યા આપતા કહ્યું છે,

"Discipline is the control of behaviour in the light of purpose. Discipline is manifested whenever the thoughts and actions of a person or a group are controlled so that, nothing interferes with the attainment of a good." - Will French & others

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

હેતુઓની સિધ્ધિ માટે વર્તન અને વ્યવહાર પર જે નિયંત્રણ મૂકવામાં આવે છે તે શિસ્ત કહેવાય છે. હેતુની સિદ્ધિમાં કંઈ બાધારૂપ કે અંતરાયરૂપ ન બને તે માટે વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહના વિચાર કે કાર્યો પર જ્યારે જ્યારે નિયંત્રણ મૂકવામાં આવે છે ત્યારે શિસ્તની અનુભૂતિ થાય છે સમય અને સંજોગો પ્રમાણે હેતુઓ અને રીતોમાં પરિવર્તન આવે છે, તેથી શિસ્તની પરિભાષા પણ બદલાતી રહે તે સ્વાભાવિક છે.

ટૂંકમાં, શિસ્ત એટલે

- તે શિક્ષણની પ્રક્રિયાનો અંતર્ગત ભાગ છે.
- તે હેતુઓ કે ધ્યેયોની સિદ્ધિ માટે મૂકવામાં આવેલું નિયંત્રણ છે.
- સવ્યવહાર અને સદ્વર્તનની સ્વૈચ્છિક સમજ
- ઇચ્છનીય વલણો, વિચારો અને કાર્યોનો સમન્વય
- સામૂહિક હિતોને માટે સ્વહિતોનો સ્વેચ્છાપૂર્વકનો ભોગ
- સંસ્થાએ મૂકેલાં નિયંત્રણોની સ્વૈચ્છિક સ્વીકૃતિ

v **શિસ્તના પ્રકારો** :

સામાન્ય રીતે શિસ્તના ત્રણ પ્રકાર જોવામાં આવે છે: (1) દમનયુક્ત શિસ્ત (2) પ્રભાવવાદી શિસ્ત (3) મુક્ત શિસ્ત – આ ત્રણે પ્રકારો વિશે આપણે જોઈશું.

(1) **દમનયુક્ત શિસ્ત** : જે પ્રકારનાં શિસ્તનાં ધોરણો વિદ્યાર્થીઓ પર ઉપરથી લાદી દેવામાં આવે છે તેને દમનયુક્ત શિસ્ત કહેવામાં આવે છે. આ પ્રકારની શિસ્તમાં વિદ્યાર્થીઓને મૂક આજ્ઞાપાલન કરવાનું હોય છે. તેમાં વિદ્યાર્થીઓ પર દમનનો કોરડો વ ઝવામાં આવે છે. વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારની સ્વતંત્રતા હોતી નથી. આ પ્રકારની શિસ્તમાં મૂક આજ્ઞાપાલન, જડ નિતિનિયમોનું પાલન એને કરવાનું હોય છે. “સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ધમધમ” ના સૂત્ર અનુસાર શિસ્તના નિયમોનું પાલન ન કરનાર વિદ્યાર્થીને દબાવી દેવામાં આવે છે. તેમને શારીરિક કે અન્ય પ્રકારની શિક્ષા કે દંડ કરવામાં આવે છે. તેમનામાં ભય પેદા કરવામાં આવે છે. આનાથી કૃત્રિમ શિસ્ત ઉદ્ભવે છે. બાળકો વધુ નકારાત્મક બને છે અને લઘુતાગ્રંથિનો ભોગ થઈ પડે છે. તેમના કુદરતી વિકાસને અવરોધવામાં આ પ્રકારની શિસ્ત જવાબદાર છે. આ પ્રકારની શિસ્તથી વિકાસને અવરોધવામાં આ પ્રકારની શિસ્ત જવાબદાર છે. આ પ્રકારની શિસ્તથી બાળકોમાં આચાર્ય, શિક્ષક, અને શાળા પ્રત્યે નફરતની ભાવના પેદા થાય છે અને તેઓ કેટલીકવાર નકારાત્મક વલણોને લીધે શિક્ષણથી ભાગતા ફરે છે અને પરિણામે કેટલાંક બાળકો સમસ્યાત્મક વર્તનવ્યવહાર કરતાં થઈ જાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

(2) **પ્રભાવવાદી શિસ્ત** : આ પ્રકારની શિસ્ત આચાર્ય કે શિક્ષકોના પ્રભાવથી પેદ્દા ૪રવામાં આવે છે. 'આચાર્ય દેવો ભવ' કે 'ગુરુદેવો ભવ' નાં સૂત્રો વિદ્યાર્થીઓમાં આચાર્ય કે શિક્ષકો પ્રત્યે પૂજ્ય ભાવ પેદા કરે છે.' આચાર્ય અને શિક્ષકોની વિદ્વ ા અને શિક્ષણ કાર્યથી આચાર્ય કે શિક્ષકોની એક ઉચ્ચ પ્રતિભા અને પ્રતિમા વિદ્યાર્થીઓના માનમાં કંડારાઈ જાય છે. તેઓ તેમની પ્રતિભાના બળે પોતાના પ્રભાવથી વર્ગખંડમાં અને શાળામાં શિસ્તનું વાતાવરણ ઊભું કરી શકે છે. પોતાનું આગવું વ્યક્તિત્વ ધરાવતા આચાર્યો કે શિક્ષકો આ પ્રકારની પ્રભાવવાહી શિસ્ત શાળામાં ઊભી કરી શકે છે. પરંતુ આચાર્ય અને શિક્ષકોની પ્રતિભા નિર્બળ હોય, તેમનું શિક્ષણકાર્ય ખામીયુક્ત હોય તો તે વિદ્યાર્થીઓમાં જોઈએ તેટલો પોતાનો પ્રભાવ ઊભો કરી શકતા નથી. તેમના વ્યક્તિત્વનું જાદુ પાથરી શકતા નથી.

આ પ્રકારની શિસ્ત ઇચ્છનીય છે. બાળકો શિક્ષકોનું અનુકરણ કરવા પ્રેરાય છે, એ વાત પણ એટલી જ સાચી છે. આમ છતાં, વિદ્યાર્થીના પ્રતિભાના નિજી વિકાસ માટે આ પ્રકારની શિસ્ત અવરોધક બને છે. કેટલીકવાર અનુકરણથી વિદ્યાર્થીની આગવી પ્રતિભાનું મરણ થાય છે.

આથી સાચા અને પ્રતિભાશાળી શિક્ષકે પ્રભાવવાહી શિસ્તના સ્થાને વિદ્યાર્થીઓના વર્તનવ્યવહારને યોગ્ય વળાંક આપી વિદ્યાર્થીઓ પોતાની સ્વયંભૂત પ્રતિભાનો વિકાસ કરે તે જોવું જોઈએ.

(3) **મુક્ત શિસ્ત** : લગભગ ઓગણીસમી સદીના પ્રારંભથી કેટલાંક કેળવણીકારો જેવા કે રૂસો, ફ્રોબેલ, જહોન ડ્યૂઈ, મોન્ટેસોરી વગેરેએ મુક્ત શિસ્તની હિમાયત કરી. મુક્ત શિસ્ત એટલે વિદ્યાર્થીઓમાં સ્વયં પ્રેરિત શિસ્તની ભાવના વિકસાવવી. મુક્ત શિસ્ત એટલે વિદ્યાર્થીઓએ સ્વેચ્છાએ સ્વીકારેલાં સંયમ અને નિયંત્રણનાં બંધનો. અન્યનાં હિતોને નુકસાન ન થાય તે રીતે સંયમપૂર્વક પોતાની પ્રવૃ િઓ પર સ્વેચ્છાએ નિયંત્રણ મૂકવું. મુક્ત શિસ્ત એ વર્ગની ચાર દીવાલોમાં બેસીને કરવાનું ચુસ્ત આજ્ઞાપાલન નહિ, પરંતુ વર્ગખંડમાં પ્રવૃ િઓના ગુંજનમાંથી જન્મતી શિસ્ત જેમાં વિદ્યાર્થીઓની મુક્ત અભિવ્યક્તિને અવકાશ હોય, જેમાં વિદ્યાર્થીઓને સ્વયંપ્રેરિત વર્તન કરવાની છૂટ હોય, જેમાં વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ નિયંત્રણો સ્વીકારી શિક્ષકો અને આચાર્યોને સહકાર આપતા હોય તો આ મુક્ત શિસ્ત કહી શકાય. આ પ્રકારની શિસ્તમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ એકબીજાને સમજીને સ્નેહના અવિચ્છિન્ન તંતુથી બંધાયેલા હોય છે. જેમાં શિક્ષક વિદ્યાર્થીઓનો રહેમદિલ, રાહબર અને મમતાપૂર્ણ માર્ગદર્શક બને છે. જેના હૈયામાં માતૃત્વનું ગૂંજન અને પિતૃત્વનું કૂજન હોય છે. શાળામાં અને શાળા બહાર શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં મૈત્રીભાવનું પવિત્ર ઝરણું વહેતું હોય છે. વિદ્યાર્થીના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર કરવામાં આવે છે. તેના વ્યક્તિત્વનું સન્માન કરવામાં આવે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

આથી વિદ્યાર્થીઓ સહકાર અને સંયમનાં મૂલ્યો સમજીને એ સહિયારું સાહસ (co-operative enterprize) બની જાય છે. મુક્ત સ્વાતંત્ર્યમાંથી જ મુક્ત શિસ્ત જન્મે છે.

આમ મુક્ત શિસ્ત એ સ્વેચ્છાએ સ્વીકારેલું બંધન છે જે બંધન મુક્તિદાયક હોય છે, સુખદ હોય છે. જે સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ ના ત્રિવેણી સંગમમાં સ્નાન કરવા પ્રેરે છે. ગુજરાતમાં ગિજુભાઈ બધેકા, હરભાઈ ત્રિવેદી, નાનાભાઈ ભટ્ટ વગેરે એ મુક્ત શિસ્તની હિમાયત કરી છે. રવીન્દ્રનાથ ટાગોર પણ મુક્ત શિસ્તના હિમાયતી હતા.

**યુનિટ -3 વિવિધ બોર્ડ, શાળા અને સંસ્થા પરિચય**

- **સ્ટેટ બોર્ડ (સંકલ્પના, કર્યો)**

**પ્રસ્તાવના:**

માધ્યમિક શાળા કોઈ એક બોર્ડ સાથે સંલગ્ન હોય છે. ગુજરાતની મોટા ભાગની માધ્યમિક શાળાઓ ગુજરાત માધ્યમિક-ઉચ્ચ ર માધ્યમિક બોર્ડ સાથે જોડાયેલી હોય છે. કેટલીક અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળાઓ, કે ન્દ્રય વિદ્યાલયો, સૈનિક શાળાઓ, રેલવેની શાળાઓ કે ન્દ્રય બોર્ડ (CBSE) સાથે સંલગ્ન છે. કેટલીક શાળાઓ આંતરરાષ્ટ્રીય બોર્ડ સાથે સંલગ્ન હોય છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે આ ગુજરાત માધ્યમિક બોર્ડ વિશે અભ્યાસ કરીશું.

**ુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ:**

ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ અધિનિયમ પ્રમાણે રાજ્યની તમામ માધ્યમિક શાળાઓનું સંચાલન ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ કરશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ એ ગુજરાત સરકાર અને તેના માધ્યમિક શિક્ષણના વહીવટીતંત્ર તથા રાજયની માધ્યમિક શિક્ષણ સંસ્થાઓ વચ્ચે મહત્ત્વના કડીરૂપ કામગીરી કરતી સંસ્થા છે. તેની સ્થાપના ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1972ની કલમ - 3 દ્વારા 1973માં થઈ.

**માધ્યમિક શિક્ષણ બોર્ડની રચના :**

માધ્યમિક શિક્ષણ બોર્ડ ત્રણ પ્રકારના સભ્યોનું બનેલું હોય છે.

(1) હોદાની રૂએ બોર્ડના સભ્યો (2) નિયુક્ત સભ્યો (3) ચૂંટાયેલા સભ્યો

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

માધ્યમિક શિક્ષણ બોર્ડ રાજ્ય સરકાર નામે તે અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તથા હોદ્દાની રૂએ, ચૂંટાયેલા અને નિયુક્ત સભ્યોનું બનેલું હોય છે.

(1) હોદ્દાની રૂએ બોર્ડનું સભ્યપદ ધરાવનારાઓમાં : (1) ઉચ્ચશિક્ષણ કમિશનર (2) ટેકનિકલ શિક્ષણ નિયામક, (3) ખેતીનિયામક (4) પ્રાથમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ (5) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક બૉર્ડના નિયામક (6) રાજ્ય શિક્ષણ ભવન જી.સી.ઈ.આર.ટી. ના નિયામક (7) માનવશક્તિ રોજગાર અને તાલીમના નિયામક (8) રાજય સરકારે નિર્દેશ કરેલા અને નાયબ સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા શિક્ષણ વિભાગના એક અધિકારી (9) રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષ અને (10) ટેકનિકલ પરીક્ષા બૉર્ડના અધ્યક્ષ, વગેરે સભ્યોનો સમાવેશ થાય છે.

(2) નિયુક્ત થતા સભ્યોમાં વિજ્ઞાન, ઉદ્યોગ અથવા વાણિય ક્ષેત્રે ખાસ જ્ઞાન અથવા પ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી રાજ્ય સરકારે નિયુક્ત કરેલા ત્રણ સભ્યો બૉર્ડના સભ્ય બને છે.

(3) ચૂંટાયેલા સભ્યો નીચે પ્રમાણે હોય છે.

- દરેક યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલના સભ્યોએ પોતાનામાંથી ચૂંટાયેલો એક સભ્ય
- ઉ ર બુનિયાદી શાળાઓ સિવાયની શાળાઓના આચાર્યોએ પોતાનામાં ચૂંટેલા પાંચ સભ્યો.
- રજિસ્ટર્ડ થયેલી ઉ ર બુનિયાદી શાળાઓના આચાર્યોએ પોતાનામાંથી ચૂંટેલા પાંચ સભ્યો
- ઉ ર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર્ડ થયેલી શાળાઓના શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટેલા પાંચ સભ્યો
- રજીસ્ટર્ડ થયેલી ઉ ર બુનિયાદી શાળાઓના શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય
- માધ્યમિક શિક્ષક તાલીમી કોલેજો અને સ્નાતક બુનિયાદી તાલીમી કોલેજોના આચાર્યોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય

- મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમો 1860 હેઠળ રજિસ્ટર્ડ થયેલી માધ્યમિક શાળાઓનાં સંચાલકોના પ્રતિનિધિઓએ પોતાનામાંથી ચૂંટેલા બે સભ્યો
- મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, 1950 હેઠળ રજિસ્ટર્ડ થયેલી માધ્યમિક શાળાઓના સંચાલકોના પ્રતિનિધિઓએ પોતાનામાંથી ચૂંટેલા બે સભ્યો તેમ જ,

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

- રજિસ્ટર્ડ થયેલી ખાનગી માધ્યમિક શાળાઓના વાલીઓના એસોસિયેશનના પ્રમુખોએ પોતાનામાંથી ચૂંટેલા બે સભ્યો તેમ જ,
- ગુજરાત વિધાનસભાએ પોતાના સભ્યોમાંથી ચૂંટેલા પાંચ સભ્યો. બૉર્ડના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની મુદત સામાન્ય રીતે ચાર વર્ષની હોય છે, જયારે સભ્યોની મુદત ત્રણ વર્ષની હોય છે.

**માધ્યમિક શિક્ષણ બોર્ડની સત્તા અને ફરજો** :

- માધ્યમિક શિક્ષણ અધિનિયમની જોગવાઈઓને આધીન માધ્યમિક શિક્ષણ બોર્ડની સ ા અને ફરજો નીચે પ્રમાણેની રહે છે.
- માધ્યમિક શિક્ષણની નીતિવિષયક બાબતોમાં રાજ્ય સરકારને સલાહ આપવી.
- માધ્યમિક શિક્ષણને લગતા અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો અંગે રાજ્ય સરકારને ભલામણ કરવી અને માન્ય રજિસ્ટર થયેલી શાળાઓમાં પાઠ્યપુસ્તક બૉર્ડ દ્વારા તૈયાર થયેલા પાઠયપુસ્તકો મંજૂર કરવાં અને તેની ભલામણ રાજ્ય સરકારને કરવી.
- સેવાકાલીન શિક્ષકો માટેના કાર્યક્રમોનો પ્રબંધ કરવો.
- રજિસ્ટર થયેલી શાળાઓના વિદ્યાર્થીઓની શારીરિક, નૈતિક અને સામાજિક ઉત્કર્ષ માટે યોગ્ય ભાવના કેળવવાનાં પગલાં નક્કી કરવાં અને છાત્રાલયોની સુવિધા-સગવડોનું ધોરણ નક્કી કરવું.
- માધ્યમિક શિક્ષણનાં ગુણવ ાનાં ધોરણોની જાળવણી અંગે રાજ્ય સરકારને સલાહ આપવી.
- બુદ્ધિશાળી – પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને શોધી તેમની શક્તિઓને પૂર્ણ રીતે વિકસાવવામાં માધ્યમિક શાળાઓને માર્ગદર્શન પૂરું પાડવું.
- શાળાઓમાં શૈક્ષણિક પ્રયોગો અને સંશોધનોને પ્રોત્સાહન પૂરુ પાડવું.
- માધ્યમિક શાળાને રજિસ્ટર કરાવવા માટે તે શાળાના સંચાલક પાળવાની શરતો નક્કી કરવી.
- રજિસ્ટ્રેશનની શરતોનું પાલન ન કરતી હોય તેવી અને શાળા પ્રશાસન શિક્ષણના હિતથી પ્રતિકૂળ થતું હોય તો નિભાવ ગ્રાન્ટમાં કાપ મૂકવાની રાજ્ય સરકારને ભલામણ કરવી.
- અભ્યાસક્રમ, પ્રશિક્ષણ અને પરીક્ષા - મૂલ્યાંકન અને તેની સુધારણા માટે સંશોધનો હાથ ધરવાં.
- પરીક્ષાના સંચાલન માટેના નિયમો નક્કી કરવા
- શાળાના સ્ટાફની નિમણૂક અંગે લાયકાત સહિતનાં ધોરણો નક્કી કરવાં.
- ગ્રંથાલયનાં પુસ્તકો તેમજ પૂરક વાચન માટેનાં પુસ્તકો માટે રજિસ્ટર થયેલી શાળાઓને ભલામણ કરવી.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- રજિસ્ટર થયેલી શાળાઓનાં આચાર્યો-શિક્ષકોની નિમણૂક અંગેની કામગીરી તેમજ વર્તણૂક ઉપર નિયંત્રણ મૂકવું.
- માધ્યમિક શાળાઓને રજિસ્ટર કરવી તેમજ નવા વર્ગો ખોલવાની મંજૂરી આપવી
- રજિસ્ટર થયેલી શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેની શરતો નક્કી કરવી
- રજિસ્ટર થયેલી શાળાઓનાં સત્ર, રજાઓ અને વેકેશનોની વ્યવસ્થાનું નિયમન કરવું.
- રજિસ્ટર થયેલી શાળાઓએ શૈક્ષણિક બાબતોના સંબંધમાં રજિસ્ટરો અને રેકર્ડ તૈયાર કરવાની અને જાળવવાની પદ્ધતિનું નિયમન કરવું.
- રજિસ્ટર થયેલી શાળાઓમાંથી રિપોર્ટ અને માહિતી મંગાવી.
- માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષાનું અને બીજી પરીક્ષાઓનું સંચાલન કરવું અને પરીક્ષાઓ પાસ કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવાં.
- માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને બીજી પરીક્ષાઓના સંચાલન માટે તેમજ ઉમેદવારોના કાર્યના મૂલ્યાંકન માટે પ્રાશ્નિકો, પરીક્ષકો, મોડરેટરો, સુપરવાઈઝરો અને બીજા કર્મચારીઓ નીમવા તથા પરિણામો જાહેર કરવાં.
- માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને રજિસ્ટર થયેલી શાળાની બીજી પરીક્ષાઓ અને તેના વહીવટના સંદર્ભમાં થયેલી ગેરરીતિના કેસોની કરાવેલી કાર્યરીતિ પ્રમાણે નિકાલ કરવો.
- શિષ્યવૃ િઓ, વૃ િકા, ચંદ્રકો, પારિતોષિકો અને બીજાં ઈનામો કાઢવાં અને એનાયત કરવાં અને તે માટેની શરતો નક્કી કરવી.
- વાર્ષિક હિસાબો તેમજ વાર્ષિક રિપોર્ટ ઉપર ચર્ચાવિચારણા કરવી અને તેને મંજૂર કરવા તેમજ નાણાંકીય અંદાજો તૈયાર કરવા અને રાજ્ય સરકારને મંજૂરી માટે મોકલી આપવા.
- સમિતિઓએ અનુસરવાની કાર્યરીતિ, બોર્ડ અને સમિતિઓના સભ્યોને આપવાનાં મુસાફરી ભથ્થાં જેવી બાબતો અને આ અધિનિયમ અને તે હેઠળ કરેલા વિનિમયોમાંથી જેના માટે જોગવાઈ કરી ન હોય તેવી બોર્ડ અને તેની સમિતિઓને જ લગતી બીજી કોઈ બાબતો માટે ઉપનિયમો ઘડવા.

**શૈક્ષણિક જોગવાઈઓ** :

1. **માધ્યમિક શાળાઓની નોંધણી (રજિસ્ટ્રેશન), માળખું સંસાધન** : ગુજરાત રાજ્યમાં નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટે અને માનવ ચોક્કસ વિધિમાંથી પસાર થવું પડે છે. નવી શાળા શરૂ કરવા પ્રથમ ટ્રસ્ટની રચના કરવી જોઈએ. ટ્રસ્ટની રચના કર્યા બાદ માધ્યમિક શિક્ષણ બોર્ડને અરજી કરવી પડે છે. જે મુંબઈ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

સાર્વજનિક ટ્રસ્ટ 1950 નીચે નોંધાયેલ ટ્રસ્ટે જે વર્ષે શાળા શરૂ કરવા માગતા હોય તેના અગાઉના શૈક્ષણિક વર્ષમાં 31મી ઓગસ્ટ અથવા તે પહેલાં નિયત કરતા અરજીપત્રકમાં અરજી કરવી પડે છે.

- નોંધણી માટેની અરજી બોર્ડ વખતો વખત નક્કી કરે તેની ફી ચૂકવીને અને વિનિમય 9(2) માં નિયત કર્યા પ્રમાણે રૂા. 1000/- નિયત કરેલી ફી ચૂકવવાની રહે છે.
- જે વિસ્તારમાં શાળાની ખરેખર જરૂર હોય તે જ વિસ્તારમાંની બીજી શાળા –ખાસ કરીને ગ્રામવિસ્તારોની અંદર 5 કિલોમીટરની અંદર જો કોઈ શાળા આવેલી હશે તો નવી શાળાને મંજૂરી મળી શકશે નહિ. નવી શાળા શરૂ કરવાને પરિણામે, તે જ લેતા ખરેખર હોય તેવી શાળાને, તેની હાજરીમાં જો 20 ટકાથી વધારે ખોટ સહેવી પડે તો આને અયોગ્ય હરીફાઈ ગણીને નવી ખોલેલી શાળાને ગ્રાન્ટ આપી શકાશે નહિ.
- શાળામાં બૉર્ડના નિયમો અનુસાર ફર્નિચર, પ્રયોગશાળા, ગ્રંથાલય સાધનસામગ્રી અને બીજી ચીજવસ્તુઓ હોવી જોઈએ.
- બૉર્ડના નિયમ મુજબ બિનશૈક્ષણિક અને શૈક્ષણિક સ્ટાફ પૂરતા પ્રમાણમાં હોવો જોઈએ.
- શાળામાં નમૂનારૂપ જવાબો સાથેના પરીક્ષાનાં પ્રશ્નપત્રોનાં પાઠ્યપુસ્તકો અથવા નવી આવૃ ઉપરના પ્રશ્નો, નોંધો, ગાઈડો, ત્વરિત તૈયારી માટેના પુસ્તકોનો શાળામાં ઉપયોગ કરી શકાશે નહિ.
- શાળામાં સરકારે મંજૂર કરેલો પાઠયક્રમ અને વિગતવાર અભ્યાસક્રમ અનુસરવામાં આવશે. સરકારે વખતોવખત મંજૂર કરેલાં પાઠયપુસ્તકોનો ઉપયોગ કરવાનો રહેશે.
- જે-તે શાળાના મકાનમાં અથવા અન્ય જગ્યામાં કોઈપણ રજિસ્ટર નહિ થયેલી શાળા અથવા વર્ગો ચલાવી શકાશે નહિ.
- શાળાને રાજ્ય સરકાર તરફથી ગ્રાન્ટ મળતી હોય તો તે શાળા ધર્મ, ક્ષેત્ર, જ્ઞાતિ, ભાષા અથવા તે પૈકી કોઈ કારણોસર વિદ્યાર્થીને પ્રવેશ આપવાની ના પાડી શકાશે નહિ.

**ભૌતિક સગવડો :**

- શાળાની જગા, પૂરતી રીતે આરોગ્યદાયક અને હવાઉજાસવાળી હોવી જોઈશે. તેમાં વિદ્યાર્થીઓની સલામતી માટે પૂરતી જોગવાઈ હોવી જોઈએ. સહશિક્ષણ આપનારી શાળાની બાબતમાં છોકરીઓ માટે અલગ સંતોષકારક અને પૂરતી સફાઈ વ્યવસ્થા હોવી જોઈએ.
- જે રૂમોમાં વર્ગો ચાલતા હોય તેમાં, દરેક વર્ગમાં ખરેખર દાખલ કરેલી બધા વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીદીઠ આઠ ચોરસ ફૂટ કરતાં ઓછી ન હોય તેટલી અર્થાત્ 400 ચોરસ ફૂટ અથવા 40 ચોરસ મીટરની જોગવાઈ હોવી જોઈએ. આ જગ્યામાં શિક્ષક માટેના ખુરશી ટેબલ, ટીચિંગ પ્લેટફોર્મ,

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

બ્લેકબોર્ડ અને શીખવવા માટે જરૂરી બીજી કોઈ સાધનસામગ્રી માટે જોઈતી જગ્યાનો સમાવેશ થતો નથી.

- એક વર્ગમાં વધુમાં વધુ સંખ્યા 60ની રહેશે.
- દરેક રજિસ્ટર થયેલી શાળાએ વ્યવહાર્ય હોય ત્યાં સુધી, શાળાથી વાજબી અંતરે દરેક 250 વિદ્યાર્થીઓ દીઠ એક એકર લેખે રમતગમતના મેદાન માટે જમીનની જોગવાઈ કરવી જોઈશે.
- જે રજિસ્ટર થયેલી શાળામાં ટેકનિકલ, વિજ્ઞાન અને વ્યાવસાયિક વિષયો શીખવવામાં આવતા હોય ત્યાં પ્રત્યક્ષ કામ માટે સુસજ્જ વર્કશોપ, પ્રયોગશાળા અને સાધનસામગ્રી પૂરી પાડવી જોઈએ અને કોઈપણ સમયે પ્રત્યક્ષ કામ માટે શિક્ષકને સોંપેલા વિદ્યાર્થીઓની સંખ્યા એક ડિવિઝનની મંજૂર કરેલા સંખ્યાબળ કરતાં વધુ હોવી જોઈએ નહિ.
- શાળાનું પ્રમાણ લક્ષમાં લઈને શાળાનો શૈક્ષણિક સ્ટાફ, પૂરતો અને સારી લાયકાત ધરાવતો હોવો જોઈએ અને તેમાં સ્વૈચ્છિક વિષયો શીખવવા જોઈએ. ડિગ્રી ધરાવવા અથવા સંબંધિત વિષયોમાં બીજી કોઈ સમકક્ષ લાયકાત ધરાવતા, પોતે શીખવતા હોય તેવા વિષયોમાં તાલીમ પામેલા શિક્ષકોની પૂરતી જોગવાઈ હોવી જોઈએ.
- નવી શાળા શરૂ કરવાનું શક્ય હોય ત્યાં સુધી તે વિસ્તારની વસતિ સાથે સંબંધિત રહેશે અને દરેક 3000ની વસ્તીદીઠ એક માધ્યમિક શાળા હોવાનું ચાલુ ધોરણ સ્વીકારી શકાશે. નવી અરજીઓનો નિર્ણય કરતી વેળાએ શૈક્ષણિક રેકોર્ડ ધ્યાનમાં રાખવો જોઈએ. જે તે વિસ્તારોમાં માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી હોય તે વિસ્તારોએ બીજી શાળા શરૂ કરવા માટે ઘણાં સંગીન કારણો રજૂ કરવાં પડશે. આ જોગવાઈ, જેમાં વસતી મોટે ભાગે આદિવાસી અથવા પછાત વર્ગની હોય તેવા દૂરના અને છૂટા પડી ગયેલા વિસ્તારોની બાબતમાં હળવી કરવામાં આવશે. તેમ છતાં 4 કિલોમીટરની મર્યાદાને સામાન્ય રીતે વળગી રહેવામાં આવશે.
- બધી શરતોનું પાલન થયા પછી બોર્ડની કારોબારીને એવી ખાતરી થાય કે શાળા રજિસ્ટર કરવાને પાત્ર છે તો તે પ્રસંગે બોર્ડના સેક્રેટરીએ રજિસ્ટર થયેલી માધ્યમિક શાળાઓની યાદીમાં તે શાળાનું નામ દાખલ કરવા કારોબારી સમિતિ આદેશ કરે છે. ત્યારબાદ સેક્રેટરી અરજદારને ખબર આપે છે. જો કારોબારી એવો નિર્ણય કરે કે શાળા રજિસ્ટર કરવા લાયક નથી તો સેક્રેટરી અરજદારને જે- તે નિર્ણયની લેખિતમાં જાણ કરે છે.

2. **વિદ્યાર્થીઓનો પ્રવેશ** :

વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની શરતો નીચે મુજબ છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali  Nagar 2 & 3, Near Amrapali  Under Bridge , Rajkot )

- રાજ્ય સરકાર તરફથી અપાતી ગ્રાન્ટ દ્વારા, ગ્રાન્ટ વિના ચલાવવામાં આવતી હોય તેવી રજિસ્ટર્ડ થયેલી શાળામાં કોઈ વિદ્યાર્થી ધર્મ, કોમ, જ્ઞાતિ, ભાષા અથવા તે પૈકી કોઈપણ કારણ માટે પ્રવેશ આપવાને ઇન્કાર કરી શકાશે નહિ.
- વિદ્યાર્થી જો પુત્ર ઉંમરનો હોય તો તેણે પોતે અથવા તો જો તે સગીર હોય તો વાલીએ લેખિતમાં અરજી કરવી જોઈએ.
- શાળાના વડાએ નિયમોની નકલો વિદ્યાર્થીને અથવા તેના વાલીને આપવાની વ્યવસ્થા કરવાની રહેશે.
- શાળા છોડયા પછી કોઈ વિદ્યાર્થી પ્રવેશ મેળવવા માર્ગ અથવા માબાપ અથવા વાલી જેણે શાળા છોડી દીધી હોય તેવા વિદ્યાર્થીનો પ્રવેશ મેળવવા માગે ત્યારે આવા વિદ્યાર્થીએ અથવા વાલીએ શાળાના વડાને પ્રવેશ માટેની અરજી સાથે છેલ્લી શાળાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર પૂરું પાડવું જોઈએ.

- ચેપી રોગથી પીડાતો કોઈ વિદ્યાર્થી પોતે રોગમુક્ત છે તેવું તબીબી પ્રમાણપત્ર વિદ્યાર્થી અથવા યથાપ્રસંગ, વિદ્યાર્થીના મા-બાપ કે વાલી રજૂ ન કરે ત્યાં સુધી, તેને રજિસ્ટર થયેલી શાળામાં હાજરી આપવાની છૂટ રહેશે નહિ.
- કોઈ વિદ્યાર્થીએ અગાઉ કોઈપણ શાળામાં હાજરી આપી ન હોય, ત્યારે તે મતલબનો એકરાર વિદ્યાર્થી પાસેથી અથવા યથાપ્રસંગે તેનાં મા-બાપ અથવા વાલી પાસેથી મેળવવો જોઈએ.
- વધુમાં, કોઈ વિદ્યાર્થીએ અગાઉ કોઈ શાળામાં હાજરી આપી હોય અને આગળની શાળાના વડા સાથે વિચાર વિનિમય કરીને વિદ્યાર્થીને કામચલાઉ દાખલ કરી શકશે એ તે બાબત અધિકારીને લખી મોકલી શકશે અને એવા અધિકારીના હુકમ પ્રમાણે કામ કરશે.
- સામાન્ય રીતે વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષના આરંભથી ત્રીસ દિવસની મુદત દરમિયાન રજિસ્ટર થયેલી શાળામાં દાખલ કરી શકાશે.
- પરંતુ આવી શાળાના વડા માંદગી, કુટુંબમાં શોક, માબાપ અથવા વાલીની એક જગ્યાએથી બીજી જગ્યાએ બદલી અથવા રહેઠાણમાં ફેરફાર જેવા ખાસ સંજોગોમાં, ઉપરોક્ત મુદત પૂરી થયા પછી વિદ્યાર્થીઓને દાખલ કરી શકશે અને જયારે કોઈ વિદ્યાર્થીને એવી રીતે દાખલ કરવામાં આવે ત્યારે તેનો રિપોર્ટ જે-તે અધિકારીને કરવાનો રહેશે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- જૂનથી મે સુધીનું શૈક્ષણિક વર્ષ અનુસરતી શાળામાં જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના શૈક્ષણિક વર્ષ અનુસરતી શાળામાંથી કોઈ વિદ્યાર્થીને જાન્યુઆરીમાં અથવા તે પછી દાખલ કરી શકશે. તે જ રીતે જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના શૈક્ષણિક વર્ષ વાળી શાળાના વિદ્યાર્થીને ઉપરોક્ત—જૂનથી મે સુધીની શાળાઓ જૂન મહિનામાં યા ત્યાર પછી દાખલ કરી શકશે. પરંતુ, આવા વિદ્યાર્થી કે વિદ્યાર્થીઓએ જે શાળા છોડી દીધી હોય અથવા જેમાં દાખલ થયો હોય તેમાં કુલ શૈક્ષણિક દિવસોના 75 ટકા હાજરી આપેલી હોવી જોઈએ.
- રજિસ્ટર થયેલી શાળામાં કોઈ વિદ્યાર્થીને મોડો દાખલ કરવામાં આવે તે બાબતમાં આવા વિદ્યાર્થીને પહેલી ટર્મની શરૂઆતની ફી ભરવી જોઈશે. પરંતુ નવી શાળામાં દાખલ થતાં પહેલાંની મુદ્દત માટેની ફી અગાઉની શાળામાં ભરેલી હોવી જોઈએ.
- અન્ય કોઈ રાજ્યમાં અથવા સંઘ રાજ્ય ક્ષેત્રમાં આવેલી શાળામાંથી આવતા વિદ્યાર્થીને જો વિદ્યાર્થીના શાળા છોડયાનાં પ્રમાણપત્ર ઉપર તે રાજ્ય કે સંઘક્ષેત્રના શિક્ષણ અધિકારીએ સામી સહી કરી હોય તો જ રજિસ્ટર થયેલી શાળામાં તેને દાખલ કરી શકાશે.
- પરંતુ, શાળા છોડયાના પ્રમાણપત્ર ઉપર તેવી રીતે સામી સહી કરેલી ન હોય, ત્યારે શાળાના વડા આવી સામી સહી કરવામાં ન આવે ત્યાં સુધી વિદ્યાર્થીને કામચલાઉ ધોરણે દાખલ કરી શકશે. આ બાબતની જાણ પૂરી વિગતો સાથે અધિકારીને કરવાની રહેશે.
- અન્ય રાજ્યોમાંથી આવેલા વિદ્યાર્થીને સમાન ધોરણને આધારે પ્રવેશ આપવામાં આવશે.
- બીજા દેશોમાંથી આવેલા વિદ્યાર્થીને રજિસ્ટર થયેલી શાળાના વડાને, અધિકારીને લખાણ કરીને એવી ખાતરી થાય કે વિદ્યાર્થી પાસે પોતે જે રાજ્યમાં જેટલી મુદત સુધી અભ્યાસ કરવા માગતો હોય તે રાજ્યમાં તેટલી મુદત આવરી લેતો યોગ્ય પ્રકારનો વીસા છે, ત્યારે જ તેને દાખલ કરી શકાશે.
- આવા વિદ્યાર્થીને દાખલ કરતાં પહેલાં તેની કસોટી પણ લેવામાં આવશે અને તે દેશના શિક્ષણ સ ાધિકારીઓએ યોગ્ય રીતે સામી સહી કરેલું શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા ત્યાં પોતાના અભ્યાસનો તબક્કો દર્શાવતા તેવા દસ્તાવેજો રજૂ કરવા જોઈશે.
- અધિકારીની ખાસ મંજૂરી સિવાય, શાળા છોડયાનું પ્રમાણપત્ર જે ધોરણ માટે વિદ્યાર્થીને લાયક ઠરાવતું હોય તે ધોરણ કરતાં ઉપલા ધોરણમાં તેને મૂકી શકાશે નહિ. વિદ્યાર્થીએ અગાઉ કોઈ મંજૂર કરેલી પ્રાથમિક શાળામાં અથવા રજિસ્ટર થયેલી શાળામાં હાજરી આપી ન હોય અથવા અગાઉ તેણે આવી કોઈ શાળામાં હાજરી આપી હોય અને તે શાળા થોડા સમય માટે છોડી દીધી હોય અને માધ્યમિક શાળામાં પ્રવેશ મેળવવા માગે તો, રજિસ્ટર થયેલી શાળાના ઉપરીએ, નીચેના સમયને

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

આધારે સામાન્ય રીતે તેણે પૂરું કર્યું હોત તે ધોરણના અભ્યાસક્રમના વિષયોમાં તેની પરીક્ષા લેવી જોઈએ.

- માન્ય ન થયેલી શાળામાંથી પ્રવેશ માટે આવેલ વિદ્યાર્થી કોઈ માન્ય શાળા અથવા મંજૂર કરેલી પ્રાથમિક શાળામાં હાજરી ન આપી હોય તે અરજદાર સવેતન મેજિસ્ટ્રેટ સમક્ષમાં બાપ અથવા વાલી સોગંદનામું કરે એટલે બધા વિષયોમાં લેખિત કસોટીને પાત્ર થશે. અને રજિસ્ટર થયેલી શાળાના વડાએ જે ધોરણ માટે તે લાયક ગણાય તે ધોરણમાં તેને અધિકારીની મંજૂરીને આધીન રહીને કામચલાઉ રીતે દાખલ કરી શકાશે. સોગંદનામામાં સ્પષ્ટપણે નીચે મુજબ જણાવવું જોઈએ.

(1) પ્રાથમિક શાળામાં દાખલ ન થવાનાં કારણો

(2) માન્ય ન થયેલી અથવા રજિસ્ટર શાળાનું નામ

(3) હાજરીનાં ધોરણો અને અભ્યાસના વિષયો

(4) પાસ કરેલી પરીક્ષાઓ

- માન્ય ન થયેલ અથવા યથાપ્રસંગે રજિસ્ટર ન થયેલી શાળામાંથી આવેલ અરજદારે અગાઉ માધ્યમિક કે પ્રાથમિક માન્ય થયેલી અથવા રજિસ્ટર થયેલી શાળામાં હાજરી આપી હોય અને માન્ય થયેલી અથવા રજિસ્ટર થયેલી શાળામાં પ્રવેશ મેળવવો હોય તો

(1) તેણે અગાઉ હાજરી આપી હોય તેવી માન્ય થયેલી અથવા રજિસ્ટર થયેલી શાળામાંથી શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા તેની બીજી નકલ જરૂર પડે તો મેળવવી જોઈએ.

(2) તેનાં મા-બાપ અથવા વાલીને સવૈતનિક મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરેલું સોગંદનામું પૂરું પાડવાનું રહેશે.

- છેલ્લી માન્ય થયેલી અથવા રજિસ્ટર થયેલી શાળા છોડી દીધાના સમયથી એક વર્ષના આધારે એક ધોરણ એ પ્રમાણે સામાન્ય રીતે જે ધોરણ વિદ્યાર્થીએ પૂરું કર્યું હોત તે ધોરણના બધા વિષયોમાં લેખિત કસોટી આપવાનું વિદ્યાર્થીને ફરમાવવું જોઈએ અને તે પછી જે ધોરણ માટે તે યોગ્ય જણાય તે ધોરણમાં તેને અધિકારીની મંજૂરીને આધીન રહીને કામચલાઉ ધોરણે દાખલ કરવામાં આવશે અને તે પછી જે ધોરણ માટે તે યોગ્ય જણાય તે ધોરણમાં તેને અધિકારીની મંજૂરીને આધીન રહીને કામચલાઉ ધોરણે દાખલ કરવામાં આવશે.
- સોગંદનામામાં નીચેની વિગતો સ્પષ્ટપણે જણાવવી જોઈશે.

(1) માન્ય ન થયેલી અથવા રજિસ્ટર ન થયેલી શાળા છોડવા માટેનાં કારણો.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

(2) માન્ય ન થયેલી અથા રજીસ્ટર ન થયેલી અને જે શાળામાં જોડાયો હોય તેનું નામ.

(3) જે ધોરણમાં હાજરી આપી હોય અને જે વિષયોમાં તેણે અભ્યાસ કર્યો હોય તે

(4) કોઈ પરીક્ષા પાસ કરી હોય તો તે

- સામાન્ય શાળામાંથી વ્યાવસાયિક શાળામાં અથવા વ્યાવસાયિક શાળામાંથી સામાન્ય શાળામાં સ્થળાંતર કરવા માગતા વિદ્યાર્થીને, સંબંધિત શાળાના વડા ધોરણ 8માં સુધી દાખલ કરી શકશે. ખાસ કેસોમાં, સામાન્ય શાળામાંથી અથવા વ્યાવસાયિક શાળામાંથી અથવા વિરુદ્ધ સ્થળાંતર કરવાની છૂટ, અધિકારીની પરવાનગીથી 9માં ધોરણ સુધી આપી શકાશે. પરંતુ વડાને ખાતરી થવી જોઈએ કે તે વિદ્યાર્થીને વર્ગની કક્ષાએ લાવવા માટે તેણે અત્યાર સુધી અભ્યાસ ન કર્યો હોય તે વિષયોમાં અને સંબંધિત અભ્યાસક્રમના પ્રેક્ટકલમાં તેને સ્થાન મળેલું છે.

v CBSE બોર્ડ (સંકલ્પના, કર્યો)

**પ્રસ્તાવના:**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) નું મુખ્ય કાર્યાલય શિક્ષા કેન્દ્ર 2, કોમ્યુનિટી સેન્ટર, પ્રીતવિહાર, દિલ્હીમાં આવેલું છે. જે માધ્યમિક શાળાઓ આ બોર્ડ સાથે સંલગ્ન છે તેવી માધ્યમિક શાળાઓ આ બોર્ડના નીતિનિયમોને અનુસરીને ચલાવવામાં આવે છે. આ પ્રકારની શાળાઓની વિશેષતાઓ નીચે મુજબ છે.

સ્થાપના : November, 1962

સરનામું : 'શિક્ષાકેન્દ્ર' 2, કોમ્યુનિટી સેન્ટર, પ્રિતવિહાર, દિલ્હી-110092.

ચેરમેન : વિનિત જોષી

Website: www.cbse.nic.in

**માધ્યમિક શાળાની લાક્ષણિકતાઓ** (Characteristics of Secondary Schools):

**પ્રવેશ માટેની સામાન્ય શરતો** :

- બોર્ડ અથવા ભારતના કોઈપણ રાજ્યના માન્ય બોર્ડ સાથે સંલગ્ન શાળામાં અભ્યાસ કરતો હોય.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- જે-તે શ્રેણીમાં નીચલા ધોરણમાંથી ઉ ીર્ણ થઈને આવેલો હોય.
- વિદેશમાંથી આવતા વિદ્યાર્થીઓ અહ નું બોર્ડનું એલિજિબિલિટી સર્ટિ. મેળવેલું હોવું જોઈએ.

**વિશિષ્ટ જોગવાઈઓ :**

- બૉર્ડના નિયમો અનુસાર આઠમા ધોરણમાં પ્રવેશ મળી શકશે.
- બૉર્ડના ધોરણ 8ની પરીક્ષા પસાર કરી હોય અથવા અન્ય બોર્ડની ધોરણ 8ની પરીક્ષા પસાર કરી હોય તે નવમાં ધોરણમાં પ્રવેશપાત્ર ગણાશે.
- દશમાં ધોરણમાં પ્રવેશ આપવામાં આવે છે.

**પ્રવેશ પ્રવિધિ** (Admission Procedures):

- કેન્દ્ર યા રાજય સરકાર દ્વારા નિશ્ચિત કરાયેલા નોંધણીપત્રક (રજિસ્ટર)માં જે-તે વિદ્યાર્થીનું નામ નોંધવામાં આવે છે.
- દરેક વિદ્યાર્થીનો જનરલ રજિસ્ટર નંબર હોય છે.
- અન્ય શાળામાંથી આવતા વિદ્યાર્થીઓનાં નામ ટ્રાન્સફર રજિસ્ટરને આધારે નોંધવામાં આવે છે.
- બૉર્ડમાં પરીક્ષાર્થી તરીકે અરજી કર્યા પછી વિદ્યાર્થી ચેરમેનની મંજૂરી સિવાય અન્ય શાળામાં દાખલ થઈ શકતો નથી.

**પરીક્ષા માટે પાત્રતા :**

- વિદ્યાર્થીએ કોઈપણ બૉર્ડનું આઠમું ધોરણ ઉ ીર્ણ કર્યા પછી બે વર્ષનો અભ્યાસક્રમ પૂરો કર્યો હોય તો જ તેને દસમા ધોરણની પરીક્ષામાં બેસવા દેવામાં આવે છે.
- તેની જે-તે ધોરણમાં ઓછામાં ઓછી 75 % હાજરી અવશ્ય હોવી જોઈએ.
- કાર્યાનુભવ, કલા શિક્ષણ અને સ્વાસ્થ્ય અને વ્યાયામ શિક્ષણમાંથી દાકતરી પ્રમાણપત્રને આધારે હાજરીમાંથી મુક્તિ મળી શકશે.
- ઇન્ટર્નલ એસેસમેન્ટ માટે ચેરમેન આ વિષયોની હાજરી માટે પોતાની રૂએ તેમાં માફી આપી શકશે.
- જો કોઈ વિદ્યાર્થીની વર્ષ દરમિયાન હાજરી ખૂટે તો શાળાના આચાર્ય બોર્ડના ચેરમેનને તે અંગેની ભલામણ કરી શકશે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

- બોર્ડના ચેરમેન દસમા અને બારમાં ધોરણમાં 15 ટકા જેટલી હાજરી માફ કરી શકે છે. 60 ટકાથી ઓછી હાજરી માફ કરવામાં આવતી નથી. એઇડ્ઝ, ટી.બી. જેવા ખાસ રોગોને ધ્યાનમાં રાખીને તબીબી પ્રમાણપત્રને આધારે આ સંજોગોમાં નિર્ણય લેવામાં આવે છે.

**ખાનગી ઉમેદવારો :**

CBSE ની પરીક્ષામાં નીચેના પ્રકારના ખાનગી ઉમેદવારો દસમા કે ભારમાં ધોરણની પરીક્ષામાં બેસી શકે છે.

- જે વિદ્યાર્થીઓ અનુ ્તીર્ણ થયા હોય.
- બોર્ડની સંલગ્ન શાળાઓમાં શિક્ષક તરીકે નોકરી કરતા હોય.

**દિલ્હીના કેન્ શાસિત પ્રદેશમાં નિવાસ કરતી મહિલાઓ...**

- જેમણે યોગ્ય માર્ગદર્શન નીચે અભ્યાસ કર્યો હોય
- જેઓ નિયમિત રીતે શાળામાં અભ્યાસ કરવા આવી શકતી ન હોય.
- જે મહિલાઓ નવમાં ધોરણમાં કેન્દ્રીય શાળા છોડી દીધી હોય અથવા વહેલી શાળા છોડી દીધી હોય તેમને તેમણે દસમું ધોરણ જે વર્ષે નિયમિત રીતે પૂરું કર્યું હોત તેના કરતાં એક વર્ષ પહેલાં પરીક્ષામાં બેસવાની છૂટ આપવામાં આવશે.
- વિકલાંગોને વિકલાંગતાના પ્રમાણપત્રોને આધારે ખાનગી વિદ્યાર્થી તરીકે પરીક્ષામાં બેસવાની છૂટ આપી શકાશે.
- આ ઉપરાંત જે વિદ્યાર્થીઓ એકવાર પરીક્ષામાં અનુ ્તીર્ણ થયા હોય તેઓ પણ ખાનગી વિદ્યાર્થી તરીકે પરીક્ષામાં બેસી શકે છે.
- ખાનગી વિદ્યાર્થીઓએ જે-તે પ્રવર્તમાન અભ્યાસક્રમ પ્રમાણે પરીક્ષા આપવાની રહે છે.

**પરીક્ષણ અને પાસ થવાનાં ધોરણો :**

- ધોરણ નવ સુધીની પરીક્ષા શાળાઓ લે છે.
- બોર્ડ દસમાં ધોરણની પરીક્ષા લે છે.
- બોર્ડે નક્કી કરેલા અભ્યાસક્રમ મુજબ દસમાની પરીક્ષા લેવામાં આવે છે.
- પરીક્ષામાં કુલ ગુણ આપવામાં આવશે નહિ. અલગ-અલગ વિષયોમાં માર્કસ/ગ્રેડ આપવામાં આવે છે.
- બાહ્ય પરીક્ષાના (આંતરિક સિવાયની) ગુણ ગુણાંક અને ગ્રેડ સાથે આપવામાં આવે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

- આંતરિક મૂલ્યાંકનમાં માત્ર ગ્રેડ આપવામાં આવે છે.
- જાહેર પરીક્ષામાં A, B, C, D અને E પ્રમાણે નવ પોઇન્ટ સ્કેલ પર ગ્રેડ આપવામાં આવે છે જયારે આંતરિક પરીક્ષામાં ફ્રાઈવ પોઇન્ટ ગ્રેડ આપવામાં આવે છે.
- ગુણાંક પરથી ગ્રેડ નક્કી કરવામાં આવે છે. આંતરિક ગ્રેડ શાળા આપે છે.
- માધ્યમિક શાળાંત પરીક્ષા (S.S.C. પરીક્ષા) માટે ઉ ીર્ણ થવાનું ધોરણ 33 ટકાનું છે.
- ગ્રેડ આપવા માટે ઉ ીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ગુણવ ાને આધારે ઊંચા ગુણાંકથી શરૂ કરીને પહેલાં ગોઠવવામાં આવે છે અને પછી તેમનું નીચે પ્રમાણે વિભાજન કરવામાં આવે છે.

A-1 ઉ ીર્ણ થયેલા વિદ્યાર્થીઓમાંથી સૌથી વધુ ગુણાંક મેળવનાર 1/8 વિદ્યાર્થીઓ.

A-2 તેમના પછીના 1/8 વિદ્યાર્થી

B-1 તેમના પછીના 1/8 વિદ્યાર્થી

B-2 તેમના પછીના 1/8 વિદ્યાર્થી

C-1 તેમના પછીના 1/8 વિદ્યાર્થી

C-2 તેમના પછીના 1/8 વિદ્યાર્થી

D-1 તેમના પછીના 1/8 વિદ્યાર્થી

D-2 તેમના પછીના 1/8 વિદ્યાર્થી

E- અનુ ીર્ણ યા નાપાસ વિદ્યાર્થીઓ

500 થી વધુ વિદ્યાર્થીઓ જે પરીક્ષામાં બેઠા હોય ત્યાં ગ્રેડિંગ પદ્ધતિ અજમાવવામાં આવે છે.

33% ગુણ ન મેળવ્યા હોય તેમને E ગ્રેડ આપવામાં આવે છે.

**મેરીટ પ્રમાણપત્ર** (Merit Certificate):

- દરેક વિષયમાં કુલ 0-1 ટકા વિદ્યાર્થીઓને ગુણવ ા પ્રમાણપત્ર (Merit Ceritficate) એનાયત કરવામાં આવે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

- જે વિષયમાં 1000થી ઓછા વિદ્યાર્થી હશે તે વિષયમાં આવું ગુણવ ા પ્રમાણપત્ર (Merit Certificate) આપવામાં આવશે નહિ.
- સરખા ગુણવાળા બધા વિદ્યાર્થીઓને મેરિટ પ્રમાણપત્ર આપવામાં આવશે.

**આંતરિક ુણાંકન** :

નીચેના વિષયોમાં શાળા દ્વારા ગ્રેડિંગ A, B, C, D, E પ્રમાણે આંતરિક ગુણાંકન આપવામાં આવશે. નીચેના વિષયોમાં શાળા આંતરિક ગુણાંકન આપશે.

(1) કાર્યાનુભવ, (2) કલા શિક્ષણ, (3) સ્વાસ્થ્ય અને વ્યાયામ શિક્ષણ,.

સંગૃહીત પ્રમાણપત્ર પરથી આંતરિક ગુણાંકન આપવામાં આવશે.

**અભ્યાસક્રમ** :

ધોરણ દસમાં નીચેના વિષયોનું શિક્ષણ લેવાનું રહેશે.

- ગમે તે બે ભાષાઓ
- ગણિતશાસ્ત્ર
- વિજ્ઞાન અને ટેક્નોલોજી
- સમાજવિદ્યા
- પૂર્વ વ્યાવસાયિક શિક્ષણનો કાર્યાનુભવ
- કલા શિક્ષણ
- શારીરિક શિક્ષણ અને સ્વાસ્થ્ય શિક્ષણ.

આ ઉપરાંત વિદ્યાર્થીઓ ફરજિયાત બે ભાષાઓ. ઉપરાંત વૈકલ્પિક વિષય તરીકે એક ભાષા અથવા કોમર્સ, પેઇ ન્ટંગ, સંગીત હોમ સાયન્સ અથવા પ્રાસ્તાવિક ઇન્ફોર્મેશન ટેક્નોલોજી વિષયોમાંથી એક વિષય પસંદ કરી શકશે.

- જો કે વિદ્યાર્થીએ ધોરણ આઠ સુધી ત્રણ ભાષાઓ ફરજિયાત ભણવી પડે છે. ધોરણ આઠની કોઈ ભાષામાં જો તે ધોરણમાં અનુ ીર્ણ થાય તો નવમાં ધોરણના અંતે તે વિષયની આઠમાં ધોરણના અભ્યાસક્રમ અનુસાર શાળાની પરીક્ષામાં બેસવું ફરજિયાત છે. તેમાં પણ જો નાપાસ થાય તો

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

દસમા ધોરણમાં તેને બીજી તક આપવામાં આવે છે. જ્યાં સુધી તે ત્રીજી ભાષામાં ઉ ર્ીર્ણ ન થાય ત્યાં સુધી તે દસમા ધોરણની પરીક્ષામાં બેસી શકતો નથી. આ પરીક્ષા શાળા દ્વારા લેવામાં આવે છે.

- ધોરણ નવ અને અગિયારમાંના વિદ્યાર્થીઓ માટે નિરક્ષરતા- નિવારણ માટે કાર્યાનુભવ વિષયના એક અંતર્ગત ભાગ તરીકે નિરક્ષરતાનિવારણનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

**માધ્યમ** : આવી શાળાઓનું શિક્ષણનું માધ્યમ અંગ્રેજી યા હિંદી રાખવામાં આવ્યું છે.

આ જ રીતે ઉચ્ચતર માધ્યમિક વર્ગોનું સંચાલન સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુ. દ્વારા થાય છે.

- ICSE **બોર્ડ (સંકલ્પના, કર્યો)**

આઈ.સી.એસ.ઈ. (ICSE)

CHAIRMAN: JOSE AIKARA

Registered Office Address: Council for the Indian School Certificate Examinations Pragati House, 3rd Floor, 47, 48 Nehru Place.

Head Office: Council for the Indian School Certificate P-35-36 Sector-VI, Pushp Vihar Hahet, New Delhi.

India ICSE Regional Office : Chennai

આઈ.સી.એસ.ઈ. (ICSE) એટલે Indian Certificate for Secondary Education—આ આંતરરાષ્ટ્રીય કક્ષાનું બૉર્ડ છે. આ બોર્ડ ભારતની માધ્યમિક શાળાઓને પણ જોડાણ આપે છે. ગુજરાતમાં પણ થોડી માધ્યમિક શાળાઓ આ આંતરરાષ્ટ્રીય બૉર્ડ સાથે સંલગ્ન છે. આ બૉર્ડનો અભ્યાસક્રમ વિશિષ્ટ પ્રકારનો અને અલગ છે. આ બૉર્ડ ધો.9 થી વિષય પસંદગીની તકો આપે છે. આશ્ચર્યજનક બાબત એ છે કે આ બોર્ડ સાથે સંલગ્ન શાળામાં ગણિત અને વિજ્ઞાન જેવા વિષયો પણ ફરજિયાત નથી. આ બોર્ડને સંલગ્ન માધ્યમિક શાળામાં પ્રોજેક્ટને વિશેષ મહત્વ અપાય છે. આ બોર્ડ સાથે સંકળાયેલી માધ્યમિક શાળાઓનું માધ્યમ અંગ્રેજી છે. વિવિધ વિષયોનો અભ્યાસક્રમ ઉચ્ચ કક્ષાનો છે. હવે શિક્ષણ રાજ્ય કે રાષ્ટ્ર પૂરતું સીમિત નથી. આજે જયારે વૈશ્વિકીકરણનો પવન ફૂંકાઈ રહ્યો છે ત્યારે ઉચ્ચ ગુણવ ાયુક્ત માધ્યમિક શાળાઓ જરૂરી છે. આવી શાળાઓમાં શિક્ષણ વધારે વાસ્તવિક (Practical) અને ઉપયોગિતાકેન્દ્રી હોવું જોઈએ. તે માત્ર વિદ્યાર્થીના વિદ્યાકીય (Academic) વિકાસ પર નહ , પરંતુ સર્વદેશીય વિકાસ (all round development) ઉપર ભાર મૂકતું હોવું જોઈએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

Aims: "Over 6.5 lakh ICSE Students are exploring new and Innovative way to Learn with expert-certified study material and innovative videos and animation"

ICSE:

- "ધ ઈ ન્ડયન સર્ટિફીકેટ ઑફ સેકેન્ડરી એજયુકેશન (ICSE) સૌ પ્રથમ કેમ્બ્રીજ યુનિવર્સિટીની લોકલ એક્ઝામીનેશન સ ડિકેટ દ્વારા સ્થાપવામાં આવી હતી.
- ICSE ના અભ્યાસક્રમમાં લગભગ બધા જ ક્ષેત્રોને સપ્રમાણમાં આવરી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સમગ્ર અભ્યાસક્રમને ત્રણ જૂથમાં વિભાજિત કરવામાં આવ્યો છે. પહેલું જૂથ ફરજિયાત છે જેમાં અંગ્રેજી, ઈતિહાસ, ભૂગોળ અને નાગરિકશાસ્ત્ર અને ભારતીય ભાષા જયારે બીજા જૂથમાં ગણિત, વિજ્ઞાન, પર્યાવરણ, કમ્પ્યુટર, ખેતી વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, એક આધુનિક ભાષા વગેરેનો સમાવેશ. જ્યારે ત્રીજા જૂથમાં કમ્પ્યુટર એપ્લીકેશન, આર્થિક, વ્યાપારિક, કલા, ગૃહ વિજ્ઞાન, પાક શાસ્ત્ર ફેશન ડિઝાઈનિંગ, શારીરિક શિક્ષણ, યોગા, તકનિકી ડ્રોઈંગ વગેરે જેવા વ્યવહારું વિષયોને આવરી લેવામાં આવ્યા છે.
- ICSE - ધોરણ 10 ના બદલે ગ્રેડ દસ બોલવામાં આવે છે.
- 1986ની નવી શિક્ષણ નીતિ અનુસાર સામાન્ય શિક્ષણ માટેની પરીક્ષા અંગ્રેજી ભાષામાં યોજે છે.
- 1986 પહેલા ફ્રેચ બોર્ડ Examination સાથે જોડાણ હતું.
- ભારતીય સરકારી શિક્ષા બોર્ડ છે.
- ICSE એ બિનસરકારી શિક્ષણ આપતું બોર્ડ છે અર્થાત ખાનગી બોર્ડ છે જે સ્વાયત સંસ્થા છે.

## v વિવિધ પ્રકારની શાળા અને તેમનો સામાન્ય પરિચય

પ્રસ્તાવના:

ગુજરાતમાં વિવિધ પ્રકારની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ ર માધ્યમિક શાળાઓ આવેલી છે. આ પૈકી ઘણી અનુદાનિત, ઘણી પૂર્ણ સરકારી શાળાઓ છે. વિકલાંગ માટેની વિવિધ વિશિષ્ટ શાળાઓ છે. વિવિધ માધ્યમ ધરાવતી શાળાઓ છે. માત્ર છોકરીઓની ગર્લ્સ સ્કૂલો-કન્યા વિદ્યાલયો છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર સંચાલિત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, જવાહર નવોદય વિદ્યાલયો, આશ્રમ શાળાઓ, આદર્શ વિદ્યાલયો પણ છે. આ પૈકીની કેટલીક શાળાઓ વિષે આપણે પ્રસ્તુત પ્રકરણમાં ચર્ચા કરીશું.

**જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ:**

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

રાજય સરકાર દ્વારા ખર્ચ ઉપાડાતો હોય એવી આ સરકારી શાળાઓ છે.

પંચાયતી રાજ્યના અમલ પછી સ ાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું હોવાથી દરેક જિલ્લાની પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિઓ ધરાવતી વિવિધ જિલ્લાની જિલ્લા પંચાયતો આ શાળાઓ ચલાવે છે.

બંધારણની કલમ-45માં સ્વીકાર્યા મુજબ 6 થી 14 વર્ષની વય જૂથનાં તમામ બાળકોને ફરજિયાત અને નિઃશુલ્ક પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાની જવાબદારી સરકારની છે. તે માટે રાજય અને કેન્દ્ર સરકાર બંનેની જવાબદારી છે. એટલે જ જિલ્લા પંચાયત ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશન કે નગર પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ શહેરો અને કસ્બાઓમાં છે.

ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણની જવાબદારી મોટા ભાગે આવી પ્રાથમિક શાળાઓ સંભાળે છે. આવી શાળાઓ ત્રણ પ્રકારની છે. ખૂબ નાનાં અને ઓછી વસતિ ધરાવતાં ગામોમાં ધો.1 થી 4ની અપૂર્ણ પ્રાથમિક શાળા, ધો.1 થી 7 ધરાવતી પ્રાથમિક શાળા, (હવે ધો.1 થી 8 ધરાવતી પ્રાથમિક શાળા.) હવે ધો.1 થી 5ને નિમ્ન પ્રાથમિક અને ધોરણ.6 થી 8ને ઉચ્ચ પ્રાથમિક શાળા કહેવાય છે.

આવી શાળાઓ વિદ્યાર્થીઓ પાસે કોઈ જાતની ફી લેતી નથી. બાળકને નિઃશુલ્ક શિક્ષણ ધો.1 થી 8 સુધી અપાય છે.

આ શાળાઓના વિદ્યાર્થીઓને મફત પાઠયપુસ્તકો અપાય છે. પછાત વર્ગનાં એટલે કે SC/ST અને OBC બાળકોને મફત ગણવેશ અપાય છે. પછાત અને આદિવાસી વર્ગનાં બાળકોને શિષ્યવૃ િઓ અપાય છે.

આવી શાળાઓમાં શિક્ષકોની નિમણૂક જિલ્લા પંચાયત કરે છે.

શિક્ષકોની બદલી પણ જિલ્લા પંચાયત દ્વારા થાય છે. જિલ્લા મથકે પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી હોય છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જિલ્લાની જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓનું નિયમન કરે છે. તેમની મદદમાં કેળવણી નિરીક્ષકો હોય છે.

તાલુકામાં તાલુકા વિકાસ અધિકારી (TDO) અને કેળવણી નિરીક્ષક હોય છે.

આઠથી દસ શાળાઓ માટે એક કેળવણી નિરીક્ષક હોય છે જે શાળાની અવારનવાર મુલાકાત લઈ હાજરી, નિયમિતતા, શિક્ષણકાર્ય, પત્રકોની ચકાસણી કરે છે. શિક્ષકોને મદદ અને માર્ગદર્શન પૂરાં પાડે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986-92ના અમલીકરણ પછી ઓપરેશન બ્લેક બોર્ડ દ્વારા આવી શાળાઓને સાધન સંપન્ન બનાવાઈ હતી.

આ શાળાના મકાનની મરામતની જવાબદારી પણ જિલ્લા પંચાયત લે છે.

પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવા સમગ્ર દેશમાં સર્વશિક્ષા અભિયાન (SSA) અમલી બની છે.

આ ઉપરાંત રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-1992 અમલી બન્યો છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિની ભલામણો પછી શિક્ષકોના પ્રશિક્ષણ માટે રાજ્ય કક્ષાએ GCERT જિલ્લા કક્ષાએ ડાયેટ- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અને તાલુકા કક્ષાએ બી.આર.સી., તેની નીચે સી.આર.સી.ની ગોઠવણી કરી છે. આ ચેનલ દ્વારા શિક્ષકોને પ્રશિક્ષણ અપાય છે. નવા વિચારોનું અમલીકરણ થાય છે. પ્રાથમિક શાળાઓમાં મધ્યા ભોજન યોજના ચાલે છે. પ્રજ્ઞા અભિગમ, બાલા કાર્યક્રમ, પર્યાવરણ મંડળ, સ્કૂલ મેનેજમેન્ટ કમિટિ (SMC), શિક્ષક-વાલી મંડળ, માતૃ મંડળ જેવા અનેક નવા વિચારો અમલી બન્યા છે. ગુજરાત પછાત, આદિવાસી અને અંતરિયાળ વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણ આપવાની જવાબદારી જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ ઉપાડી રહી છે.

**અનુદાનિત માધ્યમિક શાળાઓ - ઉ ચ્ચત્તર માધ્યમિક શાળાઓ**

ભારતમાં માધ્યમિક શિક્ષણનો આરંભ 18મી સદીમાં પાદરીઓએ કર્યો હતો. અંગ્રેજોના શાસનકાળમાં ભારતમાં માધ્યમિક શિક્ષણનો આરંભ થયો. આઝાદી પછી ગુજરાત રાજયમાં સરકાર દ્વારા માધ્યમિક શાળાઓ શરૂ થઈ હતી. ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચ ર માધ્યમિક શાળાઓ છે.

જો કે રાજ્ય સરકારની જવાબદારી પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાની છે. ખાનગી સાહસોને માધ્યમિક શાળાઓ શરૂ કરવા પ્રોત્સાહિત કરવામાં આવી. માધ્યમિક શિક્ષણના વિકાસનો યશ આવાં ખાનગી સાહસોને આભારી છે. ગુજરાતમાં ખૂબ મોટી સંખ્યામાં અનુદાનિત (Granted) માધ્યમિક અને ઉચ્ચ ર માધ્યમિક શાળાઓ છે. આ શાળાઓ ખાનગી ટ્રસ્ટો દ્વારા શરૂ કરાઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં ગામનાં કેળવણી મંડળો દ્વારા આવી માધ્યમિક શાળાઓ શરૂ કરાઈ છે. પ્રારંભમાં આવી શાળાઓને ખર્ચના 50 ટકા સહાય અપાતી. કર્મચારીઓના પગારમાં પણ 50 ટકા સહાય અપાતી. માધ્યમિક શિક્ષણ મફત થયું અને શિક્ષકોના પગારો વધ્યા પછી હવે આચાર્ય, શિક્ષકો અને અન્ય કર્મચારીઓનો પગાર 100 ટકા સરકાર આપે છે. શાળાના સંચાલન માટે અનુદાન (Grant) સરકાર દ્વારા અપાય છે. આવી શાળાઓને સુંદર, પાકાં મકાનો છે જે

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

મંડળોએ દાન મેળવી બાંધ્યાં છે. નવી તરાહના અમલીકરણ પછી આ શાળાઓ પૈકી કેટલીક શાળાઓમાં ઉચ્ચ ર માધ્યમિક શિક્ષણ ઉમેરાયું. ધો.9 થી 12 ધરાવતી શાળાઓ ઉચ્ચ ર માધ્યમિક શાળાઓ જ્યારે ધો.9 અને 10નું શિક્ષણ આપતી માધ્યમિક શાળાઓ છે. બુનિયાદી શિક્ષણ આપતી ઉ ર બુનિયાદી શાળાઓ છે. આ શાળાઓ મોટે ભાગે ગુજરાતી માધ્યમ ધરાવે છે. કેટલીક શાળાઓ અંગ્રેજી અને ખૂબ ઓછી શાળાઓ હિન્દી, મરાઠી કે ઉર્દૂ માધ્યમ ધરાવે છે.

આવી શાળાઓ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે સંલગ્ન છે. અનુદાનના નિયમો સમયાંતરે બદલાય છે. આ શાળાઓમાં સમાજના લોકો સક્રિય રસ લે છે. ઘણી શાળાઓ તેમની પ્રયોગશીલતાને કારણે જાણીતી છે. ઘણી શાળાઓએ ગુણવ ાનાં ઉચ્ચ ધોરણો પ્રસ્થાપિત કર્યાં છે. માધ્યમિક શિક્ષણના સંચાલન માટે માધ્યમિક શિક્ષણ ધારો ઘડવામાં આવ્યો છે. માધ્યમિક શિક્ષણના સંચાલન માટે માધ્યમિક શિક્ષણ બૉર્ડ રચવામાં આવ્યું છે. આ માધ્યમિક શાળાઓ- ઉચ્ચતર માધ્યમિક શાળાઓના નિયમન માટે જિલ્લામાં એક જિલ્લા શિક્ષણાધિકારી હોય છે. તેમની કચેરીમાં ઈ.આઈ. અને કેળવણી નિરીક્ષકો (A.D.I.) હોય છે. જિલ્લાની માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું તે વાર્ષિક અધિક્ષણ (Inspection) કરે છે. આ શાળાઓ વિદ્યાર્થીઓને એસ.એસ.સી. અને એચ.એસ.સી. પરીક્ષા માટે તૈયાર કરે છે.

છેલ્લાં વીસેક વર્ષથી સરકાર ખૂબ ઓછી અનુદાનિત માધ્યમિક શાળાઓને મંજૂરી આપે છે. વિશિષ્ટ કિસ્સાઓમાં આદિવાસી વિસ્તાર અને પછાત વિસ્તારમાં જ અનુદાનિત માધ્યમિક શાળાને મંજૂરી મળે છે. ગુજરાત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને આવી મંજૂરી આપવાની સ ા છે. શિક્ષકોના અને કર્મચારીઓની નિમણૂક માટેની લાયકાતો સરકાર નક્કી કરે છે. શિક્ષકોની નિમણૂક માટે રાજ્ય સરકારની મંજૂરી લેવી પડે છે, નિમણૂકને માન્ય કરાવવી પડે છે.

**પૂર્ણ સરકારી માધ્યમિક અને ઉ ચ્તર માધ્યમિક શાળાઓ**

ગુજરાતમાં કેટલીક માધ્યમિક અને ઉચ્ચ ર માધ્યમિક શાળાઓ સરકાર સંચાલિત છે. આ શાળાઓનું સંચાલન સરકારના શિક્ષણ વિભાગ દ્વારા થાય છે. શાળાના તમામ પ્રકારના ખર્ચની જવાબદારી સરકારની હોય છે. ગુજરાતમાં સૌરાષ્ટ્રમાં અને કચ્છમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચ ર માધ્યમિક શાળાઓની સંખ્યા વધારે છે. અનુદાનિત માધ્યમિક ઉચ્ચ ર માધ્યમિક શાળાઓની તુલનાએ સરકારી માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા ઓછી છે. હજુ આદિવાસી કે પછાત વિસ્તારોમાં સરકાર દ્વારા જ માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ થાય છે. આચાર્યો, શિક્ષકો અને અન્ય કર્મચારીઓની નિમણૂકો સરકાર દ્વારા થાય છે. આચાર્ય, શિક્ષક કે કર્મચારીની અન્ય શાળામાં બદલી પણ થાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

જો કે, અનુદાનિત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓની તુલનાએ સરકારી માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં ગુણવ ાનાં ધોરણો ઉતરતાં છે. શિક્ષકની બદલી થાય કે શિક્ષક નિવૃ થાય તો લાંબો સમય જગ્યાઓ ભરાતી નથી. ઘણી જરૂરિયાતો પૂર્ણ કરવામાં વિલંબ થાય છે. સરકારને પણ આવી શાળાઓ ચલાવવામાં રસ નથી. જો કોઈ મંડળ તૈયાર થાય તો શાળાનો વહીવટ મંડળને સોંપી દેવાય છે. આવી ઘણી સરકારી માધ્યમિક શાળાઓ ટ્રસ્ટોને સોંપી દેવાઈ છે.

**જવાહર નવોદય વિધાલયો**

ભૂમિકા : ભારતની રાષ્ટ્રીય શિક્ષણનીતિ–1986માં વિશિષ્ટ પ્રતિભા ધરાવતાં બાળકો ઝડપી પ્રગતિ કરી શકે તે માટે વિશિષ્ટ રીતે આયોજન કરવાનું સ્વીકારવામાં આવ્યું છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિના દસ્તાવેજમાં નીચે મુજબ નિર્દેશ કરવામાં આવ્યો છે.

"It is universally accepted that children with special talent or aptitude should be provided opportunities to proceed at a faster pace, by making good quality education available to them, irrespective of their capacity to pay for it." - National Policy of Edu. 1986

જે વિદ્યાર્થીઓમાં વિશિષ્ટ પ્રતિભા હોય તેમને સારું શિક્ષણ મળે તે માટે ગતિનિર્ધારક વિદ્યાલય (Pace making schools) શરૂ કરીને તેમને દાખલ કરવાં જોઈએ.

1986ની કાર્ય યોજનામાં નવોદય વિદ્યાલય શરૂ કરવા માટે ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ માટે સાતમી પંચવર્ષીય યોજના દરમિયાન દરેક જિલ્લામાં નવોદય વિદ્યાલય સ્થાપિત કરવા માટે પગલાં લેવામાં આવ્યાં. વાલીઓની આર્થિક પૃષ્ઠભૂમિ સાથે કોઈ સંબંધ રાખ્યા સિવાય કોઈપણ તેજસ્વી વિદ્યાર્થીએ કોઈપણ જાતના ભેદભાવ વિના દાખલ કરવામાં આવશે. ગ્રામીણ વિદ્યાર્થીઓ માટે 75 ટકા જેટલી બેઠકોનો પ્રવેશ અનામત રાખવામાં આવશે. જે-તે જિલ્લાની અનુસૂચિત જાતિ અને જનજાતિની વસતિને ધ્યાનમાં રાખીને પ્રવેશની સંખ્યા અનામત રાખવામાં આવશે. તેમના માટે ઓછામાં ઓછા 15 અને 7% ક્રમશઃ અનામત સંખ્યા નિર્ધારિત કરવામાં આવી છે. સાથે સાથે વિદ્યાર્થીનીઓ માટે 1 બેઠકો રાખવામાં આવી છે. આ વિદ્યાલયોમાં ભોજન તેમજ આવાસની વ્યવસ્થા નિઃશુલ્ક કરવામાં આવશે. આવાં વિદ્યાલયો કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બૉર્ડ સાથે સંલગ્ન રહેશે.

**જવાહર નવોદય વિદ્યાલય સમિતિ** :

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

ભારત સરકારે સને 1985 - 86માં દેશના પ્રત્યેક જિલ્લામાં નવોદય વિદ્યાલય સ્થાપિત કરવાનો પ્રારંભ કર્યો. આ વિદ્યાલયોના સંચાલન માટે 'નવોદય વિદ્યાલય સમિતિ'ની સ્થાપના કરવામાં આવી છે જે કેન્દ્રના માનવ સંસાધન વિકાસ મંત્રાલય (Ministry of Human Resources Development - MHRD) સાથે જોડાયેલી સ્વાયત સંસ્થા છે. આ સંસ્થા સમિતિના રૂપમાં 28 ફે ુ. 1985માં સ્થાપિત કરવામાં આવી હતી. તેના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે.

સમાનતા અને સામાજિક ન્યાયની સાથે ઉત્કૃષ્ટતાના ઉદેશ્યો પૂર્ણ કરવા.

દેશના વિભિન્ન ભાગનાં બાળકો ને સહ નિવાસ અને સહશિક્ષણની તકો પૂરી પાડવી.

રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપવું.

રાષ્ટ્રીય વિકાસ માટે પ્રેરણાદાયી બનવું સમિતિનું મુખ્ય કાલિય દિલ્હીમાં આવેલું છે.

આ ઉપરાંત આનાં ક્ષેત્રીય કાર્યાલયો પૂર્ણ, ભોપાલ, ચંદીગઢ, હૈદરાબાદ, જયપુર, શિલોંગ, લખનૌ અને પટણામાં આવેલાં છે. આ કાર્યાલયો પોતાના ક્ષેત્રમાં આવેલા નવોદય વિદ્યાલયોનું પ્રશાસન અને નિયંત્રણ સંભાળે છે. આ કાર્યાલયોના ક્ષેત્રાધિકાર નીચે પ્રમાણે છે.

| | કાર્યાલય | ક્ષેત્રાધિકાર |
|---|---|---|
| 1. | ભોપાલ | મધ્ય પ્રદેશ |
| 2. | ચંદીગઢ | પંજાબ, હિમાચલ પ્રદેશ |
| 3. | હૈદ્રાબાદ | આંધપ્રદેશ, કર્ણાટક, કેરલ, પોંડિચેરી, આંદામાન – નિકોબાર, લક્ષદ્વીપ |
| 4. | જયપુર | રાજસ્થાન, હરિયાણા, દિલ્હી |
| 5. | લખનૌ | ઉ  ર પ્રદેશ |
| 6. | પૂણે | મહારાષ્ટ્ર, ગુજરાત, ગોવા, દમણ, દીવ, દાદરા-નગર હવેલી |
| 7. | શિલોંગ | મેધાલય, મણિપુર, મિઝોરમ, અરુણાચલ, નાગાલેન્ડ, ત્રિપુરા, સિક્કિમ, અસમ |
| 8. | પટણા | બિહાર, ઓરિસ્સા. |

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali  Nagar 2 & 3, Near Amrapali  Under Bridge , Rajkot )

**જવાહર નવોદય વિધાલયોના ઉદ્દેશો** (Aims of Navodaya Vidyalayas):

નવોદય વિદ્યાલયના પ્રમુખ ઉદ્દેશ્યો નીચે પ્રમાણે છે.

પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પારિવારિક, સામાજિક તથા આર્થિક સ્થિતિના ભેદભાવ સિવાય તેમના સર્વાંગીણ વિકાસ માટે આધુનિકતમ સુવિધાઓ સહિત શ્રેષ્ઠ પ્રકારનું શિક્ષણ ઉપલબ્ધ કરાવવું.

ત્રિભાષા સૂત્ર અનુસાર ત્રણે ભાષાઓમાં ઉચિત જ્ઞાન અને કૌશલ્યો ઉપલબ્ધ કરાવવાં. (અહિંદી ભાષી ક્ષેત્રોમાં ત્રણ ભાષાઓમાં - ક્ષેત્રીય ભાષા, હિંદી તથા અંગ્રેજી ભાષાના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે.)

અન્ય વિદ્યાલયો માટે ગતિ નિશ્ચિત કરવી.

અનુભવ તથા સુવિધાઓને આધારે શિક્ષણની સુધારણા માટે કેન્દ્રીય સંસ્થા તરીકે કાર્ય કરવું.

**જવાહર નવોદય વિદ્યાલયોની વિશિષ્ટતાઓ (લાક્ષણિક્તાઓ)** (Main Features of Navodaya Vidyalayas):

સર્વોદય વિદ્યાલયોની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે.

આ વિદ્યાલયો પૂરી રીતે નિવાસી છે. વિદ્યાર્થીઓને ફરજિયાત જે-તે વિદ્યાલયમાં નિવાસ કરવો પડે છે.

આ વિદ્યાલયમો સહશિક્ષણ ચાલે છે. છોકરા-છોકરીઓ સાથે ભણે છે.

આ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને ખાવાપીવાની, રહેવાની, કપડાંની ગણવેશની, પુસ્તકો-નોટોની બધી જ શૈક્ષણિક સુવિધાઓ મફત (નિઃશુલ્ક) પૂરી પાડવામાં આવે છે.

નવોદય વિદ્યાલયોમાં નવમા ધોરણમાં આવ્યા પછી 30 ટકા વિદ્યાર્થીઓનું સ્થાનાન્તરણ કરવામાં આવે છે. હિંદી ભાષા વિદ્યાર્થીઓને અહિંદી ભાષા જિલ્લાઓનાં અને અહિન્દીભાષી વિદ્યાર્થીઓને હિંદીભાષી જિલ્લાઓમાં મોકલવામાં આવે છે.

**જવાહર નવોદય વિદ્યાલયોમાં પ્રવેશ** (Admissions in Navodaya Vidyalayas):

નવોદય વિદ્યાલયોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ નીચેની વિધિ પ્રમાણે આપવામાં

વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સંશોધન અને તાલીમ પરિષદ (N.C.E.R.T.) દ્વારા પરીક્ષા લઈને ગુણાંકનને આધારે છ I ધોરણમાં પ્રવેશ આપવામાં આવે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

પ્રવેશ પરીક્ષા માતૃભાષા યા પ્રાદેશિક ભાષામાં લેવામાં આવે છે.

પ્રવેશ લેનાર વિદ્યાર્થીએ સરકાર માન્ય શાળાનું ત્રીજું, ચો ું અને પાંચમું ધોરણ ઉ ીર્ણ કરેલું હોવું જોઈએ.

પ્રવેશ પરીક્ષામાં અનુ ીર્ણ યા નાપાસ થનાર વિદ્યાર્થી બીજી વાર આ પરીક્ષામાં બેસી શકતો નથી.

વિદ્યાર્થીએ જે ભાષામાં પાંચમું ધોરણ પાસ કર્યું હોય તે ભાષાના માધ્યમમથી પરીક્ષામાં બેસી શકશે.

પ્રવેશ પરીક્ષામાં માનસિક યોગ્યતા, ભાષા તથા ગણિત વિષયોની પરીક્ષા લેવામાં આવે છે.

**જવાહર નવોદય વિદ્યાલયોની વર્તમાન સ્થિતિ** : આમ તો નવોદય વિદ્યાલયોમાં શહેરી વિદ્યાર્થીઓની સંખ્યા લગભગ 25 ટકા જેટલી સીમિત રાખવામાં આવી છે. બાકીના વિદ્યાર્થીઓ ગ્રામીણ ક્ષેત્રોમાંથી આવે છે. પ્રત્યેક વિદ્યાલયમાં હું જેટલી છોકરીઓની સંખ્યાને પ્રવેશ આપવાનો આગ્રહ રાખવામાં આવે છે. આ વિદ્યાલયમોમાં જે તે જિલ્લા યા ક્ષેત્રની અનુસૂચિત જાતિ અને જનજાતિની વસતિના પ્રમાણમાં તેમને અનામતનો લાભ આપવામાં આવે છે. પરંતુ આ અનામતની વ્યવસ્થતા રાષ્ટ્રીય અનામત યોજનાથી ઓછી હોવી જોઈએ નહિ. 31 જાન્યુઆરી, 1994માં નવોદય વિદ્યાલયમાં વિદ્યાર્થીઓની સંખ્યા નીચે પ્રમાણે હતી.

| છોકરા | છોકરીઓ | ગ્રામીણ | શહેરી | સામાન્ય | અનુ. જાતિ | અનુ. જનજાતિ |
|---|---|---|---|---|---|---|
| 84,548<br>70% | 35,755<br>30% | 93,058<br>77% | 22,245<br>23% | 81,438<br>67% | 24,772<br>21% | 14,093<br>12% |

નવોદય વિદ્યાલયોમાં +2 સુધી કલા વાણિજય, વિજ્ઞાન તથા વ્યાવસાયિક શિક્ષણ આપવામાં આવે છે. હાલમાં દેશમાં રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશો મળીને 30 રાજ્યોમાં 378 નવોદય વિદ્યાલયો આવેલાં છે.

**કે ીય વિદ્યાલયો (Central Schools)**

કેન્દ્ર સરકારના આઈ.એ.એસ. તથા આઈ.પી.એસ. અધિકારીઓની નોકરીનું કાર્યક્ષેત્ર સમગ્ર ભારતનાં તમામ રાજયો છે. આવા અધિકારીઓની બદલી થતાં તે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જાય ત્યારે તેમના સંતાનોને અભ્યાસમાં સમસ્યાઓ જેવી કે માધ્યમ, પાઠ્યપુસ્તકો, અભ્યાસક્રમ અને પરીક્ષા પદ્ધતિ ઊભી ન થાય એ હેતુથી અંગ્રેજોના શાસનકાળથી એટલે કે ઈ.સ. 1921થી વિશિષ્ટ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમસ્યાઓ નિવારવા સમગ્ર રાજયોમાં કે ન્દ્રય વિદ્યાલયો (Central Schools) સ્થાપવામાં આવ્યાં છે. તે રાષ્ટ્રકક્ષાના બોર્ડ સી.બી.એસ.ઈ. સાથે સંકળાયેલાં છે. કેન્દ્રીય વિદ્યાલયોનું માધ્યમ અંગ્રેજી છે. તેના નિયમન

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

માટે વિભાગીય કચેરીઓ છે. પશ્ચિમ વિભાગની કચેરી અજમેરમાં છે. આમાં કેન્દ્ર સરકારના કર્મચારી ઉપરાંત લશ્કરી દળોના રાજ્ય એકમોના અધિકારીઓનાં સંતાનો અને અન્ય નાગરિકોના સંતાનો અભ્યાસ કરે છે. આ શાળાઓમાં સમગ્ર ભારતમાં એક સરખો અભ્યાસક્રમ હોય છે. પાઠ્યપુસ્તકો એન.સી.ઈ.આર.ટી. દ્વારા તૈયાર થયેલાં હોય છે. સમગ્ર દેશમાં સર્વસામાન્ય ધોરણો ધરાવતી આ શાળાઓ છે. એસ.એસ.સી. અને એચ.એસ.સી. પરીક્ષા સમગ્ર દેશમાં સામાન્ય લેવાય છે. ધો.10 ની એટલે કે એસ.એસ.સી. પરીક્ષા સ્વૈચ્છિક છે. કે ન્દ્રય વિદ્યાલયોના અભ્યાસક્રમો ઉચ્ચ કક્ષાના હોય છે. શિક્ષણની ગુણવ ા પણ ઉચ્ચ કક્ષાની હોય છે. આ શાળાઓને રાજ્યના કોઈ નિયમો લાગુ પડતા નથી. ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવે છે.

**કે ન્ ય વિદ્યાલય સંગઠન** (K.V.S.) : ભારત સરકારે બીજા પગાર કમિશનની ભલામણોના આધારે ઈ.સ. 1962માં કે ન્દ્રય વિદ્યાલય સંગઠનની યોજનાને મંજુરી આપી હતી. શરૂઆતમાં જુદા-જુદા રાજયોમાં 20 રેજીમેન્ટલ સ્કુલોને કે ન્દ્રય શાળાઓ તરીકે લેવામાં આવી હતી.

તેનું સફલ સંચાલન 25 ક્ષેત્રિય કાર્યાલય સંચાલિત છે, જેમાં રાંચી કાર્યાલય પણ છે.

સાથે-સાથે દેશભરમાં 5 જોનલ ઈંસ્ટીટ ્ટ પણ કામ કરે છે.

કે ન્દ્રય વિદ્યાલયમાં 11,21,012, વિદ્યાર્થીઓ (31-03-2013) અધ્યયન કરે છે. તથા 56, 445 કર્મચારી (1, 10, 2012).

1963માં કેન્દ્રીય વિદ્યાલય સંગઠનના રૂપમાં રાષ્ટ્રીય એક્તા તથા વિદ્યાર્થીઓ સાથે, 'ભારતીયતા'ની ભાવના પ્રસ્કુટીત કરવા માટે માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં ઉત્કૃષ્ટ શિક્ષણ મુખ્ય કેન્દ્રબિંદુ છે.

KVSનો ઉદ્દેશ્ય સંરક્ષણ કર્મચારી તથા સ્થળાંતરિત કે ન્દ્રય કર્મચારીઓના બાળકો માટે, કે ન્દ્રય વિદ્યાલયોની સ્થાપના કરવામાં આવી હતી, તે એક સ્વયંસંચાલિત સંગઠન છે.

ત્રણ કે ન્દ્રય વિદ્યાલય (કાઠમાંડુ, માસ્કો તથા તેહરાન)માં સ્થિત છે.

તે ભારતીય દુતવાસ, કર્મચારીઓ બાળકો તેમ જ ભારત સરકારના અન્ય કર્મચારીના બાળકો શિક્ષા આપે છે.

માનનીય આયુક્ત શ્રી અવિનાશ દીક્ષિત (IDAS) ના આર્શીવાદથી 1-4-2012માં રાંચી ક્ષેત્રમાં કાર્યાલય સંચાલન શરૂ થયું.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

રાંચી ક્ષેત્રીય કાર્યલયના અધિકાર ક્ષેત્રમાં 38 કેન્દ્રીય વિદ્યાલય આવે છે.

બધા કેન્દ્રીય વિદ્યાલયોમાં દ્વિભાષી પાઠયક્રમ છે.

સંસ્કૃત છ ીથી આઠમાં ધોરણ સુધી ફરજીયાત વિષય તરીકે, તેમ જ 12માં ધોરણમાં વૈકલ્પિક વિષયના રૂપમાં ભણાવવામાં આવે છે.

વિદ્યાર્થીઓ ફ્રેંચ, જર્મન ક્ષેત્રીય ભાષા પસંદ કરી શકે છે.

**મોડેલ સ્ૂલ્સ (Model Schools)**

મૉડેલ સ્કૂલ એટલે આદર્શ શાળા. એવી શાળા કે જેની શૈક્ષણિક પદ્ધતિઓ, વિદ્યાર્થી પ્રવૃ િઓ, સહઅભ્યાસ પ્રવૃ િઓ, મૂલ્યાંકન કાર્ય, રમત-ગમતની પ્રવૃ િઓ, સાંસ્કૃતિક પ્રવૃ િઓ, શાળાનું મકાન, વિશિષ્ટ ખંડો, પ્રણાલીઓ વગેરે અન્ય શાળાઓ માટે મોડેલ સ્વરૂપ બને. અન્ય શાળાઓ આવી શાળાઓનું અનુકરણ કરવા પ્રેરાય. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આ વિચાર વ્યક્ત થયો છે. આ વિચારને મૂર્તિમંત કરવા દરેક રાજ્યના પ્રત્યેક જિલ્લામાં એક જવાહર નવોદય વિદ્યાલય શરૂ કરવામાં આવ્યાં છે. તેમાં તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રવેશ મળે છે. વિદ્યાર્થીને કપડાં, રહેવા, જમવાની સુવિધા, બુટ-મોજાં વગેરે સરકાર દ્વારા અપાય છે. કેન્દ્ર સરકાર આવી શાળાઓ ચલાવે છે. આવી શાળા વિશે આ પહેલાં આપણે વિચાર્યું છે.

જો કે મોડેલ સ્કૂલની સંકલ્પના આથી જુદી અને આનાથી ચઢિયાતી છે. અન્ય શાળાઓ જેને આદર્શ ગણીને ચાલે, જેનું અનુકરણ કરે, આ શાળાની નવી પ્રણાલિઓને અપનાવે, શિક્ષણમાં નવીન પ્રયોગો માટે આ શાળામાંથી પ્રેરણા મેળવે એવી શાળા એટલે આદર્શ શાળા. ભારતમાં ઘણી જાતની માધ્યમિક શાળાઓ છે. પરંતુ ઉપરોક્ત વિચારોને મૂર્તિમંત કરતી આદર્શ શાળા (Ideal Model Schools) ખૂબ ઓછી છે. જ્યાં પ્રવૃ િકેન્દ્રી શિક્ષણ અપાતું હોય, વિદ્યાર્થી સ્વ પ્રયાસે અધ્યયન કરતા હોય, જીવન સાથે સંબંધ ધરાવતું અને જીવનોપયોગી શિક્ષણ જ્યાં અપાતું હોય. જ્યાં વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થતો હોય. જ્યાં સર્વગ્રાહી મૂલ્યાંકન થતું હોય એવી શાળાને આદર્શ શાળા, મોડેલ સ્કૂલ કહી શકાય.

**બહેરાં-મૂંગાંની શાળાઓ :**

જે સાંભળી શકતાં ન હોય, સાંભળવાને અભાવે બોલી ન શકતાં હોય એવાં બાળકોને બહેરાં-મૂંગાં ગણવામાં આવે છે. આ બાળકોને ઈશારાની ભાષા શીખવાય છે. ઈશારાની ભાષા વડે તે અન્યની વાત સમજી શકે છે. પોતાની વાત અન્યો સમક્ષ રજૂ કરી શકે છે. શ્રવણ ઇન્દ્રિયની ખામીને કારણે આવાં બાળકો તેમને માટેની

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

વિશિષ્ટ શાળા બહેરાં-મૂંગાંની શાળામાં અભ્યાસ કરે છે. તેમના માટે વિશિષ્ટ પ્રકારની તાલીમ પામેલા શિક્ષકો હોય છે. તેમના માટેના સર્ટિફિકેટ અભ્યાસક્રમ અને સ્પે. બી.એડ્. (બહેરાં-મૂંગાં માટે) લાયકાત જરૂરી છે. આ શિક્ષકો ઈશારા કે સંજ્ઞાઓની ભાષાના જાણકાર હોય છે. પ્રત્યેક વિષયના શિક્ષણમાં તે ઇશારા, સંકેત કે સંજ્ઞાઓનો ઉપયોગ કરીને શીખવે છે. આપણા દેશમાં આવા વિકલાંગો લાખોની સંખ્યામાં છે. તેમના માટે પ્રાથમિક અને માધ્યમિક એમ બન્ને કક્ષાની શાળાઓ જરૂરી છે. કેટલીક સેવાભાવી સંસ્થાઓ આવી શાળાઓ ચલાવે છે. વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં આવી સંસ્થાઓની સંખ્યા ઘણી ઓછી છે. ગ્રામ્ય વિસ્તારોમાં જાગૃતિના અભાવે આવાં ઘણાં બાળકો અભ્યાસથી વંચિત રહી જાય છે. સૌને શિક્ષણનો અધિકાર એ નિયમ મુજબ આવાં બાળકોને પણ શિક્ષણ મેળવવાનો અધિકાર છે. આવાં બાળકો માટે હીયરિંગ એઈડ જેવાં સાધનો અપાય છે. આવાં બાળકોને વ્યાવસાયિક તાલીમ અપાય તો તે આજીવિકા રળવા સક્ષમ બને છે. દરજીકામ, બુક-બાઈન્ડીંગ, સુથારી અને લુહારીકામ જેવાં કામો તેમને શીખવી શકાય.

**અંધશાળાઓ** (Schools for Blind):

જન્મજાત દૃષ્ટિ ન ધરાવતાં, ઓછી દૃષ્ટિ ધરાવતાં (Partially Blind) તેમજ આંધળાં બાળકો આ કક્ષામાં આવી શકે. સંપૂર્ણ દૃષ્ટિ બાધિત – અંધ બાળકો માટે અંધશાળાઓ (Blind Schools) ચાલે છે. આવાં બાળકો સ્પર્શની મદદથી વાંચતાં શીખે છે. છ ઉપસાવેલાં ટપકાંની બનેલી બ્રેઈલ લિપી તેમને શીખવાય છે. બ્રેઈલ ભાષામાં પુસ્તકો તૈયાર થાય છે. જો કે આવાં પુસ્તકો ખર્ચાળ, વજનદાર અને ઓછી સંખ્યામાં ઉપલબ્ધ હોય છે. આવાં બાળકોને હલન-ચલન (Movement)ની તાલીમ અપાય છે. શારીરિક ક્રિયાઓ બ્રશ કરવું, કપડાં પહેરવાં, અન્ય શારીરિક ક્રિયાઓની તાલીમ અપાય છે. હવે તેમના માટે બોલતાં પુસ્તકો – Talking Books ઉપલબ્ધ કરાવાય છે. જેમાં સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચારણ સાથે પુસ્તકની ટેપ તૈયાર કરાય છે. હવે સી.ડી. વપરાય છે. આ ઉપરાંત આવા વિદ્યાર્થીઓને વાચક (Reader)ની સેવા અપાય છે. આવા વાચક અંધ વિદ્યાર્થીને પુસ્તક વાંચી સંભળાવે છે. પરીક્ષામાં તેને લખનાર (Writer)ની સુવિધા અપાય છે. બોર્ડ કે યુનિવર્સિટી પરીક્ષામાં તેમને અડધો કલાક જેટલો સમય વધારે અપાય છે. તેમને ગણિત કે ગણતરીઓ શીખવવા એલેક્સ નામના સાધનનો ઉપયોગ થાય છે. તેમને બ્રેઈલ પાટી દ્વારા બ્રેઈલ લિપીમાં લખતાં શીખવાય છે. બ્રેઈલ ટાઇપ રાઇટર પણ ઝડપથી લખવા ઉપયોગમાં લેવાય છે.

આંશિક અંધ બાળકો માટે વિશિષ્ટ ઉપકરણો મેગ્નીફાઈંગ ગ્લાસ, વિશિષ્ટ ઢાળિયા વગેરેનો ઉપયોગ થાય છે. આવા વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી તાલીમ અપાય છે, જેથી તે રોજી-રોટી મેળવવા સક્ષમ બની શકે. ઘણા પ્રજ્ઞાચક્ષુઓ અનુસ્નાતક કક્ષા સુધી કે પીએચ.ડી. કક્ષા સુધીનું શિક્ષણ મેળવી શક્યા છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

આવાં બાળકો પણ લાખોની સંખ્યામાં છે, જ્યારે તેમને માટેની વિશિષ્ટ શાળાઓ ઘણી ઓછી છે. જિલ્લામાં એક, બે જેટલી જ અંધશાળા હોય છે. આવાં બાળકોને સામાન્ય બાળકો સાથે શિક્ષણ આપવાની સંકલિત શિક્ષણ યોજના (Integrated Approach) અમલી બન્યો છે. નવરંગપુરામાં આવેલ અંધશાળા, અંધજનમંડળ દ્વારા આવાં બાળકો માટે નોંધપાત્ર કામગીરી થઈ છે. હવે તો તેમને કમ્પ્યૂટર શિક્ષણ પણ અપાય છે. અંધ વ્યક્તિઓ બેંકોમાં, શિક્ષણ સંસ્થાઓમાં અને અન્ય સ્થાને સફળતાથી કામગીરી કરે છે.

**મંદ ુદ્ધિ બાળકો માટેની શાળાઓ** (Schools for Mentally Retarded Children) :

વિકલાંગતાનો ત્રીજો પ્રકાર છે; મંદબુદ્ધિ બાળકો. આવાં બાળકોના શિક્ષણ માટે મંદબુદ્ધિ બાળકોની શાળાઓ હોય છે. સામાન્ય રીતે જેનો બુદ્ધિઆંક 50? તેથી નીચો હોય તેને મંદબુદ્ધિ બાળકો કહે છે. તેની પણ વિવિધ કક્ષાઓ હોય છે. આવાં બાળકોના શિક્ષણ માટે મંદબુદ્ધિ બાળકોની શાળાઓ હોય છે. આ શાળાઓમાં વિશિષ્ટ તાલીમ પામેલા શિક્ષકો હોય છે. માધ્યમિક કક્ષાએ સ્પે. બી.એડ્. (મંદબુદ્ધિ બાળકો)ની તાલીમની વ્યવસ્થા છે, જ્યારે પ્રાથમિક કક્ષા માટે સર્ટિફિકેટ અભ્યાસક્રમ હોય છે. મંદબુદ્ધિ બાળકો માટેના શિક્ષકોમાં મહત્ત્વનો ગુણ ધીરજનો છે. આ બાળકોને કોઈ એક બાબત ઘણીવાર શીખવવી પડે છે. જો શિક્ષક ધીરજ ગુમાવી દે, ગુસ્સે થાય કે બાળકને શિક્ષા કરે તે આ ક્ષેત્રમાં નિષ્ફળ જાય છે. આવાં બાળકોને દૈનિક ક્રિયાઓ કરવાની તાલીમ પણ અપાય છે. આવાં બાળકો અમુક કક્ષાથી વધારે પ્રગતિ કરી શકતાં નથી. તેમને અનુકૂળ એવા વ્યવસાયોની તાલીમ આપી તેમને આજીવિકા રળવા સક્ષમ બનાવાય છે. ગુજરાતમાં મંદબુદ્ધિ બાળકોની શાળાઓ ખૂબ ઓછી સંખ્યામાં છે. સરકારે અનુદાન આપીને અને સમાજે દાન આપીને આવી સંસ્થાઓને સમૃદ્ધ બનાવવી જોઈએ.

- **પરિચય**: GCERT, IASE, CASE, DIET, NCTE, STTI, UGC, KCG

**જી.સી.ઈ.આર.ટી. – ુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ** (G.C.E.R.T. - Gujarat Council of Educational Research & Training)

રાષ્ટ્રીય કક્ષાએ શૈક્ષણિક સંશોધન અને શિક્ષકોની તાલીમ માટે NCERT કામ કરે છે, તેમ પ્રત્યેક રાજ્યમાં સંશોધન અને તાલીમ માટે SCERT (State Council of Educational Research and Training) કામ કરે છે.

ગુજરાત રાજ્યમાં 1964 સુધી રાજ્ય શિક્ષણ ભવન (State Institute of Educational) નામની સંસ્થા પ્રાથમિક શિક્ષણના શિક્ષકોની તાલીમ માટે કામ કરતી હતી. 1986ની રાષ્ટ્રીય શિક્ષણનીતિ અને તેના અમલીકરણ કાર્યક્રમ (Plan of Action)ના અન્વયે પ્રત્યેક રાજયમાં SCERT હોવાનું આવશ્યક લેખાયું. આથી ગુજરાત

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

રાજ્યમાં GCERTની રચના કરવામાં આવી છે. રાજય શિક્ષણ ભવન (SIE) ને GCERTમાં પરિવર્તિત કરવામાં આવેલ છે.

રાજય શિક્ષણ ભવન માત્ર પ્રાથમિક શિક્ષણની ગુણવ ા સુધારવા કામ કરતી સંસ્થા હતી. સાથે-સાથે પૂર્વકાલીન સેવા તાલીમ માટે શિક્ષણ-પ્રશિક્ષણ બોર્ડ કામ કરતું હતું. GCERTની રચના તથા પ્રાથમિક તેમ જ માધ્યમિક શિક્ષણનો પ્રશિક્ષણની સંસ્થાઓને તેના કાર્યક્ષેત્રમાં આવરી લેવામાં આવેલ છે.

GCERTનું ૂંક પરિચય:

GCERTનું મુખ્ય ધ્યેય મંત્ર 'તેજસ્વિના વધી' તમસ્તું છે. જે આ સંસ્થાને સાર્થક છે.

1964 માં રાજ્ય શિક્ષણ ભવન (SIE) નામે આ સંસ્થા શરૂ થઈ હતી, જેનું મુખ્ય મથક અમદાવાદમાં હતું.

1986 ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિના કાર્યક્રમના અમલીકરણના ભાગરૂપે રાજ્ય શિક્ષણ ભવનો (SIE)ની કામગીરીનું વિસ્તરણ કરી સન્ 1988 માં સંસ્થાને 'ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ' (GCERT) નામ આપી અપગ્રેડ કરવામાં આવી.

1998 માં સોસાયટી રજિસ્ટ્રેશન ધારા 1860 હેઠળ GCERTની નોંધણી કરવામાં આવી, અને 1997 માં આ સંસ્થા અમદાવાદથી ગાંધીનગર ખસેડવામાં આવી.

GCERT પ્રાથમિક, માધ્યમિક અને શિક્ષણ-પ્રશિક્ષણના ગુણવ ા સુધાર અને અભિવૃદ્ધિ માટે રાજ્યકક્ષાએ કાર્યરત છે.

આ સંસ્થા પૂર્વ સેવાકાલીન તાલીમ અને સેવાકાલીન તાલીમના કાર્યક્રમોનું વાર્ષિક આયોજન તૈયાર કરે છે.

વિજ્ઞાન એકમ દ્વારા વિજ્ઞાન પ્રદર્શનો યોજે છે. આ ઉપરાંત બાળમેળા, બાળ રતમોત્સવ, શાળા પ્રવેશોત્સવ, વિજ્ઞાનમેળા વગેરે કાર્યક્રમોનું આયોજન કરે છે.

પ્રશિક્ષણ સ્તરે Pre PTC, PTC, CPED, GBTCના અભ્યાસક્રમો તૈયાર કરે છે. CMDE શાખા દ્વારા પૂર્વ-પ્રાથમિકથી પ્રશિક્ષણ સંસ્થાઓના અભ્યાસક્રમો નક્કી કરે છે અને પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં 'ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ'ને સહાય કરે છે.

દરેક જિલ્લામાં શિક્ષણ વ્યાપ વધારવા અને ગુણાત્મક શિક્ષણ પુરું પાડવા DIET સંસ્થાઓ ઊભી કરવામાં આવી છે. DIETનું સંચાલન અને દેખરેખ રાજય-કક્ષાએ GCERT રાખે છે.

SHREE H.N. SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ GCERT ચલાવે છે. GCERT તેનું મુખપત્ર 'જીવન-શિક્ષણ' સામયિક ચલાવે છે જેનું પ્રકાશન દર મહિને ગાંધીનગરથી કરવામાં આવે છે. આ સામયિક મૂળ 'શાળાપત્ર'ના નામે 1862માં શરૂ થયેલું જે આજે 'જીવનશિક્ષણ' નામથી પ્રગટ થાય છે.

**હેતુઓ** (Objectives):

GCERT ના હેતુઓ નીચે પ્રમાણે છે:

શિક્ષણની ગુણવ ાનું ધોરણ ઊંચું લાવવું.

શૈક્ષણિક સંશોધનો હાથ ધરવાં

પ્રશિક્ષણ અને સેવાકાલીન તાલીમના કાર્યક્રમો હાથ ધરવા.

રાજ્યના શિક્ષણ વિભાગને સલાહ આપવી, ગુજરાત સરકારની પ્રાથમિક શિક્ષણની નીતિનું અમલીકરણ કરવું.

DIET, CTES, IASE अने GBTC જેવી સંસ્થાઓને પ્રાથમિક શિક્ષણ સુધારણા કાર્યક્રમોમાં શૈક્ષણિક માર્ગદર્શન અને નેતૃત્વ પૂરું પાડવું.

શૈક્ષણિક સાહિત્ય પ્રસિદ્ધ કરવું.

શિક્ષણના નૂતન પ્રવાહોના સંદર્ભમાં પ્રગતિશીલ કાર્યક્રમો હાથ ધરવા.

વિજ્ઞાનમેળાનું આયોજન કરવું.

**કાર્યો** (Functions):

શિક્ષણની તમામ શાળાઓમાં સંશોધનો હાથ ધરવાં, સહાય કરવી અને સંકલન કરવું.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકો માટે પ્રશિક્ષણ અને સેવાકાલીને તાલીમ કાર્યક્રમો ઉચ્ચ સ્તરે હાથ ધરવા.

રાજ્યમાં DIETS, NCTEs અને IASES, ઉપર શૈક્ષણિક અને વહીવટી નિયંત્રણ રાખવું.

પ્રાથમિક શિક્ષક તાલીમી કોલેજો (P.T.C) અને જિલ્લા શિક્ષણ સમિતિઓ સાથે જોડાયેલી પ્રાથમિક શાળાઓ ઉપર શૈક્ષણિક નિયંત્રણ રાખવું.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

પ્રાથમિક શિક્ષણનું ધોરણ સુધારવા માટે શિક્ષણ પદ્ધતિઓ અંગે પ્રયોગો અને સંશોધનો હાથ ધરવાં.

શાળાઓમાં સુધારેલી શૈક્ષણિક પ્રવિધિઓ અને કામગીરીનો પ્રચાર અને પ્રસાર કરવો.

વિશ્વ અને રાષ્ટ્રમાંથી આવતાં શિક્ષણ વિષયક નૂતન પ્રવાહો, સંશોધનો, તારણો, પૂરક સાહિત્ય, સામયિકો વગેરેનાં પ્રકાશન હાથ ધરવાં.

શિક્ષણની ગુણવ ા સુધારવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (D.P.E.P.) સાથે સંકલન કરવું.

પ્રૌઢશિક્ષણ, વસ્તીશિક્ષણ, IEDC, IPTT - ITV અને પર્યાવરણ શિક્ષણના કાર્યક્રમો હાથ ધરવા.

સંબંધિત કાર્યાલયો, CRCs (કલસ્ટર રિસોર્સ કો-ઑર્ડિનેટર્સ), BRCs (બ્લોક રિસોર્સ કો-ઑર્ડિનેટર્સ) અને શાળાઓમાં મુલાકાત દરમિયાન શૈક્ષણિક સહાય અને માર્ગદર્શન પૂરાં પાડવાં.

સમયની માંગ પ્રમાણે તાલીમી કૉલેજોના અભ્યાસક્રમમાં પરિવર્તનો લાવવાં.

GCERT ના ઉપયોગ માટે કોઈ મિલકત ખરીદવી, ભાડે રાખવી, બાંધકામ કરવું તેમજ દાન સ્વીકારવું.

જિલ્લા સંશાધન જૂથ (DRG) અને રાજ્ય સંશાધન જૂથ દ્વારા શિક્ષકો CRC કો-ઓર્ટિનેટર્સને (SRG) માર્ગદર્શન આપે છે.

શિક્ષણની બધી જ વિદ્યાશાખાઓમાં શૈક્ષણિક સંશોધન પ્રવૃ િને સમર્થન, સહાય, માર્ગદર્શન અને ઉ ેજન પૂરું પાડી વ્યાખ્યાતા, તજ્જ્ઞો, સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ, બી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ તથા કેળવણી નિરીક્ષકો દ્વારા ક્રિયાત્મક સંશોધન કરાવે છે.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકો માટે સેવાકાલીન અને પૂર્વસેવા શિક્ષક તાલીમ માટે પ્રશિક્ષણ કાર્યક્રમો યોજે છે અને તેનું મોનીટર ગ કરે છે.

જિલ્લા શિક્ષણ તાલીમ ભવન CTE (કૉલેજ ફોર ટીચર એજ્યુકેશન) અને (આઈ.એ.એસ.ઈ.) (ઈ સ્ટટ ૂટ ઓફ એડવાન્સ સ્ટડીઝ ઈન એજ્યુકેશન) એટલે કે કોલેજોને શૈક્ષણિક અને વહીવટી સપોર્ટ કરે છે અને નિયંત્રણ રાખે છે.

યોગા, શારીરિક શિક્ષણ, ચિત્રકલા, સંગીત, એન.એસ.એસ. અને સ્કાઉટ ગાઈડ અંગેની તાલીમોનું આયોજન અને અમલીકરણ કરે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

આઈ.ટી.વી. ના કાર્યક્રમો હીસકો (ગાંધીનગર) અને ઈસરો (અમદાવાદ) જેવી સંસ્થાઓ દ્વારા ટેલિકોન્ફરન્સ અને દૂરવર્તી શિક્ષણ દ્વારા, સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ, B.R.C. કો-ઓર્ડિનેટર્સ અને ભવનના વ્યાખ્યાતાઓને શૈક્ષણિક માર્ગદર્શન આપે છે. નૂતન અભિગમો દ્વારા અને શૈક્ષણિક કઠિન બિંદુઓ અંગેની જાણકારી આપે છે.

ગણિત વિજ્ઞાન એકમ દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોને ગણિત વિજ્ઞાન સંબંધિત કઠિન બિંદુઓની સમજ આપે છે. વિજ્ઞાન પ્રદર્શન અને સાયન્સ કોર્નર જેવા કાર્યક્રમો યોજે છે. ગણિત વિજ્ઞાન મંડળને માર્ગદર્શન આપે છે.

**શાખાઓ** (Departments) : સમગ્ર રાજ્યમાં શિક્ષણની ગુણવ ા સુધારવા માટે જી.સી.ઈ.આર.ટી. જે વિવિધલક્ષી પ્રવૃ િઓ અને કાર્યો કરે છે તેને નીચેની શાખાઓમાં વહેંચી શકાય.

તાલીમ શાખા
અભ્યાસક્રમ શાખા
સંશોધન શાખા
આઈસીટી શાખા
વિજ્ઞાન ગિણિત શાખા
શારીરિક શિક્ષણ શાખા
પ્રકાશન શાખ (જીવન શિક્ષણ વિજ્ઞાન સેતુ)
પ્લાનિંગ મેનેજમેન્ટ શાખા
આઈ.ટી.આઈ. એ એસ.ઈ. શાખા

**GCERTના ખાસ કાર્યક્રમો:**

1. સંકલિત યોજના વિકલાંગ બાળકો માટે

2. તારુ ય શિક્ષણ સહિત

3. આઈપીટીપી-આઈટીવી શાખા (ઈન્ટર એ ક્ટવ ટેલિવિઝનના માધ્યમથી શિક્ષકોને તાલીમ)

રાજ્ય કક્ષાએ સંકલન (Co-ordination at State level):

Commissioner of Schools

GSTBB ↑ DPEP

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

DIET'S
CTES/IASS
Pre. PTC & PTTIS
UNICEF
GIET
MSB

GCERT

Yoga Inst.
DEC
IIM
Sec. E.B.
SFB

Uni. & B.Ed. Colleges

કેન્દ્ર અને પ્રાદેશિક સ્તરે સંકલન (Co-ordination at National and Regional level):

NCERT
CCRT
MHRD
UNICEF

GCERT

NUEPA
NCTE
RIE
NGOS

નાણાકીય એહવાલ (Financial Report) :

MHRD
GoG
NCERT
UNICEF

GCERT

NUEPA
NCTE
UNESCO

જી.સી.ઈ.આર.ટી.નું સંચાલક મંડળ (Governing Body) :

જી.સી.ઈ.આર.ટી.નું વ્યવસ્થાપક મંડળ નિયમાનુસાર તેનો વહીવટ, નિયમન અને વ્યવસ્થાપન કરે છે. વ્યવસ્થાપક મંડળના અધિકારીઓ અને સ ાધીશો નીચે મુજબ હોય છે :

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

પ્રમુખ (President)

ઉપપ્રમુખ (Vice-President)

ચેરમેન (Chairman)

કારોબારી સમિતિ (Executive Committee)

જી.સી.ઈ.આર.ટી.ના ડીરેક્ટર (Director), જોઈન્ટ ડીરેક્ટર (Jt. Director) અને મંત્રી (Secretary)

CASE - Centre of Advanced Studies in Education

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ વડોદરાની ફેકલ્ટી ઓફ એજ્યુકેશન એન્ડ સાયકોલોજીનો એક વિભાગ એટલે C.A.S.E. (Centre of Advanced Study in Education) युध्यत्वे C.A.S.E से संशोधन डरनार સંસ્થા છે. વડોદરાના મહારાજા સયાજીરાવ ત્રીજા દીર્ઘ દૃષ્ટના ફળ સ્વરૂપે સને 1935માં વડોદરામાં સેકન્ડરી ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજની સ્થાપના કરવામાં આવી હતી. સમગ્ર પશ્ચિમ વિભાગમાં આ કોલેજ ખૂબ જ જાણીતી હતી. ઈ.સ. 1949માં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સ્થાપના થતાં આ કૉલેજને ફેકલ્ટી ઓફ એજ્યુકેશન એન્ડ સાયકોલોજીનો દરજ્જો પ્રાપ્ત થયો. શિક્ષણ કૉલેજ અને ફેકલ્ટીનાં ભવ્ય ભૂતકાળ શિક્ષણ, શિક્ષણ-પ્રશિક્ષણમાં સંશોધન પ્રવૃ ઓને અગ્રતા આપનાર આ શિક્ષણના વિભાગને ઈ.સ. 1963-64માં યુ.જી.સી. દ્વારા Centre of Advanced Study in Education તરીકેનો દરજ્જો પ્રાપ્ત થયો. આ પ્રકારનું તે ભારતનું શિક્ષણના વિષયનું એક માત્ર કેન્દ્ર છે. ઈ.સ. 1974થી C.A.S.E. અને શિક્ષણ વિભાગ B.Ed., M.Ed., M.Phil. (શિક્ષણ) અને Ph.D. ના અભ્યાસક્રમો ચલાવે છે. 2000-01 થી આ વિભાગમાં Post graduate Diploma in Guidance and Counselling નો સ્વનિર્ભર અભ્યાસક્રમ પણ ઉમેરાયો છે. C.A.S.E. નું મુખ્ય કાર્ય શિક્ષણના વિવિધ પાસાંઓ પર સંશોધન કરવાનું છે. આ ઉપરાંત વિવિધ નૂતન અભિગમોનો શિક્ષણક્ષેત્રે પ્રાયોગિક ધોરણે અમલ કરી વિશાળ જનસુમદાયને આ દિશામાં માર્ગદર્શન આપવાનું કાર્ય પણ આ સંસ્થા કરે છે. માઈક્રોટીચિંગના ક્ષેત્રે આ સંસ્થાએ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. અભિક્રમિત અધ્યયન ક્ષેત્રે પણ આ કેન્દ્ર દ્વારા નોંધપાત્ર કાર્ય કરવામાં આવેલ છે. બી.એડ્.ના શૈક્ષણિક માપન અને મૂલ્યાંકનના વિષય માટે અને M.Ed. નાં સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓનાં ક્ષેત્રે અભિક્રમિત અધ્યયન સામગ્રી તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત M.Ed. નાં શૈક્ષણિક ટેક્નોલોજી ક્ષેત્ર માટે પણ સાહિત્યનું નિમણિ કરવામાં આવ્યું છે. આ તૈયાર કરેલ સાહિત્ય સંશોધન પદ્ધતિ અને પ્રવિષિઓને આધારે તૈયાર કરવામાં આવેલ છે. આજ સુધી અહ થી 450 જેટલા વિદ્યાર્થીઓએ Ph.D. કક્ષાનું સંશોધન કરેલ છે. આ સંસ્થાના અનેક વિદ્યાર્થીઓ ભારતભરની અનેક

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

શિક્ષણ સંસ્થાઓમાં નેતૃત્વ પુરૂં પાડે છે. આ કેન્દ્રના વિદ્યાર્થીઓ બાંગ્લાદેશ, શ્રીલંકા, કેન્યા, નાઈજીરીયા જોર્ડન, થાઈલેન્ડ, સિંગાપોર, યુ.કે., યુ.એસ.એ માં પણ શૈક્ષણિક સંસ્થઓમાં સેવાઓ આપે છે. આ વિભાગમાં લગભગ 56 વિદ્યાર્થીઓએ Ph.D. કરેલ છે. હાલમાં 25 થી 30 વિદ્યાર્થીઓ Ph.D. કરે છે. મુખ્યત્વે કમ્પ્યૂટર આધારિત અધ્યયન-અધ્યાપન, Emotional Intelligence, અધ્યયન-અધ્યાપનમાં ક્ષતિ ધરાવતાં બાળકો (Special Education) માટે વિવિધ કાર્યક્રમો જેવા ક્ષેત્રો પર હાલમાં સંશોધનકાર્ય ચાલે છે. બી.એડ્.માં Information Technology in Education નું ફરજિયાત પ્રશ્નપત્ર આપેલ છે. આ ઉપરાંત Computer Education ને લગતાં પ્રશ્નપત્રો બી.એડ્. અને M.Ed. માં પણ દાખલ કરવામાં આવ્યાં છે.

છેલ્લા પાંચ વર્ષમાં C.A.S.E. દ્વારા વિવિધ વિષયો પર નવ જેટલાં પુસ્તકો બહાર પાડવામાં આવ્યાં છે. દર વર્ષે બે રાષ્ટ્રીય કક્ષાનાં સેમિનારોનું આયોજન નિયમિતપણે કરવામાં આવે છે. જેમાં ગુજરાત અને ભારતભરના વિદ્વાનો સક્રિયપણે ભાગ લઈ વિચારોનું આદાનપ્રદાન કરે છે. છેલ્લા ત્રણ વર્ષમાં C.A.S.E. માં DPEP યોજના અંતર્ગત Terminal Assessment Survey કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત રાજ્યમાં આવેલા વૈકલ્પિક શાળાઓનાં મૂલ્યાંકનનો એક પ્રોજેક્ટ પણ પૂર્ણ કરવામાં આવ્યો છે.

યુનિવર્સિટીનાં અધ્યાપકોને In Service Education આપવાનું શ્રેય આ વિભાગને ફાળે જાય છે. સન 1976 થી આ વિભાગે મ.સ.યુનિવર્સિટીમાં નવા જોડાયેલા અધ્યાપકો માટે શૈક્ષણિક મૂલ્યાંકન અને શૈક્ષણિક પદ્ધતિઓ આધારિત એક કાર્યક્રમ તૈયાર કર્યો છે. આજે પણ આ કાર્યક્રમ ચાલુ છે. નવા જોડાયેલા અધ્યાપકો પાસે આ કાર્યક્રમમાં 10 દિવસ ભાગ લેવો ફરજિયાત છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન C.A.S.E. દ્વારા થાય છે. રાજ્યમાં ચાલતા સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ હેઠળના 14 જિલ્લાઓનું મૂલ્યાંકનનું કાર્ય પણ આ વિભાગને સોંપવામાં આવ્યું છે. આ કાર્ય Ministry of Human resource Development (MHRD) દ્વારા આપવામાં આવેલ છે.

આ રીતે આ વિભાગ શૈક્ષણિક સંશોધનો, શિક્ષકો અને પ્રશિક્ષકો માટેના સેવાકાલીન કાર્યક્રમો અને શિક્ષણક્ષેત્રે વિવિધ પ્રકારનાં સેમિનારોનું સતત આયોજન કરે છે. હાલમાં બી.એડ્.માં 100, એમ.એડ્.માં 55, લગભગ 16 અને સલાહ અને માર્ગદર્શનમાં 30 વિદ્યાર્થીઓ કાર્યરત છે. આ સંસ્થાના હાલના વડા

**ડૉ. રમેશચં જી. કોઠારી છે.**

**સી.એ.એસ.ઈ. (CASE)નાં કાર્યો:**

ઓપન સેલ પુસ્તકાલયમાં સંશોધન કાર્ય પર ભાર મૂકીને ચલાવવું.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

દૃશ્ય શ્રાવ્ય સાધનોની સઘન હોય છે અને આ લાઈબ્રેરી નેટવર્કથી જોડાયેલ હોવાથી વૈશ્વિક સંશોધનથી પણ લાભાર્થીઓ પરિચિત રહે છે.

દેશ-વિદેશથી આવતા લાભાર્થીઓ ગુજરાતના આ કેન્દ્રમાં વિવિધ યુનિવર્સિટીમાંથી સંશોધન અર્થે આવેલ તાલીમાર્થીઓ આ કેન્દ્રનો મહ  મ લાભ મેળવી શકે છે તે માટેની ઔપચારિક સગવડતાં પૂરી પડાય છે.

આ કેન્દ્રમાં વિદ્યાર્થીઓ વાંચન ઉપરાંત જરૂરી માહિતીની નોંધ કરે છે અને તે નોંધ ગ્રંથપાલ પાસે જોવડાવે છે.

આ કેન્દ્ર માત્ર શિક્ષણને લગતી પ્રવૃ િઓનું જ કેન્દ્ર છે, એટલે અહ  કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃ િને અવકાશ નથી. પરિણામે ખૂબ મોટા વિદ્વાનો પણ આ કેન્દ્રનો લાભ લે છે.

આ કેન્દ્રમાં માત્ર ગુજરાતી ભાષામાં જ નહ , પરંતુ વિશ્વનો અગ્રગ ય કોલેજોના પુસ્તકો પણ ઉપલબ્ધ બને છે. Ph.D. નો નોંધપાત્ર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાયેલાં હોય છે.

આ કેન્દ્રને UGC દ્વારા મોટા પ્રમાણમાં આર્થિક સહાય મળતી હોવાથી સુવિધાઓમાં અને અદ્યતન શૈક્ષણિક પ્રવાહોથી અપગ્રેડ થયેલ છે.

આ કેન્દ્ર યુનિવર્સિટીને પણ એડવાન્સ સ્ટડી માટે માર્ગદર્શનની ભૂમિકા પૂરી પાડે છે.

આ કેન્દ્રમાં માર્ગદર્શન હેઠળ શિક્ષણમાં નવાં નવાં સંશોધનો અમલીકરણ કરવામાં આવે છે.

ટૂંકમાં, આ કેન્દ્ર દ્વારા...

શિક્ષણક્ષેત્રે નૂતન અભિગમો વિકસવવા.

શૈક્ષણિક સાહિત્ય નિર્માણ.

B.Ed., M.Ed., M.Phil. અને Ph.D. વગેરેના વિદ્યાર્થીઓ પદ્ધતિ તેમજ સંશોધનોમાં ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવું.

રાષ્ટ્રીય કક્ષાના સેમિનારોનું આયોજન.

યુનિવર્સિટી અધ્યાપકોને in Service Education આપવું.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

SSA અભિયાન જેવા રાષ્ટ્રીય અભિયાન કાર્યક્રમોનું મૂલ્યાંકન કરવું અને MHRD દ્વારા સોંપાયેલ કામગીરી હાથ ધરવી.

IASE - Institution of Advanced Studies in Education

શિક્ષકોના શિક્ષણને (Teacher Education) બળવ ર બનાવવા અને પુનઃગઠિત કરવા માટે કેન્દ્ર સરકારના માનવ સંસાધન ખાતાના સંયુક્ત સચિવે તેમના તા.24-6-87 ના પત્ર નં. ૩ / 7-7-187 – Sch-II થી રાજ્ય સરકારને સાતમી પંચવર્ષીય યોજના અન્વયે દેશભરમાં પસંદ કરાયેલી તાલીમી પ્રશિક્ષણ કોલેજને, પ્રોજેક્ટના એક ભાગ તરીકે ભૌતિક અને માનવીય સુવિધાઓની પૂર્તિ માટે આર્થિક સહાય પૂરી પાડવાની યોજના બનાવી. આ 250 સંસ્થાઓમાંથી 50ને તેમનો વ્યાપ વિસ્તારવા માટે આર્થિક સહાય પૂરી પાડી તેમને પ્રતિભા સંવર્ધન (Centres of Excellence and Reaserch) અને સંશોધન કેન્દ્રો તરીકે વિકસાવવાં. આ પસંદ કરાયેલી 50 સંસ્થાઓને શિક્ષણમાં અભ્યાસમાં પ્રગતિશીલ સંસ્થાઓ (Institutions of Advanced Studies in Education) (IASES) તરીકે ઓળખાઈ, જયારે બાકીની 200 માધ્યમિક શિક્ષકોની તાલીમી કોલેજો 'શિક્ષક પ્રશિક્ષણ મહાવિદ્યાલય' (College of Teacher Education) (CTEs) તરીકે ઓળખાય છે. અત્યારે ગુજરાતમાં ગૂજરાત વિદ્યાપીઠ, રામબા ગ્રેજયુએટ ટ્રેનિંગ કૉલેજ, પોરબંદર; એચ.એમ.પટેલ ઇન્સ્ટિટ ્ટ ઓફ ઇંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ, વલ્લભ વિદ્યાનગર અને ડીપાર્ટમેન્ટ ઓફ એજયુકેશન, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરમાં IASEs કેન્દ્રો ચાલે છે.

**આઈ.એ.એસ.ઈ. (IASE)નાં કાર્યો:**

પ્રાથમિક શાળાના શિક્ષક-પ્રશિક્ષકોને તૈયાર કરવા માટે કાર્યક્રમો હાથ ધરવા.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષક-પ્રશિક્ષકો અને સંશોધકોને તૈયાર કરવા માટે એમ.એડ, એમ.ફીલ અને પી.એચ.ડી. જેવા અભ્યાસક્રમો હાથ ધરવા. કેટલીક IASEs સંસ્થાઓમાં માધ્યમિક શાળાના શિક્ષકો માટે ચાર વર્ષનો સળંગ અભ્યાસક્રમ શરૂ કરવો.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષક - પ્રશિક્ષકો, માધ્યમિક શાળાના આચાર્યો અને નિરીક્ષકો માટેના સેવાકાલીન કાર્યક્રમો હાથ ધરવા.

શિક્ષક - પ્રશિક્ષણ સંસ્થાઓમાં અજમાયશી કાર્યક્રમો (Pilot Programmes) હાથ ધરવા.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

શિક્ષણના ક્ષેત્રમાં ઉચ્ચ કક્ષાના મૂળગત અને વ્યવહારુ સંશોધનો હાથ ધરવાં જેમ કે, શૈક્ષણિક સમાજશાસ્ત્ર, શિક્ષણનું અર્થશાસ્ત્ર અને શૈક્ષણિક મનોવિજ્ઞાન વગેરે.

શૈક્ષણિક તકનિકીનો ઉપયોગ કરવા અને સો ટવેર બનાવવા માટેના તાલીમી કાર્યક્રમો હાથ ધરવા.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો (DIETs) અને શિક્ષક- પ્રશિક્ષણ કોલેજોને (CTEs) ને શૈક્ષણિક માર્ગદર્શન આપવું.

આઈ.એ.એસ.ઈ. જેવી સંસ્થાઓને શૈક્ષણિક સાહિત્ય વિકસાવવામાં મદદરૂપ થઈ શકે જેમ કે,

- એકમ આયોજન અથવા વિષયવસ્તુ પદ્ધતિના અધ્યાપન માટેનું સાહિત્ય.
- પ્રશ્નબેંકો
- શિક્ષક હાથપોથીઓ, વિદ્યાર્થીની સ્વાધ્યાય પુસ્તિકાઓ... વગેરે.
- સંદર્ભ સાહિત્ય
- સ્વઅધ્યયન
- શૈક્ષણિક સાધનો...વગેરે.

**અસર**: ઉપર જોયાં તે કાર્યો કરવા માટે આઈ.એ.એસ.ઈ. કેન્દ્રો વિવિધ પ્રવિષિઓનો ઉપયોગ કરે છે. જેમ કે, સેમિનાર, વર્કશોપ, જૂથચર્ચા, વ્યક્તિગત શાળાની મુલાકાત, સમર કોર્સ, ઓપવર્ગ, શાળાદ ક કાર્યક્રમ, આઉટ પોસ્ટ સેન્ટર્સ, પત્રવ્યવહાર રીફ્રેશર કોર્સ વગેરે.

આમ આ કેન્દ્રો (સંસ્થાઓ) નવા વિચારોને મૂર્ત સ્વરૂપ આપે છે. શિક્ષણ મહાવિદ્યાલય અને શાળા વચ્ચે કડીરૂપ બની રહે છે. પ્રશિક્ષણ કાર્યક્રમમાં અમૂલ્ય ફાળો આપે છે. શિક્ષણની ગુણવ ા વધારવામાં સતત પ્રયત્નશીલ રહે છે અને છેવટે અનેક નવા વિચારો શાળા સુધી પહોંચાડી પરિવર્તનનો પરિવ્રાજક બને છે. ટૂંકમાં, આ કેન્દ્રો દ્વારા થયેલાં કાર્યોની અસર નીચે જેવી ગણાવી શકાય :

- શિક્ષકોની વિચારસૃ ષ્ટમાં નવી સંકલ્પનાઓ પ્રવેશી.
- શિક્ષણના વિચારનું વાતાવરણ ઊભું થયું.
- આચાર્યો નવા પ્રયોગો તરફ અભિમુખ થયા.
- શિક્ષકોમાં સામયિક વાચન, લેખન, વિજ્ઞાનમેળા, નિબંધ હરીફાઈ, સાંસ્કૃતિક પ્રવૃ િઓમાં ભાગ લેનારાઓનો ઉત્સાહ જાગ્યો.
- વૈજ્ઞાનિક શૂન્યતામાંથી વૈચારિક ઉત્સાહ વધ્યો.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

DIET (જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન):

**પ્રસ્તાવના** :

સ્વાતંત્ર્ય પછી ભારતમાં શિક્ષણ ક્ષેત્રે પ્રારંભિક શિક્ષણનું સાર્વત્રિકરણ એ પાયાનો ઉદ્દેશ રહ્યો છે. ભારતીય બંધારણની કલમ 45 મુજબ સંવિધાનના આરંભથી દસ વર્ષની મુદતની અંદર તમામ બાળકને તેમની ચૌદ વર્ષની વય પૂરી થાય ત્યાં ધી મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવશે. આ સંવિધાનની જોગવાઈ મુજબ, રાષ્ટ્રે પ્રારંભિક શિક્ષણ અને અક્ષરજ્ઞાનમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. આમ છતાં શિક્ષણના પ્રારંભિક તબક્કામાં અધવચ્ચેથી અભ્યાસ છોડી જનારાઓનું પ્રમાણ વધુ રહ્યું હતું. સાથે સાથે છેવાડાના વ્યક્તિ સુધી શિક્ષણ વિસ્તારી શક્યા ન હતા. આ પરિસ્થિતિને લઈ મે - 1986 માં સંસદે શિક્ષણ અંગેની નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ (National Policy on Education) અમલમાં મૂકી.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અપનાવી ત્યાં સુધી રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT), રાષ્ટ્રીય શિક્ષણ આયોજન અને વહીવટ સંસ્થા (NUEPA) અને રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (SCERT) જેવી. સંસ્થાઓ દ્વારા જ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણમાં સહાય પૂરી પાડવામાં આવતી હતી. રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986માં, શિક્ષક-પ્રશિક્ષણ, સેવાકાલીન અને પૂર્વસેવા ક્ષેત્રોને મહત્ત્વનાં ગણી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની રચના પ્રાથમિક સ્તરે જ શિક્ષણના ઊર્ધીકરણ કરવાના એક ભાગરૂપે કરવામાં આવી.

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન : ધ્યેય**

પ્રારંભિક અને પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રોમાં હાથ ધરાતા કાર્યક્રમો માટે પાયાના સ્તરે શૈક્ષણિક તાલીમ અને સાધનરૂપ સહાય પૂરી પાડવી.

જિલ્લાની જરૂરિયાત પ્રમાણે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પ્રાથમિક શિક્ષિણ ક્ષેત્રે કાર્ય કરશે.

સંસ્થા (DIET-ડાયેટ)ની પોતાની કામગીરીની ઉત્કૃષ્ટતા માટે સતત પ્રયત્નો કરવા.

ડાયેટ, પ્રારંભિક અને પ્રાથમિક શિક્ષણનાં ક્ષેત્રમાં રાષ્ટ્રીય ધ્યેયો સિદ્ધ કરવાની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ બની રહેશે.

આમ, કાર્યક્ષમ અને અસરકારક આયોજન અને કામગીરીનો અમલ, સુસંવાદી અને સર્જનાત્મક સંસ્થાકીય વાતાવરણ, સ્વચ્છ અને આકર્ષક કેમ્પસનો નિભાવ વગેરે જિલ્લામાં અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે આદર્શરૂપ બનવાની અપેક્ષા રહે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની મુખ્ય કામગીરી :

(1) તાલીમ (2) સાધન- સહાય વિતરણ (3) સંશોધન

1. **તાલીમ** :

તાલીમના મુખ્ય બે પ્રકાર છે :

(અ) પૂર્વસેવાકાલીન તાલીમ – જે નિર્ધારિત સમયમર્યાદામાં આપવાની હોય છે. જ્યારે,

(બ) સેવાકાલીન તાલીમ – એ નિરંતર તાલીમ હોય છે.

સેવાકાલીન તાલીમનું આયોજન વર્તમાન સમયની જરૂરિયાતોને ધ્યાને લઈ નીડ બેઇઝ્ડ, વિસ્તાર આધારિત (એરિયા બેઇઝ્ડ) ફિલ્ડ બેઇઝ્ડ, અને સંશોધનનાં તારણો આધારિત (રિસર્ચ બેઈઝ્ડ) હોય છે. જેમાં લાભાર્થી જૂથ તરીકે શિક્ષકો ઉપરાંત સમાજના સભ્યો, શિક્ષણના વહીવટકર્તાઓનો સમાવેશ થાય છે.

2. **સાધન સહાય વિસ્તરણ** :

પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સાધન-સહાય વિસ્તરણ એ ડાયેટની જવાબદારીયુક્ત કામગીરી બની રહી છે.

અભ્યાસક્રમને ધ્યાનમાં લઈ આયોજનો પૂરાં પાડવાં.

અભ્યાસક્રમ આધારિત પૂરક સાહિત્ય નિર્માણ કરવું.

વર્તમાન પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન વ્યવસ્થા પૂરી પાડવી.

ટેક્નિકલ સપોર્ટ પૂરો પાડવો, જેમાં ઓડિયો-વિડિયો, સી.ડી. પ્રોગ્રામિંગ વગેરેનો સમાવેશ થાય છે.

શિક્ષક - પ્રશિક્ષણ માટે સાહિત્ય-માર્ગદર્શિકા તૈયાર કરવી.

સમયાંતરે ગુણવ ા ચકાસણી સંબંધિત રિપોર્ટ તૈયાર કરવા.

શૈક્ષણિક આયોજન તૈયાર કરવા.

શૈક્ષણિક કાર્યક્રમોના રિપોર્ટ તૈયાર કરવા.

ડેટાબેઝ (જિલ્લાનો) તૈયાર કરવો.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**સંશોધન** :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો માટે સંશોધન કાર્ય છે. અગત્યની કામગીરી પુરવાર થઈ છે.

ડાયેટ ફેકલ્ટી દ્વારા સંશોધન હાથ ધરવાં.

પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કાર્ય કરતા શિક્ષકો-નિરીક્ષકો અને સ્ટોક હોલ્ડર્સ દ્વારા સંશોધન હાથ ધરવાં.

સંશોધનકાર્ય સંબંધિત માર્ગદર્શન પૂરું પાડવું.

સિદ્ધિ સર્વેક્ષણ કરવાં.

ક્ષેત્રિય શૈક્ષણિક સર્વેક્ષણ કરી જરૂરિયાતોનો પરિચય મેળવવો.

નિરીક્ષણમાં નવીનતાઓ શોધવી તથા ક્ષેત્રોમાં વિસ્તારવી..

સંસ્થાની પત્રિકા, બુલેટિન, સામયિકો પ્રસિદ્ધ કરવાં, તેના લેખો દ્વારા શિક્ષણ ક્ષેત્રોની માહિતી આપવી.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદને સામગ્રી વિકાસ, પરીક્ષણ અને મોનિટર ગ માટે મદદ કરવી.

આમ, પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની કામગીરી વ્યાપકપણે વિસ્તરેલી છે.

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને વિવિધ શાખાઓ** :

| | | |
|---|---|---|
| IFIC | DIET | CMDE |
| P&M | | Science & Maths Unit |
| PSTE | | WE |
| ET | | DRU |

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં કુલ સાત શાખાઓ કાર્યરત છે. આ સાતેય શાખાઓ બીજી શાખાનાં કાર્યો સાથે સંકળાયેલ છે. આમ, તમામ શાખાઓના સંકલન થકી સમગ્ર સંસ્થાનું કાર્ય થાય છે.

1. પૂર્વસેવા શિક્ષણ શાખા (Pre - Services Teacher Education- PSTE):

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

પૂર્વસેવા શિક્ષણ શાખા, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની પ્રયોગશાળા છે. કારણ કે એ સેવાકાલીન શિક્ષકો માટે ડાયેટ જે કાર્ય કરવાનું છે, તે કાર્યની તાલીમ પૂર્વસેવા શિક્ષણ લેતા શિક્ષકોને પણ આપવાની છે. ડાયેટનાં વિસ્તૃત ક્ષેત્રોના કાર્યનો અનુભવ આ શિક્ષકોને આપવામાં આવે છે. આ શાખાના અધ્યાપકોને તેમના વિષયના વિષયજ્ઞાનની સાથે ડાયેટની દરેક શાખાના કાર્યનું મહત્ત્વ અને કાર્યની માહિતી આપવામાં આવે છે, જેથી ભવિષ્યમાં સેવાકાલીન શિક્ષક તરીકે તે ઉપયોગી થઈ શકે. પી.એસ.ટી.ઈ. શાખા અંતર્ગત જૂન - 2012 થી P.T.C. કોર્સનું નામાભિધાન કરી D.El.Ed. નામ રાખેલ છે.

**શાખાનાં કાર્યો** :

કેન્દ્રવર્તી શાખા તરીકે સેવા આપવી.

સંશોધન અને અભ્યાસક્રમની સામગ્રી તૈયાર કરવી.

અધ્યાપન પ્રવૃ િઓમાં ટેક્નિકલ સપોર્ટ મેળવવો.

શીખવા - શીખવવાની વિવિધ પદ્ધતિઓ વિકસાવવી.

સંસ્થા (ડાયેટ)ની અન્ય શાખાઓની પ્રવૃ િઓનો ખ્યાલ મેળવવો

શિક્ષણ સામગ્રીની જાળવણી કરવી તથા તેનો મહ  મ ઉપયોગ કરવો.

સહપાઠયક્રમ પ્રવૃ િઓ વિકસાવવી તથા તેનો લાંબ પ્રશિક્ષણાર્થીઓને આપવો.

પ્રશિક્ષણાર્થીઓમાં મૂલ્યાંકન, પરીક્ષણ, સંશોધન કાર્યાનુભા અંતર્ગત સંકલ્પનાઓ સ્પષ્ટ થાય તેવા પ્રયત્ન કરવા.

શાખાનું વાર્ષિક આયોજન તૈયાર કરવું તથા સમગ્ર વર્ષ દરમિયાન (શાખા દ્વારા) થયેલ પ્રવૃ િનો અહેવાલ તૈયાર કરવો.

આમ, પૂર્વસેવા શિક્ષણ શાખા ડાયેટની પ્રયોગશાળા છે. ડાયેટે જે કાર્યો શિક્ષણક્ષેત્રમાં કરવાનાં છે, તેને તેના સ્વરૂપે સંસ્થામાં આ શાખાએ કરવાનાં છે.

2. **કાર્યાનુભવ શાખા** (Work Experience - W.E.):

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સાત શાખાઓમાં બીજી મહત્ત્વની શાખા કાર્યાનુભવ શાખા છે. બાળકોના સર્વાંગી વિકાસમાં માનસિક ક્રિયાઓ સાથે શારીરિક કામ પણ જરૂરી છે. કાર્યાનુભવમાં વસ્તુઓના નિર્માણ દ્વારા ઉપાર્જન, શારીરિક કામ અને શીખવાની પ્રક્રિયા ત્રણેયનો સંગમ થાય છે. વિદ્યાર્થી સમાજમાં રહે છે. નાનપણથી સમાજોપયોગી ઉત્પાદક કાર્યમાં પ્રવૃ  થાય તે જરૂરી છે. વસ્તુઓનું નિર્માણ કરતાં કલાત્મક અભિરુચિ તથા કૌશલ્યો ખીલે તે મુખ્ય ઉદેશ છે.

**શાખાનાં કાર્યો** :

ક્ષેત્રોની પસંદગી તથા તેને અનરૂપ કાર્યાનુભવની પ્રવૃ િઓ વિકસાવવી.

અન્ય શાખાઓ સાથે સંકલન સાધવું.

સંસ્થાકીય કાર્યોની દેખભાળ રાખવી.

સંસ્થાના કર્મચારીઓ, સેવાકીય વ્યક્તિઓ, તાલીમાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવું.

સંસ્થાના મકાન, વિસ્તાર-માર્ગો, મેદાન, લોન-બગીચા વગેરેની સ્વચ્છતા, ફર્નિચર, ભૌતિક સુવિધાઓની દેખભાળ રાખવી.

સ્થાનિક પર્યાવરણમાંથી ઉપલબ્ધ થઈ શકે તેવી સાધન-સામગ્રી આધારિત સાધનોનું ટી.એલ.એમ.નું નિર્માણ કરવું.

શાળા કક્ષાએ કરવાની પ્રવૃ િઓ અને સાધન નિર્માણ અલ્પ ખર્ચમાં તૈયાર કરવાની કાળજી રાખવી.

વર્ષ દરમિયાન કરવાની થતી પ્રવૃ િઓનું આયોજન કરવું.

કાર્યાનુભવ અંતર્ગત કરવાની થતી પ્રવૃ િઓ માટે માર્ગદર્શિકા તૈયાર કરવી.

પ્રશિક્ષણાર્થીઓ તથા સેવાકાલીન શિક્ષકો દ્વારા તૈયાર કરેલાં સાધનો - ટી.એલ.એમ.નું પ્રદર્શન ગોઠવવું.

3. **જિલ્લા સંસાધન એકમ** (District Resource Unit DRU):

**પૂર્વભૂમિકા** :

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ, નામાંકન, સ્થાયીકરણની સાથે શિક્ષણની ગુણવ ા સુધારણા અર્થે ડાયેટની સ્થાપના થઈ. રાજયમાં પ્રાથમિક શિક્ષણના વિકાસ સાથે રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં સાક્ષરતા કાર્યક્રમો માટે પણ ભાર મૂકવામાં આવ્યો છે.

1988માં રાષ્ટ્રીય સાક્ષરતા મિશનની સ્થાપના કરી ગ્રામ્ય કક્ષા સુધી સાક્ષરતાના કાર્યક્રમોને અસરકારક રીતે રજૂ કરવા જિલ્લા કક્ષાએ ડાયેટની સાત શાખા પૈકી એક પાંખ તરીકે જિલ્લા સંસાધન એકમની સ્થાપના કરવામાં આવી.

જિલ્લા સંસાધન એકમનું નિર્માણ સાર્વત્રિક શિક્ષણના નવસંસ્કરણ કાર્યક્રમો માટે મહત્ત્વનું યોગદાન પૂરું પાડી, માનવીય મૂલ્યોના સાતત્યપૂર્ણ વિકાસ માટે તાલીમી સાહિત્ય નિર્માણ, મૂલ્યાંકન કાર્યકરો માટે તાલીમની સાથે મૂલ્યાંકન હાસ પરવું. ગ્રામ્ય કક્ષા સુધી સાક્ષરતા અંતર્ગત જનજાગૃતિ સાથે કાર્યક્રમોને બળ આપવાના ઉદેશ્યથી શાખા કાર્ય કરે છે. લોકભાગીદારીના

**ડી.આર.યુ.નાં કાર્યો** :

સાક્ષર ભારત અંતર્ગત સાક્ષરતા અભિયાન, અનુસાક્ષરતા અભિયાન અને નિરંતર શિક્ષણ અને સરસ્વતી યાત્રા માટે સહયોગ આપવો.

સાક્ષરતા કાર્યક્રમોનું સાહિત્ય નિર્માણ, કાર્યક્રમનું મૂલ્યાંકન અને જરૂરિયાત, કાર્યકરો માટે તાલીમ, જનજાગૃતિ માટેના કાર્યક્રમો ઘડવા.

નવા સાક્ષરો માટે કૌશલ્યવર્ધક કાર્યક્રમોના કાર્યકરો, લાભાર્થી માટે તાલીમ, સ્થાનિક સાહિત્ય નિર્માણ અને અમલીકરણમાં સહયોગ પૂરો પાડવો.

મહિલા સમાજને સાક્ષરતા, આરોગ્ય, કાયદો, બાળસંભાળ અંગે જનજાગૃતિ કાર્યક્રમ ઘડવા.

આંગણવાડી, બાલવાડી અને પૂર્વ પ્રાથમિક શિક્ષણના કાર્યકરો માટે નવસંસ્કરણ કાર્યક્રમો ઘડી તાલીમ આપવી.

સરકાર દ્વારા અમલી બનેલ જેન્ડર એજ્યુકેશન, વૈકલ્પિક શિક્ષણ, પ્રવેશોત્સવ, નામાંકન, કન્યા કેળવણી અંતર્ગત કાર્યક્રમો માટે તાલીમનું આયોજન કરવું.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

સરકાર દ્વારા શિક્ષણના સાર્વત્રિકીકરણ માટેની અમલીકરણ સમિતિના સભ્યો માટે સાક્ષરતા કાર્યક્રમો, પ્રવેશોત્સવ, કન્યા કેળવણી નિધિ અંગે જનજાગૃતિ કાર્યક્રમો હાથ ધરવા.

રાજ્ય સંસાધન એકમ દ્વારા યોજાતી તાલીમ, સાહિત્ય નિર્માણમાં સહભાગીદારી કરી વિસ્તરણ કરવા સહયોગ પૂરો પાડવો.

જિલ્લા કક્ષાએ ચાલતા અશાલેય શિક્ષણ, વૈકલ્પિક શિક્ષણ, અવૈધિક શિક્ષણ અંતર્ગત કાર્યકરોને તાલીમ આપી કાર્યક્રમનું મૂલ્યાંકન હાથ ધરવું.

સાક્ષરતાનો પ્રચાર - પ્રસાર માટે પદાધિકારી, કર્મચારી, શિક્ષણ સમિતિના પ્રતિનિધિ માટે લોક સહકાર સંકલ્પનાત્મક કાર્યશિબિરોનું આયોજન કરવું.

માનવીય મૂલ્યોના સાતત્યપૂર્ણ વિકાસ અતંર્ગત વસતિ શિક્ષણ, તારુ ય શિક્ષણ, જેન્ડર બાયસ, નશીલાં દ્રવ્યો, મહિલા સશક્તિકરણ અને કિશોરો માટે આરોગ્ય શિક્ષણ માટે તાલીમ અને એડવોક્સી કાર્યક્રમોનું આયોજન કરવું.

રાષ્ટ્રીય પર્વો-દિનોની ઉજવણી કરી જનજાગૃતિ માટેનું આયોજન કરવું.

**સેવા અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રિય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન શાખા** : (In-Service Programme, Field Interaction and Innovation, Co-ordination Branch - IFIC)

આઈ.એફ.આઈ.સી. શાખા જિલ્લામાં ક્ષેત્રિય કાર્યક્રમો સાથે સંકળાયેલી છે, જેનો વ્યાપ ખૂબ જ વિસ્તૃત છે. સમગ્ર વર્ષ દરમિયાન સંસ્થા દ્વારા થનાર ક્ષેત્રિય સેવાકાલીન કાર્યક્રમોની જવાબદારી આ શાખા સંભાળે છે, જેનાં કાર્યો નીચે મુજબ છે.

**શાખાનાં કાર્યો** :

સેવાકાલીન પ્રશિક્ષણ યોજના તૈયાર કરવી અને સંકલન કરવું.

કેન્દ્રવર્તી શાખા તરીકે સંચાલન સેવા આપવી. મુખ્ય શિક્ષકોના તથા શિક્ષકોના પ્રશિક્ષણ કાર્યક્રમો આયોજિત કરવા, જ્યારે વિષયાંગ કોઈપણ શાખા સાથે સંબંધ ધરાવતો ન હોય ત્યારે તે અંગેનું કાર્ય આ શાખાએ હાથ ધરવું.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

જિલ્લામાં પ્રારંભિક શિક્ષકોની તાલીમ જરૂરિયાતો નિર્ધારિત કરી તાલીમ કાર્યકરોનું આયોજન અને અમલીકરણ કરવું.

જિલ્લામાં સંસ્થાના સેવાકાલીન વાર્ષિક કાર્યક્રમો તૈયાર કરવા અને અન્ય શાખાઓને મદદ કરવી.

દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમોની જિલ્લામાં અસરકારકતા વધે તે મુજબના પ્રયાસ કરવા.

સેવાકાલીન તાલીમ કાર્યક્રમો માટે સાધનરૂપે રિસોર્સ પર્સનના સંસ્કરણ કાર્યક્રમો યોજવા.

સેવાકાલીન શૈક્ષણિક કાર્યક્રમોની ગુણવ ા અને અસરકારકતાનું મૂલ્યાંકન કરવું અને દેખરેખ રાખવી તથા તેમાં સતત સુધારણા કરવા પ્રયત્નો કરવા.

ક્ષેત્રિય કાર્ય - સંશોધન પ્રવૃ િઓનું સંકલન કરવું અને તેના પરિણામોનો ફેલાવો કરવો.

નિયતકાલીન (દ્વિમાસિક - ત્રિમાસિક) સમાચારપત્ર તથા સંસ્થાનું મુખપત્ર બહાર પાડી જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓને મોકલવું.

ડાયેટમાં હાથ ધરાતા ક્રિયાત્મક સંશોધનોનું સંકલન કરવું તથા તેના તારણોનો ફેલાવો કરવો.

ક્ષેત્રમાં આંતરક્રિયા દ્વારા શૈક્ષણિક અનુભવ, નાવિન્ય તથા પ્રગતિ અંગેની જાણકારી પ્રાપ્ત કરવી.

જિલ્લાના શિક્ષકોને કેવા પ્રકારની તાલીમની જરૂર છે, તેની વિગતો પ્રાપ્ત કરવી.

5. **પાઠયપુસ્તક સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન** : (Curriculum Material Development and Evaluation Branch CMDE)

સી.એમ.ડી.ઈ. શાખા ડાયેટની તમામ શાખાઓ સાથે વણાયેલી છે. કાર્યાનુભવ શાખા અને ઈ.ટી. શાખા આ શાખાની પૂરક શાખાઓ છે. સંસ્થાની બાકીની શાખાઓને અભ્યાસક્રમ, પૂરક સાહિત્ય, શૈક્ષણિક સાધનો અને મૂલ્યાંકન કસોટીઓ દ્વારા મદદ કરી વધુ મજબૂત કરવાની છે.

**શાખાનાં કાર્યો**

સ્થાનિક પર્યાવરણને અનુરૂપ નવા શિક્ષણ એકમોનું નિર્માણ કરવું.

અતિ પછાત-વિભિન્ન બોલી ધરાવતા વિસ્તારનાં બાળકો માટે સ્થાનિક ભાષામાં સાહિત્ય નિર્માણ કરવું.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટે તફનિકી સહાય અને માર્ગદર્શન પૂરું પાડવું.

મૂલ્યાંકન માટે સાધન-સાહિત્ય મોડયુલ, પ્રશ્નબેંક અને પ્રાપ્ત પરીક્ષણ યોજના તૈયાર કરવી.

જિલ્લામા સંશોધન વિભાગ માટે જરૂરી સામગ્રી તૈયાર કરવામાં મદદ કરવી.

જિલ્લાની સ્થાનિક જરૂરિયાત આધારિત અભ્યાસક્રમ, સાહિત્યનું નિર્માણ કરવું.

કસોટી, પ્રશ્નબેંક, માપન, મૂલ્યાંકન, નિદાન કસોટીઓ, ઉપચારાત્મક કાર્યક્રમો માટે માર્ગદર્શક સિદ્ધાંતો વગેરે સંબંધિત શાખાઓ, સંસ્થાઓ, તજજ્ઞો, શિક્ષકો-પ્રશિક્ષકોનો સહયોગ લઈ વિકાસ કરવો, નિર્માણ કરવું.

નિરંતર અને અશાલેય શિક્ષણ માટે ઉપર્યુક્ત વિકાસ કામોમાં જિલ્લા સંશાધન એકમને મદદરૂપ થવું.

પ્રાથમિક શાળાઓમાં શીખનારાઓની સિદ્ધિની ચકાસણી માટે નમૂના આધારિત કસોટીઓ હાથ ધરવી.

શીખનારા માટે મૂલ્યાંકનની વિશ્વસનીય અને અધિકૃત પદ્ધતિ દાખલ કરવામાં મદદ કરવી.

ડાયેટના અન્ય બધા જ કાર્યક્રમો, પ્રવૃિઓમાં અભ્યાસક્રમ સામગ્રી વિકાસ અને મૂલ્યાંકનને લગતી માહિતી પૂરી પાડવી.

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટેની આધુનિક પદ્ધતિઓ વિકસાવવી.

સમયાંતરે સમયની માંગ મુજબ અભ્યાસક્રમોમાં ફેરબદલી કરવી.

પાઠ્યક્રમ તથા પાઠ્યપુસ્તક વિશ્લેષણ કરવું.

6. **શૈક્ષણિક પ્રૌદ્યોગિક શાખા** (Educational Technology Branch-E.T.)

આ શાખા દ્વારા થયેલ પ્રવૃિઓ દ્વારા બાળકોની શીખવાની પ્રક્રિયાને વેગ મળે છે. બાળકોની પ્રવૃિને વિકસાવે છે. શૈક્ષણિક સાધનોની મદદથી આપેલ શિક્ષણ વધુ ઇન્દ્રયજન્ય હોવાથી બાળકોમાં ધારણશક્તિ વધે છે, અને શિક્ષણ રસમય બને છે.

**શાખાનાં કાર્યો** :

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

ડાયેટ ફેકલ્ટી સાધનરૂપ વ્યક્તિઓના સહયોગથી શિક્ષણને લગતા વિવિધ વિષયક્ષેત્રો માટે અસરકારક અને ઓછી કિંમતનાં શૈક્ષણિક સાધનો જેવાં કે આલેખ, આકૃતિ, નમૂનાઓ, ફોટોગ્રાફ, સ્લાઈડ, શ્રવણટેપ, નાટ્યલેખન વગેરે વિકસાવવાં.

વૈકલ્પિક અને અશાલેય શિક્ષણ માટે શિક્ષણમાં ઉપયોગી સાધનો વિકસાવવામાં જિલ્લા સંશોધન એકમને મદદ કરવી.

ભવનનાં બધા જ દૃશ્ય-શ્રાવ્ય સાધનો, કમ્પ્યૂટર પ્રયોગશાળા, શૈક્ષણિક સાધનો, ફિલ્મ પ્રોજેક્ટર દૃશ્ય-શ્રાવ્ય કેસેટ વગેરે સાધનોની જાળવણી કરવી.

શૈક્ષણિક દૃશ્ય કાર્યક્રમો માટે નજીકની પ્રસારણ સંસ્થાઓનો સંપર્ક કરી શૈક્ષણિક કાર્યક્રમો પ્રસારિત કરાવવા.

જિલ્લામાં યોજાતા દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમો ઉપયોગલક્ષી બને તે માટે શિક્ષકોને ટેકૂનિકલ બાબતોનું માર્ગદર્શન આપવું.

સરળ, ઓછા ખર્ચવાળાં શૈક્ષણિક સાધનોનો વિકાસ અને અસરકારક ઉપયોગ કરવો.

ટેક્નિકલ (કેસેટ, સીડી) શૈક્ષણિક સાધનોના વિકાસ નિર્માણ માટે કાર્યશાળાનું આયોજન અને સંચાલન કરવું.

ભવનના બધા જ કાર્યક્રમો – પ્રવૃિ ઓમાં શૈક્ષણિક પ્રૌદ્યોગિકીને લગતી માહિતી પૂરી પાડવી.

વર્તમાન સમયમાં બહોળા ટેકનિકલ વ્યવહારને વ્યવહારુ બનાવવા શિક્ષકોને માર્ગદર્શન અને તાલીમ આપવી.

7. **આયોજન અને વ્યવસ્થાપન શાખા** (Planning and Management Branch - P & M):

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોના આયોજન અને વાર્ષિક કાર્યક્રમોના અહેવાલ નિરૂપણ માટે આયોજન અને વ્યવસ્થાપન શાખા કેન્દ્રવર્તી શાખા તરીકે કાર્ય કરે છે. તમામ શાખાઓના સંકલનમાં રહી શાખા પોતાની ફરજો બજાવે છે, જે અંતર્ગત શાખાના હેતુઓ નીચે મુજબ છે.

**શાખાનાં કાર્યો** :

જિલ્લાની શૈક્ષણિક આંકડાકીય માહિતી તૈયાર કરવી, સતત સુધારવી.

જિલ્લાની અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં સંકલનમાં રહી સંસ્થાની પ્રવૃિ ઓ, કાર્યોનું આદાનપ્રદાન કરવું.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

સંસ્થાનું માસિક – વાર્ષિક અને પંચવર્ષીય આયોજન તૈયાર કરવું.

સંસ્થામાં કાર્યક્રમ સલાહકાર સમિતિ તથા સંકલન સમિતિની બેઠકો બોલાવી તેની નોંધ રાખવી.

સંસ્થાના શૈક્ષણિક કાર્યક્રમોના અહેવાલ જે-તે શાખા પાસેથી મેળવી પ્રસિદ્ધ કરવા.

ક્રિયાત્મક સંશોધન માટેના વિસ્તાર અને જરૂરિયાતો જાણી વિષય નિર્ધારણ કરવું.

**ગણિત-વિજ્ઞાન એકમ** :

ગણિત - વિજ્ઞાન એકમ જિલ્લામાં વિવિધ કક્ષાએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન તથા અમલીકરણ કરાવે છે અને ગણિત - વિજ્ઞાનની વિવિધ પ્રવૃ િઓના આયોજન અને સંચાલન માટે માર્ગદર્શન પૂરું પાડે છે, તેમજ ઇન્સ્પાયર એવોર્ડની કામગીરી પણ સંભાળે છે.

**નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન** - 1993 (NCTE National Council for Teacher Education):

શિક્ષણ પ્રશિક્ષણ માટેની રાષ્ટ્રીય પરિષદ અથવા National Council for Teacher Education રાષ્ટ્રીય અધ્યાપક શિક્ષક પરિષદ NCTE સંસદના 1993ના કાયદા નં. 73 દ્વારા અસ્તિત્વમાં આવી. માનવ સંશોધન વિકાલ મંત્રાલય દ્વારા ભારતના ગેઝેટમાં ઓગષ્ટ 17, 1995 ના રોજ બહાર પડાયેલ નોટીફીકેશન 484 દ્વારા NCTEની તાત્કાલિક અસરથી સ્થાપના કરવામાં આવી. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર રાષ્ટ્રમાં શિક્ષક - પ્રશિક્ષણ પ્રણાલીમાં એકસૂત્રતા અને સુઆયોજિત વિકાસ પ્રાપ્ત કરવાનો હતો. શિક્ષણની ગુણવ ા સુધારવા માટે શિક્ષક- પ્રશિક્ષણની ગુણવ ા સુધારવી અનિવાર્ય છે. આ સંસ્થાના મુખ્ય કાર્ય દેશના શિક્ષક -પ્રશિક્ષણ કાર્યને વધુ અસરકારક બનાવવાનું છે. પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચ ર માધ્યમિક શાળાઓ માટેના શિક્ષક - પ્રશિક્ષણ માટે જરૂરી સંશોધનો અને તજ્જ્ઞોને તાલીમ આપી શિક્ષકોને તાલીમ દરમિયાન જરૂરી કૌશલ્યો તેઓ હસ્તગત કરે તેવા પ્રયત્નો આ સંસ્થા કરે છે. આ ઉપરાંત અવૈધિક શિક્ષણ ખંડ સમયનું શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ, પત્રવ્યવહાર દ્વારા થતા શિક્ષણનો સમાવેશ થાય છે.

સમયની માંગ પ્રમાણે શિક્ષક-પ્રશિક્ષણ વગેરે પરિવર્તનો આવતાં જાય છે. પ્રવર્તમાન સમયમાં શિક્ષણમાં અદ્યતન પ્રવાહો, પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, શૈક્ષણિક સાધનો, એજ્યુકેશન ટેક્નોલોજી વગેરે સંદર્ભે શિક્ષક સજ્જ હોય તે આવશ્યક મનાયું છે. વર્તમાન અને ભવિષ્યના પડકારોનો સામનો વિદ્યાર્થીઓ કરી શકે તેવું શિક્ષણ વિદ્યાર્થીઓને આપવું પડશે. આ માટે શિક્ષકોએ પોતાની વ્યાવસાયિક સજ્જતા વધારવી પડે તે જરૂરી છે. આ માટે પૂર્વસેવા અને સેવાકાલીન તાલીમો દ્વારા શિક્ષકોને સજ્જ બનાવવામાં આ સંસ્થાની ભૂમિકા વિશિષ્ટ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

પ્રકારની છે. દેશના શિક્ષણ- પ્રશિક્ષણ ક્ષેત્રમાં એકસૂત્રતા આવે તે માટે આ સંસ્થા કાર્ય કરે છે. પ્રાથમિક શિક્ષણના ગુણાત્મક સુધારમાં આ સંસ્થાનું પ્રદાન ઉત્કૃષ્ટ રહ્યું છે.

NCTE નું વડું મથક નવી દિલ્હીમાં છે. આ ઉપરાંત તેને વિવિધ ક્ષેત્રો માટેની ચાર વિભાગીય કમિટીઓ છે, જે નીચે મુજબ છે.

(1) ઇસ્ટર્ન રીજિયોનલ કમિટી (પૂર્વ ભારતનાં રાજ્યો) – ભૂવનેશ્વર

(2) નોર્ધન રીજિયોનલ કમિટી (ઉ  ર ભારતનાં રાજ્યો) – જયપુર

(3) સાઉર્ધન રીજિયોનલ કમિટી (દક્ષિણ ભારતનાં રાજયો) - બેંગ્લોર

(4) વેસ્ટર્ન રીજિયોનલ કમિટી (પશ્ચિમ ભારતનાં રાજ્યો) - ભોપાલ

NCTE ના વડા મથકનું નેતૃત્વ 'ચેર પર્સન' (Chairperson - Prof. Santosh Panda) દ્વારા થાય છે. જયારે રીજિયોનલ કમિટીના વડા રીજિયોનલ ડાયરેક્ટર હોય છે.

**હેતુઓ** :

સમગ્ર દેશમાં શિક્ષક પ્રશિક્ષણની ગુણવ  ા સુધારણા કરવી.

કોઈપણ રાષ્ટ્રના શિક્ષણની ગુણવ  ા તે રાષ્ટ્રના શિક્ષકની સરેરાશ ગુણવ  ાથી ઊંચી ન હોઈ શકે.

**શિક્ષક - પ્રશિક્ષણ માટેની રાષ્ટ્રીય સમિતિનાં કાર્યો** (National Council for Teachers' Education (N.C.T.E.):

(1) દેશમાં શિક્ષક - પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન અને વિકાસ કરવો.

(2) શિક્ષક - પ્રશિક્ષણની વિવિધ શાખાઓમાં પ્રવેશ અંગેનાં ધોરણ પસંદગીની પદ્ધતિઓ, તાલીમગાળો, વિષયવસ્તુ અને અભ્યાસના સ્વરૂપ વિશે ધોરણો નક્કી કરવાં.

શિક્ષણ કૌશલ્યોની તાલીમ આપવી.

પ્રાયોગિક અને ઈન્ટર્નશીલ શિક્ષણ પર વધુ ભાર મૂકયો.

(3) નવી શિક્ષક – પ્રશિક્ષણ સંસ્થાઓની માન્યતા, નવા અભ્યાસક્રમ, કર્મચારી ગણની પસંદગી અને લાયકાતો તેમ જ ભૌતિક સુવિધાઓ અને માર્ગદર્શન સુવિધાઓ પૂરી પાડવા અંગે ધોરણો નક્કી કરવાં.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

(4) શિક્ષણ – પ્રશિક્ષણ કોલેજોનાં પરીક્ષકોનાં ધોરણો, લાયકાત, પરીક્ષા તરીકેની માન્યતા અને તાલીમ કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપવું.

(5) માન્ય શિક્ષણ સંસ્થાઓએ વિદ્યાર્થીઓ પાસેથી લેવાની ફી અંગેનાં ધોરણો નક્કી કરવાં.

કૌશલ્યલક્ષી અને મૂલ્યલક્ષી અભ્યાસક્રમની રચના કરવી.

(6) શિક્ષણ – પ્રશિક્ષણના ક્ષેત્રમાં નવીનીકરણ અંગેનાં સંશોધનોને વેગ આપવો.

શિક્ષકોમાં રહેલી ઉત્કૃષ્ટતા બહાર લાવવી.

(7) કાઉન્સિલ દ્વારા સૂચિત ધોરણો અને માર્ગદર્શન રેખાઓનું સમયાંતરે મૂલ્યાંકન કરી માન્ય સંસ્થાઓને યોગ્ય સુધારા સૂચવવા.

(8) શિક્ષક સમૃદ્ધિ કાર્યક્રમ અંગે જરૂરી યોજનાઓ ઊભી કરવી.

(9) શિક્ષણ – પ્રશિક્ષણ કૉલેજોનું વ્યાપારીકરણ થતું અટકાવવા શક્ય તમામ પગલાં ભરવાં.

પ્રશિક્ષણ સંસ્થાઓ P.T.C., B.Ed., C.PED, D.PED, M.Ed. અન્ય તાલીમી સંસ્થાઓ જૂના અભ્યાસક્રમોમાં બદલાવ લાવી અદ્યતન બનાવવા.

(10) કેન્દ્ર સરકાર સૂચિત અન્ય કાર્યો કરવાં.

પ્રશિક્ષકોને વાંચતા, વિચારતા અને પ્રયોગશીલ બનાવવા.

**મર્યાદાઓ** :

નાણાંકીય ભંડોળ મર્યાદિત હોવાથી પૂરતી મદદ કરી શકતું નથી.

નવી યુનિ.ઓની સ્થાપનાના સંબંધમાં પ્રાદેશિક, રાજકીય અને કોમી દળોની દખલગીરીને નિયંત્રિત કરી શક્તું નથી.

યુનિવર્સિટી શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ આંક મોટો છે.

મધ્યસ્થ યુનિ.ઓને વધારે મદદ કરવી પડે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

યુનિ. શિક્ષણની ગુણવ ા અને ધોરણો સુધારવાની ઉપયોગી યોજનાઓ અમલમાં મૂકવામાં નાણાંકીય સિમિત ભંડોળ નડે છે.

STTI - Secondary Teacher's Training Institute : **(સ્થાપના વર્ષ** 2004/05 **ગાંધીનગર ખાતે** GCERT **કે પસ ગાંધીનગરમાં)**

1. **પૂર્વભૂમિકા** :

માધ્યમિક શિક્ષક પ્રશિક્ષણ બે પ્રકારનું છે : (1) સેવાપૂર્ણ શિક્ષક પ્રશિક્ષણ (2) સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ, માધ્યમિક શાળામાં બી.એડ્. થઈ જોડાયેલ શિક્ષકે શિક્ષણમાં આવતાં પરિવર્તનોથી માહિતગાર થવા, માધ્યમિક શિક્ષણમાં આવેલા નવા પ્રવાહોને સમજવા, વિવિધ વિષયોના બદલાતા વિષયવસ્તુની સજ્જતા કેળવવા શિક્ષક તરીકે કાર્ય કરતાં કરતાં ટૂંકાગાળાનું શિક્ષક-પ્રશિક્ષણ મેળવવું જરૂરી છે. આવા પ્રશિક્ષણને સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષણ કહેવામાં આવે છે. ગુજરાતમાં આ કાર્ય પહેલાં સેવા વિસ્તરણ કેન્દ્રો દ્વારા થતું હતું. અમદાવાદની એ.જી.ટીચર્સ કૉલેજ, અમદાવાદ, વલ્લભ વિદ્યાનગરની એમ. બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં સેવા વિસ્તરણ કેન્દ્રો ચાલતાં હતાં અને તેમના દ્વારા સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણનું કાર્ય થતું હતું. એમ.એસ. યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનમાં CASE (સેન્ટર ફોર એડવાન્સ સ્ટડીઝ ઇન એજયુકેશન) ચાલતું હતું. આ કેન્દ્રોના સંચાલનની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર દ્વારા અપાતી હતી. આવી ગ્રાન્ટ મળવી બંધ થતાં એ કેન્દ્રો કાર્ય કરતાં બંધ થયાં. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, કેટલાક જિલ્લાના આચાર્ય સંઘો અને કેટલીક પ્રશિક્ષણ સંસ્થાઓ છૂટા-છવાયાં પ્રશિક્ષણના કાર્યક્રમો યોજતી હતી. આ પછી કેન્દ્ર સરકારે કન્ટીન્યુઇંગ સેન્ટર ફોર એજ્યુકેશન CCE શરૂ કર્યા. ગુજરાતમાં મોડાસા અને પાટણની બી.એડ્. કોલેજોમાં આવાં કેન્દ્રો ચાલતાં હતાં. પરંતુ કેન્દ્ર સરકારે ગ્રાન્ટ આપવી બંધ કરતાં આ કેન્દ્રો પણ બંધ થયાં.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1986–192) અન્વયે સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષણ માટે કૉલેજ ઑફ ટીચર એજ્યુકેશન (CTI) અને ઇન્સ્ટિટ ્ટ ઑફ એડવાન્સ સ્ટડીઝ ઈનુ એજ્યુકેશન (IASE) શરૂ કરવા સૂચવાયું. ગુજરાત રાજ્યમાં બી.ડી.શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા, એ.જી.ટીચર્સ કૉલેજ, અમદાવાદ, એમ.બી.પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર અને રંગ અવધૂત શિક્ષણ વિદ્યાલય, બિલિમોરાને સી.ટી.ઈ. કેન્દ્રો મ યાં. પોરબંદર અને ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં આઈ.એ.એસ.ઈ. કેન્દ્રો મ યાં.

2. **માધ્યમિક શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા** (STTI) :

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )
( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગે ગુજરાત રાજયના માધ્યમિક –ઉચ્ચ ર માધ્યમિક શિક્ષણને ગુણવ ાસભર બનાવવા વર્ષ 2005માં ગાંધીનગર ખાતે માધ્યમિક શિક્ષક પ્રશિક્ષણ (Secondary Teachers' Training Institute) ની સ્થાપના કરી. હાલમાં તો માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રે કાર્ય કરતી આ એક માત્ર સંસ્થા છે, જે સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષણનું કાર્ય કરે છે. વડાપ્રધાનના રાષ્ટ્રીય સહાય ફંડ યોજના (PMNRF) અન્વયે ભૂકંપ પછી આ સંસ્થા શરૂ કરાઈ છે. આ સંસ્થાની જાળવણી ખર્ચ અને અન્ય ખર્ચ ગુજરાત સરકાર આપે છે.

**એસ.ટી.ટી.આઈ. (STTI)ના ઉદ્દેશો:**

એસ.ટી.ટી.આઈ.ના ઉદ્દેશો આ મુજબ છે.

(1) ગુજરાત રાજ્યના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની ગુણવ ા જાળવવી.

(2) વિષયવસ્તુ અને પ્રાયોગિક કાર્યો દ્વારા શિક્ષણનાં કૌશલ્યો અને નેતૃત્વના ગુણો માધ્યમિક અને ઉચ્ચ ર માધ્યમિક ક્ષેત્રે વિકસાવવા.

**એસ.ટી.ટી.આઈ. (STTI)નું મકાન :**

આ સંસ્થાનું મકાન, ગાંધીનગરમાં આવેલું છે, જેનું ક્ષેત્રફળ 1900 ચો.મી. જેટલું છે. સંસ્થાને એક A.C. હોલ, એક જીવશાસ્ત્ર પ્રયોગશાળા, એક ભૌતિક વિજ્ઞાન પ્રયોગશાળા, એક રસાયણશાસ્ત્ર પ્રયોગશાળા, બે કમ્પ્યૂટર લેબ, ત્રણ વર્ગખંડો, એક ગ્રંથાલય, બે કાર્યાલય અને ત્રણ અધ્યાપક ખંડ છે. આ સંસ્થાની હોસ્ટેલનું ક્ષેત્રફળ 1100 ચો.મી.નું છે. હોસ્ટેલમાં 22 ઓરડા આવેલા છે.

ડૉ. હોમીભાભા કોન્ફરન્સ હોલ 70 વ્યક્તિનો સમાવેશ થાય એવડો છે. તેમાં 2 L.C.D. પ્રોજેક્ટર, સ્ક્રીન, LCD ટી.વી. અને સાઉન્ડ સિસ્ટમ છે.

ડો. વિક્રમ સારાભાઈ ભૌતિક પ્રયોગશાળા 30 વ્યક્તિઓને સમાવે એવડી છે. તેમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ભૌતિક વિજ્ઞાનના શ્રેણી માટેનાં સાધનો છે.

ડૉ. જગદીશચંદ્ર બોઝ જીવવિજ્ઞાન પ્રયોગશાળા 30 વ્યક્તિઓનો સમાવેશ થાય એવડી છે. તેમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના જીવવિજ્ઞાનના પ્રયોગો માટેનાં સાધનો છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

ત્રિભુવનદાસ ગજ્જર રસાયણ વિજ્ઞાન પ્રયોગશાળામાં પણ 30 વ્યક્તિઓ કાર્ય કરી શકે એવી વ્યવસ્થા છે. આ પ્રયોગશાળામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના રસાયણવિજ્ઞાનના પ્રયોગો કરવાનાં સાધનો ઉપલબ્ધ છે.

દેવાંગ મહેતા કમ્પ્યૂટર લેબની સંખ્યા બે છે, જેમાં 30 વ્યક્તિઓ કાર્ય કરી શકે છે. તેમાં દરેક ખંડમાં 30 કમ્પ્યૂટર, એલ.સી.ડી. પ્રોજેક્ટર અને સ્ક્રીન આવેલા છે.

દરેક વર્ગમાં 30 શિક્ષકોની બેઠક વ્યવસ્થા ધરાવતા ત્રણ વર્ગખંડો છે. આ વર્ગખંડોમાં પણ એલ.સી.ડી. પ્રોજેક્ટર અને સ્ક્રીનની સુવિધા છે.

**કર્મચારી ગણ** :

એસ.ટી.ટી.આઈ.માં નીચે મુજબના કર્મચારીઓ છે.

| | |
|---|---|
| કો. ઑર્ડિનેટર | 01 |
| પ્રોજેક્ટ કો. ઑર્ડિનેટર | 03 |
| લેબ. કો. ઑર્ડિનેટર | 02 |
| એચ. આર. ઓફિસ આસિસ્ટંટ | 01 |
| કમ્પ્યૂટર ઑપરેટર | 01 |
| હોસ્ટેલ એટેન્ડન્ટ | 01 |
| પટાવાળા | 03 |

**પ્રશિક્ષણ કાર્યક્રમોની જરૂરિયાત** :

(1) વિષયવસ્તુના અઘરા મુદ્દા (Hard Points) ધ્યાનમાં રાખી, બૉર્ડની પરીક્ષામાં 30 ટકાથી ઓછું પરિણામ મેળવતી માધ્યમિક શાળાઓના શિક્ષકો માટે પ્રતિ વર્ષ તેમના વિષયમાં પ્રશિક્ષણ વર્ગો.

(2) નવા નિયુક્ત થયેલા શિક્ષકો માટે પ્રશિક્ષણ કાર્યક્રમો

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

(3) ત્રિદિવસીય મોડ્યુલ આધારિત વિષય પ્રશિક્ષણના કાર્યક્રમો — ઈ-કન્ટેન્ટના માધ્યમથી.

**પ્રશિક્ષણ કાર્યક્રમ-રૂપરેખા** :

| દિવસ | પ્રથમ બેઠક | બીજી બેઠક |
|---|---|---|
| પ્રથમ | મૂલ્ય શિક્ષણ | વિષય પ્રશિક્ષણ |
| બીજો | યોગ શિક્ષણ | વિષય પ્રશિક્ષણ |
| ત્રીજો | વિષય-પ્રશિક્ષણ | વિષય પ્રશિક્ષણ |

**કાર્યક્રમ સંચાલન** :

જિલ્લા શિક્ષણાધિકારીને 15 દિવસના પ્રશિક્ષણના ઓર્ડર મોકલવા, જેમના દ્વારા તે શિક્ષકોને મળે.

પ્રશિક્ષણના એક સપ્તાહ અગાઉ જિલ્લા શિક્ષણાધિકારી પાસે પ્રશિક્ષણ લેવા આવનાર શિક્ષકોની યાદી મેળવવી.

કી—રિસોર્સ પર્સન (KRP) માટે યોગ્ય વ્યવસ્થા કરવી. આ ઉપરાંત રહેઠાણ અને ભોજનની વ્યવસ્થા કરવી.

પ્રશિક્ષણ મેળવનાર શિક્ષકોને પ્રમાણપત્રો આપવાં.

જિલ્લા શિક્ષણાધિકારીને મોડા આવનાર, ગેરહાજર રહેનાર શિક્ષકો સામે પગલાં લેવા જાણ કરવી.

**એસ.ટી.ટી.આઈ.એ હાથ ધરેલા વિશિષ્ટ કાર્યક્રમો** :

એસ.ટી.ટી.આઈ.એ નીચે મુજબના વિશિષ્ટ કાર્યક્રમો હાથ ધર્યા છે.

| ક્રમ | કાર્યક્રમ | હાજર શિક્ષકો/વ્યક્તિઓ |
|---|---|---|
| 1 | કી-રિસોર્સ પર્સન માટે ઈ-કન્ટેન્ટ બેઈઝ વિષય પ્રશિક્ષણ | 75 |
| 2 | નવા નિમાયેલ જુનિયર ક્લાર્ક માટે તાલીમી કાર્યક્રમ | 113 |
| 3 | સ્કૂલ કો-ઓર્ડિનેટર ટ્રેઇનિંગ એન્ડ ICT (a) સ્કૂલ પ્રોજેક્ટ | 385 |
| 4 | ધો.9 અને 10 માટે ઉપચારાત્મક શિક્ષણ કાર્ય | 342 |
| 5 | બ્રિટિશ કાઉન્સિલ (નેતૃત્વ તાલીમ) | 35 |

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

**એસ.ટી.ટી.ઈ. દ્વારા યોજાયેલ વર્ષવાર કાર્યક્રમો :**

એસ.ટી.ટી.ઈ. દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં નીચે મુજબ કાર્યક્રમો યોજાયા છે.

| ક્રમ | વર્ષ | પ્રશિક્ષણાર્થી સંખ્યા |
|---|---|---|
| 1 | એપ્રિલ -2009 થી માર્ચ-2010 | 2120 |
| 2 | એપ્રિલ -2010 થી માર્ચ-2011 | 3888 |
| 3 | એપ્રિલ -2011 થી માર્ચ-2012 | 6045 |
| 4 | એપ્રિલ -2012 થી માર્ચ-2013 | 7560 |
| 5 | એપ્રિલ -2013 થી માર્ચ-2014 | 7472 |

ગુજરાત રાજ્યના માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક ક્ષેત્રે જ્યારે સેવાકાલીન શિક્ષણ-પ્રશિક્ષણનો શૂન્યાવકાશ સર્જાયો છે ત્યારે ગાંધીનગરની આ સંસ્થા સારી કામગીરી બજાવી રહી છે. આશા રાખીએ કે હજુ તેનું કાર્યક્ષેત્ર વિસ્તરે અને ગુજરાત રાજયની માધ્યમિક ઉચ્ચ ર માધ્યમિક શાળાઓ તેનાથી લાભાન્વિ થાય.

3.5.7 **યુ.જી.સી.** (University Grant Commission) **યુનિવસિટી અનુદાન પંચ**

ભારતમાં અત્યારે 264 વિશ્વ વિદ્યાલયો છે. તેમને સંલગ્ન 11,564 કૉલેજોમાં 3.75 લાખ શિક્ષકો 87 લાખ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવે છે. ઉચ્ચ શિક્ષણના આ સમગ્ર તંત્રનું નિયમન, તેની ગુણવ ા સુધારવાનું કામ યુ.જી.સી. કરે છે. અહ આપણે યુ.જી.સી.નું બંધારણ, કાર્યવિસ્તાર અને સિદ્ધિઓ વિશે ચર્ચા કરીશું

સ્થાપના :

- સાર્જન્ટ કમિટીએ યુ.જી.સી.ની સ્થાપના માટેની ભલામણ કરી.
- કેન્દ્રીય શિક્ષણ-સલાહકાર બોર્ડે આ ભલામણને બહાલી આપી.
- ઈ.સ.1956માં કેન્દ્ર સરકારે યુ.જી.સી.ની સ્થાપના કરી.
- યુ.જી.સી.નું પ્રારંભિક સ્વરૂપ સલાહકાર-સમિતિ જેવું હતું કારણ કે તેની પાસે આર્થિક સ ાઓ ન હતી. ડો. રાધાકૃષ્ણન્ પંચની ભલામણથી યુ.જી.સી.ને આર્થિક સ ાઓ (Funds) આપવામાં આવી.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- હાલનાં ચેરમેન પ્રો. વેદ પ્રકાશ છે.

બંધારણ :

- કુલ નવ સભ્યો હોય છે. - એક સેક્રેટરી
- 3 જુદી જુદી યુનિવર્સિટીઓના કુલપતિઓ
- 2 શિક્ષણ વિષયક સરકારી અધિકારીઓ
- 4 રાષ્ટ્રના ઉચ્ચ કક્ષાના કેળવણીકારો

કાર્ય વિસ્તાર :

- યુનિવર્સિટીઓને ગુણવ ાનાં ધોરણો અંગે સલાહ આપવી.
- યુનિવર્સિટીઓની આર્થિક જરૂરિયાતોની તપાસ કરી અનુદાન આપવા અંગે સરકારને સલાહ આપવી અને અનુદાનની વહેંચણી કરવી.
- નવી યુનિવર્સિટીની સ્થાપના અને વિસ્તાર અંગેની દરખાસ્તો પર સરકારને સલાહ આપવી.
- યુનિવર્સિટીએ આપેલી ડિગ્રીની માન્યતા અંગે સરકારોને સલાહ આપવી.
- યુનિવર્સિટીઓને ઉચ્ચ શિક્ષણ સુધારણા અંગેનાં પગલાં લેવા માટે સલાહ આપવી.
- ઉચ્ચ શિક્ષણના વિકાસ માટે કેન્દ્ર સરકાર જે કંઈ પગલાં ભરે તેને અમલમાં મૂકવાનું કાર્ય કરવું.
- કેન્દ્રીય ધારા નીચે સ્થાપેલી મધ્યસ્થ યુનિવર્સિટીઓને નિભાવે તેમ જ વિકાસ માટે ગ્રાન્ટ આપવી.

યુ.જી.સી.અનુદાન (ગ્રાન્ટ) : યુ.જી.સી. બે પ્રકારની ગ્રાન્ટ આપે છે :

(1) નિભાવ - ખર્ચ ગ્રાન્ટ

(2) વિકાસ – ખર્ચ ગ્રાન્ટ

(1) **નિભાવ-ખર્ચ ગ્રાન્ટ** : મધ્યસ્થ યુનિવર્સિટીઓના વાર્ષિક બ્લોકના સ્વરૂપમાં આપવામાં આવે છે.

(2) **વિકાસ-ખર્ચ ગ્રાન્ટ**: મધ્યસ્થ યુનિવર્સિટીઓને તેમજ યુનિવર્સિટીઓને તેમના વિકાસ-કાર્યક્રમો માટે ગ્રાન્ટ આપવામાં આવે છે.

યુ.જી.સી.ની ગ્રાન્ટ પાંચ વર્ષનાં ધોરણે હોય છે. કારણ કે તેનું ફંડ પંચવર્ષીય યોજનાની ફાળવણી પ્રમાણે નક્કી થાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

**યુ.જી.સી.ની સિદ્ધિઓ** : યુ.જી.સી.ની સિદ્ધિઓ નીચે પ્રમાણે છે :

- નવી યુનિવર્સિટીઓ શરૂ કરવા સારા પ્રમાણમાં ગ્રાન્ટ આપી છે.
- અધ્યાપકોનાં પગારધોરણોમાં સુધારો કર્યો છે.
- કૉલેજ હોસ્ટેલ્સ, અધ્યાપક-નિવાસો બાંધવામાં ઉદાર મદદ કરી છે.
- યુનિવર્સિટી – પુસ્તકાલયોનો વિકાસ કરવા ગ્રાન્ટ આપી છે.
- અનુસ્નાતક કક્ષાના શિક્ષણ માટે સંશોધનો કરવા ગ્રાન્ટ આપી છે.
- પ્રયોગશાળાઓ સજ્જ કરવામાં આર્થિક મદદ કરવામાં આવી છે
- માનવહિતવાદી વિષયોમાં ગ્રાન્ટ આપીને સંશોધનની સુવિધાઓ કરવામાં આવે છે.
- અધ્યયન-અધ્યાપન પદ્ધતિનાં ધોરણો ઊંચાં લઈ જવા ટ્યુટોરિયલ પદ્ધતિ દાખલ કરી છે.
- ઉચ્ચ શિક્ષણનાં ધોરણો સુધારવા વિદ્યાર્થી-પ્રવેશ નિયંત્રિત કરવાની ભલામણ કરી હતી.
- ઉચ્ચ શિક્ષણમાં માતૃભાષા અપનાવવાનો આગ્રહ સેવ્યો; પરંતુ હિન્દી અને અંગ્રેજીના શિક્ષણ અંગે સ્પષ્ટતાઓ કરી છે.
- ઉચ્ચ શિક્ષણમાં પરીક્ષાઓને મૂલ્યાંકનલક્ષી બનાવવાનો આગ્રહ સેવ્યો છે.

**મર્યાદાઓ**:

- નાણાકીય ભંડોળ મર્યાદિત હોવાથી યુનિવર્સિટીઓના વિકાસમાં પૂરતી મદદ કરી શકતું નથી.
- નવી યુનિવર્સિટીઓની સ્થાપના સંબંધમાં પ્રાદેશિક, રાજકીય દખલગીરીને નિયંત્રિત કરી શકતું નથી.
- યુનિવર્સિટી શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ આંક મોટો છે. નાણાકીય ભંડોળ સીમિત હોઈ આ આંક નીચો લાવી શકાતો નથી.
- મધ્યસ્થ યુનિવર્સિટીઓને વધારે આર્થિક મદદ કરવી પડે છે.
- યુનિવર્સિટી શિક્ષણની ગુણવ ા અને ધોરણો સુધારવાની ઉપયોગી યોજનાઓ અમલમાં મૂકવામાં તેને નાણાકીય સીમિત ભંડોળ નડે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

**ુજરાતનો જ્ઞાનવાધિરિધિ** (Knowlege Consortium of Gujarat - K.C.G.)

CEO - A. J. Shah (IAS) (CEO KCG Commissioner of High education)

આજના આ જ્ઞાનયુગમાં જ્ઞાન એ શક્તિ - Knowledge is Power ગણાય છે. જે દેશ નવા જ્ઞાનનું સર્જન કરે છે એ દેશ સબળ દેશ ગણાય છે. જ્ઞાન હવે પાંચ વર્ષમાં બમણું થાય છે. જુદા જુદા વિષયોમાં નવા જ્ઞાનનો ઉમેરો થાય છે. અનેક નવા વિષયો, નવી વિદ્યાશાખાઓ ઉદ્ભવી છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં, મેડિકલ ક્ષેત્રે, ઉદ્યોગોમાં અને સામાજિક વિસ્તારોમાં, ભાષાઓમાં ઘણું નવું જ્ઞાન ઉદ્ભવે છે અને ઉમેરાય છે. ઉચ્ચ શિક્ષણમાં દરેક ક્ષેત્રના આ જ્ઞાન વારસાને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાની અને તેનું સંવર્ધન કરવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણે ઉપાડવાની છે. ભારત પાસે ભવ્ય જ્ઞાન વારસો છે, તેને જાળવવાનો છે, સાથે સાથે દુનિયામાં ઉદ્ભવતા નવા જ્ઞાનથી પણ પરિચિત રહેવાનું છે. જ્ઞાનનું નવસર્જન કરવાનું છે. અમેરિકન યુનિવર્સિટીઓમાં ઘણીવાર પાંચથી સાત જેટલા નોબલ પારિતોષિક મેળવનાર વ્યક્તિઓ અધ્યાપક તરીકે કાર્ય કરતા હોય છે. પોતાના ક્ષેત્રના જ્ઞાતા તરીકે તે વિશ્વમાં જાણીતા હોય છે. ઉચ્ચ શિક્ષણ દ્વારા આવા નવા જ્ઞાનના સર્જનની પણ અપેક્ષા છે. આવું વૈવિધ્યપૂર્ણ જ્ઞાન, તમામ વિષયો, વિદ્યાશાખાઓનું જ્ઞાન સરળતાથી મળી શકે એ હેતુથી ભારતનાં રાજ્યોમાં નૉલેજ કેન્સોર્ટિયમ – જ્ઞાનવારિધિ શરૂ થયાં છે. ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા આવું KCG અમદાવાદમાં શરૂ થયું છે, જેનો પરિચય આપણે મેળવીશું.

આજના આ વિશ્વ જ્ઞાન સમાજમાં નવ વિચારોનું પ્રાગટ્ય, નવીન જ્ઞાનનું સર્જન સાથે સાથે સ્વાતંત્ર્ય અને સમાનતા સાથે સહકારની ભાવના, * વા સમાજનું ઘડતર, ઇલેક્ટ્રોનિક માધ્યમોનો ઉપયોગ - આ બધું ધ્યાનમાં રાખી ભારતનાં દરેક રાજ્યોમાં કે.સી.જી. શરૂ થયાં છે.

**કે.સી.જી.ના હેતુઓ:**

- Ø જ્ઞાનસંચય અને જ્ઞાનના પ્રસારણ માટે એક સબળ મંચ પૂરો પાડવો. ઉચ્ચ શિક્ષણની ગુણવ ા સુધારવા સહાયક બનવું. વિવિધ ક્ષેત્રે પરિવર્તનો લાવવા નવવિચારનો પ્રસાર.
- Ø ઉચ્ચ શિક્ષણમાં ગુણવ ા સુધારણાનો પ્રારંભ કરવામાં સહાય. નીચેના ક્ષેત્રોમાં પરિવર્તન લાવવાં.

(1) અભ્યાસક્રમ (2) શિક્ષક સજ્જતા વધારવી શિક્ષકોના જ્ઞાનનું સંવર્ધન - તે માટે પ્રશિક્ષણ કાર્યક્રમો યોજવા, શિક્ષણમાં આઈ.સી.ટી.નો ઉપયોગ, શિક્ષણ પદ્ધતિઓમાં સુધાર, અધ્યયન- અધ્યાપન પદ્ધતિઓમાં પરિવર્તન, સંશોધનને વેગ, સેવા વિસ્તરણ પ્રવૃ િ વિકસાવવી. (3) મૂલ્યાંકનનું પુનર્ગઠન, ક્રેડિટ પદ્ધતિ, ગ્રેડ,

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

ચોઇસ બેઇઝ વિષય પસંદગી, સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અપનાવવું, વિદ્યાર્થીઓ માટે વ્યવસાયની તકો વધારવી. (4) ઉચ્ચ શિક્ષણ માટે જવાબદારી ઉપાડે એવું તંત્ર વિકસાવવું.

- વિવિધ યુનિવર્સિટીઓ, કૉલેજો, સંશોધન સંસ્થાઓ વચ્ચેના પારસ્પારિક સંબંધો-સંપર્કો વિકસાવવા. વિશ્વજ્ઞાન, સંશોધનો સાથે સંપર્કો સઘન બનાવવા. બિનનિવાસી ભારતીય વિદ્વાનોનાં વ્યાખ્યાનો વિવિધ વિશ્વવિદ્યાલયો, કોલેજોમાં ગોઠવવાં.
- સંશોધકોને સુવિધાઓ પૂરી પાડવી. વિશ્વકક્ષાએ થતાં આંતરરાષ્ટ્રીય સંશોધનો ઉપલબ્ધ કરાવવાં.
- રાજ્યનાં શ્રેષ્ઠતાનાં કેન્દ્રો તેમનાં પ્રવૃ િઓ સાથે સહયોગ વધારવો.
- સેતુનું કાર્ય કરવું—વિદેશી ભાષામાં થયેલાં સંશોધનો, જ્ઞાન સર્જનનું ભાષાંતર કરાવવું - સારા ભાષાંતરકાર તૈયાર કરવા. જ્ઞાનનું ડિઝીટાઈઝેશન કરવું. વિવિધ સંસ્થાઓ, વિભાગોના કાર્યકર્તાઓની ક્ષમતા, કૌશલ્યો વિકસાવવાં, તેમના અંગ્રેજીના અને કમ્પ્યૂટરના જ્ઞાનનું નવીનીકરણ/સમૃદ્ધિકરણ કરવું.
- ભારતીય જ્ઞાન, વિવિધ પ્રદેશોનું વિશિષ્ટ જ્ઞાન, તેના પ્રસાર માટે તેના અંગ્રેજી અનુવાદો તૈયાર કરાવવા.
- જ્ઞાનનું અન્ય ભાષામાં ભાષાંતર કરાવવું, તેનું પ્રકાશન કરવું. સંશોધન સહાયક સર્વેક્ષણ કરવાં, શ્રેષ્ઠ અભ્યાસ, પ્રોજેક્ટને પ્રોત્સાહન આપવું. જ્ઞાન સર્જન માટે યોગ્ય વ્યક્તિઓને વ્યક્તિગત, સંસ્થાઓને, એજન્સીઓને નેટવર્કથી જોડવાં, સાથે નવા જ્ઞાન સર્જનના રક્ષણના હક્કોનું રક્ષણ કરવું.
- કેસીજીને જ્ઞાનનું સંદર્ભ કેન્દ્ર (Resource Centre) બનાવવું. વિદ્યાર્થી, અધ્યાપકો, સંશોધકોને પ્રકાશનકાર્યમાં મદદરૂપ થવું. તેમનાં સર્વેક્ષણ, અભ્યાસ, પ્રોજેક્ટમાં પ્રોત્સાહન આપવું.
- સંશોધનો દ્વારા નવા જ્ઞાનના સર્જનને પ્રોત્સાહન આપવું.
- સંકલિત શિક્ષણ (Integrated Education)ના નમૂના પૂરા પાડવા.

**પ્રવર્તમાન નૂતન પ્રવાહો**:

- પસંદગી આધારિત ક્રેડિટ પદ્ધતિનો ઉપયોગ, શિક્ષણનું પુનર્ગઠન.
- નૉલેજ મેનેજમેન્ટ પ્રોગ્રામ ફોર ફેકલ્ટી (KMPF)
- સંધાન - સમગ્ર ગુજરાત એક વર્ગખંડમાં પ્રયોગ.
- સપ્તધારા.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED COLLEGE-RAJKOT

- ઉદ્દીશા –સ્ટુડન્ટ ઇન્ટર્નશિપ, પ્લેસમેન્ટ
- AAA - એકેડેમિક એન્ડ એડમિનિસ્ટ્રેટિવ ઑડિટ

**પ્ર ૃત્તિઓ :**

- કર્મયોગી તાલીમ
- શિક્ષણમાં આઈ.સી.ટી. (ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલૉજી
- એ ક્ટવ લર્નિંગ મેથડોલોજી
- ગ્રંથાલયોનું પુર્નગઠન
- ગોલ્ડ ક્લબ (ઉચ્ચ શિક્ષણમાં ઉત્કૃષ્ટતાનું સન્માન ઉજવણી)
- મિશન મોડ ઈમ્પ્લિમેન્ટેશન (MMI)
- આચાર્ય, શિક્ષકો માટે એવોર્ડ
- કે.સી.જી.નાં અન્ય પગલાં

**યોજેલા વર્કશોપ :**

કેસીજીએ એક સપ્તાહના સંશોધન પદ્ધતિશાસ્ત્ર (Research Methodology)ના વર્કશોપ યોજ્યા છે. સંસ્કૃતિ જાળવણી અને ગુણવ ાના વર્કશોપ યોજ્યા છે. ઉદીશા દ્વારા એમ્પ્લોયમેન્ટ કોન્ફરન્સનું આયોજન કર્યું છે. ઉચ્ચ શિક્ષણ માટે વિવિધ વિષય (Theme) ને ધ્યાનમાં રાખી કાર્યક્રમો યોજયા છે.

KCG - 2 http:/www.keg.gujarat.gov.in/index.php

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## યુનિટ-4 શિક્ષણ સંબંધી સરકારના વિવિધ ધારા અને શિક્ષણનું માળખું

- **પ્રાથમિક શિક્ષણના સંદર્ભમાં રાજ્ય સરકારના પ્રવર્તમાન ધારાનો પરિચય**

**સામાન્ય પરિચય** :

The Bombay Primary Education Rules - 1949

મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949

સન 1993ના ઓક્ટોબર મહિનાની 1 તારીખ સુધી સુધાર્યા પ્રમાણે

11 પ્રકરણ અને 201 નિયમો (કલમ)

સમાવિષ્ટ સામાન્ય બાબતોનો અભ્યાસ

પ્રકરણ-1 : પ્રારંભિક (નિયમો 1 થી 2)

- ટૂંકી સેક્ષા અને આરંભ
- વ્યાખ્યા

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )


પ્રકરણ-2 : સ્કૂલ બૉર્ડ (નિયમો 3 થી 31)

- સ્કૂલ બોર્ડની રચના
- સ્કૂલ બોર્ડના સભ્યોની ચૂંટણી
- અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી
- સ્કૂલ બોર્ડનું કાર્ય સંચાલન
- સ્કૂલ બોર્ડના સભ્યોને મુસાફરી ભથ ુ આપવા બાબત

પ્રકરણ-3 : જિલ્લા સ્કૂલ બૉર્ડ, અધિકૃત નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ બૉર્ડની ફરજો (નિયમો 32 પી 59

- જિલ્લા સ્કૂલ બોર્ડ, અધિકૃત નગરપાલિકાઓ, મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની ફરજો અને કાર્યો
- અધ્યક્ષની ફરજો અને કાર્યો
- ઉપાધ્યક્ષની ફરજો અને કાર્ય
- કરારો, સમાધાનો અને ટેન્ડરો

પ્રકરણ-4 : અનધિકૃત નગરપાલિકાઓ (નિયમો-60)

પ્રકરણ-5 : વહીવટી તંત્ર (નિયમો 61 થી 83)

- વહીવટી અધિકારીની સ ા અને ફરજો
- જિલ્લા સ્કૂલ બોર્ડ અથવા નગરપાલિકા નિભાવતી હોય તેવા સ્ટાફની ફરજો
- અપીલ માટેની કાર્યરીતિ

પ્રકરણ-6: ફરજિયાત શિક્ષણની યોજનાઓ તૈયાર કરવા અને અમલમાં મૂકવા બાબત (નિયમો 84 થી 102

- ફરજિયાત શિક્ષણની યોજનાઓ તૈયાર કરવા બાબત
- યોજના મુજબ હાજર રહેવાની ફરજ પાડવા બાબત

પ્રકરણ-7: માન્ય શાળાઓ (નિયમો 102 થી 140)

- માન્ય શાળાઓમાં પાલન કરવાની શરતો
- મંજૂર કરેલી માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓનું રજિસ્ટર રાખવા બાબત

પ્રકરણ-8: સરકર અને સ્થાનિક મંડળો વચ્ચે નાણાકીય સંબંધ (નિયમ 141 થી 166 સુધી)


પ્રકરણ-9 : સરકારે નીમેલા અધિકારીઓની સતા અને ફરજો (નિયમ-167 થી 170)

પ્રકરણ-10 : પ્રાથમિક શિક્ષણનું રાજ્ય બૉર્ડ (નિયમ- 171 થી 175)

પ્રકરણ-11 : પ્રકીર્ણ(નિયમ -176 થી 192)

- ગ્રામ શાળા સમિતિઓની રચના અને કાર્યો
- સ્વેચ્છાપૂર્વક વિસ્તારવાની યોજનાઓ

આ ઉપરાંત અનુસૂચિ અને પરિશિષ્ટમાં વિવિષ નિયમો અને નમૂનાઓ.




- **માધ્યમિક અને ઉ ચતર માધ્યમિક શિક્ષણના સંદર્ભમાં રાજ્ય સરકારના પ્રવર્તમાન ધારાનો પરિચય**
- The Gujarat Secondary Education Act-1972
- ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972
- ઓગસ્ટ-1987ના સુધારા મુજબ
- 8 પ્રકરણો અને 59 કલમો

**સમાવિષ્ટ બાબતોનો સામાન્ય અભ્યાસ** :

SHREE H. ... ED. COLLEGE-RAJKOT

- બૉર્ડની રચના તેનું સંસ્થાપન અને સ ા અંગેના નિયમો
- નાણાં, હિસાબ અને ઓડિટ અંગેના નિયમો
- માધ્યમિક શાળાઓના રજિસ્ટ્રેશન અંગેના નિયમો
- માધ્યમિક શાળાઓનો વહીવટી રાજ્ય હસ્તક લેવા બાબતની વિગતો
- રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓમાં નોકરીસબંધી જોગવાઈઓ
- જોગવાઈઓના ઉલ્લંઘન સામેના ગુના અને શિક્ષા પ્રકીર્ણ બાબતો

આમ, માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972માં માધ્યમિક શિક્ષણને લગતી ઉપરોક્ત બાબતોને લગતી જોગવાઈઓ કરવામાં આવી છે.

**જિલ્લા શિક્ષણાધિકારીની ફરજો અને કાર્યો જણાવો.**


- શિક્ષણ એ તબક્કાવાર થતી પ્રક્રિયા છે. રાષ્ટ્રીય કક્ષાએ લેવાવેલ શિક્ષણ વિષયક હકારાત્મક કે નકારાત્મક નિર્ભયા કે વિચારને રાજ્ય કક્ષાએ અને ત્યારબાદ જિલ્લા કક્ષાએ પહોંચાડાય છે. અને તે જિલ્લાના છેવાડાના વિસ્તારમાં આવેલ શાળાઓ સુધી પહોંચાડવાનું કાર્ય જિલ્લા શિક્ષણાધિકારીના વહિવટ અંતર્ગત આવે છે, જે ગેઝેટેડ ક્લાસ- ઓફિસર હોય છે. જે પોતાની વિચાર ક્ષમતાના આધારે કાર્યને સરળ બનાવે છે એ ઉપરાંત પણ તેની કેટલીક ફરજો હોય છે અને કાર્યો કરવાના હોય છે જે નીચે મુજબ છે.
- અનુદાન કે ચુકવણી કે બહાલીને લગતાં કાર્યો..
- જિલ્લાની સરકારી કે બિનસરકારી માધ્યમિક શાળાના હિસાબો તપાસીને ગ્રાન્ટ કે અનુદાનની આકારણી કરી નિયંત સમય મર્યાદામાં ચુકવણી કરવી.
- જિલ્લાના કર્મચારીઓના પગાર, અન્ય ભથ્થા, પેન્શન, ગ્રેજયુઈટી, વગેરેને લગતી વહીવટી કામગીરી બજાવવી
- સ્ટાફ ભરતી પ્રક્રિયા અનુરૂપ પત્રકોની ચકાસણી કરીને પસંદગી પામેલ નિમણૂકોને બહાલી આપવી.
- શૈક્ષણિક તેમજ બિનરીક્ષણિક કામ માટે NOC આપવું
- આયોજન કે વ્યવસ્થાપનને લગતાં કાર્યો.
- જિલ્લામાં આવેલી તમામ શાળાઓ તથા પી.ટી.સી. કોલેજોમાં અપિક્ષણનું કાર્ય કરવું.
- માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનું આયોજન કરવું.
- રાજય પરીક્ષા બોર્ડની વિવિષ પરીક્ષાઓ જેવી કે. સ્કોલરશિપ, પી.ટી.સી., ચિત્ર, પ્રખરતા શોધ કસોટી જેવી કસોટીનું આયોજન કરવું. અને વ્યવસ્થાપન કરવું.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

- કર્મચારીઓની ભરતી, બદલી કે ફાજલની નિમણૂક જેવા કાર્યોનું વ્યવસ્થાપન કરવું.,
- શિક્ષક તાલીમ(કર્મયોગી), આચાર્ય સંપ, શિક્ષક સંઘ વગેરેના પ્રશ્નોના નિરાકરણ તેમજ શિક્ષણમાં નવુ ઉમેરણ
- હેતુ મીટિંગનું વ્યવસ્થાપન કરવું.
- ટ્રિબ્યુનલમાં માધ્યમિક શિક્ષણ બોર્ડનું કે સરકારનું પ્રતિનિધિત્વ કરવું અને શૈક્ષણિક સેમિનાર, વર્કશોપ વિજ્ઞાનમેળા જેવી પ્રવૃ િનું આયોજન કરવું.
- અન્ય કાર્યો
- માહિતી અધિનિયમ અંતર્ગત માગેલી માહિતીઓ યોગ્ય સમયાંતરે પહોંચતી કરવી.
- માર્ગદર્શક તરીકે શાળા, આચાર્યો, શિક્ષકો તેમજ અન્ય કર્મચારીઓને શિક્ષણ વિષયક માર્ગદર્શન પૂરું પાડવું.
- શાળા તથા શિક્ષણ વિકસે તેવા વિવિધ પ્રયાસો હાથ ધરવા.
- લોકસભામાં ઉઠેલ મુદ્દા અંતર્ગત જરૂરી માહિતીને યોગ્ય ઉચ્ચ અધિકારી સુધી પહોંચતી કરવી.

v **રાજ્ય કક્ષાનું માધ્યમિક શિક્ષણનું વહીવટી માળખું તથા ઉ ચ શિક્ષણ કમિશનરના કર્યો અને ફરજો**

OF B.ED. COLLEGE-RAJKOT



**ઉ ચ શિક્ષણ કમિશનરના કાર્યો અને ફરજો નીચે મુજબ છે** :

(1) સચિવાલયને શિક્ષલ અંગે સલાહ આપવી તેમજ શિક્ષણ અંગેની જરૂરી માહિતી પૂરી પાડવી.

(2) ઉચ્ચ શિક્ષણ અંગે રાજ્ય સરકાર તરફથી નક્કી થયેલ નીતિઓ તેમજ નિયમોને અમલમાં મૂકવાનું કા કરે છે.

(3) હાથ નીચેના સ્ટાફને માર્ગદર્શન આપવું અને તેમનું નિયમન કરવું.

(4) સરકાર દ્વારા ચાલતી કોલેજો, સરકારી માધ્યમિક શાળાઓ અને ખાસ પ્રકારનું શિક્ષણ આપતી સંસ્થા-વહીવટ કરવો.

(5) રાજયની માધ્યમિક શાળાઓને દસ, અગિયાર અને બાર ધોરણ ખોલવાની મંજૂરી આપવી.

(6) રાજ્યના સમગ્ર કેળવણી તંત્રનું સંચાલન કરવું.

(7) પ્રાથમિક શિક્ષકો અને માધ્યમિક શિક્ષકોના પ્રશિક્ષણ અંગે જોગવાઈઓ કરવી.

(8) વિધાનસભામાં પૂછવામાં આવતાં કેળવણીને લગતાં પ્રશ્નો અંગેની માહિતી કેળવણી પ્રધાનને પૂરી પાડવી

(9) રાજય શિક્ષણ ભવન, રાજ્ય પરીક્ષા બોર્ડ, માધ્યમિક શિક્ષણ બોર્ડ વગેરેને માર્ગદર્શન તથા સલાહસૂચ-આપવા તેમજ આ પ્રકારના બધા મંડળોનું નિયમન કરવું.

(10) રાજ્યની શિક્ષણ સંસ્થાઓ સાથે સંકળાયેલા અધ્યાપકો કે કર્મચારીઓની શરતો અંગે સમસ્યાઓને લગત તથા પેન્શન, ગ્રેજયુઈટી, પી.એફ. વગેરેને લગતાં કામોનો નિકાલ લાવવાનું કાર્ય કરે છે.

(11) બુનિયાદી શિક્ષણ, શારીરિક શિક્ષણ, ચિત્રકલાનું શિક્ષણ, પંપાદારી શિક્ષણ, પુસ્તકાલયો વગેરે પ્રવૃ િઓ-વેગ અને પ્રોત્સાહન પૂરાં પાડવા.

(12) યુનિવર્સિટી સેનેટ, માધ્યમિક શિક્ષણ બોર્ડની મીટિંગોમાં હાજર રહી સરકારી દ ષ્ટબિંદુઓ રજૂ કરવા.

(13) રાજ્યનો શિક્ષણવિષયક વાર્ષિક પ્રગતિનો રિપોર્ટ તૈયાર કરવો.

- **જિલ્લા કક્ષાનું શિક્ષણનું વહીવટી માળખું તથા જિલ્લા શિક્ષનાધિકારીના કર્યો અને ફરજો**

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**[11] જિલ્લા કક્ષાનું માધ્યમિક શિક્ષણનું વહીવટી માળખું તૈયાર કરી જિલ્લા શિક્ષણાધિકારીનાં કાર્યો જણાવો.**

➡ જિલ્લા કક્ષાનું માધ્યમિક શિક્ષણનું વહીવટી માળખું :

જિલ્લા કક્ષાનું કેળવણીનું વહીવટી તંત્ર

↓

- માધ્યમિક શિક્ષણ બોર્ડ → અધ્યક્ષ → વિવિધ સમિતિઓ બોર્ડના સભ્યો
- જિલ્લા શિક્ષણાધિકારી → શિક્ષણ નિરીક્ષક → મદદનીશ શિક્ષણ નિરીક્ષક → અન્ય વહીવટી સ્ટાફ
- માધ્યમિક શાળાના આચાર્ય → નિરીક્ષકો, શિક્ષકો → વિદ્યાર્થીઓ

**જિલ્લા શિક્ષણાધિકારીના કાર્યો/ફરજો નીચે મુજબ છે :**

(1) જિલ્લામાં આવેલી સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાઓ, અધ્યાપન-મંદિરો વગેરેનું નિરીક્ષણ કરવું અને તેમને માર્ગદર્શન આપવું.

(2) બિનસરકારી સંસ્થાઓના હિસાબો તપાસી ગ્રાન્ટની આકરણી કરવી અને ચુકવણી કરવી.

(3) પોતાના વિસ્તારના નોનગેઝેટેડ સ્ટાફની પસંદગી કરવી, તેમની નિમણૂક કરવી, બદલીઓ કરવી અ- તેમના પર નિયંત્રણ રાખવું.

(4) વિવિધ વ્યૂહરચનાનાં અમલીકરણ માટે GCERTનું સતત માર્ગદર્શન મેળવતું રહેવું.

(5) શિક્ષણ નિયામકની સૂચના પ્રમાણે શાળાઓ માટે પરિપત્રો કાઢવા..

(6) વિદ્યાર્થીઓની, વાલીઓની તથા જાહેર જનતાની કે જાહેર સંસ્થાઓની આવેલી ફરિયાદોની તપાસ કરવા અને તે માટેનું પટતુ કરવું.

(7) રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી પી.ટી.સી., ડ્રોઈંગ મેડ, સ્કોલરશિપ વગેરે પરીક્ષાઓના સંચાલનમાં મદદ કરવી.

SHREE H.N.SHUKLA GROUP OF B.E.

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

(8) જિલ્લામાં આવેલી પ્રાથમિક શાળાઓનું તંત્ર બરાબર ચાલે તે જોવું, જિલ્લાની પ્રાથમિક શાળાઓનાં કાર્યો ભાબત શાસનાધિકારી સાથે સંપર્કમાં રહેવું.

(9) ઈ.શ્રી.સી., પાછાત વિદ્યાર્થીઓને અપાતી સ્કોલરશીપો કે શિષ્યવૃ િઓ મંજૂર કરવી અને જે તે માળાને

(10) પોરણ નવ સુધી ખાનગી શાળાઓને તેમની ગુણવ ા તપાસી મંજૂરી આપવી.

(11) જિલ્લાની માધ્યમિક શાળાઓની કાર્યક્ષમતા વધે તેવા અસરકારક પગલાં ભરવા.

(12) શિક્ષકો અને આચાર્યો તરફથી આવેલી કરિયાદોનો નિકાલ કરવો.

(13) અવારનવાર શૈક્ષણિક પરિસંવાદો અને ચર્ચાઓ ગોઠવી આચાર્યો, વાલીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓનો શૈક્ષણિક સંપર્ક વધે તેવા પ્રયત્નો કરવા.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT